ગદ્યપ્રવેશ

(ભાગ ૧ લો)

અંજારિયા

ગુજરાતી સાત ચોપડી પૂરી કરી હોય, તેવા
વિદ્યાર્થીઓને ગદ્યશિક્ષણ માટે ઉપયોગી

ગદ્યપ્રવેશ

ભાગ ૧ લો

—: સંપાદક :—

હિમ્મતલાલ ગણેશજી અંજારિયા
એમ. એ. એલ્‌એલ્. બી.

કાવ્યમાધુર્ય, સંગીતમંજરી, કવિતાવિનોદ, પદ્યસંગ્રહ, મધુબિન્દુ વગેરેના સંપાદક; કવિતાપ્રવેશના સહસંપાદક

— તથા —

સાહિત્યપ્રવેશિકા, શિક્ષણચંદ્રિકા વગેરેના લેખક

The field is universal and allows
Scope to all such as feel the inherent glow.

Lord Byron

આવૃત્તિ ૧ લી   સને ૧૯૩૧   પ્રત ૧૫૦૦

કિમ્મત રૂ. ૧-૦-૦

ગદ્યપ્રવેશ નીચે જણાવેલ ઠેકાણેથી મળશેઃ—

મુંબઈ: એન. એમ. ત્રિપાઠીની કંપની, કાલબાદેવી

સુરત: મંગળદાસ હરકિશનદાસ, ભાગાતળાવરોડ

રાજકોટ: બેચર મેઘજીની કંપની, પરાબજાર

અમદાવાદ: જીવણલાલ અમરશી મહેતાની કંપની

મુદ્રક : મુદ્રણસ્થાન :
કેશવ હ૦ શેઠ
ખડાયતા મુદ્રણકલા મન્દિર
ચારરસ્તા : અમદાવાદ

પ્રસ્તાવના

ગુજરાતી ગદ્યનો સાહિત્યસાધન તરીકે ઉપયોગ રૂઢ થયે લગભગ પોણોસો વર્ષ થયાં, છતાં વિદ્યાર્થીઓ માટે યોગ્ય સંગ્રહો ઘણા થોડા થયા છે એ દેખીતી સ્થિતિ છે. તેનાં કારણ ગુજરાત જાણે છે, નિરૂપાય દશાનું જ તે પરિણામ છે. હવે કાંઇ કાંઈ પ્રોત્સાહન મળવા જેવું થયું છે; પરન્તુ તેવી પ્રવૃત્તિ માટે જે જાતનો જુસ્સો, જે જાતની લાગણી, જે જાતનું ઉત્તેજન, જે જાતની લગની જોઇએ તેવાં તો હજી વાતાવરણમાં જણાતાં નથી. છતાં પ્રયોગો થવા લાગ્યા છે અને આશા છે કે તેવા પ્રયોગો વધતાં, જે જાતનાં સાધન જોઇએ તે સુલભ થતાં જશે. હમણાં તો 'ગદ્યનવનીત' સિવાય બીજું એકે ધ્યાન ખેંચે તેવું સાધન નથી. પરંતુ 'ગદ્યનવનીત' જરા સંસ્કારી, જરા આગળ વધેલા, ગદ્યના થોડાઘણા અભ્યાસવાળા વાચકો માટે છે, શરૂઆત કરનારા માટે નથી. 'મેટ્રિક્યુલેશન'માં ગુજરાતી દાખલ થયા પછી ગદ્ય અને પદ્યના સંગ્રહો થવા લાગ્યા છે. તોપણ પ્રકટ થએલા તેવા આપણા ભંડારમાંથી ગદ્ય માટે શરૂઆત કરનારા વિદ્યાર્થીને રૂચે, વાંચનારને રસ પડે, શીખનારને કંટાળો ન આવે, શીખવનારને શીખવતાં આનંદ થાય, અને સાથે સાથે ગુજરાતી ગદ્યમાં પ્રકટ થતા વિચારો અને વિષયોની પિછાન થાય, તેમજ જૂદી જૂદી જાતની ભાષા અને શૈલીની પ્રાથમિક પિછાન મળે તેવા સંગ્રહ માટે હજી અવકાશ છે–તેવા સંગ્રહની વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ખાસ જરૂર છે–એવું લાગવાથી આ એક પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. સૌના અનુભવની વાત છે કે શ્રીમાન સરકાર તરફથી, કે અન્ય સુસ્થાપિત સંસ્થાઓ તરફથી 'કૃપા' મેળવવી એ જરા

મુશ્કેલ કામ છે. પરંતુ હવે ગુજરાતમાં સ્વતંત્ર રીતે વિચાર કરનારી અને સ્વતંત્ર અભિપ્રાય બાંધનારી ઘણી સંસ્થાઓ છે અને તેથી વસ્તુમાં યોગ્યતા હશે તો ક્યાંક પણ તેને માટે સ્થાન થશે એમ માની 'ગદ્યપ્રવેશ'ના નામથી એ સંગ્રહો પ્રકટ કરવાનો વિચાર કર્યો છે. પહેલો ભાગ ગુજરાતી સાત ચોપડી પૂરી કરી લીધી હોય તેવા વિદ્યાર્થીઓ માટે તૈયાર કર્યો છે, બીજો ભાગ પહેલો ભાગ પૂરો કર્યો હોય, પણ 'ગદ્યનવનીત' જેવું સાહિત્ય વાંચવાની લાયકાત મેળવી શક્યા નહોય તેવા માટે છે. પહેલો ભાગ અંગ્રેજી હાઇસ્કૂલના ચોથા–પાંચમા ધોરણ માટે; બીજો છઠ્ઠા સાતમા માટે કહી શકાય.

અંગ્રેજી ચોથા પાંચમા ધોરણમાં ચલાવવા માટે તો કાંઇ સાધન નથી–માત્ર તાજેતરમાં જ સાહિત્યમંજરી તથા સાહિત્ય-મુકુર એ બે સારા પ્રયાસો થયા છે. 'કવિતાપ્રવેશ'નો સંગ્રહ મોજુદ હોવાથી, ગદ્યપ્રવેશ માટેનું સ્થાન ખાલી જ લાગતું હતું. શીખનારાઓને અને શીખવનારાઓને 'કવિતાપ્રવેશ' ઠીક જણાયો છે–ગદ્યપ્રવેશ પણ ઉપયોગી થઇ પડે તો પ્રયાસના સાફલ્યનો સંતોષ થશે.

સંગ્રહમાં લીધેલા લેખોના લેખકોએ અને તે તે લેખોના પ્રકાશના હક્ક ધરાવનારાઓએ પૂર્ણ ઉત્તેજન મળે તેવા સદ્‌ભાવથી લેખો માટે પરવાનગી આપી છે તે માટે તે બધાનો ઉપકાર થયો છે.

મુ. લક્ષ્મીનગર–ખાર,
મુંબઇ નં. ૨૧
તા. ૨૧–૬–૧૯૩૧

હિ૦ ગ૦ અંજારિયા

અનુક્રમણિકા

ગદ્યપ્રવેશ

(ખંડ પહેલો)

૧

પ્રાર્થના

૧. હે ઇતિહાસવિધાતા! વિશ્વંભર! ભૂતકાળ અમારા સ્મૃતિપટ પરથી ભૂંસાઇ ગયો છે. વર્તમાનકાળનું યથાર્થ આકલન કરવાની શક્તિ અમારી દૃષ્ટિમાં રહી નથી. ચાલુ ક્ષણની અને તરતની જરૂરીયાતો અને વાસનાઓની પાર અમારાથી જોઇ શકાતું નથી. પછી ભવિષ્યકાળ નિરખવાની દિવ્ય દૃષ્ટિ ક્યાંથી આવે? હે કાલસ્વરૂપી પરમેશ્વર! અમારાં નેત્ર ઉઘાડ. વર્તમાન પરિસ્થિતિ અને શ્રેયઃ-સાધનનો માર્ગ સ્પષ્ટ દાખવનારી દિવ્ય દૃષ્ટિ અમને આપ.

૨. હે હૃદયચાલક પ્રભો! તારી પ્રેરણાથી, કર્તવ્ય ગણીને આત્મોદ્ધારના પ્રયત્ન કરતાં સંકટથી ન ડગે એવું ધૈર્ય અને અલ્પ લાભથી પ્રયત્નચ્યુત ન થાય એવી સ્થિરતા અમને આપ. પ્રભો! અમને આર્યોના વંશમાં તેં જન્મ આપ્યો છે. અમારા ત્યાગ અને અમારો ભોગ આર્યવૃત્તિને છાજે એવો જ રહે એવું આર્યોનું શીલ અમને આપ! આર્યોનું તેજ અમને આપ! સ્વાધીન સ્થિતિમાં કે પરાધીન સ્થિતિમાં અમારી વૃત્તિ હીન થવા દઇશ નહિ!

૩. જે સત્યધર્મી છે તેને જ પરમેશ્વરના કલ્યાણમય, તેજોમય, રૂપનું દર્શન થાય છે. એટલા માટે હે પ્રભો સવિતર! અમારા હૃદયમાં સત્યનો જ ઉદય થવા દે. સત્યને અમે દગો ન દઈયે અને અમારામાં મોહની દુર્બળતા આવે તે વેળા સત્ય અમને દગો ન દે. પ્રાચીન ઋષિઓએ કહ્યું, **सत्या परता नाहीं धर्म ।** જગતે સાંભળ્યું, **सत्ते परता नाहीं धर्म ।** તેથી ધર્મને નામે અધર્મ વધ્યો અને શક્તિએ શિવને પગ નીચે કચડી નાખ્યું. કચડાયેલા કલ્યાણમાંજ ખરૂં તેજ છે, શિવનું ધ્યાન કરવાથી જ શક્તિ પ્રસન્ન થાય છે, એવી અમારી ખાતરી થાઓ, પ્રભો! અમને પ્રેમનું ધૈર્ય અને શ્રદ્ધાનો પ્રાણ આપ. અમને પ્રાણવાન કર!

"કાલેલકરના લેખો" કાલેલકર

૨

કેળવણીનો ઉદ્દેશ

ઘણા વિદ્યાર્થીઓએ મને પ્રશ્ન કર્યો છે કે 'મારે શું કરવું ઇષ્ટ છે. હું દેશસેવા કેવી રીતે કરી શકું? આજીવિકાને માટે મારે શું કરવું યોગ્ય છે?' મને જણાયું છે કે આજીવિકાને માટે વિદ્યાર્થીઓને બહુ ચિંતા થયા કરે છે. આ પ્રશ્નનો ઉત્તર વિચારતાં પહેલાં શિક્ષણનો ઉદ્દેશ શું છે એનો વિચાર કરવો આવશ્યક છે.

હક્સલીએ કહ્યું છે કે કેળવણીનો ઉદ્દેશ ચારિત્ર્ય ઘડવાનો છે. ભારતવર્ષના ઋષિમુનિઓએ કહ્યું છે કે વેદાદિ સંપૂર્ણ શાસ્ત્ર જાણવા છતાં પણ જો મનુષ્ય આત્માને ન ઓળખી શકે, સર્વ બંધનમાંથી મુક્ત થવાને યોગ્ય ન બને, તો તેનું જ્ઞાન વ્યર્થ છે. બીજું વચન આ છે કે જેણે આત્મા જાણ્યો છે, તેણે સર્વસ્વ જાણ્યું છે.

અક્ષરજ્ઞાન વિના પણ આત્મજ્ઞાન થવું સંભવે છે. પયગંબર મહમ્મદ સાહેબે અક્ષરજ્ઞાન મેળવ્યું નહતું. જીસસ ક્રાઇસ્ટે કોઇ શાળામાં વિદ્યાભ્યાસ કર્યો નહતો. આમ છતાં, આ મહાત્માઓને આત્મજ્ઞાન નહોતું થયું એમ કહેવું એ ધૃષ્ટતા જ છે. તેઓ વિદ્યાલયોમાં પરીક્ષા દેવા નહોતા ગયા છતાં આપણે તેઓને પૂજ્ય ગણીએ છીએ. વિદ્યાનું બધું ફળ તેઓને મળી ચુકયું હતું. તેઓ મહાત્મા હતા.

તેઓની દેખાદેખી કરીને આપણે વિદ્યાલય છોડી દઇએ તો આપણે ભ્રષ્ટ થઇએ; પરંતુ આપણને પણ આપણા આત્માનું જ્ઞાન ચારિત્ર્યથી જ મળી શકે છે. પણ ચારિત્ર્ય એટલે શું? સદાચારનું ચિહ્ન શું? સદાચારી પુરુષ સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, અસ્તેય, નિર્ભયતા આદિ વ્રતોનું પાલન કરવામાં પ્રયત્નશીલ રહે છે. તે પ્રાણ છોડી દેશે, પરંતુ સત્યને કદી નહિ છોડે. તે પોતે મરશે, પરંતુ બીજા કોઇને નહિ મારે. તે પોતે દુઃખ સહન કરશે, પરંતુ બીજાને દુઃખ નહિ દે.

સદાચારી બ્રહ્મચર્ય પાળી યથાશકિત શરીરમાં રહેલા સત્ત્વનું રક્ષણ કરે છે, તે ચોરી નથી કરતો તેમ લાંચ પણ નથી લેતો. તે પોતાનો તેમજ બીજાનો સમય ગૂમાવતો નથી. તે અકારણ ધનસંચય કરતો નથી. તે એશઆરામ નથી વધારતો અને નકામી ચીજોનો ઉપયોગ કેવળ શોખને ખાતર નથી કરતો; પરંતુ સાદાઇમાંજ સંતોષ માને છે. 'પોતે શરીર નથી પરંતુ આત્મા છે અને આત્માને હણનાર જગતમાં કોઇ નથી' આ પ્રમાણે દૃઢ વિચાર રાખી આધિ, વ્યાધિ અને ઉપાધિનો ભય તે છોડે છે અને ચક્રવતીથી પણ દબાતો નથી; પણ નિર્ભય રહી પોતાનું કામ કરે જાય છે.

જો કદી વિદ્યાલયો ઉપર્યુક્ત પરિણામ લાવી ન શકે તો તેમાં વિદ્યાર્થીની, શિક્ષણની અને શિક્ષકની ત્રણેની ખામી હશે. પરંતુ

ચારિત્ર્યની ખોટ પૂરી પાડવાનું કામ તો વિદ્યાર્થીઓના જ હાથમાં છે. જો તે ચારિત્ર્ય ઘડવા નહિ ઇચ્છતો હોય તો શિક્ષક કે પુસ્તક તેને તે વસ્તુ નહિ આપી શકે. તેથી કરીને મેં ઉપર કહ્યું છે તેમ શિક્ષણનો ઉદ્દેશ સમજવો જરૂરનો છે. ચારિત્ર્યવાન થવા ઇચ્છા રાખનાર વિદ્યાર્થી કોઇપણ પુસ્તકમાંથી ચારિત્ર્ય વિષે બોધ લઇ લેશે.

* * *

પરંતુ મને ભય છે કે ઘણા વિદ્યાર્થીઓએ ઉદ્દેશનો ખ્યાલ નથી કર્યો હોતો. તેઓ માત્ર રૂઢિને આધીન થઇ શાળામાં જાય છે. કેટલાક આજીવિકાના હેતુથી જાય છે. દરેક વિદ્યાર્થી શિક્ષણનો ઉદ્દેશ સમજી લઇ નિશ્ચય કરી શકે છે કે હું આજથી શાળાને ચારિત્ર્ય ઘડવાનું સાધન સમજીશ. મને પૂર્ણ વિશ્વાસ છે કે આવો વિદ્યાર્થી પોતાના ચારિત્ર્યમાં જલદી પરિવર્તન કરી નાખશે અને તેના સાથીઓ પણ તેની સાક્ષી દેશે. આ શાસ્ત્રવચન છે કે જેવા વિચાર કરીએ છીએ તેવા આપણે થઇએ છીએ.

ડીગ્રી (પદવી)નો ભારે મોહ રાખી પરીક્ષામાં ઉત્તીર્ણ થવા ઉપર જ આપણા જીવનનો આધાર રાખવાથી પ્રજાને ભારે નુકસાન થયું છે. 'ડીગ્રી' એ સરકારી નોકરિયાતવર્ગને જ કામની છે એ આપણે ન ભૂલી જવું જોઇએ. પ્રજાની ઇમારત કંઇ નોકરિયાતવર્ગ ઉપર ચણવાની નથી; તેમ સૌને નોકરી વિના ઘણી જ સારી ધનપ્રાપ્તિ થઇ શકે છે, એમ આપણે ચોમેર જોઇએ છીએ. અભણ જેમ પોતાની હોંશિયારીથી કરોડાધિપતિ થઇ શકે છે, તેમ ભણેલવર્ગ કેમ ન થઇ શકે? જો ભણેલવર્ગ ભ્રાંતિ છોડે તો તેઓમાં અભણ જેટલું સામર્થ્ય તો જરૂર આવી શકે.

મારી અલ્પમતિ પ્રમાણે શિક્ષણને આજીવિકાનું સાધન સમજવું એ નીચ વૃત્તિ કહેવાય. આજીવિકાનું સાધન શરીર છે, અને શાળા એ ચારિત્ર્ય ઘડવાનું સ્થાન છે. તેને શરીરની હાજતો પૂરી પાડવાનું

સાધન સમજવું એ વાધરી માટે ભેંસને મારવા સમાન છે. શરીરનું પોષણ શરીરથી જ કરવું યોગ્ય છે. આત્માને તે કાર્યમાં કેમ રોકી શકીએ ?

'તારા પરસેવાથી જ તું તારો રોટલો કમાઇ લે' એવું મહાવાકય જીસસ ક્રાઇસ્ટનું છે. શ્રીમદ્‌ભગવદ્ ગીતામાંથી પણ આ જ ધ્વનિ નિકળતો જણાય છે. આ જગતમાં ૯૯ ટકા માણસો આ નિયમને આધીન રહે છે અને નિર્ભય બને છે. જેણે દાંત આપ્યા છે તે ચાવણું પણ આપશે. આ સત્ય વચન છે, પરંતુ આળસુ માટે તે નથી કહેવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ આરંભમાંજ આ શીખી લેવું આવશ્યક છે કે પોતે પોતાની આજીવિકા પોતાના બાહુબળથી પેદા કરી લેવાની છે.

આજીવિકા માટે મજુરી કરતાં લજ્જા નહિ જોઇએ. આમ કહેવામાં મારી એ મતલબ નથી કે આપણે બધાએ હંમેશાં કોદાળી વાપર્યા કરવી. પણ આ સમજવાની જરૂર છે કે બીજો ધંધો કરતાં હોવા છતાં આજીવિકા માટે કોદાળી વાપરવામાં જરાય બૂરાઇ નથી અને આપણા મજૂર ભાઇઓ આપણાથી નીચા નથી આ સિદ્ધાંતને ગ્રહણ કરી, તેને પોતાનો આદર્શ સમજી, પછી ગમે તે ધંધામાં તે પડે, તો પણ તેની કાર્ય કરવાની રીતિમાં શુદ્ધતા અને અસાધારણતા માલમ પડશે. વળી તે લક્ષ્મીનો ગુલામ નહિ બને, લક્ષ્મી તેની દાસી બની રહેશે.

કમાવવાના સારૂ ભણવાનો વિચાર થતો હોય તો તે ઠીક નહિ; કેમકે દાણો તો ઇશ્વર સહુને આપે છે. તમે મજૂરી કરીને પણ પેટ ભરી શકો છો. તમારે દેશને ખાતર ભણવું હોય તો ભણો; જો આત્માને ઓળખવાને સારૂ ભણવું હોય તો તે તો સારા થતાં શીખવાનું છે.

જો ખરા સદ્‌ગુણોનું અનુકરણ તમે કરો, સદ્‌ગુણમય તમારૂં જીવન બની જાય તો કેળવણીનો આદર્શ તમે પૂર્ણ કર્યો છે. આ ગુણોથી સજ્જ થઇ તમે આલમના કોઇ પણ ખૂણે ખોચરે તમારૂં ગુજરાન મેળવી શકશો, અને આત્મજ્ઞાન-ઇશ્વરજ્ઞાન મેળવવાને રસ્તે ચડી શકશો.

આનો અર્થ એમ નથી કે તમારે અક્ષરજ્ઞાન ન મેળવવું; પણ આ બાબત એવી છે કે તમારે તે મેળવવા માટે આકરા ન થવું જોઇએ. પરની સેવામાં શિક્ષણ ઉપયોગી નિવડે એવા હેતુથી જ તે લેવાનું છે. તવંગર થવા કરતાં ગરીબ રહેવામાં વધારે આશ્વાસન છે. શ્રીમંતાઇ કરતાં, તવંગર થવા કરતાં, ગરીબ રહેવામાં ગરીબાઇનાં ફળો વધારે સુંદર અને વધારે મીઠાં છે.

આપણી નિશાળોમાં કડિયા, લુહાર, સુતાર, દરજી, મોચી વગેરે જાતિઓના બાળકો ભણતા જોવામાં આવે છે. પણ ભણીને તેઓ પોતાના બાપુકા ધંધાને આગળ વધારવાને બદલે તેને મૂળ: હલકા ધંધા માની તજી દે અને કારકુનની નોકરી મેળવવામાં માન માને અને માબાપો પણ આ વિચારને અનુસરે તો આપણે જાતિ-ભ્રષ્ટ અને કાર્યભ્રષ્ટ થઇ ગુલામગીરીમાં પડતા જઇએ.

આ જમાનામાં જેમ જમીન અને શેરના ભાવ તપાસીએ છીએ, તેમજ આપણે કેળવણીની કિંમત કરીએ છીએ. છોકરો વધારે કમાણી કરી શકે એવી કેળવણી આપવા માગીએ છીએ. છોકરો સારો કેમ થાય એ વિચાર બહુ કરતા નથી. છોકરી કાંઇ કમાઇ નથી કરનારી એટલે તેને કેળવણીની જરૂર શી? આવો વિચાર જ્યાંસુધી હશે ત્યાં સુધી આપણે કેળવણીની કિંમત સમજવાના નથી. જો ખરી કેળવણી આપણામાં દાખલ થાય તો આપણાં ઘરસંસારી દુઃખો તેમ જ ઘણાં રાજ્યપ્રકરણી દુઃખો ઝપાટાથી જાય.

"ગાંધી શિક્ષણ," ભાગ ૪ થો — મહાત્મા ગાંધીજી

૨

दिवाळी

દરેક ઘરના દીવાનખાનામાં એકાદ સુન્દર વસ્તુ રાખવાનો રિવાજ હોય છે. બહારનો કોઇ માણસ આવે એટલે સ્હેજે તે પર એની નજર જાય અને તે બોલી ઉઠે છે,–'કેવી મઝાની વસ્તુ! તમે આ કયાંથી મેળવી?' પણ અજાયબ ઘર (મ્યૂઝિયમ) માં તો જ્યાં જુઓ ત્યાં સુન્દર જ સુન્દર વસ્તુઓ હોય; જોઇને માણસ ખુશખુશ થઇ જાય; પણ સાથે સાથે એ તેટલો જ મૂંઝાય પણ ખરો! એને થાય કે આમાંથી શું જોવું અને શું ન જોવું?

આપણી દિવાળી એ તહેવારોનું એવું જ અજાયબ ઘર છે. અથવા એને બધા તહેવારોનું સ્નેહસંમેલન કહીયે તો પણ ચાલે. દિવાળીનો તહેવાર પાંચ દિવસનો ગણાય છે. પણ સાચું જોતાં છેક નવરાત્રીના ગરબાથી તેની શરૂઆત થઈ જાય છે અને ભાઇબીજની ભેટમાં એ આનન્દ પરિસીમાએ પહોંચે છે.

શાસ્ત્રોમાં દરેક તહેવારનું માહાત્મ્ય અને કથા આપેલાં હોય છે. દિવાળી વિષે એટલી બધી કથાઓ છે કે 'દિવાળી માહાત્મ્ય' લખવા જઇયે તો એક મોટું પુરાણ થઇ જાય. ધનતેરશની કથા જુદી, કાળી ચૌદશની જુદી, અમાસ (દિવાળી)ની તો વળી ખાસ કથા. ત્યાર પછી નવું વર્ષ બેસે છે અને બીજને દિવસે ભાઇ બહેનના ઘરનો અતિથિ બને છે. દિવાળી એ ગૃહસ્થાશ્રમી તહેવાર છે, જનતાનો તહેવાર છે. બળેવને દિવસે ધર્મ અને શાસ્ત્ર પ્રધાન હોય છે; દશેરાને દિવસે યુદ્ધ અને શસ્ત્ર પ્રધાન રહે છે; દિવાળીને દિવસે લક્ષ્મી અને ધન પ્રધાનપદ ભોગવે છે; અને હોળી રમત અને રંગરાગનો તહેવાર છેઃ જેમ માણસોમાં ચાર વર્ણ છે તેમ તહેવારોમાં પણ આમ ચાર વર્ણ પડયા છે!

જૂના વખતમાં બળેવને દહાડે આપણા લોકો વહાણવટે નીકળતા અને દરીઆપારના દેશોની સફરે જતા. દશેરાને દિવસે રાજાઓ અને યોદ્ધાઓ પોતાની સરહદોના સીમાડા ઓળંગી શત્રુ ઉપર ચડાઇ કરવા નીકળતા અને દિવાળીને દિવસે રાજાઓ અને વેપારીઓ બન્ને સ્વદેશ આવી કૌટુમ્બિક સુખનો લ્હાવો લેતા.

પુરાણોમાં કથા છે કે નરકાસુર નામનો એક પરાક્રમી રાજા પ્રાગ્જ્યોતિષમાં રાજ્ય કરતો હતો. પ્રાગ્જ્યોતિષ એટલે હમણાંનો ભૂતાનની દક્ષિણે આવેલો મુલક. નરકાસુર બીજા રાજાઓ સાથે લડતો તે તો ઘડીવાર નભાવી પણ લેવાય, પણ તે દુષ્ટે તો સ્ત્રીઓને પણ હેરાન કરવા માંડી. એના કેદખાનામાં સોળ હજાર રાજકન્યાઓ હતી. શ્રીકૃષ્ણે વિચાર કર્યો કે આ સ્થિતિ આપણને નામોશી લગાડનારી છે. હવે નરકાસુરનો નાશ કર્યેજ છૂટકો છે. સત્યભામાએ કહ્યું, 'સ્ત્રીઓનો ઉદ્ધાર કરવા માટે તમે જાઓ છો ત્યાં હું કેમ ઘેર રહું? નરકાસુર સામે હું જ લડીશ. તમે મદદમાં ભલે રહેજો.'

શ્રી કૃષ્ણે કબૂલ કર્યું. તે દિવસે રથમાં સત્યભામા આગળ બેઠાં હતાં. શ્રી કૃષ્ણ પાછળ મદદમાં હતા. ચતુર્દશીને દિવસે નરકાસુરનો નાશ થયો, દેશ સ્વચ્છ થયો, લોકોએ આનન્દ કર્યો. નરકાસુરનો કાળો કેર દૂર થયો એ બતાવવા ખાતર લોકોએ રાત્રે દીપોત્સવ કર્યો અને અમાસને દિવસે પણ પૂર્ણિમાની શોભા આણી.

પણ એ નરકાસુર એકવાર માર્યે મરે એવો નથી. એને તો દર વર્ષે મારવો પડે છે. ચોમાસામાં બધે કાદવ થઇ જાય, એમાં ખરેલાં પાંદડાં, છાણ વગેરે પડે, જીવાત પડે અને ગામની આસપાસ આમ નરક ઊભું થાય. વરસાદ પછી ભાદરવાના તડકા તપે એટલે તે નરકની દુર્ગન્ધ હવામાં ફેલાય ને ઘણા લોકો માંદા પડે. પછી બહાદુર લોકો પાવડા કોદાળી લઇ આ નરક સામે લડવા જાય. ગામની આસપાસ નરકનો નાશ કરે અને ઘરમાં આવી શરીરે તેલ

ચોળી ન્હાય. ગૌશાળા તો સાફ કરેલી હોયજ. ત્યાંના મચ્છર હાંકી કાઢવા માટે રાત્રે ત્યાં પણ દીવા કરે અને પ્રસન્ન થઇ મિષ્ટાન્ન પકવાન્નનાં ભોજન કરે.

દિવાળી પછી નવું વરસ બેસે છે અને નવું અનાજ ઘરમાં આવે છે. વેદકાળથી આજ સુધી હિન્દુ ઘરોમાં આ નવાન્નનો વિધિ બહુ શ્રદ્ધાપૂર્વક પાળવામાં આવે છે. મહારાષ્ટ્રમાં જમતા પહેલાં એક કડવા ફળનો રસ ચાખવાની પ્રથા છે. એનો ઉદ્દેશ એમ હશે કે કડવી મહેનત કર્યા વગર મિષ્ટાન્ન મળે નહિ. ભગવદ્ગીતામાં પણ લખેલું છે કે જે શરૂઆતમાં ઝેર જેવું અને અન્તે અમૃત જેવું હોય એજ સાત્વિક સુખ. ગોવામાં દિવાળીને દીવસે પૌંઆનું મિષ્ટાન્ન કરે છે અને જેટલા ઇષ્ટ મિત્ર હોય તે બધાને તે દહાડે નોતરે છે. એટલે દરેક જણે દરેક ઇષ્ટમિત્રને ઘેર જવુંજ જોઇએ. દરેકને ત્યાં ફળાહાર રાખેલો હોય છે. તેમાંથી એક કકડો ચાખી માણસ બીજે ઘેર જાય. વ્યવહારમાં કડવાશ આવી હોય, વેરવિખવાદ થયાં હોય, ગમે તે બની ગયું હોય, પણ દિવાળીના દિવસે બધું મનમાંથી કાઢી નાખી ફરી હેતપ્રીતના સંબન્ધ જોડવાના. જેમ વેપારી દિવાળીપર કુલ લેણદેણ પતાવી દઈ નવા ચોપડામાં બાકી નથી ખેંચતા, તેમ દરેક જણ હૃદયમાં કશાં વેરઝેર બાકી નથી રાખતો. જે દિવસે વસ્તીમાંથી નરક નીકળી જાય, હૃદયમાંથી પાપ નીકળી જાય, રાત્રિમાંથી અંધારું નીકળી જાય, અને માથાપરનું કરજ દૂર થાય તે દિવસ કરતાં વધારે પવિત્ર દિવસ બીજો કયો હોઇ શકે?

" કાલેલકરના લેખો " — કાલેલકર

૪

मकरसंक्रान्ति

'વરસ બેસતાં બારમી તારીખ તે સંક્રાન્ત' એમ અંગ્રેજી મહિના પરત્વે કવિ દલપતરામનું કથન છે, પણ જાનેવારીની બારમી તારીખે જ સંક્રાંત આવે એમ હમણાં થતું નથી.

રાશિમાં સૂર્યનો પ્રવેશ એ સંક્રાંતિ કહેવાય છે. મકરસંક્રાંતિ એટલે મકર નામની રાશિમાં સૂર્યનો પ્રવેશ થવો તે. ખગોળવિદ્યાને હિસાબે તે કેમ થાય છે તે અત્રે ટુંકામાં જણાવીએ.

આપણને સૂર્ય ફરતો જણાય છે, પણ હવે તો નિશાળે જતું નાનું બાળક પણ જાણે છે કે સૂર્ય ફરતો નથી, પણ પૃથ્વી ફરે છે. અને તે સૂર્યની આસપાસ ફરે છે. પરંતુ આપણને નરી આંખે દેખાય છે તે પ્રમાણે બોલીએ તો સૂર્ય ફરે છે એમ કહેવાય અને ઉપર સંક્રાંતિનો અર્થ કર્યો છે તેમાં એ પ્રમાણે જ શબ્દપ્રયોગ થયો છે. સૂર્ય આપણને ફરતો લાગે છે. સવારે ઉગે છે, અને સાંજે આથમી, આખી રાત પ્રતિલોમ ભૂમિ પર ચક્કર મારી પાછો બીજી સવારે આપણે ત્યાં દર્શન દે છે. આ માર્ગ, જે માર્ગમાં સૂર્યને જતો આપણે કલ્પીએ છીએ તે કાલ્પનિક માર્ગને 'ક્રાન્તિવૃત્ત' કહેવામાં આવે છે.

આકાશ આખું તારાઓથી આચ્છાદિત છે એ તો આપણે જાણીએ છીએ. સૂર્યનો આ માર્ગ તારાઓના વૃંદમાંથી પસાર થાય છે. તારાઓનાં જે જે વૃંદ આ માર્ગમાં આવે છે તેનાં જૂદાં જૂદાં નામ આપવામાં આવ્યાં છે; તેવા એક વૃંદને 'રાશિ' કહેવામાં આવે છે. આવી રાશિઓ બાર છે. દરેક હિન્દુ આ રાશિના નામથી થોડો ઘણો પરિચિત હોય છે. કોઇ માણસ કોઇ બાબતમાં નિર્ણય પર ન આવી શકતો હોય, ઢચુપચુ થતો હોય, બહુ વિચારમાં ઘેળાયા

કરતો હોય, તેને આપણે કહીએ છીએ કે "હવે ઝાઝી મીનમેખ શું કર્યા કરે છે? ઝટ કહી દે ને કે શું કરવું છે?" આ મીનમેખ એ બે રાશિનાં નામ છે. જોશીઓ જોશ જોતી વખતે રાશિની ગણતરી કરતાં મીનમેખ કુંભમકર એમ બોલે છે; તેઓ ગણતરી ઘણું કરી મીનમેખથીજ શરૂ કરે છે. આ ઉપરથી ઉપરનો પ્રયોગ પ્રચલિત થયો છે. મીન, મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ એ બાર રાશિઓ છે હિન્દુઓ નામ રાશિ ઉપરથી પાડે છે એ તો જાણીતી વાત છે.

આ રાશિઓમાંની મકર રાશિમાં સૂર્યનો પ્રવેશ થવો તે મકર સંક્રમણ અગર મકરસંક્રાન્તિ. મકરસંક્રાંતિ એટલે ઉત્તરાયણ કે ઉતરાણ કહેવાય. તેવીજ બીજી મહત્વની રાશિ કર્ક છે. કર્ક સંક્રમણ અથવા કર્કસંક્રાંતિને દક્ષિણાયન કહે છે. ઉત્તરાયણ પોષ માસમાં થાય અને દક્ષિણાયન અષાડ માસમાં થાય. ઉત્તરાયણનો આરંભ થાય ત્યારે સૂર્યનારાયણ ઉત્તર તરફ જતા દેખાય છે, અને દિવસ હળવે હળવે મોટો થતો જાય છે અને રાત્રિ ટુંકી થતી જાય છે.

ઉત્તરાયણથી દેવોનો દિવસ ગણાય છે, આથી કરીને ધાર્મિક તેમજ માંગલિક કાર્યો ઉત્તરાયણમાંજ કરવામાં આવે છે. લૌકિક માન્યતા પ્રમાણે દક્ષિણાયન કરતાં ઉત્તરાયણ પસંદ કરવાનું કારણ એ છે કે શ્રી વિષ્ણુ ભગવાન અષાઢ માસમાં શયન કરતા હોવાથી સ્વર્ગનાં દ્વાર બંધ થાય છે.

હિન્દુધર્મમાં દેશ અને કાળને સ્થળે સ્થળે મહત્ત્વ આપવામાં આવે છે. તે તે વિશિષ્ટ પ્રસંગોએ કરેલા દાન પુણ્ય આદિનું ફળ અનંતગણું મળે છે. મકરસંક્રાંતિ એ પુણ્યપર્વ ગણાય છે. તે દિવસે જેમણે જેમણે દાનપુણ્ય કરેલ છે તેમને સારાં ફળ મળ્યાનાં દૃષ્ટાન્ત પુરાણમાં જણાવવામાં આવ્યાં છે. નંદનાં પત્ની યશોદાજીએ દધિપાત્રનાં દાન મકરસંક્રાંતિએ કર્યાં હતાં તેથી તેમના મનના કોડ

પ્રભુએ પોતેજ પૂરા પાડયા. દ્રોણાચાર્યનાં પત્ની કૃપી તેજ વ્રતના પ્રભાવથી દારિદ્રથી મુક્ત થઇ પુત્રની પ્રાપ્તિ પામ્યાં. હતાં. જાબાલ મુનિના કહેવાથી શલાકર્ણાભ નામના વણિકે મકરસંક્રાંતિને દિવસે વિધિપૂર્વક દાનપુણ્ય કર્યાથી તે ધનાઢય અને સુખી થયો હતો.

આખા હિંદુસ્તાનમાં મકરસંક્રાંતિનો તહેવાર ખાસ મહાન ગણાય છે, અને લગભગ બધે સ્થળે બીજા જૂદા જૂદા દેશાચાર હોવા છતાં, તલનો મહિમા બહુ ગણાય છે.

જૂદે જૂદે સ્થળે આ તહેવાર જૂદી જૂદી રીતે ઉજવાય છે. ગુજરાત કાઠિયાવાડમાં તે દિવસે સારાં સારાં વસ્ત્રાભૂષણો પહેરી સૌભાગ્યચિહ્નો ધારણ કરવામાં આવે છે. ઘઉંનો કે સાત ધાનનો ખીચડો અને માખણ દેવને ધરવામાં આવે છે. ગાયોને ઘાસ, લાડુ, ઘુઘરી આપવામાં આવે છે. બ્રાહ્મણોને દક્ષણા અને ફળાહાર કે મિષ્ટાન્ન આપવામાં આવે છે. કેટલાંક કુટુંબોમાંની સૌભાગ્યવતીઓ પોતાના દેરને ખાવામાં, પીવામાં, કે બીજી કોઇ વિનોદ ભરી રીતે નાનીસુની ભેટ આપે છે, કુમારિકાઓ ચાંલ્લાવ્રત લે છે, નવોઢાઓ શ્રીફળ ગબડતું મૂકે છે;—એટલે કે જેમને ત્યાં શ્રીફળ મૂકવું હોય તેને ત્યાં ગુપ્ત રીતે, કોઇના જાણવામાં ન આવે એવી રીતે, આંગણામાં, ઓસરીમાં, કે પાણીયારા પાસે શ્રીફળ મૂકી આવે છે; વહુઆરૂઓ સાસુને ખજૂર ઘી અને ખાંડ મૂકી પગે લાગે છે, અને આવા અનેક આનંદભર્યા, વિનોદભર્યા, ભક્તિભર્યા પ્રસંગોથી મકર-સંક્રાંતિ ઉજવાય છે. પતંગ ચઢાવવાનો તો મોટો મહિમા ગણાય છે. બાળકો, જુવાનો અને સુરત અમદાવાદમાં તો વૃદ્ધો પણ પતંગની લડાઇઓમાં ઘેલાતુર બની આનંદ ભોગવે છે.

દક્ષણીઓમાં—સ્ત્રીઓમાં હળદ કંકુના સમારંભ કરવામાં આવે છે અને સહુ પરસ્પર તિલગુડની આપલે કરી અરસપરસ શુભેચ્છાઓ સમર્પે છે. બંગાળામાં પણ આવા તિલગુડને તિલુઆ કહે છે, તે

એકબીજાને આપે છે. ગંગાસાગર કાંઠે લાખો માણસો સ્નાન કરવા એકઠા થાય છે. દક્ષિણ હિન્દમાં દ્રાવિડ લોકોમાં મદુરા અને તન્નેવેલ્લી તરફ તિલગુળ વહેંચવાનો રિવાજ ઠાઠમાઠથી ઉજવાય છે; આમ સકળ હિંદમાં આ દિવસે પરસ્પર શુભ ભાવનાઓની આપલે થાય છે. આમ એકતા તથા સંગઠન માટે આ તહેવાર બહુ લાભકારક ગણાય છે,

આ તહેવાર વિષે એક વાત ખાસ નોંધવા જેવી છે. હાલમાં જો કોઇ સૂર્યની આકાશમાંની ગતિ લક્ષપુર્વક નિહાળતો રહે, તો તેને જણાશે કે હમણાં ઉત્તરાયણ ખરી રીતે તો ૨૪ મી ડીસેમ્બરે થઇ જાય છે. તા. ૨૩ મી ડિસેમ્બરની રાત સૌથી મોટામાં મોટી રાત હોય છે અને તા. ૨૪ મી ડિસેમ્બરથી સૂર્ય પોતાનું ઉત્તર તરફનું પ્રયાણ શરૂ કરે છે. તેવું હોવા છતાં હમણાં તો ઘણાં વર્ષોથી આપણે ઉત્તરાયણ જાનેવારીમાં પાળતા આવીએ છીએ. આમ થવાનું કારણ તો એ છે કે હિન્દુસ્થાનમાં અજ્ઞાનાંધકારનો યુગ શરૂ થયો, રાજ્યાશ્રય બંધ થયો અને લોકો પ્રત્યક્ષ દર્શનને બદલે પુસ્તક દર્શનમાં જ મુગ્ધ બની રહ્યા. એટલે આકાશનો પ્રત્યક્ષ વેધ લેવાની પ્રથા બંધ પડી. આવું થયાને લીધે દર વર્ષે ૨૩ મિનિટ વધારે ગણાવા લાગી અને તેથી છેલ્લા ૧૪૦૦ વરસમાં આટલો બધો ફેર પડી ગયો. હવે તો આપણે જ્યોતિષીઓને 'ભોગળભટ્ટીયા' કહેવા લાગ્યા અને જોશ અને જ્યોતિષ ઉપર આપણી આસ્થા ન રહી એટલે જ્યોતિષનો અભ્યાસ પણ બહુ મંદતા પામ્યો. ભવિષ્યવાણી પર ભલે શ્રદ્ધા ન હોય પણ નક્ષત્ર, રાશિ, ગ્રહ વગેરેના યોગ. કરણનું જ્ઞાન હોવું એ તો ખગોળશાસ્ત્રીઓ માટે આવશ્યક છે એમ સમજવું જોઇએ. હમણાં રાજ્યાશ્રય તો વિલાયતના જ્યોતિષીઓને મળે, લોકાશ્રય પણ ત્યાંજ વહેવા લાગ્યો અને તેથી આપણી જૂનામાં જૂની વિદ્યા નાબુદ થવા લાગી છે. તે વિદ્યા જ્યારે પુનરૂજ્જીવન પામશે

ત્યારે આપણને મકરસંક્રાંતિનો ખરો દિવસ બરાબર હાથ લાગશે અને આપણાં પંચાંગોમાં પણ આપણે ઘટતા ફેરફાર કરવા પડશે.

શ્રી. પ્રાણજીવન વિઠ્ઠલદાસ ધ્રુવકૃત

" તહેવારોનો ભોમીઓ " એ પુસ્તક ઉપરથી થોડા ફેરફાર સાથે

૯

રોગ

" રોગ અને તેની ખરી દવા "

રોગ એ શું છે? આ સમજવા માટે પહેલાં તંદુરસ્તી એ શું છે એ જાણવું જોઇએ. તંદુરસ્તી એ શરીરની એ સ્થિતિ છે, કે જેની અંદર દરેક અવયવ પોતાનું કામ આપણું ધ્યાન ખેંચાયા વગર પોતાથી બરાબર બજાવે છે. સર્વ અવયવો એકસરખી રીતે આખા શરીરનું કામ સ્વસ્થ રીતે ચલાવે છે. તે સ્થિતિને તંદુરસ્તી કહેવાય છે. દાખલા તરીકે ખબર પડયા વગર અથવા દુઃખ અથવા મહેનત થયા વગર શ્વાસ ચાલે છે. ખોરાક હજમ થાય છે, ઝાડો, પેશાબ પસીનો રીતસર આવે જાય છે. શરીરનું ઉષ્ણુમાન બરોબર જળવાય છે. ટુંકામાં દરેક અવયવ નિયમિત રીતે કામ કર્યા છતાં તેનું જ્યારે આપણને ભાન થતું નથી અને એક સંચા માફક નિયમિત દરેક કાર્ય બરાબર જે સ્થિતિમાં થયા કરે છે તેને તંદુરસ્તી કહેવાય છે.

આ બરાબર સમજાયા પછી આવી સ્થિતિ કોઇકવાર કાંઇ અડચણ કરનારા કૃત્યથી અટકે છે એટલુંજ નહિ પણ વખતે વધે છે, ઘટે છે, અવયવની રચનામાં ફેર પડે છે અને દુઃખ-બેચેની ઉત્પન્ન થાય છે. આ સ્થિતિને રોગ કહેવાય છે. એટલે રોગની ટુંકામાં વ્યાખ્યા—શરીરના અવયવનાં કૃત્યમાં ખામી અથવા તે અવયવોની રચનામાં ખરાબી એનું નામ રોગ છે. જ્યારે શરીરના

કોઇ ભાગ તરફ આપણું લક્ષ ખેંચાય છે એટલે દુઃખે છે અથવા તે ભાગમાં કંઇક થાય છે કે પોતાની ફરજ બજાવવાનું ભાન કરાવે છે ત્યારે તે ભાગ અસ્વસ્થ અથવા રોગી છે એમ સમજાય છે.

તંદુરસ્તીથી વિરૂદ્ધ રોગ છે. તંદુરસ્તી એ કુદરતી સ્થિતિ છે. રોગ એ ભૂલનું પરિણામ છે. ખરી રીતે જોઇએ તો રોગ એ કોઇ-પણ થએલ ભૂલ સુધારવા કુદરતનો યત્ન છે. દાખલા તરીકે કંઇપણ અપાચ્ય પેટમાં નાખવાથી ઉલટી થાય છે; અહીં ઉલટી એ થએલી ભૂલને સુધારવા કુદરતનો યત્ન છે.

રોગ મટાડવાના રસ્તા

જુના વખતથીજ રોગ મટાડવા જુદા જુદા રસ્તા ચાલુ છે. દવા કરનારાઓ રોગને જે જે રીતે સમજ્યા તે તે રીતે તેઓએ ઉપચાર કરાવ્યા છે. અમુક રોગની લાંબા વખતથી એકજ રીતે દવા કરવી જોઇએ, એવો ખ્યાલ ધીમે ધીમે બંધાઇ ગયો છે. કઇ કઇ રીતો સારી અને વાજબી અને કઇ કઇ ખરાબ તે વિષે ચર્ચા કરવા જરૂર નથી. માત્ર રોગ અને તેના ઉપચાર ખરી રીતે કેમ સમજાય અને કેમ લેવાય તે સમજાવવાજ યત્ન થવાની જરૂર છે. જે જે જુદી રીતો આજના વખતમાં અજમાવાય છે તેના મુખ્ય ચાર વર્ગ પાડી શકાય. ૧. કૃત્રિમ કૃતિ. ૨. એકજ કૃતિ–સર્વ રોગ માટે ૩. રોગની મુદત દરમીયાન માત્ર તે પુરી થતાં સુધી સંભાળ. ૪. શુદ્ધ સિદ્ધાન્તથી સાબીત થએલી કૃતિ.

૧ કૃત્રિમ રીતિ

આ રીતિમાં અમુક રોગ ઉપર અમુક દવા આપવીજ જોઇએ એમ માનવામાં આવે છે. સાધારણ રીતે "એલોપેથીક" વિદ્યા આ છે. શરીરની અન્દર કંઇક દાખલ થવાથી રોગ થાય છે અને તેને દૂર કરવા તજવીજ કરવી તે તેનો ઉપાય છે એમ મનાય છે. આ રીતિથી શરીર બહુ નંખાઇ જાય છે. શરીરને ચીરી ખોલાવવાનું,

ક્લીસ્ટર મારવાનું, બહુજ જલદ જુલાબ આપી શરીર ધોઇ નાખવાનું વગેરે રીતિઓ વપરાય છે. દરદીની સહન કરવાની શક્તિના પ્રમાણમાં જલદ ઉપચાર દઇ ઉલટો વધારે નબળો પાડવામાં આવે અને અંતે મુશ્કેલીમાં આવી પડે છે. આ રીત વિષે આસ્થા ધીમે ધીમે ઓછી થતી જાય છે અને ભવિષ્યમા તદ્દન બંધ થશે એમ જણાય છે. જો કે હાલમાં વળી ત્વચા મારફત દવા દાખલ કરવાની રીત પ્રચારમાં આવી છે. શરૂઆતમાં તેના ઉપર જે આસ્થા હતી તે હવે નથી; તો પણ મોટાં શહેરોમાં તે રીત હજુ બહુ પ્રચલિત છે; તે કાળ ગયે બંધ થવા સંભવ છે. કેમકે ત્વચા વાટે જે દવા દાખલ થાય તે માફક ન આવે તો શરીરમાંથી તુરત બહાર કાઢી નાખવા રસ્તો નથી; જેથી ઘણીવાર ફાયદા કરતાં નુકશાન જ વધારે કરે છે.

૨ એકજ કૃતિ સર્વ રોગ માટે

આ રીતિથી એક અથવા અમુક થોડી દવાથી સર્વ રોગ મટે છે એમ મનાય છે. હોમીઓપેથી, બાયોકેમીક, હાઇડ્રોપેથી, વગેરે આ કૃતિ છે. પેટંટ દવાઓ કેટલીએક જે દરેક દરદ માત્ર એકજ દવાથી મટે છે એમ જણાવે છે તેનો સમાવેશ પણ આ કૃતિમાં જ થાય છે. હાઇડ્રોપેથી, હોમીયોપેથી, ક્રોમોપેથીથી અમુકને જ અમુક રીતે ફાયદો થાય છે એમ માનવાનું હોય તો એક જુદી વાત છે, પણ તે રીતિથી દરેક જાતના રોગ દરેકને મટે છે અથવા મટાડવા પ્રયત્ન થાય છે એ સમજ વગરની વાત જણાય છે. વધારે પડતી મોટી માત્રા—બદસ્વાદવાળી ઘણી દવાઓ લેવાથી દર્દી જ્યારે કંટાળ્યો હોય છે ત્યારે થોડી અને બદસ્વાદ વગરની દવા લેવાથી દર્દીને એક જાતનોઆરામ રહે છે અને કુદરતને પોતાનું કામ કરવા તક મળે છે; જેને પરિણામે ઘણી વાર પરિણામ સારાં આવે છે અને તેટલે દરજ્જે તેવા કેસમાં તે તો કુદરતને જ મદદ કરવા સરખું છે. પણ દરેક વખતે તેનો ઉપયોગ થાય છે અને તેજ દવા કરવાનો રસ્તો છે એમ માનવું એ તો અયોગ્ય છે. પેટંટ દવા બાબત તો તેના તરફ જેમ દુર્લક્ષ

થાય તેમજ સારૂં છે. તેનાં માઠાં પરિણામો જાણીતાં છે એટલે તે વિષે એટલું જ કહેવાનું કે વિદ્વાન અનુભવી દાકતરે બતાવ્યા સિવાય તેવી દવાનો ઉપયોગ નજ કરવો જોઇએ.

૩ રોગની મુદત પુરી થતા સુધી માત્ર સંભાળ રાખવાની કૃતિ

કેટલાએક રોગ અમુક મુદતના છે અને તે પોતાની મુદત પુરી થયા અગાઉ દૂર થઇ શકતા નથી. તેવા રોગને માટે ઘણે ભાગે આ કૃતિ વપરાય છે.

રોગની દવા બેદરકારીથી કરવા કરતાં ન કરવી એ દરદીને ફાયદાવાળું છે. એક મોટો દાકતર કહે છે કે દરદીને ખરચે દવા કરવાની જૂદી જૂદી રીતોથી જે દુઃખ અને મરણ દુનિયામાં વધે છે તેનું પ્રમાણ જો રોગ અને દરદીને એકલા રહેવા દેવામાં આવે તો તેથી ઘણું ઘટે એવું લાંબા વખતના અનુભવ અને જ્ઞાનને લઇને સિદ્ધ થએલું છે.

*　　　*　　　*

દરેક રોગીએ પોતાના રોગનું કારણ પોતે શોધી તે પછી તેનો જોઇતો ઇલાજ કરવો જોઇએ. પોતાથી કારણ ન મળે તો વૈદ ડોકટર પાસેથી પ્રથમ કારણ સમજી પછી યોગ્ય ઉપચાર કરવા-જોઇએ પણ હમણાં જેમ મનાય છે કે દરદ પોતાથી થયું છે તો કારણ શોધવાની કડાકૂટમાં ન ઉતરતાં માત્ર ઉપચાર જ કરવા દોડાદોડ કરવી એ ઠીક નથી.

'વગર દોકડાનો વૈદ'　　　　　રવિશંકર અંજારિયા

૬

આરોગ્ય વિષે

માણસનું મન એજ તેના સ્વર્ગની અને નરકની જગ્યા છે. જહાનમ કંઇ જમીનની નીચે નથી અને જન્નત વાદળમાં નથી; 'મન એ જ બંધન (નરક) અને મોક્ષ (સ્વર્ગ)નું કારણ છે.' માણસ રોગી કે નીરોગી રહે તેનું કારણ ઘણી રીતે તે પોતે જ છે. આપણા કાર્યથી આપણે માંદા પડીએ તેમ વિચારથી માંદા પડીએ; પોતાના દીકરાને ક્રોગળ્યું થયું, તે જોઇ બાપને પણ થયું. એવા દાખલા આપણે ઘણા જોઇએ છીએ. એક પ્રસિદ્ધ વૈદ્યે કહ્યું છે કે જેટલા માણસો મરકી વગેરે રોગોથી મરે છે તેના કરતાં વધારે ભયથી મરે છે. 'બીકણ વગર મોતે મરે છે.'

અજ્ઞાન એ પણ આરોગ્યનો ભંગ કરનારૂં મોટું કારણ છે. આપણી ઉપર અકસ્માત્ આવી પડે, ત્યારે આપણે કંઇ ન જાણવાથી અશક્ત બની બેબાકળા થઇ જઇએ છીએ, અને સારૂં કરવા જતાં બુરૂં કરી નાખીએ છીએ, શરીરને લગતા સાધારણ નિયમોથી બિન-વાકેફ રહી આપણે ઘણી વેળા ન કરવાનું કરીએ છીએ અથવા સ્વાર્થી અને ધૂતારા ઊંટવૈદોના હાથમાં આવી પડીએ છીએ. આ એક તાજુબીની વાત છે, છતાં ખરી છે કે આપણને આપણી પાસે જ પડેલી વસ્તુનું જ્ઞાન આપણાથી દૂર રહેલી વસ્તુના જ્ઞાન કરતાં ઓછું હોય છે, મારી શેરીની ભૂગોળ મને નહિ આવડે પણ ઈંગ્લાંડના ગામ વગેરે હું ગોખી જઇશ. આકાશમાં રહેલા તારા વિષે બબડાટ હું કરૂં ખરો, પણ ઘરના છાપરાનુ જ્ઞાન મને નહિજ હોય. આકાશના તારા ગણી કહાડવાનો વિચાર કરીશ પણ મારા છાપરામાં શું છે અથવા કેટલી વળી છે તે જાણવાની મને ઇચ્છા પણ નહિ થાય. મારી નજર આગળ રચાતું કુદરતી નાટક

હું જોવા માગતો નથી, પણ નાટકશાળામાં થતા ઢોંગ જોવાનું મને બહુ મન થશે. તે જ શૈલી પ્રમાણે મારા શરીરમાં શું થાય છે, તે શું છે તે શાનું બન્યું છે, તેમાંનાં હાડકાં, માંસ, લોહી વિગેરે કેમ બને છે, તે બધાં શું કરે છે, મારા શરીરમાં બોલે છે તે કોણ, મારી ગતિ કેમ ચાલે છે, મને એક વખત સારા તો બીજી વખત ખરાબ વિચાર કેમ આવે છે, મારી મરજી વિરૂદ્ધ પણ મારૂં મન કેમ કરોડો માઇલ સુધી દોડી જાય છે, મારૂં શરીર તો ગોકળગાયથી પણ ધીમું ચાલે છે, ત્યારે મારૂં મન પવનના વેગ કરતાં હજારો ગણો વધારે વેગ કેમ ધરાવે છે, તેનું મને ભાન નથી. આમ મારી નજીકમાં નજીકની વસ્તુ જે મારૂં શરીર અને તેની સાથેનો મારો સંબંધ, તેની મને ઓછામાં ઓછી ખબર છે.

આવી કઢંગી દશામાંથી છૂટવું એ બધાંની ફરજ છે. શરીર અને મનનો સંબંધ જાણવો એ તો મહા મુશીબતનું કામ છે, પણ શરીરના સાધારણ વ્યાપાર વિશે થોડું ઘણું જાણવું દરેક મનુષ્યને બહુ જરૂરનું છે. બાળકોના અભ્યાસમાં પણ આ જ્ઞાનનો સમાવેશ થવો જોઇએ. મારી આંગળી વઢાય તો તેનો ઉપાય હું ન જાણું, મને કાંટો વાગે તે હું કહાડી ન શકું, મને સર્પ કરડે તો બીકમાં પડયા વિના મારે તરત શું કરવું એની મને ખબર ન હોય તે શરમાવા જેવું છે.

* * *

તે જ માણસ નીરોગી કહેવાય કે જેના શુદ્ધ શરીરમાં શુદ્ધ મન નિવાસ કરે છે. માણસ એક શરીરનો જ બનેલો નથી. શરીર એ તેનું રહેઠાણ છે. વળી શરીર, મન, અને ઇંદ્રિઓનો એવો ગાઢો સંબંધ છે કે એકને વ્યાધિ-દર્દ હોય તો બીજાં બગડે. શરીરને ગુલાબના ફૂલની ઉપમા અપાયેલી છે. ગુલાબના ફૂલનો ઉપરનો દેખાવ તે તેનું શરીર છે, તેની સુવાસ એ તેનો આત્મા-રૂહ છે. કાગળનું બનાવેલું ગુલાબનું ફૂલ કોઇ પસંદ નહિ કરે; તેને સુંધ-

વાથી તેમાં ગુલાબની વાસ નથી આવવાની, તેની વાસ એજ ગુલાબની પરીક્ષા છે; તેમજ માણસની વાસ–તેના આત્માનું ચારિત્ર્ય–એજ તેની પરીક્ષા છે. વળી ગુલાબના જેવું દેખાતું બીજું ફૂલ હોય પણ તેની વાસ ખરાબ હશે તો આપણે તે ફેંકી દઈશું, તેમજ માણસનું શરીર ઠીક દેખાતું હોય, છતાં તેમાં રહેનાર રૂહ જો ખોટાં વર્તનવાળો હશે તો આપણે તેના શરીર ઉપર મોહ પામીશું નહિ. એટલે આપણે જોઈ શકીએ છીએ કે જેનું ચારિત્ર્ય ખરાબ છે તે માણસ નીરોગી નહિ જ ગણાય. શરીરનો આત્મા સાથે એવો ગાઢ સંબંધ છે કે શરીર નીરોગી હોય તેનું મન શુદ્ધ જ હશે. આ ધોરણને આધારે હાલ પશ્ચિમમાં એક પંથ જ નિકળ્યો છે. તે માને છે કે જેનું મન શુદ્ધ હોય તેને દર્દ થાય જ નહિ, અને જેને દર્દ હોય તે શુદ્ધ મન રાખી શરીર નીરોગી કરી શકે છે. આ મત નાખી દેવા જેવો નથી, તે વાસ્તવિક રીતે ખરોજ છે. પણ પશ્ચિમના સુધારાવાળા લોકો તેનો દુરુપયોગ કરે છે. આપણે તો તેમાંથી એ સાર લેવો રહ્યો છે કે આરોગ્ય સાચવવાનું બળવાન સાધન આપણું મન છે, અને મનની શુદ્ધતા એ આરોગ્ય નિભાવનારી વસ્તુ છે.

એક મહાન લેખકે લખ્યું છે કે જો માબાપ દરેક પ્રકારે લાયક હોય અને તેને પ્રજા હોય, તો તે તેમના કરતાં ચડવી જ જોઈએ. જો આ વાત બરોબર ન હોય તો આ દુનિયા ચડે છે એમ માનનારાએ પોતાનું વાક્ય પાછું ખેંચી લેવું જોઈએ. સંપૂર્ણ રીતે નીરોગી માણસને મોતનો ડર રહેતો જ નથી. મોતનો ડર આપણે બધા રાખીએ છીએ તે જ બતાવે છે કે આપણે તન્દુરસ્ત નથી, મોત એ એક આપણે વિષે મોટો ફેરફાર છે અને સૃષ્ટિનિયમ પ્રમાણે તો એ ફેરફાર સરસ હોવો જોઈએ. આવું ઉંચા પ્રકારનું આરોગ્ય મેળવવાને મથવું એ આપણું કર્તવ્ય છે.

'ગાંધીશિક્ષણ', ભાગ ૩ મહાત્મા ગાંધીજી

૭

कसरत

માણસજાતને જેટલી જરૂર હવાની, પાણીની અને અનાજની છે તેટલીજ કસરતની છે. એટલું ખરૂં કે કસરત વિના માણસ ઘણાં વર્ષો સુધી નભી શકે તેમ ખોરાક, હવા, પાણી અને અનાજ વિના ન નભી શકે; પણ કસરત વિના માણસ નીરોગી ન રહી શકે એ સર્વમાન્ય વાત છે. કસરત એટલે મોઇ દાંડિયા, ફુટબોલ, ક્રિકેટ કે ફરવા જવું એજ નથી; કસરત એટલે શારીરિક અને માનસિક કામ. જેમ ખોરાક હાડકાં માંસને સારૂ તેમજ મનને સારૂ જોઇએ, તેમ કસરત શરીરને તેમજ મનને જોઇએ. શરીરને કસરત ન હોય તો શરીર માંદું રહેશે અને મનને નહિ હોય તો મન શિથિલ રહેશે. મૂઢપણું એ પણ એક પ્રકારનો રોગ જ ગણવો જોઇએ. મોટા પહેલવાન જેઓ કુસ્તી કરવામાં ભારે હોય પણ જેમનું મન ગમારના સરખું હોય તેમને આપણે નીરોગી શબ્દ લગાડીએ એ અજ્ઞાનની દશા છે. અંગ્રેજીમાં કહેવત છે કે તન્દુરસ્ત શરીરમાં તન્દુરસ્ત મન હોય તેજ માણસ આરોગ્યવાળો ગણાય.

આવી કસરતો કઇ? કુદરતે તો આપણે સારૂ એવી સરસ ગોઠવણો કરી છે કે આપણે હમેશાં કસરત કર્યા જ કરીએ. જરા શાંતિથી આપણે તપાસીશું તો આપણને માલમ પડશે કે દુનિયાનો ઘણો જ મોટો ભાગ ખેતી ઉપર નભે છે. ખેડુતનાં ઘરનાં બધાંને કસરત મળી રહે છે. તે દરરોજ આઠ દશ કે તેથી પણ વધારે કલાક સુધી ખેતર વિગેરેમાં કામ કરે, ત્યારે જ તેને ખાવા પહેરવાનું મળી શકે છે. તેને મનની જુદી કસરત જોઇતી નથી. ખેડુત મૂઢ દશામાં કામ કરી શકતો નથી. તેને જમીનની માટીની પરીક્ષા જાણવી જોઇએ; ઋતુઓના ફેરફારની માહિતી રાખવી જોઇએ; યુક્તિસર

હળ ફેરવતાં આવડવું જોઇએ અને તારા તથા સૂર્યચંદ્રની ગતિ સાધારણ રીતે જાણવી જોઇએ. ગમે તેવા અક્કલવાન શહેરવાસીઓ જ્યારે ખેડુતના ઘરમાં જાય છે, ત્યારે દીન બની જાય છે. ખેડૂત કહી શકે કે બીયાં કેમ વવાય, આસપાસની દરેક કેડીનું તેને જ્ઞાન છે, આસપાસનાં માણસોનું તેને ભાન છે. તારા વિગેરેના દેખાવ પરથી તે રાતના પણ દિશા પારખી શકે છે. પક્ષીઓના સાદ ઉપરથી, તેઓની ગતિ ઉપરથી તે કેટલુંક કળી શકે છે. જેમકે અમુક પક્ષી અમુક વખતે એકઠાં થાય કે કલ્લોલ કરે, તો તે કહેશે કે આ વરસાદની અથવા તો એવી બીજી નિશાની છે. આમ પોતાને જોઇતી ખગોળવિદ્યા, ભૂગોળવિદ્યા, ભૂસ્તરવિદ્યા, વિગેરે શાસ્ત્રો ખેડુત સમજે છે. તેને પોતાનાં છોકરાંને પોષવાં પડે છે, તેથી માનવ-ધર્મશાસ્ત્રનું પણ સાધારણ જ્ઞાન હોય છે; અને પૃથ્વીના વિશાળ ભાગમાં રહેતો હોવાથી તે ઇશ્વરનું મહત્વ સહેજે સમજે છે. શરીરે તો મજબૂત છે જ, પરન્તુ વૈદું પોતેજ કરી લે છે, અને માનસિક કેળવણી તેને છે એ આપણે જોઇ શકયા.

જેઓ વેપારી અને એવા પ્રકારના ધંધાર્થી છે તેઓએ શું કરવું એ સવાલનો જવાબ આપણને સમજપૂર્વક મળે તેવા હેતુથી ખેડુતની જિંદગીનું કંઇક વર્ણન આપ્યું છે. તેની રહેણી ઉપરથી આપણે જેઓ ખેડુત નથી તે આપણી રહેણી કંઇક ઘટાવી શકીએ અને એટલું સમજીએ કે જેટલે દરજ્જે આપણે ખેડુતને લગતી જીંદગી ભોગવતા નથી તેટલે દરજ્જે આપણે નીરોગી ઓછા રહેવાના. ખેડુતની જિંદગી ઉપરથી આપણે જોઇએ છીએ કે માણસે આઠ કલાક શારીરિક કાર્ય કરવું જોઇએ; અને તે એવું કે જેથી તે કરતાં કરતાંજ મનની શક્તિને કસરત મળે. હવે વેપારી વિગેરેને કેટલીક મનની કસરત મળી રહે છે, પણ તે એકમાર્ગી છે. તે કંઇ ખેડુતની જેમ ખગોળવેત્તા, ભૂગોળવેત્તા કે ઇતિહાસ જાણનારો

નથી. તેને ભાવતાલની ખબર પડે, સામાને કેમ યુક્તિસર માલ વેચવો એ ખબર પડે, પણ તેથી મનની શક્તિ પૂરી કસાતી નથી. તે ધંધામાં શરીરની હિલચાલ કંઈક થાય છે, પણ તે ઘણી ઓછી ગણાય.

આવાં માણસો સારૂ પશ્ચિમના લોકોએ શોધ્યું છે કે તેઓએ ક્રિકેટ વિગેરે રમતો રમવી. વર્ષમાં તહેવારો પાળી તેવે સમયે વળી વિશેષ રમતો રમવી; અને માનસિક કેળવણી સારૂ બહુ મગજમારી ન કરવી પડે તેવાં પુસ્તકો વાંચવાં. આ એક રસ્તો છે, તેને જરા વિચારી લઈએ. આમ રમતમાં વખત ગાળતાં કસરત મળે છે એમાં શક નથી; પણ એ કસરતથી માણસનું મન સુધરતું નથી. એ પ્રમાણે અનેક દાખલામાં જોઈ શકીએ છીએ. ક્રિકેટ રમનારા અથવા ભારે ફુટબોલ રમનારની સંખ્યા જોતાં તેમાંથી પ્રમાણમાં કેટલા માણસો સારી મનઃશક્તિવાળા મળી આવશે? હિન્દુસ્તાનમાં જે રાજા ખૂબ રમતિયાળ છે તેની માનસિક શક્તિ વિષે આપણે શું જોયું છે? વળી જેઓ ભારે મનઃશક્તિવાળા છે તેઓમાંથી કેટલા રમતિયાળ છે? આપણે અનુભવે જોઈએ છીએ કે મનઃશક્તિવાળા ઘણા જ ઓછા રમતિયાળ જોવામાં આવશે. વિલાયતના ગોરાઓ હાલ રમત ઉપર ખૂબ ઉતર્યા છે, તેઓને તેઓના જ મહાકવિ કિપલીંગે અક્કલના શત્રુ વર્ણવ્યા છે અને કહ્યું છે કે તેઓ ઇંગ્લાંડના વેરી બનશે. હિંદુસ્થાનમાં આપણા મનઃશક્તિવાળા ગૃહસ્થોએ જૂદો રસ્તો પકડયો જોવામાં આવે છે. તેઓ મનને કસરત આપે છે અને પ્રમાણમાં શરીરને ઘણી ઓછી અથવા મુદ્દલ આપતા નથી. આત્માને આપણે ખોઈ બેસીએ છીએ. તેઓનાં શરીર એકલી મગજમારીથી ક્ષીણ થઈ જાય છે, કંઈને કંઈ રોગ તેઓના શરીરમાં ઘર કરે છે અને જ્યારે તેઓનો અનુભવ દેશને ખૂબ કામ લાગે એવો હોય તેવે સમયે તેઓ દેહત્યાગ કરે છે. આ ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે એકલી મનની કસરત કે એકલી શરીરની

કસરત બસ નથી; તેમ જ જે કસરત ઉપયોગી નથી એટલે રમતમાં મળે છે તે કસરત બરોબર ગણાય નહિ; પરન્તુ જે કસરતમાં મન અને શરીર બન્ને એકી વખતે અને આખો વખત કેળવાય એ જ ખરી કસરત છે અને એવો માણસ તંદુરસ્ત રહી શકે. આવો માણસ તો ખેડુત જ છે.

ત્યારે હવે જે ખેડુત નથી તેણે શું કરવું? ક્રિકેટ વિગેરે રમતોથી મળતી કસરત એ બરોબર નથી, એટલે આપણે એવી કસરત શોધવી જોઇએ કે જેથી ખેડુતના જેવો કંઇક અર્થ સરે. વેપારી અને બીજા બધા પોતાના ઘરની આસપાસ વાડી બનાવી શકે છે અને તેમાં ખોદવાનું કામ બે કે ચાર કલાક હંમેશાં કરી શકે છે. ફેરીવાળા વિગેરેને તો પોતાના ધંધામાંજ કસરત મળી રહે છે. આપણે પારકા ઘરમાં રહેતા હોઇએ તો તેથી જમીનમાં કેમ કામ કરીએ એ સવાલ ન ઉઠવો જોઇએ, કેમકે એ હલકા મનની નિશાની છે. ગમે તેની જમીનમાં આપણે ખોદવા વાવવાનું કામ કરીશું, તેથી આપણને ફાયદો જ છે. આપણાં ઘર સુધરશે અને આપણે બીજાની જમીન ઠીક રાખ્યાનો સંતોષ ભોગવી શકીશું. જેઓને જમીનની કસરત ન મળી શકે અથવા જેઓને તે કોઇપણ રીતે પસંદ આવે તેમ નથી, તેવાઓને સારૂ બે શબ્દની જરૂર છે; જમીનમાં કામ કરવા સિવાય સર્વોત્તમ કસરત ચાલવાની છે. એ કસરતોનો રાજા કહેવાય છે અને એ વાત વાસ્તવિક છે. આપણા ફકીરો અને સાધુઓ બહુ તન્દુરસ્ત રહે છે તેનાં કારણોમાં એક એ પણ છે કે તેઓ ગાડી, ઘોડા વિગેરે વાહનોનો ઉપયોગ કરતા નથી. તેઓ પોતાની બધી મુસાફરી પગે કરે છે. થોરો કરીને મહાન અમેરિકન થઇ ગયો, તેણે ચાલવાની કસરત વિષે બહુ વિચારવા લાયક પુસ્તક લખ્યું છે. તેણે એમ જણાવ્યું છે કે પોતાને વખત ન મળે એવા બહાનાથી જે માણસ ઘરબહાર નિકળતો નથી,

હાલતો–ચાલતો નથી અને લખવા વિગેરેનાં કામો કરે છે, તે માણસનાં લખાણો વિગેરે પણ જેવો તે માંદો તેવાં માંદાં હોય છે. પોતાના અનુભવ વિષે તે જણાવે છે કે તેણે સરસમાં સરસ પુસ્તકો લખ્યાં, ત્યારે તે હમેશાં વધારેમાં વધારે ચાલતો. હંમેશાં ચાર પાંચ કલાક ચાલવું એ તેના મનમાં કંઇજ ન હતું. આપણને ખરેખર ભુખ લાગી હોય, ત્યારે જેમ આપણે કામ નથી કરી શકતા તેમજ કસરતને વિષે હોવું જોઇએ. આપણા માનસિક કામનું માપ લેતાં આપણને આવડતું નથી, તેથી આપણે જોઇ શકતા નથી કે શારીરિક કસરત વિના કરેલાં માનસિક કાર્યો નીરસ અને નમાલાં હોય છે. ચાલવાથી લોહીનો ફેલાવો ઝપાટાબંધ દરેક ભાગમાં થાય છે, તેથી દરેક અંગની હિલચાલ થાય છે અને બધાં અંગ કસાય છે. ચાલવામાં હાથ વિગેરેની હિલચાલ થાય છે એ યાદ રાખવું જોઇએ.ચાલવાથી શુદ્ધ હવા આપણને મળે છે, વળી બહારના ભવ્ય દેખાવો આપણે જોઇએ છીએ. ચાલવું તે હંમેશાં એકજ જગ્યાએ અથવા ગલીઓમાં હોવું જોઇએ નહિ, પણ ખેતરોમાં અને ઝાડીઓમાં ફરવું જોઇએ, તેથી કુદરતની શોભાની કિંમત કંઇક કરી શકાય છે. એક બે માઇલ ચાલવું તે ચાલવું ગણવાનું નથી, પણ દશબાર માઇલ ચાલવું એજ ચાલ્યા ગણાય. આવું હંમેશાં જેનાથી ન બને તે દર રવિવારે ખુબ ચાલી શકે છે. એક દર્દી એક અનુભવી વૈદ્યને ત્યાં ગોળી લેવા ગયો, તેને દર્દ અજીર્ણનું હતું. વૈદ્યે તેને હંમેશાં થોડું ચાલવા સલાહ આપી. દર્દી બોલ્યો કે તેનામાં જરાયે તાકાદ નથી. વૈદ્ય સમજ્યો કે દર્દી બીકણ છે, તે તેને પોતાની ગાડીમાં લઇ ગયો. રસ્તામાં ચાબુક જાણી જોઇને પાડી નાખી. વિવેકને ખાતર દર્દીને ચાબુક લેવા ઉતરવું પડયું. વૈદ્યે પોતાની ગાડી હાંકી મુકી. બિચારા દર્દીને હાંફતા હાંફતા પાછળ જવું પડયું. તેને ખુબ ચલાવ્યા પછી ગાડી પાછી વાળી દર્દીને ગાડીમાં લીધો; અને તેને કહ્યું કે તેને ચલાવવો એજ દવા હતી, તેથી વૈદ્યને ધાતકી દેખાવાને જોખમે પણ દર્દીને

ચલાવવો પડયો. દર્દીને પણ કકડીને ભૂખ લાગી હતી, તેથી ચાબુકની વાત ભૂલી ગયો, તેણે વૈદ્યનો ઉપકાર માન્યો અને ઘેર જઇને સંતોષપૂર્વક ખાધું. જેઓને ચાલવાની ટેવ નથી અને જેઓને બદહજમી અને તેથી ઉત્પન્ન થતાં દર્દો થાય છે, તેઓએ ચાલવાનો અખતરો કરી જોવો.

'ગાંધીશિક્ષણ', ભાગ ૩ — મહાત્મા ગાંધીજી

૮

પ્રભાતનો પહોર

જ્યારે કામજ્વરથી પીડાયલો કરણરાજા પોતાનું ધારેલું કામ પાર પાડવાના વિચારમાં બીછાના પર તરફડિયાં મારતો હતો તે વખતે બહાર રાતનો અમલ ઉતરીને રાત તથા દહાડાની મર્યાદાની વચ્ચેનો તકરારી વખત થયેલો હતો. આકાશ કેવળ સ્વચ્છ હતું. અરૂણે સોનાની કુંચી વડે પૂર્વ દિશાનો મોટો દરવાજો ઉઘાડયો, અને સૂતી દુનિયાને જાહેર કીધું કે હવે સૌને કામે વળગવાનો વખત થયો છે. અરૂણ સારથિ આવ્યો એટલે તેની પાછળ સૂર્યનારાયણ રથમાં બેસીને જલદીથી આવશે એવું જાણીને રસ્તામાં રમતા છોકરા મહેતાજીને આવતા જોઇ નાસી જાય છે તેમ તારાઓ એક પછી એક પોતપોતાનું મ્હોડું સંતાડવા લાગ્યા. ચંદ્ર તો તે પહેલાં અસ્ત થયલોજ હતો. શુક્રનો તારો જેને વિશે ગામડિયા લોકો કહે છે કે ચંદ્રમા મુઆ પછી એ તેની જગો સાચવશે, તે થોડી મુદત સુધી હિમત રાખી ઉભો રહ્યો, પછી તે પણ જલદીથી ભરાઇ ગયો. સૂર્ય દેવતાને આદરમાન આપવાને પૂર્વ તરફ વાદળાંમાં ઇંદ્રરાજાએ ઘણા ભભકાદાર રંગના સાથિયા પૂર્યા. વાડીઓમાં કમળનાં ફુલ ખીલી તેઓએ પોતાના સૂર્ય પિતાને મળવાને પોતાનાં મ્હોડાં પૂર્વ તરફ

ફેરવ્યાં. કુમુદનીનાં ફુલની પાંદડી બીડાઇ જઇ નીચે નમી ગઇ. પોતાની પ્રિયાને ખીલેલી જોઇ ભમરાઓ કમળની આસપાસ ફરી ગુંઝાગુંઝ કરવા લાગ્યા. ચંપા, ચંપેલી, સેવતી, માલતી વગેરે ફુલોમાંથી મંદ મંદ સુગંધે શીતળ વાયુની સાથે ઘસડાઇ આવીને નાસિકા ઇંદ્રિને મગ્ન કીધી. ઠેકાણે ઠેકાણેથી દિવાકરના ચોપદાર કુકુડાઓએ નેકી પોકારી. ચકલીઓ માળામાંથી નિકળી ચીંચીં કરવા લાગી. કાગડાઓ કાકા બોલવા લાગ્યા. પાંજરામાંના પોપટ, મેના ઇત્યાદિ પક્ષીઓએ મીઠા બોલથી પોતાના ધણીને જગાડયા; અને વાડીઓ તથા ઝાડીઓ સુંદર નાદવાળા પક્ષીઓના શબ્દથી આનંદકારક થઇ રહી. દેવસ્થાનોમાં દેવને જગાડવાને નોબત તથા શંખ વાગ્યા. શહેરમાં ગરીબ લોકોનાં ઘરમાં ઘંટીનો ઘોર તથા તેની સાથે દળનાર બાયડીઓનો શોર થઇ રહ્યો. કેટલાએક સવારે સુતા સુતા પ્રભાતિયાં તથા બીજાં ભજન ગાતા હતા, છીપા, સોની, લુહાર, કંસારા વગેરે ઉદ્યમી લોકોએ તે વખતે હથોડા ઠોકી શહેરના તે ભાગને ગજાવી મુકયો. કોઇ કોઇ ઘરમાં એક અથવા વધારે બાયડીઓ બેસીને કોઇ ઘરમાંના લાંબી મુદત ઉપર મુએલા માણસને વાસ્તે જાણી જોઇને રડતી હતી, અથવા અમથો રાગડો કાઢતી હતી; કેમકે તેઓની આંખ તેઓના મ્હોંને જવાબ દેતી નહતી કોઇ કોઇ ઘરમાં દહીં વલોવવાનો શબ્દ સંભળાતો હતો. રાજાના મહેલમાં ચોઘડિયાં વગેરે બીજાં વાજીંત્રો વાગી રહ્યાં હતાં. બ્રાહ્મણો ઓટલે બેસી પાનાં હાથમાં રાખી ધુણતા ધુણતા આગલા દહાડાનું શિખેલું ફરીથી વાંચી જતા હતા. વાણિયાના છોકરા પોતાના અક્ષર ઠેરવવાને વાસ્તે દોપીરતાં લખવા બેઠા હતા. ગાય, ભેંસ ઇત્યાદિ પશુઓના ગળાનાં બંધ છુટી આનંદથી ગોવાળિયાની પાછળ ચરવા જતી હતી. કુળવંતી સારા સ્વભાવની બાયડીઓ ઉઠી પોતાનાં ઘર વાળી ઝાડી પોતાનાં છોકરાં તથા ધણીને સુખ આપવાનાં સાધન કરવામાં પડેલી હતી; તેમ દુષ્ટ શંખણી બાયડીઓ બડબડતી ફડફડતી, છોકરાને ગાળ દેતી, તથા માર પછાડ કરતી,

અને ધણીને ધમકાવતી આણીગમ તેણીગમ ઘરમાં ફરતી હતી. આળસુ, એદી, અફીણી, અને એવા સુસ્ત લોકો બગાસાં ખાતા ઢોલિયા ઉપર ગબડતા હતા. પણ ઉદ્યમી, ચાલાક લોકો ઉઠી દાતણ પાણી કરી પોતપોતાને ધંધે વળગતા; અને દુકાનદારો તો થોડો નાસ્તો કરી લુગડાં પહેરી હાથમાં મોટી કુંચી લઇ દુકાને જતા. કેટલાએક દુકાન ઉઘાડતા હતા, અને કેટલાએક તો દુકાન ઊઘાડી વાળી, ઝાડી, ધોઇ તેની પૂજા કરી, માલ ગોઠવી દુકાન આગળનો રસ્તો સાફ કરતા હતા. કેટલાએક લોકો પાવડી પહેરી અંગ વસ્ત્ર ઓઢી હાથમાં લોટા લઇ શેહેર બહાર જતા હતા. શેહેરની સ્ત્રીઓ પાણી ભરીને માથા ઉપર બેહેડાં ચઢાવી ઘણી રમણિક ચાલથી પોતાના ધણી, સાસુ, નણંદ વગેરેની વાતો કરતી અને વખતે કોઇ એકલો પુરૂષ જતો હોય તેની મશ્કરી કરતી ચાલી આવતી હતી. સહસ્રલિંગ તળાવ ઉપર બ્રાહ્મણો વગર નાહ્યા બેસી બીજાઓને નહાવાના પુણ્યનો બોધ કરતા, અને તેઓનાં લુગડાં સાચવવાને સારૂ પૈસા લેતા હતા. તળાવમાં આરથાથી ઘણા લોકો નાહી ધોઇને સ્વચ્છ લુગડાં પેહેરી ચાંદલા કરાવી દેવદર્શન જતા હતા. ઘૂડ તથા વન વાગળાં કાગડા વગેરે બીજાં પક્ષીના ધાકથી ઝાડોમાં સંતાઇ જવાને ઉડી જતાં હતાં. ચકોર પક્ષી તેના સ્વામી ચંદ્રના અસ્ત પામવાથી કોઇ ગુપ્ત જગાએ ભરાઇ બેઠું હતું. ચોર લોકો પોતાની આશા સફળ કરી અથવા તે નિષ્ફળ થવાથી નિશાસો મુકતા ઉતાવળથી પોતપોતાને ઘેર જતા હતા. મુસાફરો ચાલતાં, ઘોડે અથવા ગાડામાં બેસીને ખુશીથી અથવા ચિંતાતુર જતા હતા. રસ્તામાં ઘાંચી બળદ લાદીને આનંદથી ગાતા ગાતા ઘાટ ઉપર જતા હતા. કેટલાએક ધનુર્વિદ્યા શિખવાને અથવા તેમાં અભ્યાસ વધારવાને નિશાન મારતા હતા. રજપુત લોકો શહેર બહાર અથવા ખુલ્લા મેદાનમાં પોતાના ઘોડાને ફેરવવાને લઇ જતા હતા.

"કરણઘેલો"

૧

મેઘધનુષ

મેઘધનુષ કેવું રંગિયામણું દેખાય છે? જ્યારે આકાશના એક છેડાથી બીજા છેડા સુધી મેઘધનુષ તાણીને નાના પ્રકારના રંગ ઝળકાતી રહે છે ત્યારે જે શોભા થાય છે તેનું શું પુછવું! મેઘધનુષના જેવો જગતમાં એક પણ બીજો રમણિક દેખાવ નથી. એ જોતાંજ માણસનો આત્મા પ્રસન્ન થઇ જાય છે અને સઘળાની દ્રષ્ટિ એ સૃષ્ટિની લલિત લીલા ઉપર જડીત થઇ જાય છે. એને કોઇ ઇંદ્રધનુષ પણ કહે છે, પરન્તુ જો એને ઇંદ્રધનુષ કલ્પીએ, તો તેનું વજ્ર અને આ બન્નેને વાપરવાના એ સ્વર્ગરાજે છેક જુદાજ સમય રાખ્યા હશે એમ પણ ધારવું જોઇએ. વજ્ર જેમ મેઘદેવનું સામર્થ્ય બતાવે છે; તેમજ આ તેનું પરમ લાલિત્ય સુચવે છે. જો દુષ્ટ દૈત્યોનો સંહાર કરતી વખતે ઇંદ્ર વજ્ર સજીને જતો હશે, તો અમે ધારીએ છીએ કે કલ્પવૃક્ષોની કુંજમાં અપ્સરાઓના સાથમાં રાસરમણ વેળાએ આ ધનુષ ધારણ કરતો હશે. બીજા શબ્દોમાં બોલીએ તો વજ્ર એ મેઘરાજાના ભયાનક રૂપનું ચિહ્ન છે અને ઇંદ્રધનુષ એ તેની વિશ્વપાળક દયાને સૂચવે છે!

વરસાદના વખતમાં જ મેઘધનુષ દેખાય છે. પણ તે સમયે એક દિશામાં સૂર્ય ખુબ પ્રકાશતો જોઇએ, અને સામી દિશામાં વરસાદ આવતો જોઇએ. એવે પ્રસંગ જો સુર્ય તરફ પીઠ કરીને ઉભા રહીએ તો ઘણું કરીને સામાં વાદળાંઓ પર એક મોટું તોરણ વિચિત્ર રંગથી ચળકતું દેખાશે. એ રંગ નાના પ્રકારના છે, તથાપિ તેમાં સામ્ય એવું રહેલું છે, અને તે એકબીજામાં એવી રીતે મળી ભળી ગએલા છે કે એક રંગનો પટો ક્યાં પૂરો થયો, અને બીજો ક્યાંથી શરૂ થયો એ ઓળખવું અશક્ય થઇ પડશે. જો વધારે વરસાદ હશે, તો તે સમે આ કમાનની બહાર એક બીજી કમાન પણ દેખાશે.

પરંતુ તેના રંગ એટલા પ્રકાશિત નહિ માલમ પડે. એ બન્ને તોરણોમાં રંગ આજ અનુક્રમે હમેશાં દેખાય છેઃ—લાલ, નારંગીઓ, પીળો, લીલો, વાદળી, ભાગો જાંબુઓ અને જાંબુઓ. પણ તેની ગોઠવણમાં ફેર છે. પહેલા ધનુષમાં નીચલી કોર જાંબુઆ રંગની અને ઉપલી લાલ રંગની હોય છે પણ બહારના ધનુષમાં ઉપલી કોર જાંબુઆ રંગની અને નીચલી કોર લાલ રંગની દેખાય છે.

આ ક્ષણિક ચમત્કારનું કારણ એ છે કે સૂર્યના કિરણમાં ઘણા રંગ રહેલા છે. ઘણા સાધારણ લોક એમ સમજે છે કે ધોળામાં રંગજ નથી, પણ એથી ઉલટું ધોળો તો બધા રંગનો બનેલો છે; કાળો એ રંગ જ નથી, એ તો રંગનો કેવળ અભાવ બતાવે છે. ધોળામાં ઘણા રંગ રહેલા છે. એનો જો કોઇને પ્રયોગ કરીને અનુભવ લેવો હોય તો તે બહુ સહેલી વાત છે. ઝુમ્મરનાં લોલકો થાય છે તે અથવા ત્રિકોણાકાર પાસા પડેલા કોઇપણ બિલોરી કાચને લઇને તેમાંથી જોશો, તો તુર્ત માલમ પડશે કે એક ધોળા કિરણમાં તો સાત રંગ રહેલા છે. જો એથી બારીક પ્રયોગ કરી જોવા હોય તો એક ઓરડામાં બિલકુલ અંધારૂં કરવું અને બારીમાં એક બહુજ નાનું કાણું પાડીને તેમાંથી સૂર્યના કિરણને આવવા દેવું, એમ કર્યાથી જમીન ઉપર ઓરડામાં અજવાળાનું ટપકું દેખાશે. હવે પછી પેલા બારીના છિદ્રમાં એક ત્રિકોણાકાર કાચનો કકડો ઘાલીને જોશો, તો ભોંય ઉપર કાંઇ અજવાળું દેખાવાને બદલે સામી ભીંત ઉપર સુંદર રંગનો પટો પડી રહેશે, અને તે બધી રીતે એક નાના મેઘધનુષના જેવોજ દેખાશે. આ શોધ પ્રથમ સર આઇસાક ન્યૂટને કરી અને ત્યારથી માલમ પડયું છે કે સૂર્યના કિરણમાં સાત રંગ છે અને તે દરેક જુદી જુદી રીતે વક્રીભવન થાય છે; પાછળથી મૂળ રંગ ત્રણજ છે અને બીજા રંગ તો એ ત્રણની મેળવણી ઉપરથી પેદા થાય છે એવો મત ચાલે છે, તોપણ તેથી કાંઇ મેઘધનુષનાં કારણ સમજાવવામાં ફેર પડતો નથી.

ધનુષ્યની રચનામાં વરસાદનાં ટીપાં કિરણને વક્રીભવન પમાડવાનું તથા પ્રથક્કરણ કરવાનું કામ કરે છે. એક ઘટત્વના પ્રવાહીમાંથી જુદા ઘટત્વના પ્રવાહીમાં જ્યારે કિરણ જાય છે ત્યારે તે વક્રીભવન પામે છે એટલે વાંકું વળે છે. પાણીમાં લાકડી બોળીએ છીએ તો સીધી છતાં પણ તે વાંકી દેખાય છે તેનું કારણ પણ એજ છે. હવા કરતા પાણીનું ઘટત્ર વધારે છે અને તેથી પાણીમાંની લાકડી ઉપર થઇને જે કિરણો હવામાં આવે છે તે વક્રીભવન પામે છે અને તેથી આપણી આંખને પાણીમાં રહેલો લાકડીનો ભાગ વાંકો દેખાય છે. સૂર્ય ઉગ્યા અને આથમ્યા પહેલાં જે અજવાળું દેખાય છે તે પણ અજવાળાના વક્રીભવન થવાના ગુણને લીધે જ. સૃષ્ટિમાં ઘણા ઘણા ચમત્કાર વક્રીભવનથી થાય છે પણ તે બધાનો અત્રે વિસ્તાર થઇ શકતો નથી. વક્રીભવન થાય છે ત્યારે તે પદાર્થ મોટો દેખાય છે, અને એ ગુણના ઉપર દૂરદર્શક તથા સૂક્ષ્મદર્શક યંત્રોની ઘટના આધાર રાખે છે. તેમજ વક્રીભવન થવાથી કિરણનું પ્રથક્કરણ થાય છે એટલે તે જે જે રંગનો બનેલો છે તે સઘળા રંગ છૂટા પડે છે. અને તેથી આપણે મેઘધનુષમાં સાત રંગ ઉપર કહ્યું તે પ્રમાણે જોઇએ છીએ.

પહેલા ધનુષમાં સૂર્યનાં કિરણ બેવાર વક્રીભવન અને એકવાર પરાવર્તન પામે છે, પણ બીજા ધનુષમાં એકવાર વધારે વક્રીભવન પામે છે તેથી તેમાંના રંગનો અનુક્રમ ઉલટાઇ જાય છે. બેજ ધનુષ એક સમયે થાય એમ નથી. ત્રણ પણ થાય, પરંતુ ત્રીજીવાર પરાવર્તન પામવાથી તેના રંગ ઝાંખા થઇ જાય છે કે તે ભાગ્યેજ દેખાઇ શકે છે.

બધા માણસો એક વખતે મેઘધનુષ જોય છે. પણ તે બધા એકજ ધનુષ જોય છે એમ ન જાણવું. એ વાંચી કેટલાકને આશ્ચર્ય લાગશે, પણ એ ખરીજ વાત છે. બધા જોનારા જુદાં જુદાં ધનુષ જોય છે, જે વરસાદનાં ટીપાં વડે પ્રથક્કરણ થઇને એકની આંખે મેઘધનુષ દેખાય છે તેજ ટીપાં વડે બીજાને મેઘધનુષ દેખાતું નથી.

તે જે મેઘધનુષ દેખે છે, તે તો બીજાંજ ટીપાંથી ઉત્પન્ન થયેલું હોય છે. એ બધા જોનારની આંખ કાંઇ એક સ્થળે નથી કે એકજ ટીપાંમાંથી આવેલું કિરણ સઘળાની આંખમાં પ્રવેશ કરી શકે, અને જો જુદાં જુદાં ટીપાંમાંથી પ્રથક્કરણ થએલા જુદા જુદા કિરણને લીધે એ બધાં મેઘધનુષ જોય છે, તો એ મેઘધનુષ જુદાં જુદાં જ હોવાં જોઇએ. ઘણું કરીને એ સમે બધાં ટીપાંનું ઘટ્ટત્વ સરખું જ હોય છે. તેથી એ મેઘધનુષ જુદાં તથાપિ સરખાંજ હોય છે. પરંતુ કોઇ વખત એમ પણ બને કે તે સરખાં ન પણ હોય.

જોનાર ઉંચી જમીન ઉપર ઉભો ન રહ્યો હોય, તો મેઘધનુષ ક્યારે પણ અર્ધગોળ કરતાં મોટું દેખાય નહિ. જો વાદળાં થોડાં હોય તો અર્ધગોળ કરતાં ઓછું દેખાય ખરૂં. જ્યારે વાદળાંમાંથી આકાશ ઘણું છવાઇ ગયું હોય છે ત્યારેજ સંપૂર્ણ ધનુષનાં દર્શન થાય છે. કોઇ સમયે વાદળાં વગરના ભૂરા આકાશમાં પણ ધનુષ ખેંચાય છે અને કોઇ વખત જમીન ઉપર થયેલું દેખાય છે. વાદળાં વગર પણ થાય છે તેનું કારણ એ છે કે હવામાં તે સમે ન દેખાય એવી પાતળી વરાળનો જથ્થો હોય છે અને તેમાંથી પણ કિરણ વક્રીભવન થાય છે. જમીન ઉપરના ઘાસ તથા વનસ્પતિ ઉપર વરસાદનાં ટીપાંઓ બહુજ વળગી રહ્યાં હોય છે, ત્યારે પૃથ્વી ઉપર પણ મેઘધનુષ થવાનો યોગ આવે છે. ધોધવા અથવા ફુવારાના ફીણમાં પણ મેઘધનુષના જેવીજ રમુજ કોઇ વખત થઇ રહે છે. ઝાકળથી પણ એવું જ પરિણામ થઇ શકે છે. ઉત્તર મહાસાગરમાં હમેશાં બહુજ ઝાકળ પથરાએલી રહે છે તેથી ત્યાં આવાં ધનુષો પાણી ઉપર ઘણીવાર જોવામાં આવે છે.

પહાડી અને તોફાની મુલકોમાં મેઘધનુષ ઘણાં અને સરસ દેખાય છે. ચંદ્રના કિરણથી પણ કોઇ કોઇ વખત એમ થઇ શકે છે, પરંતુ તેના રંગ તો બહુજ ઝાંખા હોય છે.

'નવલગ્રંથાવલિ', ભાગ ૬ થો **નવલરામ**

૧૦

एक अजायब जेवुं झाड

ઈશ્વરની કળા અકળ છે. એની લીલા અપાર છે. જોયું તેજ ખરૂં અને તે સિવાય બીજું હોયજ નહિ એમ કહેવું એ માણસની પરમ મુર્ખાઇ છે. ઇશ્વરની લીલાનો પાર કદી પમાતો નથી. ઇશ્વરની અપાર શક્તિને કદી પણ આપણા અલ્પ અનુભવની સાથે એકરૂપ ગણવી નહિ. પાણીના પરપોટા જેવા ક્ષણિક અને જંતુઓના જેવા પામર માટીના માનવીને ઘટે છે કે કદી પણ તે ઇશ્વર સંબંધી વાતોમાં અભિમાનથી અશક્ય એ શબ્દ ન બોલે, પણ નમ્રતાથી તથા દીન ભાવે એ અનહદ શક્તિની લીલાઓ ખોળી ખોળીને નીરખે, તથા પોતાના સામર્થ્ય પ્રમાણે તેનું મનન કરી સચ્ચિદાનંદના તેજોમય સ્વરૂપનું દર્શન પામે.

હાલ વર્તમાનપત્રમાં એક હકીકત વાંચ્યાથી આ પ્રમાણે અમારો ભક્તિભાવ ઉભરાઇ આવ્યો છે અને અમારે કહેવાની મતલબ એજ છે કે કુદરતનાં કામોની કદી પણ હદ બાંધવી નહીં; હમણા માદાગાસ્કરના ટાપુમાં એક બહુજ અજાયબ જેવું ઝાડ માલમ પડયું છે, અને તેના ગુણો એવા તો વિલક્ષણ છે કે તેનું વર્ણન સારા આધાર ઉપરથી આપવામાં આવ્યું છે તોપણ તે માનતાં આપણું મન આંચકો ખાય છે. આપણે વસ્તુઓના તથા વનસ્પતિઓના ઘણા ગુણ જાણીએ છીએ, ઘણા અજાએબ ગુણો વિદ્યાઓ ખુલ્લા કરે છે, અને માણસની તરંગશક્તિએ એથી પણ ઘણા અજાએબ ગુણોનું તેમાં આરોપણ કીધું છે; તો પણ માણસને કચડી નાંખીને તેનું ભક્ષણ કરી જાય એવાં ઝાડ વિષે સ્વપ્નામાં પણ સાંભળ્યું નથી. પણ એવુંજ આ ઝાડ કહેવાય છે, અને એ ભયાનક કામ કરતી વખતેજ જોનારા એક શખસે તેની હકીકત પ્રગટ કરી છે.

એ હકીકત પ્રથમ દાક્તરની અનુકૂળ ટીકા સાથે એક ચોપાનીઆમાં છપાઇ હતી, અને તેમાંથી ન્યુયાર્કના 'વર્લ્ડ' નામના વર્તમાનપત્રે ઉતારો કરી તે વાત વધારે પ્રસિદ્ધ કરી. એનો ઉતારો હાલ મુંબઇના 'ટાઇમ્સ' નામના માનવંતા અને આબરૂદાર પત્રે તા. ૧૮ મી સપટેંબરના અંકમાં કર્યો છે, અને તેમાંથી થોડી હકીકત અમે અહિંયા અમારા વાંચનારાના આશ્ચર્યને સારૂ દાખલ કરીએ છીએ. એ બધું મૂળ જોનારનાજ શબ્દમાં છે.

" (અહિયાંના વતની) મ્કોડા લોકો ઘણા જ જંગલી બિલકુલ નાગા ફરનારા માણસો છે, અને આ ઝાડને જે ભયંકર માન આપે છે તે વિના કાંઇ પણ ધર્મમાં સમજતા નથી. ત્યાંના પર્વતોની અને ખડકની ટેકરીઓમાં ખોદી કહાડેલી ગુફાઓમાં તેઓ રહે છે, અને ઘણાજ ડીંગણા લોકો છે. તેઓ ૫૬ ઇંચ કરતાં કવચિતજ ઉંચા માલમ પડે છે. * * * જંગલમાં ફરતાં ફરતાં એક મોટું સરોવર આવ્યું. તેમાંથી એક નાળું નીકળતું હતું. તે બળાત્કારે એક બહુજ ઘાડા જંગલમાં જતું હતું. એ ભયાનક વનમાં જવાનો એક રસ્તો હતો. અમે એ રસ્તે ચાલ્યા અને અમારી પછાડી એ લોકોનું ટોળું ચાલ્યું; તેમાં સ્ત્રી પુરૂષો અને છોકરાં સર્વે હતાં, ચાલતાં ચાલતાં તેઓ એકાએક બૂમ પાડી ઉઠયા કે "ટેપી ટેપી" અને અમે જોયું તો એ ધીમું નહેરના જેવું નાળું વાંકું વળેલું હતું, અને એના માર્ગમાં ખાલી રહેલી જગાએ એક વિલક્ષણ ઝાડ ઉગ્યું હતું; જો તમે આઠ ફૂટ ઉંચું અને તે પ્રમાણેજ જાડું એક અનાનસનું ઝાડ પાયા ઉપર ઉભેલું અને બધાં પાતરાં જતાં રહેલાં એવું ધારશો તો તે તમને આ ઝાડના થડનો કાંઇક વિચાર આપશે. પણ તેનો રંગ તેવો નહોતો, પણ શામળો ધૂળના જેવો ભૂરો હતો અને તે લોઢાના જેવું કઠણ દેખાતું હતું.

એક શંકુનું શિખર ઉપરથી કેટલુંએક કાપી નાંખ્યું હોય તેવો

એ થડનો આકાર છે. એ મથાળાનો વ્યાસ ૨ ફુટ છે અને ત્યાંથી મોટાં આઠ પાતરાં સીધાં જમીન ઉપર લટકે છે તે જાણે બારણાં ઉઘાડાં મૂક્યાં હોય તેવાં દેખાય છે. એ પાતરાંઓ શિખર સાથે સરખે અંતરે જોડાયેલાં છે. તે અગીઆર બાર ફુટ લાંબાં હશે; એનું દળ ઘણું જાડા ભાગમાં બે ફુટ સુધી થાય છે, અને પહોળાઇ ત્રણ ફુટની છે. તેની અણી ગાયના શિંગડાના જેવી છે. એ પાતરાંની બહારની એટલે હમણાં નીચલી બાજુ બહુ બાહ્યગોળ અને માંહેની એટલે હમણાં ઉપલી બાજુ જરા અંતર્ગોળ છે; આ અંતર્ગોળ સપાટીની ઉપર ઘણા મજબૂત કાંટા જેવા આંકડા હતા. એનો રંગ ઘેરો લીલો હતો, અને તે કેવળ ગતિ વિનાના હતા, તોપણ તેનું કૌવત ઓકના રેસા જેટલું જણાતું હતું. એ થડનું મથાળું ગોળ સફેદ રંગનું, અને રકાબીમાં રકાબી ગોઠવી હોય તેવું અંતર્ગોળ દેખાતું હતું. એ ફુલ નહોતું પણ એક ખરેખરૂં વાસણજ હતું. તેમાં એ ઝાડમાંથી સ્વચ્છ ગોળ જેવો મીઠો, અને ઘણોજ કેફી તથા બેભાન કરનારો રસ આવીને એકઠો થતો હતો: એમાંની નીચલી રકાબીની કોરણ નીચેથી લાંબા વાળ જેવા આંતરડા સરખા લીલા રેસાઓ દરેક દિશામાં દૃષ્ટિમર્યાદા તરફ ફેલાયા હતા. તેઓ સાત આઠ ફુટ લાંબા હતા, અને જાડાઇમાં ચારથી અરધા ઈંચ સુધીનો વ્યાસ ઉતરતો ઉતરતો થતો હતો. છતાં લોઢાના ગજીઆની પેઠે તે સીધા ને સીધા ફેલાઇ રહ્યા હતા; જાણે લાંબા હાથજ કર્યાં હોય તો, અને હાથ પણ એટલા સીધા તો ન રહે. એની ઉપર ઉપલા અને નીચલા પ્યાલાની વચ્ચે છ ધોળા, ઘણું કરીને પારદર્શક (વાંદાની મૂંછ જેવા) તાંતણા તે નિરંતર અમળાયા કરતા હતા, અને ચક્કરચક્કર અજાએબ જેવી ઝડપથી ફર્યા કરતા હતા, તોપણ વારેવારે તેનું માથું આકાશ તરફજ આવીને રહેતું હતું. એ તાંતણા બરૂ જેવા પાતળા, અને કવીલના જેવા નબળા દેખાતા હતા, તોપણ તે છ ફુટ લાંબા હતા, અને તેઓ એવી ઝપટથી ફરતા હતા અને તેથી હવામાં એવો સુસવાટો થતો હતો કે હું તો

તે જોઇને થરથર ધ્રૂજ્યો અને લાગ્યું કે ચામડી ઉતારી નાખેલા સાપ પોતાની પૂછડી ઉપર નાચે છે કે શું? આ બધું વર્ણન મેં પાછળથી તપાસ કરીને સંપૂર્ણ કર્યું છે. તે સમયે તો પેલા લોકો એ સેતાની ઝાડની સ્તુતિનાં ગીત ગાવા મંડી ગયા હતા, તેનો શોરબકોર થઇ રહ્યો હતો. કેટલીએક વાર એમ કર્યા પછી તેઓ એથી પણ વધારે ચીસો પાડતા અને ગીતો ગાતા એક બૈરીની આસપાસ જઇને ઉભા, અને કટારીઓ ઉગામીને તે બિચારીને એ સેતાનનું બળિદાન થવાની જરૂર પાડી. નાચારીએ તે ઉઠીને ધીમે ધીમે થડ ઉપર ચઢી, અને મથાળા ઉપર જઇને ઉભી. પેલા તાંતણા અથવા ચમરી એની આસપાસ ચક્કર ચક્કર ફરીજ રહી છે એટલે પેલા જંગલીઓએ "પી! પી!" એમ બૂમ પાડી, અને તેણીએ નીચાં વળી પેલા પ્યાલામાંનો માદક રસ પીધો, અને પીને પાછી ઉભી થાય છે એટલામાં એની આંખમાં વિકરાળ નીશો આવી ગયો અને એનું અંગ ખેંચાવા લાગ્યું. તુરતજ એ ભૂસકો મારીને ઉતરી પડવા જતી હતી, પણ એટલામાં તો પેલું ખુની માણસ ખાનારૂં ઝાડ જે અત્યાર સુધી મુડદાં જેવું સ્તબ્ધ દેખાતું હતું, તેનામાં એકાએક ભયંકર જીવ આવ્યો. પેલા નાજુક તાંતણાઓ એક ક્ષણ તેના માથાની પ્રદક્ષિણા કરીને એકદમ ભૂખ્યા સાપની પેઠે તેની ડોક અને છાતીએ એવા જુસ્સાથી વીટળાઇ ગયા કે પેલીએ બૂમાબૂમ પાડી મૂકી. એટલામાં તો પેલા લાંબા રેસાઓ ખરેખરા સેતાનનાજ જુસ્સાથી ઉભા થયા. અને અજગરની પેઠે તેની આસપાસ ચુડ ઉપર ચુડ ભેરવીને એવી રીતે દાબી મારવા લાગ્યા કે એનું બોલવું બંધ થયું, અને ફક્ત ઉંઉંજ સંભળાવા લાગ્યું. હવે પેલાં મોટાં રાક્ષસી પાંદડાઓ ધીમે ધીમે હવામાં ઉભાં થયાં, એકબીજાની પાસે આવ્યાં અને એક મોટા દાબવાના સંચાની પેઠે પેલા મુડદાને વચમાં લઇને તેના ચુરેચુરા કરી નાંખવા લાગ્યાં. આ મહાભારત ઉચ્ચાલનના પાયા એકબીજા તરફ જુસ્સાથી દબાણ કરી રહ્યા, અને એ વખતે તેમાંથી રસની નદીઓ

વહેવા લાગી. તેમાં પેલી મરનારનું લોહી પણ ભળેલું દેખાતું હતું. આ જોઇને પેલા જંગલી લોકો ગાંડાની પેઠે બુમ પાડતા દોડયા, એ ઝાડને ભેટયા, અને જેમ ફાવે તેમ પ્યાલામાં, ખોબામાં, હાથે, જીભે, હરેક રીતે એ પ્રસાદીનું થાય તેટલું પાન કરવા મંડી ગયા. પીને તેઓ છેક મદમસ્ત થઇ ગયા, અને એવું તો તોફાન કરવા મંડી ગયા કે લખ્યામાં ન આવે; અને એમ કરતાં કરતાં આખરે તો ખરેખરી ગાંડાઈ અને મૂર્છાની અવસ્થામાં આવવા લાગ્યા. એ વખતે મારો દોસ્તદાર મને ઘસડીને જંગલમાં લઇ ગયો, અને અમે એ જંગલી જનાવરોની સોબતમાંથી સંતાઇને ભરાઇ બેઠા. પરમેશ્વર મને આવો દેખાવ ફરીથી ન દેખડાવે! આ રાક્ષસી ઝાડની શકિત અને ઝપટ તો એક વાત ઉપરથીજ માલમ પડશે. એક નાનું ચંચળ વાંદરૂં કાંઇ ભૂલથી એ જાતના એક નાના ઝાડ ઉપર કૂદીને પડયું અને તે મારા તરફ જોય છે અને દાંતિયાં કરે છે, એટલામાં તો તે પકડાઇ ગયું, અને નાસવાનું બહુએ કર્યું પણ તે ફાવી શકયું નહિ. પાછળથી મેં મારા દોસ્તદારની મદદથી અને પેલા લોકોના મુખીઓની રજા લઇને એમાંનું એક નાનું ઝાડ કાપ્યું છે, (તે વખતે જોવા તો પેલા લોક નોહોતા જ આવ્યા.) અને તપાસથી મેં તેના ભાગેભાગ જુદા પાડયા છે, પણ એ બધી હકીકત આવતામાં મોકલીશ."

આ વર્ણન વાંચી કોને આશ્ચર્ય ન લાગે? આ તે કેવું ભયંકર ઝાડ? આવું તે ઝાડ હોય? તે છતાં એમ આપણને સારા આધારથી ઉપર કહેવામાં આવે છે, અને વનસ્પતિવિદ્યાથી પણ એ વાત માનવાનાં કેટલાંએક કારણ મળે છે. કેટલીએક વનસ્પતિ માંસાહારી હોય છે એ તો સાબીત થઈ ચૂકયું છે. એ શોધ પણ ઘણી જૂની નથી, તથાપિ જાણીતી છે. મી. ડારવીન નામના વિદ્વાને એવાં કેટલાએક ઝાડની તપાસ કરાવી છે. એવાં ઝાડનાં પાંદડાં ઉપર માંસ મૂકયું હોય તો તે પાંદડું બીડાઇ જાય છે, અને ત્યાં માણસના જઠરની

પેઠે પાચનક્રિયા ચાલે છે, અને તે થઇ રહ્યા પછી તે પાંદડું ખુલ્લું થાય છે. એ ક્રિયા જઠર માંહેની ક્રિયાના જેવીજ બધી રીતે છે.

આપણા દેશમાં આવાં ઝાડને કાંઇક મળતું લાજાળુનું ઝાડ છે ખરૂં, પણ તે માંસભક્ષી છે એમ તો કોઇના જાણવામાં નથી. તે જતાં એ વિષે કોઇએ કાંઇ તપાસ કરી જોઇએ. લાજાળુ કોઇના પણ સ્પર્શથી સંકોચાઇ જાય છે અને એજ ગુણને આપણે હજારોગણો વધેલો ધારીએ તો આપણા ઉપલા વર્ણનનું સંભવિતપણું કાંઇક સમજાશે.

'નવલગ્રંથાવલિ', ભાગ ૪ થો નવલરામ

૧૧

માનસ સરોવર દર્શન

અમે બપોરે સાડાચાર વાગે ડુંગર ઉપરથી માનસરોવર જોયું. માનસરોવર દૃષ્ટિએ પડયું કે તરતજ અમે સર્વજણે તે પુણ્ય અને પવિત્ર સ્થળને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. સર્વને અત્યંત આનંદ થયો, પ્રત્યેક જણ પોતપોતાના મનમાં ઇશ્વરનું પ્રેમપુર્વક અને મનઃપૂર્વક સ્તવન કરીને યથાશકિત તેના ગુણાનુવાદ કરવા લાગ્યા. શુમારે પંદર વીસ મિનિટ કોઇ કોઇની સાથે બોલ્યું નહિ. કૈલાસ અને માનસ-સરોવરનાં દર્શનથી આપણે કૃતકૃત્ય થયા એ કલ્પનાથી મસ્ત થઇને સૌ સૌને સ્થળે જ આનન્દમગ્ન થતા દેખાયા. અમારાં સર્વનાં નેત્ર આનન્દાશ્રુથી ભરાઇ આવ્યાં. અમને સર્વને તે પવિત્ર સ્થળનાં દર્શનથી એટલો બધો આનંદ થયો કે તે વર્ણવી શકાય એમ નથી. અમારા સઘળા શ્રમનું અને એકંદર જીવિતનું સાર્થક થયું હોય એમ અમને લાગ્યું. મારી પૂર્ણ ખાતરી છે કે જે કોઇ મનુષ્ય–હિન્દુ કે પરધર્મી આ સ્થળનું અવલોકન કરશે તેને અવશ્ય આવો જ અનુભવ થશે, અને થાય એ સ્વાભાવિક છે.

રાકસ્તાલ અને માનસસરોવર એ બેની વચમાં પૂર્વથી પશ્ચિમમાં ગયેલી એક ડુંગરની ઓળ છે. માનસસરોવર આ ઓળના મથાળાથી અમને પ્રથમ દેખાયું. આ પહાડોને લીધે આ બે ભવ્ય સરોવરો વચ્ચે શુમારે એક માઇલનું અંતર છે.

માનસ અને રાકસ્તાલ એ બે સરોવર વચ્ચે આવેલા પહાડના શિખર ઉપર ઉભા રહી મેં એકવાર ચોમેર દૃષ્ટિ ફેરવી. પછી પશ્ચિમ તરફ મુખ કરીને ઉભો રહ્યો. સામો શ્રી કૈલાસ પર્વત, ડાબી બાજુએ રાકસ્તાલ સરોવર અને જમણી બાજુએ માનસસરોવર એ પ્રમાણે બન્ને બાજુએ મોટા મોટા જલસમૂહો અને પાછળ એક ગેરૂવામાન્ધાતા નામનો હિમાચ્છાદિત પર્વત. આ આખો પર્વત રાતા રંગનો દેખાય છે. તેનાં શિખરો માત્ર બરફથી આચ્છાદિત હોવાથી શુભ્ર દેખાય છે. આવી પરિસ્થિતિમાં ઉભાં ઉભાં મેં ફરી એકવાર ચોમેર જોયું. આહાહા ! કેવો રમણીય અને ગંભીર દેખાવ ! અર્ધો કલાક હું એમ ને એમ ઉભો રહ્યો. કૈલાસ, માનસસરોવર અને રાવણહ્રદ સરોવર આ ત્રણ સ્થળોનાં દર્શનથી ખરેખર મારાં નેત્રોનું સાર્થક થયું. મારા પ્રવાસમાં જે જે પ્રસંગે આવા અવર્ણનીય દેખાવો હું જોતો તે તે સમયે મારી એકાગ્રતા થતી અને હું દેહભાન વિસરતો, તે જ પ્રમાણે આ સમયે પણ થયું. શ્રી નારાયણના વિરાટ સ્વરૂપનું વર્ણન હું શું કરી શકું ?

રાકસ્તાલ કે રાક્ષસતાલ અથવા રાવણહ્રદ સરોવરનો ફાટ જમીન ઉપર ઘણો દૂર ગયેલ છે. રાકસ્તાલનો પરીઘ લગભગ ત્રીસથી પાંત્રીસ માઇલનો હશે. ચોમેર ડુંગરો આવેલા છે. કાંઠા ઉપર એક પણ વૃક્ષ નથી. તે સરોવરની આસપાસ જ્યારે ઝાડી હતી ત્યારે તેની શોભા અવર્ણનીય હતી. તે સરોવરનું પાણી થોડુંક ભાંભરૂં-જરા ખારાશ પડતું હોવાથી અસ્વચ્છ દેખાય છે. પાણી ઠંડું હોવાથી પાચનશક્તિ વધારે છે. આ તળાવ વચ્ચે એક નાનીશી ટેકરી છે. તે પર

એક ગુફા છે, તેમાં એક બે લામા (બૌદ્ધભિક્ષુ) તપ કરવા બેઠા છે એમ કહેવાય છે. તે લામા ગુફા બહાર કદી આવતા નથી એમ કહે છે.

શિયાળામાં જ્યારે પાણીની સપાટી ઉપર બરફ જામી જાય છે, ત્યારે તેમને બકરા ઉપર ચા અને સત્તુ (જવનો લોટ) પહોંચાડવામાં આવે છે. એક વર્ષ ચાલે એટલું ભંડોળ રાખી મુકવામાં આવે છે. પવનથી પાણીની સપાટી ઉપર જ્યારે નાનાં મોજાં આવે છે ત્યારે ગમ્મત થાય છે. માછલાં વગેરે જળચરો આ સરોવરમાં છે. પરન્તુ મારા જોવામાં કશું આવ્યું નહિ. ચોમેર એક પણ વૃક્ષ ન હોવાથી જ્યાં ત્યાં વેરાન દેખાતું હતું અને તેથી મૃગજળનો દેખાવ નજરે પડતો હતો. નજીકની ટેકરી ઉપર ઉભા રહીને આ સરોવર તરફ જોઇએ તો તે ગંભીર દેખાય છે અને ચિત્તને એક પ્રકારની શાન્તિ મળે છે. અહીં સતલજ નદીનું મૂળ છે.

પછી મેં દૂરબીનમાંથી માનસસરોવર તરફ જોયું. તે વખતે હંસ પક્ષનું એક જોડું જલક્રીડા કરતું મારી નજરે પડયું. માનસસરોવરનું વર્ણન હું શું કરી શકવાનો હતો ? આ અત્યન્ત પવિત્ર અને અતિશય રમણીય સ્થળ છે. માનસસરોવર કેવળ વર્તુળાકારે હોવાથી ચોમેર પર્વત આવેલા છે. રાવણહ્રદ સરોવરની પેઠે માનસસરોવરને કાંઠે પણ વૃક્ષ વગેરે કંઇ ન મળે. આ સરોવરના કાંઠા ઉપર જો ચોમેર લીલી ઝાડી હોત તો આ સ્થળ જેટલું છે તેથી પણ વધારે સુન્દર દેખાત. આ સરોવરનું પાણી મધુર, ઠંડું, અતિશય પાચક અને એકદમ સ્વચ્છ છે. આ સરોવરની ચારે દિશાએ બૌદ્ધ લોકોના ચાર નાના મઠ છે. તેમાં એક એક લામા રહે છે. મઠમાં લામાના થોડાક શિષ્યો પણ રહે છે. પ્રત્યેક મઠમાં બૌદ્ધની મૂર્તિ છે. મારી એવી કલ્પના હતી કે માનસસરોવરની આસપાસ કોઇ સ્થળે એકાદ રમ્ય શિવાલય હશે, પરન્તુ તપાસ કરતાં એવું માલમ પડયું કે ખોચરનાથ સિવાય હિન્દુદેવતાની બીજી મુર્તિ આખા પશ્ચિમ તિબેટમાં

હાલમાં ક્યાંય પણ નથી. માનસસરોવર શાન્ત, ગંભીર અને સુન્દર દેખાય છે. સરોવર ઉપરના જળતરંગનું અવલોકન કરતાં અંતઃકરણ પ્રસન્ન થાય છે અને મનમાં સાત્ત્વિક, પવિત્ર અને આનન્દદાયક વિચાર ઉત્પન્ન થાય છે. આ સ્થળે હંસપક્ષી જોવાની બહુ મજા પડે છે. આ પવિત્ર, સુન્દર અને ભાગ્યવાન પક્ષીને ટોળાંબંધ સરોવરના મધુર ઠંડા સ્વચ્છ જળમાં અહીંતહીં ક્રીડા કરતાં જોવાં એ દૃષ્ટિનું એક સાર્થક છે.

આ હંસ પક્ષીને લીધે માનસસરોવરમાં વિશેષ મોહકતા આવેલી છે. હંસ પક્ષી સિવાય બીજું કોઇ પણ જાતનું પક્ષી, હું જેટલા દિવસ માનસસરોવર પર રહ્યો તેટલા દિવસમાં કોઇ પણ વખત મારી દૃષ્ટિએ પડયું નહોતું. હંસ પક્ષીનાં ટોળાં દિવસભર માનસસરોવરમાં ક્રીડા કરતાં આનન્દ અને સ્વચ્છન્દે કાળક્રમણ કરે છે, અને રાત્રે ડુંગરો ઉપર તેમના માળામાં વિશ્રાન્તિ માટે જાય છે. સરોવરમાંનાં માછલાં અને પાણીની અન્દરની વેલો વગેરે ઉપર તેમની ઉપજીવિકા છે. હંસ દેખાવમાં સુન્દર છે. તે જ્યારે પાણીમાં મોઢું ઉચું કરીને મોટા ડોળથી જુવે છે, ત્યારે ઘણુંજ સુન્દર અને દમામવાળું દેખાય છે. હંસોને સરોવરના કાંઠા પર આવતાં મેં કદી પણ જોયાં નહિ. હંસ બતક કરતાં થોડો ઉંચો અને બગલાં કરતાં જરા નાનો હોવાથી તેના સર્વ અવયવ પ્રમાણમાં દેખાય છે. તે ઘણે દૂર સુધી ઉડનાર પક્ષી છે. તેનો રંગ સ્વચ્છ ધોળો હોવાથી રૂપા સરખો ચળકે છે; ચાંચ મધ્યમ અને લાલચોળ હોય છે. આંખો પણ ચણોઠી જેવી રાતી હોય છે. હંસના પગ મારી દૃષ્ટિએ પડયાજ નહોતા. હંસ દૂધ અને પાણીના મિશ્રણમાંથી દૂધજ પીયે છે એમ કહેવાય છે. તેની ખાતરી તો હું કરી શકયોજ નહિ, કારણ કે તે પક્ષી અમારી પાસે આવી શકે તેમ નહોતું. એમ કહેવાય છે કે ઠંડીના દિવસમાં આ પક્ષી માનસસરોવરની પાસે રહેતાં નથી.

માનસસરોવરના કિનારા પર પાસેની ખોમાં પુષ્કળ સસલાં રહેતાં હતાં અને પાણીને કાંઠે ભટકતાં હતાં. સસલાંનાં ટોળાંના ટોળાં જોવાની તક મને અહીં મળી. આ નાનકડાં, ચપળ, નાજુક અને નિરુપદ્રવી પ્રાણીનું ટોળું જ્યારે ત્વરાથી દડબડ કરતું દોડતું તે વખતે એમ લાગતું કે નાનાં નાનાં પંખીઓજ પવનમાં સટ સટ ઉડે છે. મેં ત્યાં મોટામાં મોટું સસલાનું ટોળું પચાસનું જોયું હતું. આ સરોવરના કાંઠાપર રેતી આછી છે. આ સુંદર અને નૈસર્ગિક સરોવરનું ક્ષેત્રફળ શુમારે પાંત્રીસ માઇલનું છે.

ટુંકામાં માનસસરોવર અત્યન્ત રમણીય સ્થાન છે, એટલુંજ નહિ પરન્તુ તે પવિત્રતાનું તો નિવાસસ્થાન છે.

"કૈલાસ માનસસરોવર દર્શન" ગીજુભાઈ

૧૨

શ્રીનગર–કાશ્મીર

ઇટલિનું વેનિસ શહેર કાંઇ મેં જોયું નથી. કઇ રીતે કહું કે કાશ્મીરમાં આવેલું શ્રીનગર એ હિંદુસ્તાનનું વેનિસ છે? શ્રીનગરમાં રસ્તાઓ પાણીના છે. જેમ બીજાં શહેરોમાં ગાડીમાં બેસી એક મોહોલ્લામાંથી બીજા મોહોલ્લામાં જવાય છે, તેમ ત્યાં હોડીમાં બેસીને જવાય છે. આપણે અહીં બે ચાર ગાડીઓ સામટી રસ્તા ઉપર જતી હોય તો કેટલો અવાજ થાય છે! જાણે મગજ પીંજાતું હોય! શ્રીનગરમાં એવું કાંઇ ન મળે. લાંબી લાંબી અને સાંકડી હોડીઓ કશો અવાજ કર્યા વગર તીરની પેઠે ચાલી જાય છે. નદીનાં પાણી પણ કેવાં ધીમાં! હોડીને ઉપરથી નીચે જતાં જેટલી વાર લાગે છે, લગભગ તેટલી જ વાર નીચેથી ઉપર જતાં થાય. નદી વહે છે સર્પાકારમાં. એની બન્ને બાજુએ લાંબી લાંબી નહેરો ખોદેલી છે. નદી અને

નહેરોને બંન્ને કાંઠે મકાનો ઉભાં છે. તેથી આ જલમય રસ્તાની સગવડ મળી છે.

શ્રીનગર એ કાશ્મીરની રાજધાની છે. હિમાલયના ઉત્તુંગ પહાડોની વચ્ચે પક્ષીના માળા જેવો ત્રીસ ચાળીસ માઇલનો સપાટ પ્રદેશ છે, તેમાં આ શહેર આવેલું છે. ઉપર કહી ગયા તેમ વિતસ્થા નદી (હાલ એને જેલમ કહે છે.) છે. બહુ સૌમ્ય અને ધીમી, પણ જ્યારે વરસાદથી અથવા પહાડ ઉપરનો બરફ ઓગળવાથી રેલ આવે ત્યારે તો શ્રીનગરનાં ઘરોમાં પણ પાણી ભરાઇ જાય છે. અનેકવાર ઘરો પડી પણ જાય છે. નદી ઉપર સાત પૂલ બાંધેલા છે. ત્યા તેને 'કદલ' કહે છે.

શ્રીનગર જવાના મુખ્ય બે રસ્તા છે. એક રાવલપીંડી થઇને અને બીજો જમ્મુ થઇને. રાવલપીંડીનો રસ્તો જેલમ નદીને કાંઠે કાંઠે જાય છે. આ રસ્તે ટાંગા અને મોટર જઇ શકે છે. જમ્મુનો રસ્તો પહાડી હોઇ પગરસ્તો છે. ઘોડા એ રસ્તે જઇ શકે. આપણા ઘોડા નહિ પણ કાશ્મીર તરફનાં ટટ્ટુઓ. રાવળપીંડીનો રસ્તો અનેક ઠેકાણે ટેકરીઓ તોડીને તૈયાર કરેલો હોવાથી ચોમાસામાં જોખમ ભરેલો થાય છે. ટેકરીઓ મોટા મોટા ગોળ ગોળ પથરાઓ અને માટીની બનેલી છે. વરસાદ પડે એટલે માટી પોચી થઇ જાય છે, અને મોટા પથરાઓ ઉપરથી ગબડતા રસ્તાપર આવીને પડે છે. ગાંફેલ મુસાફર અથવા ગાડી ઉપરથી પડતા પથરાના વરસાદ નીચે દટાઇ જવાનો ઘણો ભય રહે છે.

પણ આ બધું બારામુલા (વરાહમુલમ્) સુધીજ; ત્યારપછી એકદમ કાશ્મીરનો રમણીય પ્રદેશ શરૂ થાય છે. બારામુલાથી રસ્તો એવો તો સપાટ અને સીધો છે કે આંધળો પણ સીધો ચાલ્યો જાય. એમાં વળી બંને બાજુએ બે બે હાથને છેટે 'સફેતા' નાં સીધાં

અને ઊંચાં ઊંચાં ઝાડ! કવિઓએ નંદનવનની કલ્પના કાશ્મીર ઉપરથી જ કરી હશે. જમ્મુનો રસ્તો જહાંગીર બાદશાહે વધારે રૂઢ કર્યો હતો. આ રસ્તો પીરપુંજાલ પહાડ ઓળંગીને આપણને એકદમ પૃથ્વી ઉપરના સ્વર્ગ તરફ લઇ જાય છે. એક ઊંચા ઊંચા અને લીલાછમ વનસ્પતિથી ઢંકાએલા પહાડના પગથિયા પાસે આપણે આવી પહોંચીએ કે તરતજ એક અષ્ટકોણ તળાવ નજરે પડે છે. અંદરનું પાણી જાણે નીલમણિનો અમૃતરસ. જોતાં વેંત થાય છે કે અહીં ગળીનાં રંગેલાં કપડાં કોઇએ ધોઇ કાઢયાં હશે. પણ એટલું સ્વચ્છ, મીઠું અને ઠંડુ પાણી બીજે કયાં મળે? તળાવ જહાંગીર બાદશાહે બંધાવેલું છે. આ તળાવમાંજ જેલમ નદીનું મૂળ છે. તળાવમાંથી સુંદર બાંધેલી નહેર ચાલે છે, જેની અંદર અસંખ્ય માછલાં વિચરે છે. આ ભાગમાં માછલાં પકડવાની મનાઇ ન હોત તો કયારનીયે આ શોભા નષ્ટ થઇ ગઇ હોત. આ સ્થાનને વેરીનાગ કહે છે. આગળ જતાં ખનબલ કરીને એક સ્થાન આવે છે. ત્યાંથી જેલમ નદી હોડીઓ ચલાવવા જેટલી મોટી થાય છે. જેલમને સીધું ચાલવાનું સૂઝતું જ નથી. એક ઠેકાણે તો બે અઢી માઇલ આગળ વધતાં વાંક લઇલઇને એણે ચૌદ માઇલનો વિસ્તાર કરી નાંખ્યો છે.

શ્રીનગર પાસે બે સુન્દર ટેકરીઓ છે. એક બહુ ઊંચી છે. બીજી ઊંચી નથી, પણ ખૂબ પહોળી છે. ઊંચી ટેકરીને શંકરાચાર્યની ટેકરી કહે છે. મુસલમાનો તેને તખ્ત-ઇ-સુલેમાન કહે છે. ત્યાંથી ચારે તરફ દૂર સુધીનો દેખાવ અત્યંત ચિત્તાકર્ષક છે. એના ઉપર લગભગ ૨૨૦૦ વર્ષનું જૂનું મહાદેવનું એક મંદિર છે. પહોળી ટેકરીને હરિપર્વત કહે છે. અકબર બાદશાહે એના ઉપર કિલ્લો બાંધ્યો છે. આ ટેકરી પર માતાજીનું સ્થાનક છે. જહાંગીરની બેગમ નુરજહાં હરિપર્વત ઉપર રહેવા આવતી ત્યારે બદામના ઝાડ તળે બેસતી. નુરજહાં આવે તે પહેલાં ગરમીથી બદામનાં ફૂલ ન ખરી

પડે એટલા માટે કાશ્મીરનો સુબો ઝાડની આસપાસ બરફ પથરાવતો. નૂરજહાં આવે કે બરફ કાઢી નાંખવામાં આવતો અને પડું પડું થઇ રહેલાં ફુલોની એકદમ વૃષ્ટિ થતી. એક બેગમને એક રોજને માટે ખુશ કરવા ખાતર હજારો મજૂરોને બરફમાં કામ કરવું પડતું!

શ્રીનગરની આસપાસ શાલામાર બાગ, નિશાતબાગ વગેરે અત્યંત રમણીય બગીચાઓ છે. તેની અંદર ઊડતા ફુવારા, આસપાસનાં ઝાડો અને નાક તથા ગાલ ઉપર બટકાં ભરતો ઠંડો પવન, એ બધાંનો આનંદ એવો તો ઉન્માદકારી હોય છે કે એ સ્થાન છોડીને જવાનું મનજ થતું નથી. પણ શ્રીનગરની મુખ્ય શોભા તો ત્યાંનો ચીનારબાગ. ચીનાર એ વૃક્ષોનો રાજા છે. વડના જેવું મોટું એનું થડ હોય છે. એનો વિસ્તાર વડ અને પીંપળા કરતાં મોટો હોય છે અને પાંદડાં એરંડીનાં પાંદડાં જેવાં મોટાં અને કરકરિયાવાળાં હોય છે. પણ પાંદડાંનો રંગ એરંડીના જેવો ફીકો નહિ પણ ઘેરો લીલો હોય છે. એક ઝાડ એક તંબુ કે ધર્મશાળાનું કામ સારે.

શ્રીનગરની આસપાસનાં ખેતરોમાં ઠેકઠેકાણે ઊંટની ડોક જેવા લાંબા લાંબા વાંસ દેખાય છે. આનાવતી ત્યાંના છીછરા કુવાનું પાણી ખેતરોને પવાય છે. ગુજરાતમાં પણ કેટલેક ઠેકાણે આ રચના દેખાય છે.

શ્રીનગર જવું હોય તો અષાડ શ્રાવણમાં જવું જોઇએ. અષાડ મહિનામાં ત્યાંની વનશ્રીનો વસન્ત પૂર બહારમાં હોય છે. ગુચ્છાદાર ફૂલોની અંદર કોક કોક ઠેકાણે લીલાં લીલાં પાંદડા જોઇને ખૂબ આનંદ થાય છે અને સાથે સાથે જમીનની સમૃદ્ધિનો સહેજે ખ્યાલ આવે છે. શ્રાવણ પૂરો થયો કે સફરજન, પેર, ચીકુ, ગૌરીફળ, અખરોટ વગેરે જાતજાતનાં ફળોની ઉજાણી સૃષ્ટિમાતા આપણને આપે છે. નાસપાતીનો તો ત્યાં કોઇ ભાવ પણ પૂછતું નથી.

મુત્તાસિક ભાત અને કડમની ભાજીનો સાદો આહાર પણ ત્યાં અત્યંત મિષ્ટ લાગે છે. રસોઇમાં આમલી કે કોકમને બદલે ખાટી દ્રાક્ષ અને દાડમ (અનાર) વપરાય છે. લોકો લગભગ બધાજ માંસાહારી છે. કાશ્મીરમાં ન્યાતો તો બે જ, બ્રાહ્મણ અને મુસલમાન. બ્રાહ્મણોને પંડિત કહે છે. જે મુસલમાન નથી તે પંડિત. ખાસ શ્રીનગરમાં એંસી ટકા કરતાં વધારે વસ્તી મુસલમાનોની છે. શ્રીનગરમાં જૂની કારીગરી ખૂબ છે. અખરોટના લાકડાની જાતજાતની વસ્તુઓ બનાવવામાં આવે છે. અને તેમાં હાથીદાંતની વેલપત્તી જડવામાં આવે છે. કાશ્મીરી શાલો તો પ્રખ્યાત છેજ. શાલના છેડા ઉપર કોઇપણ ભાત પ્રથમથી આંક્યા વગર ત્યાંના મુસલમાન કારીગરો એવા એવા સુંદર કોર અને છેડા ઉપરનાં પાન તૈયાર કરે છે. અહીંની મીનાકારી પણ ખૂબ વખણાય છે. કાશ્મીરનો વેપાર મધ્ય એશિયા સાથે હમેશાં ચાલતો આવ્યો છે.

કાશ્મીરની હવા બહુજ ઠંડી હોય છે એ કહેવાની જરૂર નથી. આની સામે ત્યાંના લોકોએ બહુ રમુજી ઉપાયો યોજ્યા છે. પટ્ટુના* લાંબા લાંબા ડગલા પહેરે છે, એટલુંજ નહિ પણ ડગલાની બાંય હાથની આંગળીઓ કરતાં પણ વેંત બે વેંત લાંબી રાખે છે. નિશાળે જતો છોકરો એક બે ચોપડી હાથમાં લે તો પણ તે બાંયની અંદર ઢંકાઇ જાય. છોકરાઓને કાંઇ ખાવું હોય તો પણ બનતા સુધી બાંયમાંથી હાથ બહાર કાઢતા નથી. ખાવાની વસ્તુ બાંયના કપડા વતી પકડીને જ પતાવી દે છે. મુસાફરો એક નેતરની ટોપલીમાં નાનકડી સગડી રાખી તે ગળામાં બાંધી દે છે, અને તેના ઉપર હાથ શેકે છે.

શ્રાવણ પૂર્ણિમાએ અમરનાથની યાત્રા થાય છે. જ્યાં મનુષ્ય-વસ્તી નથી એવા પ્રદેશ વચ્ચે થઇને ચાર દિવસની મુસાફરી કરી

* ઉનનું ફલાલિન જેવું કપડું

યાત્રીઓ અમરનાથની ગુફામાં પહોંચે છે. ગુફાના એક ખુણામાં પાણી ટપકે છે અને તે ઠરીને બરફ થઇ જાય તેનુંજ કુદરતી શિવલિંગ બને છે. કુદરતના જ નિયમ પ્રમાણે બનતો આ અદ્ભુત બનાવ જોવા હજારો યાત્રીઓ ભેગા થાય છે.

આપણે કાશ્મીર જઇએ તો ત્યાં ભાડે ઘર રાખી રહેવાની જરૂર નથી. મોટી મોટી હોડીઓ પર લાકડાની ત્રણ ચાર ઓરડીઓ બાંધેલી હોય છે. તેમાં રહેવાની સગવડ સારી હોય છે. રસોડું, સૂવાની ઓરડી, દિવાનખાનું અને ઉપરની અગાશી અને અગાશી ઉપર ચાર પાંચ ખુરશીઓ, એવી સુંદર સગવડ આ નૌકાગૃહોમાં હોય છે અને લાભ એ કે ગમે ત્યારે, ગમે ત્યાં ઘર લઇ જવાય છે. આજે શ્રીનગરમાં તો કાલે અનન્તપુર પાસે; એક દિવસ બીજબ્યારામાં તો બીજે દિવસે ખનબલ. હોડી ખેંચનાર માંછીઓ આપણો વાંધો ન હોય તો રાંધીને પણ ખવડાવે છે.

યુરોપીઅન લોકો શ્રીનગરમાં ઓછા રહે છે. પણ શ્રીનગરથી થોડે દૂર ગૂલમર્ગ કરીને એક પહાડ છે. તેના ઉપર તેમણે એક યુરોપિયન શહેરજ વસાવ્યું છે.

કાશ્મીરમાં રેલ્વે નથી તેથી ઘી, દૂધ, ચોખા, ફળ બધું સસ્તું મળે છે, અને હવા બહુજ સારી હોવાથી તન્દુરસ્તી પણ બહુ સારી રહે છે. દુનિયાના જેટલા મુસાફરો કાશ્મીરમાં આવ્યા છે, તેઓ બધા કહે છે કે કાશ્મીર એ સાચેજ પૃથ્વી ઉપરનું સ્વર્ગ છે.

“ મધપૂડો ” કાલેલકર

૧૬

बुढ्ढाकेदार अने केदारनाथ तरफ प्रयाण

છેવટે બુઢ્ઢાકેદાર આવી પહોંચ્યા. અહીં બાળગંગા ને ધર્મગંગાનો સંગમ છે તે પર સ્નાન કર્યું. સંગમ વચ્ચેની એક શિલાને વાલ્મીક ઋષિના તપસ્થાન તરીકે ઓળખાવવામાં આવી. મધ્યાહ્ન તપતો હતો એટલે બીલકુલ ઠંડી લાગી નહિ. એકંદરે અહીં ગરમી વિશેષ છે. ગરમ કપડાંની અહીં બીલકુલ જરૂર લાગતી નથી. કહે છે કે જૂના વખતમાં કેદારનાથનાં દર્શન અહીં કરાવવામાં આવતાં હતાં. બુઢ્ઢા કેદારની મૂર્તિ પણ બુઢ્ઢી છે. મોટી ઘણી છે. એમાં પાંચ પાંડવો, દ્રૌપદી, કેદાર, પોઠીઓ વગેરેની અગિયાર આકૃતિઓ છે. અહીંના પૂજારીઓ પૂજારીની નિશાનો તરીકે કાન વીંધાવે છે ને તેમાં મોટી ગોળ કાચની કે કચકડાની બંગડીઓ (Rings) પહેરે છે. અહીં એક હિન્દી નિશાળ છે. લગભગ ૫૦–૬૦ છોકરા અને ત્રણ છોકરીઓ તેમાં ભણે છે લોકો ઘણાજ ગરીબ છે.

પ્રભુ ! હિંદુસ્થાનમાં આટલી બધી ગરીબાઇ કેમ છે ? લાખો માણસો ચીથરેહાલ છે. લાખો માણસો ઘરબ્હાર વિનાનાં રખડે છે. એમના ઉદ્ધારને માટે શું કાંઇ ઉપાય નથી ? એક ટંકના અન્નદાનથી અથવા બે ગજ કપડાંથી શું તેમનું હમેશાંનું દળદર ફીટી જાય એમ છે ? છતાં તે એથી ઘણાં આનંદિત થતાં લાગે છે: ભલે તેમને તે રીતે પણ આનંદ કરાવવામાં આવે! સ્વામી વિવેકાનંદના ગરીબ નારાયણો–ભિક્ષુક નારાયણોને અન્નવસ્ત્રથી ભલે સંતોષવામાં આવે, પણ દાતાઓ–ધનવાનોને માથે તો બેવડી ફરજ છે; શ્રદ્ધાળુઓનો બેવડો ધર્મ છે. (૧) પ્રાત્યક્ષુધા તૃપ્તિ (૨) નિત્યક્ષુધા તૃપ્તિ. પ્રથમ તૃપ્તિ તો તે દિવસના ભોજનથી થાય છે પણ નિત્યતૃપ્તિ થતી નથી. હમેશાંની ક્ષુધા નથી ટળતી. જે પ્રત્યક્ષ ક્ષુધાની તૃપ્તિ

કરે છે તેમાંથી જેની શક્તિ હોય તેણે નિત્ય ક્ષુધાતૃપ્તિને માટે પણ ઉપાય કરવો જોઇએ.

આ લોકોને અજ્ઞાન-અનહદ-અજ્ઞાનના અંધકારમાંથી બહાર કાઢવા સારૂ રાજ્યો તરફથી નિશાળો નીકળી છે. તે સારૂં છે, પણ કેળવાતા અને નહિ કેળવાતાનું ભવિષ્યનું શું તે વિચારવા જેવું છે અહીં ગ્રેજ્યુએટોને માટે ક્યાં સ્થાન છે? પહાડમાં ને ખેતરોમાં સખત શારીરિક પરિશ્રમમાં અને અનાયાસે પ્રાપ્ત થતી તિતિક્ષામાં આપણો કયો ગ્રેજ્યુએટ એ માટે તૈયાર અને લાયક છે? અમે પહાડમાં એવા પણ વિદ્યાર્થી જોયા કે જેમને વિદ્યાપ્રીતિ ઘણીજ છે, પરંતુ પોતાનો બાપદાદાનો ખેતીનો ધંધો એમને ગમતો નથી. બાપદાદાના ન્હાના ઘાસના ઝુંપડામાં રહેવું હવે પરવડતું નથી, ને માબાપની અજ્ઞાનતા ઉપર એમને તિરસ્કાર છુટે છે. વિદ્યાનું આ ફળ આવતું હોય તો એ વિદ્યા એમનો શો ઉદ્ધાર કરવાની? **सा विद्या या विमुक्तये** એ વચન સનાતન સત્ય છે અને એ પ્રમાણે તો હાલની શાળા પાઠશાળાની કેળવણી એમના જીવનને પ્રતિકૂળ છે. અહીં દરદી વધારવા ડાક્તરો નથી જોઇતા. ગુન્હા વધારવા વકીલ બેરીસ્ટર નથી જોઇતા. સોલીસીટરની ફર્મો ખોલી સોનેરી ટોળીની જમાવટ નથી કરવી. કંઇક લીમીટેડ કંપનીઓ કાઢી રાંડીરાંડોને નથી રડાવવી. અહીં તો અજ્ઞાન ખેડુતને આવડતવાળો ખેડુત બનાવવો છે. ઘઉં, મસુર ને આલુ કાંઇક રાજગરો ને કાંઇક ભાજીમાંજ અન્નોત્પત્તિની સમાપ્તિ માનનારની દૃષ્ટિ વિકસાવવી છે. એને માટે આપણી હાઇસ્કૂલે, આર્ટસ કોલેજનું નથી કામ. હિન્દુ અને હિન્દુઓની દૃષ્ટિએ ચાલતી ખેતીની સંસ્થાઓની જરૂર છે. અહીં શીલ્પીઓને માટે અગાધ ક્ષેત્ર પડયું છે. આયુર્વૈદિકને માટે ગિરિગર્ભોમાં સ્થાન છે. આવો અને અહીંના નિરૂદ્યમી લોકોને ઉદ્યમે વળગાડો. હિન્દનાં સાધનોથી, અને હિન્દુઓના જીવનને બંધ બેસે તેવું, વિજ્ઞાન શીખ-

વાડો; તેમને જોઇતું અક્ષરજ્ઞાન આપો. જે જરૂર પડે તે ભાષા શીખવાડો, જરૂર જણાય તો ઇંગ્લાંડ, અમેરિકા, જાપાન ગમે ત્યાં મોકલો. દ્રવ્યવાનો! એમાં તમારા દ્રવ્યનો સદુપયોગ છે. સ્વયંસેવકો! એ માર્ગે તમારૂં કામ છે! એક ગામના પચાસેક છોકરાને કેળવો, પછી પંદર વર્ષમાં જુઓ તે ગામમાં કાંઇ ફેર પડયો છે કે નહિ? કેળવણી એટલે માત્ર અક્ષરજ્ઞાન નહિ પણ તેમની તમામ જરૂરિયાતોને પૂરી પાડી તેમના બાહ્ય અને આંતર જીવનને ઉન્નત કરે તે કેળવણી અને તે તો દેશ અને સ્થિતિને અનુકૂળજ હોવી જોઇએ.

*   *   *

હવે આવતી કાલે પવાલીની ચઢાઇ ચઢવાની છે. કેદારનાથ બરફમાં થઇને જવાનું છે માટે કાંઇ ઇષ્ટસ્મરણ કરી લેવું જોઇએ એવા વિચારથી અમારા કુલીઓએ રાતના એમની કથા ગોઠવી. રાતના એ લોકો નૃત્ય-ગાન કરે તેથી અમને આરામમાં હરકત થાય એમ ધારી બાઇશ્રીની રજા લેવા આવ્યા. રજા મળી. પાસે જ ખેતરમાં ૧૦૦ માણસ ભેગું થયું. ગામમાંથી ઢોલકવાળાને બોલાવ્યા. આ લોકો કાઠિયાવાડી રાસની માફક કથા કહે છે. ઢોલકવાળો પોતે ગાય છે. વિષય મહાભારતનો કોઇ પ્રસંગ હોય છે, આપણે ત્યાં માણભટ બેઠા બેઠા ગાય છે તેમ આ ઉભા ઉભા ગાય છે. એમના ગાનના તાલમાં બધા નાચે છે, ઘૂમે છે, તાલ લે છે ને દે છે. પાંચ પાંડવોની વાત આવે છે ત્યારે આ લોકોને ઘણું શૂર ચઢે છે અને પોતે સાક્ષાત પાંડવ બની ગયા હોય એવા આવેશમાં આવી જાય છે. જેમ આપણી તરફના અજ્ઞાન લોકોમાં ભૂત-પ્રેત આવે છે તેમ અહીં આવે વખતે આ લોકોમાં પાંડવ આવે છે. એમાં કેવળ અજ્ઞાનતા જ ભરેલી છે, છતાં એ એમને ઘણુંજ બલપ્રદ થઇ પડે છે. એ એમનો નિર્દોષ આનંદ છે. સારૂં ઢોલક હોય, સારો ગાનાર હોય, અજવાળી રાત હોય તો એ લોકો ઘણાજ ખીલે છે.

આપણને પણ આ એમની નિર્દોષ આનંદ માણવાની ટેવ જોઇ આનંદ થયા વિના રહે નહિ. આજ તેઓ ફક્ત અગિયાર વાગ્યા સુધી નાચ્યા. નિવૃત્તિના સમયમાં આખી રાત નાચે છે. પોતપોતાની મંડળી ને પોતપોતાનું ઢોલક હોય તો એમને વધુ તાન ચડે છે, કૃષ્ણનાં ગીત પણ ઘણાં સારાં ગાય છે. એમની પહાડી ભાષામાં, પહાડી અવાજે, સર્વત્ર પહાડોની જ વચમાં અંધારી રાતે, પરાળના વારંવાર સળગતા અને બુઝાતા પ્રકાશમાં લીલી લીલી ઘાસ પર ને નાનકડા નિર્મળ ઝરણાંની નજીક થતી રમત જાણે સાચી કે સ્વપ્ના જેવી લાગે છે. પરીઓની વાર્તાનો સાક્ષાત્કાર કરાવે છે. જૂના ઇતિહાસ તરફ આપણને લઇ જાય છે.

આ જોઇને એમ થાય છે કે આર્યધર્મ આર્યાવર્તને ચારે છેડે માનવજીવનની રગેરગમાં ભરાઇ ગયો છે. સામાન્ય માણસ પણ રામાયણ મહાભારતની વાતોથી અજ્ઞાત નથી. એમાં મીઠું મરચું ઘણું ભભરાવ્યું છે પણ મૂળ એકજ છે. જ્યારે તાર, ટપાલ નહોતાં ટ્રેન નહોતી, છાપાં નહોતાં, છાપખાનાં નહોતાં, ત્યારે ધર્મનો આટલો બધો પ્રચાર થયો છે. આર્યો હિંદુસ્તાનમાં આવ્યા ત્યારે હિંદુસ્તાનની ભૂગોળથી તે વાકેફ નહોતા. તેમને વાંચવા લખવાનાં સાધન નહોતાં, તે વખતે શ્રુતિઓ રચાઇને પ્રચાર પામી. બુદ્ધે સમગ્ર હિન્દને અહિંસાની ભાવનાથી તરબોળ કર્યું અને તેના સુવાસ તિબેટ, ચીન, જાપાન સુધી ફેલાવી; ત્યારે પરદેશ સાથેના વ્યવહારનાં અત્યારે સાધનો છે તે હતાં? શંકરાચાર્યે પાખંડમતનો ધ્વંસ કરી અદ્વૈતમતનો પ્રચાર કર્યો. માત્ર બત્રીસ વર્ષની વયમાં આટલું બધું કામ કર્યું ત્યારે વિજ્ઞાનનાં સાધનોએ એમને મદદ કરી હતી? ગ્રીસ અને રોમનું તત્ત્વજ્ઞાન–ધર્મભાવના દુનિયાભરમાં જૂની મનાય છે તે પણ કાળપરિવર્તનના પ્રવાહમાં તણાઇ ચાલી છે. જ્યારે હિન્દનું તત્ત્વજ્ઞાન–તેનો ધર્મ–પરદેશીઓના અનેકવિધ હુમલાઓની વચ્ચે, જીવનની

અનેક હાડમારીઓની વચ્ચે પણ ટકી રહ્યો છે. એનું ગમે તે કારણ કહો, ગરિબાઇ, અજ્ઞાનતા. અંધશ્રદ્ધા કે હિન્દુઓની ચીવટવૃત્તિ કહો, ગમે તે કહો પણ હિંદુઓનું હિન્દુત્વ હિંદુઓના ધર્મને લઇને છે. આપણા ધર્મમાં ખ્રીસ્તી અને મુસલમાન જેવું ઝનુન નથી તેથી કાંઇ તેની વ્યાપકતા ને ઉંડાઇ ઓછી ના ગણાય. તત્ત્વનુંજ વિશેષ ચિંતન કરનાર અને વૈરાગ્યને જ આખીર હેતુ માનનાર ધર્મભકતોમાં ઝનુન કયાંથી હોય? એ તો ઝનુન દાબવાનું, સર્વ તરફ સમવૃત્તિ રાખવાનું, શીખવે. શાંતિમંત્ર પ્રદાન કરે.

'પવિત્ર હિમાલય પ્રવાસ' — પદ્માવતી દેસાઇ

૧૪

"બારીમાંથી ડોકિયું"

૧

હું પક્ષી થાઉં તો કેવી મજા પડે !

૨

પેલો પથરો જુઓ! હજારો વરસ થયાં જ્યાં પડયો છે ત્યાંનો ત્યાં જ છે. આટલા વરસથી ત્યાં ઉભો છે. છતાં પેલી કરાડ નીચે શું છે એની એને ખબર નથી. ટાઢ, તડકો, પવન, વરસાદ, બધું જ એને સહન કરવું પડે છે.

એના કરતાં એની બાજુએ ઉગેલું પેલું ઝાડ હજારગણું સારૂં. પવન આવે ત્યારે કેવું ડોલે છે! જેમ ઋતુ બદલાય તેમ એનાં પાંદડાંનો રંગ પણ બદલે છે. પાંદડાં ઘરડાં થયાં એટલે એ ખંખેરી

નાંખે છે. જરા રાહ જુઓ એટલે નવાં પાંદડાં તૈયાર ! શિયાળો ગયો, વસંત વધ્યો, એટલે એ ઝાડ ખડખડાટ હસે છે. હસતાં હસતાં જુઓ, કેટલાં ફૂલ એને ફુટી નીકળ્યાં છે ! ચોમાસામાં તો એને પાણી જોઇએ તેટલું મળે છે. ઉનાળામાં શું થાય ? અરેરે ! બિચારૂં ઝાડ એક ડગલુંય ચાલી શકતું નથી. દાવાનળ સળગે તોયે એ નાસી ન શકે, અને કોઇ કુહાડી ઉગામે તોયે એ જરા સરખું ખસી શકતું નથી. એનાં ફળ અને ફૂલ શા કામનાં ! છતાં એ પોતાનાં મૂળિયાં જમીનમાં ખૂબ ઉંડાણમાં ફેલાવી દે છે અને ગમે ત્યાંથી પીવાનું પાણી મેળવે છે. જે ઝાડને પાણી ખૂબ અને પાસેજ મળે છે તેનાં મૂળિયાં બહુ ટૂંકાં હોય છે. કેળનું ઝાડ જ્યારે પડે ત્યારે એનાં મૂળિયાં કેવાં ટૂંકાં ટૂંકાં દેખાય છે ! રણમાં જે ઝાડો ઉગે છે તેનાં મૂળિયાં કેટલાંય દૂર જાય છે. વડ અને પીપળાનાં મૂળિયાં તો એક બે ગાઉ પણ દૂર જઇ શકે છે એમ કહેવાય છે. મૂળિયાં આટલાં દૂર જાય પણ ઝાડ બિચારૂં ખસી ન શકે !

એના કરતાં તો પેલો જીવડો હજાર દરજ્જે સારો ! એ ભલે નાનો હોય, ભલે એ રૂપાળો ન હોય, ભલે એને પેટે ચાલવું પડતું હોય, પણ એ પોતાની જગા તો બદલી શકે છે ! એક ઠેકાણે ખાવાનું ન મળ્યું તો ચાલ્યો બીજે ઠેકાણે. ઝાડ આગળ કીડાઓ તુચ્છ દેખાય છે, પણ એ જ કીડાઓ આખાં ઝાડને ખાઇ પણ જાય છે. પણ બિચારા કીડાઓ કેટલા અસહાય ! દુઃખની પહેલી વાત એ કે એને પેટે ચાલવું પડે છે. કોઇનો પગ પડયો તો ચગદાઇ જાય. ભાંગવા માટે એની પાસે હાડકું પણ ન મળે. એ પોતાનો બચાવ શી રીતે કરે ?

એના કરતાં પેલાં પશુઓ સારાં ! એમની પાસે દોડવા માટે પગ છે. કરડવા માટે દાંત છે. પોતાનો બચાવ કરવા માટે કેટલાંક પાસે શીંગડાંઓ પણ હોય છે અને દરેક પાસે કંઇક જુદી જ

ખૂબી ! ઉંટે પોતાના પગ લાંબા કર્યાં. કાંગારૂએ પોતાની પૂંછડીનો એક વધારાનો પગ બનાવ્યો. જિરાફે પોતાની ડોક લાંબી કરી. હાથીએ પોતાનું નાક લંબાવ્યું. તે એટલે સુધી કે ચોગીની પેઠે એ નાકમાંથી પાણી પીએ છે, નાક વતીજ શેરડી ઉખેડે છે. નાક લાંબુ થયું એટલે હાથીને થયું કે ચાલો આપણે દાંત પણ લાંબા કરીએ. પણ એ દાંત જ એને નડયા. ખાવાના દાંત તો ઠીક અંદર રહ્યા રહ્યા કામ કરવા લાગ્યા, પણ બતાવવાના બહારના દાંત જ એના શત્રુ થઇ પડયા. એના દાંતને માટેજ એનો શિકાર થવા લાગ્યો.

હાથી આવડું મોટું જાનવર છે, પણ મને લાગે છે કે એના કરતાં પેલો વાંદરોય સારો. ગમે ત્યાંથી ગમે ત્યાં કૂદી શકે છે, ફળો વણીવાણીને ખાઇ શકે છે, અને ઉતાવળમાં ખાતું હોય ત્યારે બંને ગલોફાં ભરી રાખે છે. બધાં જંગલો એનાંજ. ઘણાં જાનવરોને પૂંછડી છે, પણ પૂંછડીની સાચી શોભા તો વાંદરાની જ !

ચાલવા દોડવા માટે ચારેચાર પગ વાપરવા એ કોડાઉપણું ગણાય. કુતરૂંજ જુઓને, ઘણીવાર ત્રણ પગે દોડે છે અને એક પગ સિલકમાં અદ્ધર રાખે છે.

આપણે માણસો રહ્યા. હાથીએ નાકવતી જે કામ લીધું તે આપણે ઉભા ચાલીને આગલા બે પગવતી કરવાનું શરૂ કર્યું. પછી એને પગ કોણ કહે ? એ તો હાથ થયા. પગના હાથ થયા અને હાથની આંગળીઓમાંથી અંગુઠા જુદા પડયા તેથીજ માણસ દુનિયાનો માલિક બન્યો. માણસની બધી મહત્તા એના હાથમાંજ છે, અને હાથમાંયે એના અંગુઠામાં છે. આપણો અંગુઠો કપાઇ જાય તો શું શું કરતાં નડે એનો એકવાર વિચાર તો કરી જુઓ. બે પગ ઉપર આપણે ચાલતા થયા તેથી જ આપણી છાતી કહાડી શકયા અને માથું ઉંચું કરી શકયા. માથું ઉંચું થયું એટલે વિચાર કરવા લાગ્યા. વિચાર કરતાં જણાયું કે આપણે ઉઘાડા છીએ; કપડાં વતી શરીર

ઢાંકી શકાય, ટાઢ સામે રક્ષણ કરી શકાય. હાથ હતા એટલે કાંતવાનું સૂઝયું, ગૂંથવાનું સૂઝયું. પેલો અંગુઠો વાપર્યા વગર જરા તકલી ચલાવી બતાવો તો ખરા ?

પણ શું માણસ કરતાં કોઇ મોટું નથી ? માછલીઓને આપણા કરતાં મોટી ન ગણો. એમને પાણીમાં રહેતાં આવડે છે તો આપણને્યે પ્રયત્ન કર્યે તરતાં આવડે છે. માછલીઓ પાણીમાં જોઇ શકે છે તો આપણે આંખો ઉઘાડીને તળાવમાં ડૂબકી મારી શકીએ છીએ. સમુદ્રનાં મોતી શું અમસ્તાં મળતાં હશે ?

૩

પણ મને તો પક્ષી થવુંજ ગમે ! પહેલો લાભ એ છે કે પંડિતજી પાસે શીખ્યા વગર ગાતાં આવડે. બીજી વાત કાંત્યા વગર સરસ કપડાં પહેરવાને મળે. સાબુ વગર એ સ્વચ્છ રહે. બદલવાં ન પડે. બટન કાઢવા ઘાલવાની પંચાત નહિ. અબોટિયું પહેરવાની કશી જરૂર ન મળે. જેવા હોઇએ તેવા પવિત્ર. અરે કપડાં પહેર્યા વગરજ ન્હવાય ! પેલા આચાર્ય રૉયને પણ ન સૂઝે એવા દેશી રંગનાં કપડાં ! પહેલેથી જ પોતાને મનગમતો રંગ પસંદ કરી લેવો. કાગડો વિલાયતનો માણસ દેખાય છે. એને કાળાં કપડાંજ પસંદ પડે છે. અથવા મિલમજૂર હશે. કોલસામાં કામ કરવું અને ધોળાં કપડાં પહેરવાં એ કેમ પોસાય ? પેલા બગલા ગાંધીપંથમાં ભળ્યા દેખાય છે. એમને ધોળો રંગજ ગમે; અને પોપટ શું મુસલમાન ! કેટલાકને એ રંગનો શોખ હોય તો કેટલાક પચરંગી હોય. કેટલાકનો રંગ ગરાશિયાની પાઘડી જેવો તો કેટલાકનો પારસીની ટોપી જેવો. પણ રંગ ખાતર હું પક્ષી નહિ થાઉં. પક્ષી તો ઉડવા ખાતર થવાય. તળેટીથી ઉડયા કે પહાડના શિખર સુધી. ઉપરથી ભુસકો માર્યો કે ફરી નીચે. નદી ગાંડા હાથીની પેઠે દોડતી હોય તોયે શું ? આપણે એમ ચાલ્યા ભૂરરરર સામે કાંઠે !

પક્ષીઓએ કુદરત ઉપર ભારે કાબુ મેળવ્યો છે. મને તો આખો દિવસ પક્ષીઓને જોવાનું જ મન થાય છે. એ કેવાં ઊડે છે! કેટલાંક પાંખ ફફડાવે છે. કેટલાંક તો બન્ને પાંખો ફેલાવીને જાણે હવા ઉપર તરતાંજ હોય! ઘડીકમાં એ વિચાર ફેરવે, છાતી ફૂલાવે, અને હલકું થઈને એકદમ ઉપર જાય છે. ત્યાં મોટા મોટા ફેર ફરે છે. એ સમડીઓ આકાશમાં ફરતી હોય ત્યારે જોવાની તો ઓરજ મઝા! એનાં ગોળ ગોળ ચક્કર ઘડીકમાં એકબીજાને 'કાપે' છે. ઘડીકમાં એ સામે ફરે. ઉપર હોય એ નીચે જાય. નીચલી ઉપર આવે. ખૂબ આનંદ આવે ત્યારે કિલ કિલ કિલ અવાજ પણ કરે. એની આંખો પણ કેવી તીણી હશે? નીચે કાંઈક જુએ એટલે ઝબ્બપ દઈને નીચે આવે. માથું નીચે ને પીછાં ઉપર, એવી રીતે ઉતરતી સમડીને તમે જોઈ છે? સમડી જ્યારે આમ નીચે ઉતરે ત્યારે એના ઉતારની રેષા જોવા લાયક હોય છે. ગણિતીઓ એ રેષાને 'પૅરાબોલા' કહે છે પણ સમડી ધારે તો એને 'હાઈપર-બોલા' પણ કરી શકે છે.

કેટલાંક પક્ષીઓ કટકે કટકે ઊડતાં હોય એમ દેખાય છે. જાણે તીર પાસેથીજ એમણે ઊડવાના પાઠ લીધા હોય. એ લોકો મઝામાં આવે એટલે મોજાંમાં ઊડે છે. અને બધાંજ મોજાં સરખા અંતરનાં. એક જાતની 'પાકોળી' હોય છે. એ જાણે કરચલા પાસેથી પોતાની ગતિ શીખ્યા છે. સામે જવાને બદલે બાજુ બાજુ ઊડે છે. કેટલાંક ઊંચે ઊડનારાં પક્ષીઓ જમણી પાંખ આકાશ તરફ અને ડાબી પાંખ પૃથ્વી તરફ રાખીને એક મોટું ચક્કર લગાવે છે અને ફરી સીધાં થઈ જાય છે. એમને એમાં શો આનંદ આવતો હશે? તર-વામાં જો એટલો આનંદ આપણને આવે છે તો એમને ઉડતાં કેટલો આવતો હશે?

કેટલાંક પક્ષીઓ ઊડતાં હોય ત્યારેજ ગાય છે. સ્થિર થઈને

બેઠાં કે મૌની મુનિ. કેટલાંકનો સાવ એથી ઉલટો સ્વભાવ. ગાવું હોય ત્યારે સરસ સ્થાન શોધીને ઠાવકું મોઢું કરીને બેસે છે, અને પછી પોતાના ગાયનના ફુવારા ફેંક્યે જાય છે, એકવાર શરૂ કરે એટલે કલાકો સુધી ગાયાંજ કરે. કોયલ અને બપૈયા આ જાતનાં છે. સંસ્કૃત કાવ્યોમાં જ્યારે સર્ગ પૂરો થાય છે ત્યારે છેલ્લા શ્લોકનું વૃત્ત બદલાય છે. કોયલનું પણ એમજ છે. એનું એક ગાયન પુરૂં થયું એટલે તે વિશિષ્ટ રીતે અવાજ કરે છે, જરાક થોભી જાય છે, અને પછી નવો રાગ શરૂ કરે છે. નાનાં નાનાં પક્ષીઓ ટૂંકા રાગ પસંદ કરે છે. તેઓ ડાળીએ ડાળીએ કૂદતાંજ ગાય છે. કોક વખતે જાણે પહેલેથી નક્કી કર્યું હોય તેમ ત્રણ ચાર જાતનાં પક્ષીઓ એકજ ઝાડ પર બેસીને એકસામટાં ગાયન શરૂ કરે છે. આ વૃંદ–ગાયનમાં તાલનું નામ ન મળે, છતાં એક જાતનું સંગીત અને માધુર્ય જામે છે ખરૂં. આ જાતનો આનંદ લેવાનું મન સૌથી વધારે લેવાને થાય છે. બીજાં પક્ષીઓ ગાતાં હોય ત્યાં લલેડાં આવીને પોતાના રાગડા ભેળવવાનાજ.

પક્ષીઓ જ્યારે ફૂલઝાડ પર આવીને બેસે છે ત્યારે એમને શું થતું હશે ? ફળઝાડ ઉપરનો સવાલ તો સીધો છે. રસાળ ફળ જુએ એટલે એ સીધાં ખાવાને દોડે. ભક્ષ્ય ભક્ષકનો એ કુદરતનો મુખ્ય ન્યાય છે. પણ રંગબેરંગી ફૂલો જોઇને પક્ષીઓને શું થતું હશે ? પોતાના જેવાંજ રમતિયાળ અને રૂપાળાં ફૂલોને જોઇને એમના મનમાં મત્સર તો નહિ પેદા થતો હોય ? ના. મત્સર તો માણસને માટે જ છે. કુદરતી સૃષ્ટિમાં બીજા ગમે તે ભાવો હોય, મત્સર જોવામાં નથી આવતો. મત્સર એ માનવીકૃતિ છે. મને લાગે છે કે પક્ષીઓ ફૂલોને જોઇને સમભાવથી એમને ગાવા કે ઊડવા નોતરતાં હશે, અને ફૂલો જવાબ ન આપે તો એ જોઇ મૂંઝાતાં હશે. એક ભારદ્વાજ પરમ દિવસે ચંપાના ઝાડ પર ફૂલ આગળ બેસી બોલતો

હતોઃ 'તને જોઇને મને ગાવાનું મન થાય છે. તને કેમ ગાયન નથી સૂઝતું? તારા જેવો સોનાનો રંગ મને હોત તો આ સંધ્યાકિરણમાં હું સૂરજની જ હરિફાઇ કરત, ચાલ મારી પાછળ આવ. આપણે સાથે ઊડીએ.' કેટલીયેવાર એણે ચંપાનો અનુનય કર્યો. પણ એ માને નહિ. ન ઊડે, ન બોલે. એણે તો એક નન્નો ચલાવ્યો હતો. એટલામાં પોતાનું કંઇ ખોવાઇ ગયું હોય અને એકાએક સાંભર્યું હોય તેમ ભારદ્વાજે પોતાનું મન ખેંચી લીધું, અને પોતાની ચળકતી પાંખો ફેલાવીને એ ઊડી ગયો. એ મને બોલાવત તો?

'મધપૂડો' **કાલેલકર**

૧૯

"વીએનાનો સાધુ"

વીએના એ ઑસ્ટ્રિયાની રાજધાની છે. ત્યાં સેંટએટીએનનું દેવળ છે, અને એની પાસે એક પથરો ઊભો કરેલો છે. એક કાળે એ જગાએ લીંબોઇનું એક ઝાડ હતું એનું એ સ્મારક છે.

વીએના આજે મોટું શહેર છે. પણ નવસો વરસ પહેલાં એ નાનકડું ગામ હતું. નાની નાની અને સાંકડી એની ગલીઓ હતી અને ગામ ફરતો નાનો કોટ હતો. એ કોટની જગાએ આજે તો એક આલેશાન રાજમાર્ગ આવેલો છે. એ કોટની બહાર પેલું દેવળ હતું, અને દેવળની આસપાસ એક જૂનું ને રળિયામણું જંગલ હતું. વસ્તી વધતી ગઇ ને ગામ મોટું થતું ગયું તેમ તેમ દેવળ નાનું પડવા લાગ્યું. ગામના બધા લોકો એમાં માઇ શકતા નહિ. ઘણા લોકો તો દેવળ બહાર ઝાડો નીચેજ ઘુંટણીયે પડીને પ્રાર્થના કરતા અને દેવળનાં પગથિયાં પર ઊભા રહીને દેવળનો સાધુ ઉપદેશ કરતો તે સાંભળતા.

આમ ક્યાં સુધી ચાલે? એક દિવસ ગામનો મોટો મિસ્ત્રી હાથમાં કાગળિયાનો વીંટો લઇને આવ્યો. એની જોડે મજુરો હતા. દોરી નંખાઈ, ખીંટીઓ ઠોકાઇ અને જમીન મપાવા લાગી.

ઝાડો ભયથી ફફડી ઊઠ્યાં. દેવળની પાસે એક નાની લીંબોઇ હતી. પડોશમાં એક વયોવૃદ્ધ ઓકનું ઝાડ હતું. લીંબોઇ ઓક તરફ ઝુકી પડી ને પૂછવા લાગી, 'હેં ભાઇ, પેલા લોકો શું કરે છે? આ બધું શાને સારૂ હશે?'

'અરે દૈવ!' ઓકે નિસાસો નાખ્યો, 'આપણો કાળ હવે પાસે આવ્યો છે.'

લીંબોઇનું પાતળું થડિયું ધ્રૂજી ગયું અને પાંદડાં કંપવા લાગ્યાં.

ઓક બોલ્યું, 'હા, એમજ થવાનું. ઘાસ ઉપર પેલું ચળક ચળક થાય છે, એનું નામ કુહાડી ને કરવત. એનાથી આપણાં શરીર કાપી નાખશે. પેલી ભીંતો ચણી ત્યારની મને તો એની ખબર પડી ગઇ છે. તે વખતે હું તારી પેઠે નાનું બાળક હતો. એક પછી એક મારા પડોશીઓને કાપી નાખ્યા ને એ દિવાલને સારૂ જગા કરી. એ બધું મેં મારી આંખે જોયેલું. હવે આપણો વારો છે.'

ઓક તો માણસોને ગાળો દેવા લાગ્યું, 'કેવા કૃતઘ્ની રાક્ષસો! અમે એમની આડે ન આવીએ ત્યારે અમારી શોભાનાં વખાણ કરે છે ને અમારી છાયાનો પાડ માને છે. પણ અમારી જગાનું કામ પડયું કે બધી દયા ભૂલી જવાના. કેટલાં વરસો થયાં આ વીએનાના લોકો અમારી પાસે આવે છે, અમારી ડાળીઓની છાયામાં બેસીને થાક ઉતારે છે, કોલકરાર કરે છે અને પોતાનાં છોકરાંને પક્ષી અને ફૂલનાં નામ શીખવે છે. હવે એ નિર્દય લોકો બધું ભૂલી ગયા! હવે આ જંગલ કાપી નાખશે. માણસના જેવું ક્રૂર ને હૈયા-

સનું પ્રાણી મેં હજી સુધી જોયું નથી. ભુંડ કે વરૂ કરતાં પણ એ બૂરા છે.'

ઓકનો કકળાટ સાંભળી લીંબોઇ બોલી, 'ના, ના, એવું શું કામ કહો છો, ભાઇ? માણસો દુષ્ટ નથી. મારી ખાતરી છે કે એ લોકો દુષ્ટ નથી. હું તો રોજ એમની પ્રાર્થનાઓ સાંભળુ છું. આ સુંદર સૃષ્ટિ રચી એને સારૂ એના સરજનહારનો-સૃષ્ટિના પિતાનો તેઓ પાડ માને છે ને એનું સ્તવન કરે છે. તેઓ એ ઇશ્વર પાસે રોજ માગે છે કે હે પ્રભુ, તું અમારાં પાપો માફ કર અને અમને ભલા બનાવ. વળી એ માણસોનાં મોઢાં પર કેટલી બહાદુરી, આનંદ અને દયા દેખાય છે! જરૂર પડશે તો હું એમને માટે મારા પ્રાણ આપીશ.'

થોડા દહાડામાં ઓકની ભવિષ્યવાણી ખરી પડી. મજુરોએ કુહાડીઓ લીધી ને ઝાડો કડડડ કરતાં જમીન પર લાંબાં થવા લાગ્યાં. મજૂરોનું કામ ચાલતું ગયું અને જંગલ ચીસો અને કડકડાટથી ગાજી રહ્યું. મજૂરો ધીમે ધીમે પેલા ઓકની પાસે ને પાસે આવતા ગયા.

એક દિવસ ઓકની પાસે મિસ્ત્રી અને દેવળનો સાધુ એબરહાર્ડ ઉભા હતા. સાધુએ કહ્યું, 'તમે તો બહુ ભવ્ય દેવળ બાંધવાના લાગો છો. એમાં ઇશ્વરનો જયજયકાર થશે અને આ નગર ધન્ય થશે. પણ આ જંગલ કપાય છે એ જોઇને જાણે મારૂં હૈયું કપાય છે. મારા પાડોશીઓ હણાતા હોય એમ મને તો થઇ જાય છે.'

મિસ્ત્રી હસ્યો.

સાધુ બોલ્યો, 'મારી એક વિનંતિ સાંભળો. પેલા મોટા ઓકને રહેવા દો. એ મને બહુ વહાલો છે. બહુ ભલો છે. વીએના શહેર કરતાં એ જૂનો છે.'

મિસ્ત્રીએ ડોકું ધુણાવ્યું. 'એ નવા દેવળની દીવાલની અડોઅડ છે, અને એની ડાળીઓ બહુ લાંબી છે. એને કેમ રહેવા દેવાય?'

સાધુ ફરી કરગર્યો, 'ત્યારે આ બચુકડી લીંબોઇને તો બચાવો. એ બિચારી શું નુકસાન કરવાની હતી?'

મિસ્ત્રીએ ડોકું હલાવ્યું, 'ભલે. તમારી લીંબોઇને ભલે રાખો. નવા દેવળના બાગમાં એ છો રહેતી.'

સાધુ રાજી થયો. પ્રભુ તમારું ભલું કરે, ભાઇ. આ લીંબોઇથી આ વનનું સંભારણું રહેશે. લોકો એને જોશે ને વનને સંભારશે.

બંને ચાલતા થયા.

ઓક લીંબોઇની આગળ બબડવા લાગ્યું: 'મારા મરણનો હુકમ તો મેં સાંભળ્યો. છતાં મને બહુ દુઃખ નથી થતું. તું તો બચી છે ને! તું મારું પેટ નથી તેથી શું, તું મને મારી દીકરી જેટલી વહાલી છે.'

આખું વન કપાયું. સૌથી છેલ્લો વારો ઓકનો હતો. એ કપાયું તે દિવસે રાતના આકાશ સાફ હતું. વાદળાં નહોતાં. ઉનાળાની રાત હતી. રૂપેરી ચાંદની જમીન પર પથરાઇ હતી, લીંબોઇ પર ફૂલ આવ્યાં હતાં તેની સુવાસ હવામાં ફેલાઇ રહી હતી.

એકાએક પડેલાં ઝાડનાં થડિયામાં પ્રકાશના ચમકારા થવા લાગ્યા. નાનાં નાનાં સુંદર પ્રાણીઓના કપાળ પર ઝળકતા તારાના એ ચમકારા હતા. તે એ વનની પરીઓ હતી. એમણે જાણે ધૂમસનાં કપડાં પહેર્યાં હતાં. એમના માથાપર ફૂલપાંદડાંની માળાઓથી ગૂંથેલા મુગટ હતા. આ પરીઓ અત્યાર સુધી આ ઝાડોમાં રહી હતી. હવે તેમને નવાં રહેઠાણ શોધવાનાં હતાં. તેઓ ગભરાટથી આમતેમ દોડવા લાગી. તેમના વિલાપ અને ચીસો રાત્રિને ભેદતી

હતી. અંતે તેઓ લીંબોઇની આસપાસ ભેગી થઇ. લીંબોઇનું થડ ઉઘડ્યું ને એમાંથી એક પરી નીકળી.

રોતાં રોતાં એ બીજી બધી બહેનોને વિદાય આપવા લાગી.

'આપણને સૌને સાથે દેશવટો મળ્યો હોત તો કેવું સારૂં થાત! હવે હું મધરાતે કોની જોડે ગાઇશ અને નાચીશ? આ સૂનકાર તો મને ખાવા ધાતો લાગે છે. હવે મારાથી એકલાં કેમ રહેવાશે?'

બીજી બહેનોએ એને આશ્વાસન આપ્યું.

'બનશે તો અમે કોકવાર છાનાંમાનાં તારી પાસે આવતાં રહીશું. તું અહીંઆં રહે, બહેન. લોકોને આપણા વહાલા વનની યાદ આપજે અને આપણને ભાઇબહેનની જેમ ચાહતો એ પેલા સાધુ પર આશીર્વાદ વરસાવજે.'

એકએક પરી બોલી: 'મારા પણ એને આશીર્વાદ છે. ધન્ય થાઓ એનું જીવતર અને ધન્ય થાઓ એનું મરણ.'

ચમચ ચમક કરતી પરીઓ ચાલી ગઇ.

વરસો વહી ગયાં. લીંબોઇની પાસે ભવ્ય દેવળ ઉભું હતું. એથીયે પાસે સાધુ એબરહાર્ડનું ઘર હતું. લીંબોઇની આસપાસ બચુકડાં ફૂલઝાડ ઉગ્યાં હતાં ને એના પર રંગરંગના ફૂલો હસતાં હતાં. લીંબોઇને એ ફૂલો પર બહુ વહાલ આવતું. હવે એને સૂનું પણ નહોતું લાગતું, કારણ એની છાયામાં એક બાંકડો ને મેજ પડી રહેતાં ને સાધુ દિવસનો ઘણો ભાગ ત્યાંજ ગાળતો. ત્યાં વીએનાના મોટા મોટા લોકો આ જ્ઞાની અને પવિત્ર સાધુની પાસે બેસવા આવતા. ત્યાંજ છોકરાંઓ એની પાસે વનની પરીઓની, દુષ્ટ રાક્ષસોની, સંતોની અને એવી એવી વાતો સાંભળવા ટોળે મળતાં. રાજાના મહેલમાં ન થાય એટલી માણસોની આવજા આ

બાગમાં થતી. કારણ લીંબોઇનાનું એકેએક માણસ આ સાધુને ચાહતું ને એની પાસ સુખદુ:ખની વાત કરવા આવતું. લીંબોઇની સુવાસ ફેલાવતી ડાળીઓની છાંયે કેટલાંયે ભાંગેલાં હૈયાં સાજાં થઇ જતાં.

લીંબોઇ અને સાધુ એકબીજા પર પોતાનું વહાલ ઢોળતાં. એ પ્રેમની તોલે જગતનો કયો પ્રેમ આવી શકે? સાધુની અવસ્થા થવા આવી. સાધુ, લીંબોઇને થાબડતો ને મળવા આવેલા લોકોને કહેતો:

'મારી જુવાનીનો આ એકજ સાથી છે. એનાં ફૂલોએ મારા આખા જીવનને સુવાસિત બનાવ્યું છે.'

એક વાર શિયાળામાં સાધુ માંદો પડ્યો. પક્ષી અને ફૂલો અદશ્ય થયાં હતાં, અને લીંબોઇની પાંદડાં વિનાની ડાળીઓમાં થઇને ગમગીન પવન મંદમંદ વાતો હતો.

સાધુ કહેતો, 'અહા! મારી બહેન મારે સારૂ રૂએ છે. બહેન લીંબોઇ, મારા જેવું હેત તને કોણ દેખાડશે?'

લીંબોઇ હવે તો ઉંચી થઇ હતી સાધુના સૂવાના ઓરડામાં એ ડોકિયાં કરી શકતી. સાધુ દિવસે દિવસે વધારે ને વધારે ફીકો અને કૃશ થતો હતો એ તે જોતી હતી, પણ એણે એને એક દિવસ ઇશ્વરને દોષ દેતો કે ભાગ્યનો વાંક કાઢતો ન સાંભળ્યો.

સાધુનો અંતકાળ પાસે આવ્યો. બારીએ લીંબોઇની પાંદડાં વિનાની ડાળીઓ ધીમેધીમે અથડાતી હતી. મરણશય્યા પરથી સાધુએ બારી તરફ આંખ ફેરવી. અને ગણગણ્યો: 'હે પ્રભુ! તારીજ ઇચ્છા પ્રમાણે થાઓ. જિંદગી મીઠી તો છે, પણ તારીજ ઇચ્છા પ્રમાણે થાઓ. અરે, મારી લીંબોઇને ફરી એક વાર ફૂલ આવેલાં જોવા જેટલું હું જીવ્યો હોત તો!'

પછી એક ચમત્કાર થયો.

એના મોઢામાંથી પેલા શબ્દો નીકળ્યા કે તરતજ લીંબોઇને પાંદડાં ફૂટયાં અને ફૂલ ખીલી નીકળ્યાં.

'બારી ઉઘાડો,' સાધુ ઝીણે અવાજે બોલ્યો.

પાસે ઉભેલા લોકો તો ચકિત થઇ ગયા. એક જણ બારી ઉઘાડવા દોડયો. ઓરડામાં સુવાસ ફેલાઇ ગઇ. પવનની એક ઝીણી લહેર આવી અને કેટલીક પાંખડીઓ લાવીને પથારીપર વેરી ગઇ. મરતા સાધુએ એક લઇને હોઠપર મૂકી. પાંખડી પરજ એનો શ્વાસ વિરમી ગયો.

કાળે કરીને લીંબોઇ પણ ઘરડી થઇને મરી ગઇ. પણ વીએ-નાના લોકો પેલા ભલા સાધુને ભૂલ્યા ન હતા. એ સાધુનું લીંબોઇ પરનું હેત સંભારીને તેમણે લીંબોઇની જગ્યાએ એક પત્થરનું સ્મારક કાયમ કર્યું. આજે પણ લોકો ત્યાં જાય છે ત્યારે એ પત્થર તેમને પેલા પ્રાચીન વતનનું સ્મરણ કરાવે છે.

'મધપૂડો' — ચંદ્રશંકર શુકલ

૧૬

દશરથ રાજાની અંતકાળની ઘડીઓ

રામનો સંદેશો અને સુમન્ત્રથી છૂટા પડતી વખતનું વર્ણન સાંભળીને રાજાને શોકનો ઉભરો ઉછળી આવ્યો તે નજ શમ્યો. તેણે કરૂણ સ્વરથી વિલાપ કરવો શરૂ કર્યો. તેની આખી જિંદગીનું ચિત્ર તેની આંખ આગળ તરવરવા લાગ્યું એક અંધ સ્ત્રીપુરૂષના જોડાએ કરેલા ભવિષ્યકથનનું તેને સ્મરણ થઇ આવ્યું. શ્રવણને વધની યાદ આવતાં કાળની ભયાનક મૂર્તિ તેની આગળ ખડી થઇ. ગભરાટમાં ને ગભરાટમાં તેણે કૌશલ્યાને એ ભવિષ્યકથનની વાત

સંભળાવવા માંડી. કૌશલ્યા પતિને આશ્વાસન આપતી ગઇ અને વાત સાંભળતી ગઇ. રાજાએ વાત ચલાવી:

"એક વખત ભરજુવાનીમાં હું મૃગયા કરવા નીકળી પડ્યો. દોડતે ઘોડે શિકારની શોધમાં ફરતાં એક સરોવર આગળ આવ્યો, ત્યાં પાણીમાં અવાજ સાંભળ્યો. કોઇ હરણ કે બીજું જનાવર પાણી પીવા આવ્યું હશે, એમ ધારીને મેં બરાબર ચોટ લગાવી તરતજ સરોવરમાંથી મનુષ્યની કારમી ચીસ સંભળાઇ. હું બાબરો બનીને દોડ્યો અને જઇને જોઉં છું તો એક ઋષિકુમાર બાણથી વીંધાઇને પડ્યો છે, પાસે પાણીથી ભરેલો લોટો છે અને ઘામાંથી લોહીની ધાર ધડધડ વહ્યા કરે છે. હું તરત એની પાસે દોડી ગયો અને હાથ જોડી તેની ક્ષમા માગવા લાગ્યો. તેણે કહ્યું, 'હશે, મારૂં નશીબ. પણ તમે આ પાણી લઇ જાઓ અને અહીંઆં મારાં અંધ માતપિતા છે તેમને આપો. અરે, એ બિચારાંની જીવાદોરી તૂટી જાય છે; હવે એ શું કરશે?'

'બોલતાં બોલતાં કુમાર શ્રવણની જીભ અટકવા લાગી. મેં તેને ધીરજ આપી અને એના માતપિતાને મારે ત્યાં લઇ જઇ પુત્રની પેરે તેમની સેવા કરીશ એવું વચન આપ્યું. તેણે મને પાણી લઇ જવા સાન કરી પણ હું ન ખસ્યો. મારા મનની મુંઝવણ એ ચતુર કુમાર કળી ગયો હતો. તેણે શરીરમાં રહ્યું હતું તે બધું જોર એકઠું કરીને બોલવાનો પ્રયત્ન કર્યો અને કહ્યું, 'રાજા, તને બ્રહ્મહત્યાનો ભય છે, પણ તું નિર્ભય રહેજે. હું દ્વિજ નથી, પણ વૈશ્ય બાપથી શૂદ્ર માને પેટે જન્મેલો છું.' આટલું કહેતામાં તો તે ઋષિકુમારના પ્રાણ નીકળી ગયા. હું ડરતો ડરતો પાણી લઇને તે અંધ સ્ત્રીપુરૂષ પાસે ગયો અને પાણી આપ્યું.

"મારો પગરવ સાંભળતાની સાથેજ પિતા બોલી ઉઠ્યો: 'બેટા, કેમ આટલું મોડું થયું? પાણી લાવને. આટલી વાર બેટા, તેં પાણીમાં

રંધ્યાં કીધું તે તારી માતા અધીરી થઇ રહી છે. મારાથી કે તારી માતાથી તારો કંઇ વાંક થયો હોય તો તારે મનમાં ન લાવવો જોઇએ. તું તો અમ પાંગળાંના પગ છે, અમ આંધળાંની આંખ છે. તને લઇને તો અમારા પ્રાણ ટકી રહ્યા છે. પણ તું કેમ બોલતો નથી, વત્સ! તને આજે શું થયુ છે?'

"આનો હું શો જવાબ આપું? મને થયું કે ધરતી માગ આપે તો સમાઇ જાઉં. મારી જીભ ઉપડતી નહોતી. મહાકષ્ટે મેં બોલવાનું બળ ભેગું કર્યું અને શ્રવણવધની વાત કરી. મેં કહ્યું 'મહારાજ, મેં અજાણે મૃગની ભ્રાંતે આ કર્મ કર્યું. આપ મને ક્ષમા કરો અને આ જળ પીઓ. હવે હું આપનો પુત્ર આપની શ્રવણ જેવી સેવા કરીશ. મારા પર અનુગ્રહ કરો.'

"મારાં આ વચન સાંભળતાં તો માતાપિતા તરતજ વન ગજવી નાખે એવું આક્રંદ કરવા લાગ્યાં. પુરૂષે મને કહ્યું, 'અમને શ્રવણના શબ પાસે લઇ જા. અમે પણ શ્રવણની સાથે પરલોકમાં જઇશું. એના વિના અમે ક્ષણ પણ નહિ જીવી શકીએ.' હું તેમને શ્રવણના શબ પાસે દોરી ગયો. તેમનો વિલાપ ચાલુ જ હતો. મેં આસપાસથી લાકડાં ભેગાં કરી ચિતા તૈયાર કરી અને શબ આગળ આણ્યો. તે વૃદ્ધ મને શાપ આપશે એ ભયથી હું ધ્રુજતો હતો. તેણે કહ્યું, 'રાજા, હવે અમારો જીવ જાય છે. તને શાપ આપીને પ્રભુનો ગુન્હેગાર તો નહિ થાઉં પણ મરવા બેઠેલો માણસ ભવિષ્ય જોઇ શકે છે. મને તારૂં ભવિષ્ય જણાય છે કે તારે પણ અમારી પેઠે પુત્રવિયોગથી ઝુરીઝુરીને મરવું પડશે.' હું મારી ભવિષ્યવાણી સાંભળીને થરથર્યો. માતપિતાએ તરતજ પ્રાણ તજ્યા. મેં એક જ ચિતા પર પિતા, માતા અને પુત્રનો અગ્નિદાહ કર્યો અને હું ઘેર આવ્યો. અરે, એ વૃદ્ધની વાણી આજ ખરી પડવા બેઠી છે!'

"સીતાહરણ" ચંદ્રશંકર શુકલ

૧૭

દક્ષિણ આફ્રિકાના ઝૂલુઓ

આ વિશાળ પ્રદેશમાં હબસીઓની વસ્તી સન ૧૯૧૪માં લગભગ પચાસ લાખ અને ગોરાઓની વસ્તી લગભગ તેર લાખ હતી. હબસીઓમાં ઝુલુ વધારેમાં વધારે કદાવર અને રૂપાળા ગણી શકાય.

"રૂપાળા" વિશેષણ હબસીઓને વિષે મેં ઇરાદાપૂર્વક વાપરેલું છે. સફેદ ચામડી અને અણિયાળા નાકમાં આપણે રૂપનું આરોપણ કરીએ છીએ; આ વહેમ જો ઘડીભર બાજુએ મૂકીએ તો ઝુલુને ઘડીને બ્રહ્માએ કંઇ કચાશ રાખી હોય એમ આપણને નહિ લાગે. સ્ત્રી અને પુરૂષો બન્ને ઉંચાં અને ઉંચાઇના પ્રમાણમાં વિશાળ છાતીવાળાં હોય છે. આખા શરીરના સ્નાયુ રીતસર ગોઠવાયેલા અને ઘણા મજબુત હોય છે. એની પીંડીઓ અને બાહુ માંસથી ભરેલાં હંમેશા ગોળાકાર જ જોવામાં આવે છે. સ્ત્રી અથવા પુરૂષ વાંકા વળીને કે ખુંધ કાઢીને ભાગ્યે જ ચાલતાં જોવામાં આવશે. હોઠ અવશ્ય મોટા અને જાડા હોય છે, પણ આખા શરીરના આકારના પ્રમાણમાં હોઇ જરાયે બેડોળ છે એમ હું તો નહિ કહું. આંખ ગોળ અને તેજસ્વી હોય છે. નાક ચપટું અને મ્હોટા મોઢાને શોભે એવું મ્હોટું જ હોય છે અને તેના માથાના ગૂંચળિયા વાળ તેની શીશમ જેવી કાળી અને ચળકતી ચામડીની ઉપર શોભી નીકળે છે. જો આપણે કોઇ ઝુલુને પૂછીએ કે દક્ષિણ આફ્રિકામાં વસ્તી કોમોમાં સહુથી વધાર રૂપાળા એ કોને ગણશે તો એ દાવો તે પોતાની જાતને સારૂ જ કરશે, અને તેમાં હું તેનું જરાયે અજ્ઞાન નહિ જોઉં. જે પ્રયત્ન સેંડો ઇત્યાદિ આજે યુરોપમાં તેમના મુરશિદોના બાહુ, હાથ, વગેરે અવયવો કેળવવાને કરે છે તેમાંના કંઇજ પ્રયત્ન વિના

કુદરતી રીતેજ આ કોમનાં અવયવ ઘટ્ટ અને સુંદર આકારે બંધાએલાં જોવામાં આવે છે. ભૂમધ્ય રેષાની નજદીક રહેનારી વસ્તીની ચામડી કાળી જ હોવી જોઇએ એ કુદરતી નિયમ છે અને કુદરત જે જે ઘાટો ઘડે છે તેમાં સૌંદર્ય જ હોય છે એવું આપણે માનીએ તો સૌંદર્ય વિષેના આપણા સાંકડા અને એકદેશીય વિચારોમાંથી બચી જઇએ. એટલું જ નહિ પણ હિન્દુસ્તાનમાં કેટલેક અંશે આપણને આપણી પોતાની જ ચામડી જો કાળાશ પડતી હોય તો જે અણછાજતાં શરમ અને અણગમો ઉપજે છે તેમાંથી પણ આપણે મુક્ત થઇએ.

આ હબસીઓ ઘાસ માટીના ગોળ કુબાઓ (ઝુંપડાંઓ)માં વસે છે. એ કુબાને એક જ ગોળ દિવાલ હોય છે અને ઉપર ઘાસનું છાપરૂં. અંદર એક થાંભલાની ઉપર છાપરાનો આધાર હોય છે. વાંકા વળીને જ જઇ શકાય, એવો એક નીચો દરવાજો તે જ હવાની આવજાનું સાધન. તેને બારણું ભાગ્યે જ હોય છે. આપણી જેમ એ લોકો પણ દીવાલ અને ભોંયને માટી અને લાદ-છાણથી લીંપે છે. એમ ગણાય છે કે આ લોકો કંઇ પણ ચોરસ ચીજ બનાવી નથી શકતા. પોતાની આંખને કેવળ ગોળ વસ્તુ જોવા બનાવવામા જ કેળવી છે. કુદરત ભૂમિતિની સીધી લીટીઓ, સીધી આકૃતિઓ, બનાવતી જોવામાં આવતી નથી, અને આ નિર્દોષ કુદરતના બાળકોનું જ્ઞાન કુદરતના તેમના અનુભવના ઉપર આધાર રાખનારૂં હોય છે.

પોતાના આ માટીના મહેલમાં રાચરચીલું પણ એને લગતું જ હોય. યુરોપનો સુધારો દાખલ થયો તેના પહેલાં તો તેઓ પહેરવા ઓઢવા સૂવા બેસવાને સારૂ ચામડાનો ઉપયોગ કરતા. ખુરશી ટેબલ પેટી ઇત્યાદિ રાખવા જેટલી જગ્યા પણ એ મહેલમાં ન જ હોય, અને આજ પણ નથી હોતાં, એમ ઘણે ભાગે કહી

શકાય. હવે તેઓએ ઘરમાં કામળીઓ દાખલ કરેલી છે. બ્રિટિશ સત્તા દાખલ થઇ તેની પહેલાં સ્ત્રી પુરૂષો લગભગ નગ્નાવસ્થામાં જ ફરતાં. હાલ પણ દેહાતોમાં ઘણા એજ પ્રમાણે વર્તે છે. ગુહ્ય ભાગોને એક ચામડાથી ઢાંકે છે. કોઇ એટલો પણ ઉપયોગ ન કરે. પણ આનો અર્થ કોઇ વાંચનાર એવો ન કરે કે તેથી એ લોકો પોતાની ઇન્દ્રિઓને વશ નથી રાખી શકતા.

જ્યાં ઘણો સમુદાય એક રૂઢીને વશ થઇને વર્તતો હોય ત્યાં બીજા સમુદાયને એ રૂઢિ અયોગ્ય લાગતી હોય છતાં પહેલાની દૃષ્ટિમાં મુદ્દલ દોષ ન હોય એ તદ્દન સંભવિત છે. આ હબસીઓ એકબીજાની તરફ જોયાં કરવાને નવરા હોતા જ નથી. શુકદેવજી જ્યારે નગ્નાવસ્થામાં ન્હાતી સ્ત્રીઓની વચ્ચે થઇને ચાલ્યા ગયા ત્યારે ન એમના મનમાં જરાય વિકાર થયો, ન એ નિર્દોષ સ્ત્રીઓને જરા પણ ક્ષોભ થયો ન જરાએ શરમ જેવું લાગ્યું, એમ ભાગવતકાર કહે છે. અને તેમાં મને કંઇ જ અમાનુષી નથી લાગતું. હિન્દુસ્તાનમાં આજે આપણામાંનો કોઇ પણ એટલી સ્વચ્છતા એવે અવસરે ન અનુભવી શકે એ કંઇ મનુષ્યજાતની પવિત્રતાની હદ નથી, પણ આપણા પોતાના દુર્ભાગ્યની નિશાની છે. આમને આપણે જંગલી ગણીએ છીએ તે આપણા અભિમાનનો પડઘો છે. આપણે માનીએ છીએ એવા તેઓ જંગલી નથી.

આ હબસીઓ જ્યારે શહેરમાં આવે છે ત્યારે તેઓની સ્ત્રીઓને સારૂ એવો કાયદો છે કે તેઓએ છાતીથી ગોઠણ સુધીનો ભાગ ઢાંકવોજ જોઇએ. તેથી એ સ્ત્રીઓને અનિચ્છાએ પણ તેવું વસ્ત્ર વીંટાળવું પડે છે, અને તેને અંગે દક્ષિણ આફ્રિકામાં એ માપના કપડાનો બહોળો ઉઠાવ થાય છે અને એવી લાખો કામળો કે ચાદરો યુરોપથી દર વરસે આવે છે. પુરુષોને કેડથી ગોઠણ સુધી પોતાના અવયવો ઢાંકવાની ફરજ છે, તેથી તેઓએ તો યુરોપનાં ઉતરેલાં

કપડાં પહેરવાની પ્રથા દાખલ કરી દીધેલી છે અને એમ નથી કરતા તે નેહાવાળી ચડ્ડીઓ પહેરે છે. આ બધાં કપડાં યુરોપથી જ આવે છે.

એઓનો મુખ્ય ખોરાક મકાઇ અને મળે ત્યારે માંસ. મસાલા વગેરેથી તેઓ સદ્‌ભાગ્યે કેવળ અજાણ્યા છે. એમના ખોરાકમાં મસાલા હોય અથવા તો હળદરનો રંગ પણ ચડેલો હોય તો નાક મરડશે, અને જે કેવળ જંગલી કહેવાય છે એ તો એને અડકશે પણ નહિ. મકાઇ આખી બાફેલી અને સાથે થોડું મીઠું લઇને એકી વખતે એક શેર ખાઇ જવી એ સામાન્ય ઝુલુને માટે જરાયે નવાઇની વાત ન ગણાય. મકાઇનો આટો પીસીને પાણીમાં ઉકાળી ઘેંસ બનાવી ખાઇને સંતોષ માને છે. જ્યારે જ્યારે માંસ મળી શકે ત્યારે કાચું અથવા પાકું બાફેલું અથવા ભુંજેલું માત્ર મીઠાની સાથે ખાઇ જાય છે. ગમે તે પ્રાણીનું માંસ ખાતાં તેને આંચકો નહિ આવે.

તેઓની ભાષા જાતિના નામનીજ હોય છે. લેખનકળા ગોરાઓએજ દાખલ કરી છે. હબસી કક્કા જેવી વસ્તુ નથી. રોમન લિપિમાં હાલ હબસી ભાષાઓમાં બાઇબલ વગેરે પુસ્તકો છપાયાં છે. ઝુલુ ભાષા અત્યંત મધુર છે. ઘણાખરા શબ્દોને છેડે 'આ' નો ઉચ્ચાર હોય છે, તેથી ભાષાનો અવાજ કાનને હળવો અને મધુર લાગે છે. શબ્દોમાં અર્થ અને કાવ્ય બન્ને રહેલાં છે, એમ મેં વાંચ્યું છે ને સાંભળ્યું છે. જે થોડા શબ્દોનું મને અનાયાસે જ્ઞાન મળ્યું તે ઉપરથી ભાષા વિષેનો ઉપરનો મત મને યોગ્ય જણાયો છે. શહેરો વગેરેનાં નામો યુરોપીયનોએ પાડેલાં જે મેં આપ્યાં છે તે બધાંના મધુર અને કાવ્યમય હબસી નામો છેજ. મને યાદ નહિ હોવાથી હું તે નથી આપી શક્યો.

હબસીઓનો ધર્મ ખ્રિસ્તી પાદરીઓના મત પ્રમાણે તો કંઇજ

ન હતો અને નથી એમ કહેવાય. પણ ધર્મનો વિસ્તીર્ણ અર્થ લઇએ તો કહી શકાય કે પોતે નથી ઓળખી શકતા એવી અલૌકિક શક્તિને તેઓ જરૂર માને છે અને પૂજે છે. એ શક્તિથી ડરે છે પણ ખરા. શરીરનાશની સાથે મનુષ્યનો સર્વથા નાશ નથી થતો એમ પણ તેઓને ઝાંખું ઝાંખું ભાસે છે. જો નીતિને આપણે ધર્મનો પાયો ગણીએ તો તેઓ નીતિ માનનારા હોઇ ધર્મી પણ ગણી શકાય. સાચ અને જૂઠનો તેમને પૂરો ખ્યાલ છે. પોતાની સ્વાભાવિક અવસ્થામાં જેટલે દરજ્જે તેઓ સત્યને જાળવે છે તેટલે દરજ્જે ગોરાઓ અથવા આપણે જાળવીએ છીએ કે નહિ એ શકભરેલી વાત છે. દેવળો વગેરે તેઓને હોતાં નથી. બીજી પ્રજાઓની જેમ તેઓમાં પણ ઘણી જાતના વહેમો જોવામાં આવે છે. વાંચનારને આશ્ચર્ય થશે કે શરીરની મજબૂતીમાં જગતમાં કોઇપણ કોમથી ન ઉતરે એવી આ કોમ ખરે એટલી ભોળી છે કે એક ગોરા બાળકને જુએ તોપણ ડરે છે. જો કોઇ તેની સામે રિવોલ્વર તાકે તો કાં તો તે ભાગી જશે અથવા તો એવો મૂઢ બની જશે કે તેનામાં ભાગવાની તાકાત પણ નહિ રહે. આનું કારણ તો છે જ. મૂઠીભર ગોરાઓ આવી જંગી અને જંગલી કોમને વશ કરી શકયા છે એ કોઇ જાદુ હોવું જોઇએ એમ તેને ઠસી ગયું છે. તેને ભાલાનો અને તીરકામઠાનો ઉપયોગ તો સારી રીતે આવડતો હતો. તે તો છીનવી લેવામાં આવ્યાં છે. બંદુક તો કોઇ દિવસ ન જોએલી, ન ફોડેલી. જેને નથી દિવાસળી લગાવવી પડતી, નથી હાથની આંગળી ચલાવવા સિવાય બીજી કંઇ ગતિ કરવી પડતી, છતાં એક નાની સરખી ભુંગળીમાંથી એકાએક અવાજ નીકળે છે. ભડકો જોવાય છે અને ગોળી વાગી ક્ષણમાત્રમાં માણસના પ્રાણ જાય છે એ તેનાથી સમજી શકાતું નથી. એથી એ સદાય એ વસ્તુ વાપરનારના ડરથી બેબાકળો રહે છે. તેણે અને તેના બાપદાદાઓએ

અનુભવ્યું છે કે એવી ગોળીઓએ અનેક નિરાધાર અને નિર્દોષ હબસીઓના પ્રાણ લીધા છે. તેનું કારણ તેઓમાં ઘણા આજ લગી પણ જાણતા નથી.

આ કોમમાં ધીમે ધીમે 'સુધારો' પ્રવેશ કરતો જાય છે. એક તરફથી ભલા પાદરીઓ તેઓ સમજ્યા છે તે રૂપમાં ઇશુ ખ્રિસ્તનો સંદેશો તેઓને પહોંચાડે છે. તેઓને સારૂ નિશાળો ખોલે છે, અને સામાન્ય અક્ષરજ્ઞાન આપે છે. એમના પ્રયત્નથી કેટલાક ચારિત્રવાન હબસીઓ પણ તૈયાર થયા છે. પણ ઘણા જેઓ અત્યારસુધી અક્ષરજ્ઞાનની ખામીને લીધે સુધારાના પરિચયને અભાવે અનેક અનીતિઓમાંથી મુક્ત હતા તેઓ આજ પાખંડી પણ બન્યા છે. સુધારાના પ્રસંગમાં આવેલા હબસીમાંથી ભાગ્યેજ કોઇ દારૂની બદીમાંથી બચ્યા હોય, અને તેઓના મસ્તાન શરીરમાં જ્યારે દારૂનો પ્રવેશ થાય છે ત્યારે તેઓ કેવળ દીવાના બને છે અને ન કરવાનું બધું કરી નાંખે છે. સુધારો વધવો એટલે હાજતો વધવી એ તો બે ને બે ચાર જેવો સીધો મેળ છે. હાજતો વધારવાને અર્થે કહો કે તેઓને મહેનતની કિંમત શીખવવાને અર્થે કહો, બધાને માથા વેરો કુબા વેરો આપવો પડે છે. એ વેરો નાંખવામાં ન આવે તો આ પોતાનાં ખેતરોમાં રહેનારી કોમ ભોંયની અંદર સેંકડો ગજ ઉંડી ખાણોમાં સોનું કે હીરા કાઢવાને ઉતરે નહિ, અને જો ખાણોને સારૂ એમની મજુરી ન મળી શકે તો સોનું અથવા તો હીરા પૃથ્વીનાં આંતરડાંમાં જ રહી જાય. તેમજ યુરોપનિવાસીઓને નોકરવર્ગ પણ તેઓની ઉપર કર નાંખ્યા વિના મળવા મુશ્કેલ હોય. પરિણામ એ આવ્યું છે કે ખાણોની અંદર કામ કરતા હજારો હબસીઓને બીજા દરદોની સાથે એક જાતનો ક્ષયરોગ પણ થાય છે કે જે "માઇન્ડસ થાઇસીસ"ને નામે ઓળખાય છે. તે રોગ પ્રાણહર છે. તેના પંજામાં આવ્યા પછી થોડા જ ઉગરી શકે છે. આવા

હજારો માણસો એક ખાણની અંદર રહે, પોતાનાં બાળબચ્ચાં સાથે ન હોય એવી સ્થિતિમાં એ કેટલો સંયમ જાળવી શકે એ વાંચનાર સ્હેજ વિચારી શકશે. તેને પરિણામે થતાં દરદોના પણ આ લોકો ભોગ થઇ પડે છે. દક્ષિણ આફ્રિકાના વિચારશીલ ગોરાઓ પણ આ ગંભીર પ્રશ્નનો વિચાર નથી કરતા એમ નથી. તેઓમાંના કેટલાક અવશ્ય માને છે કે સુધારાની અસર આ કોમ ઉપર એકંદરે સારી પડી છે એવો દાવો ભાગ્યે જ કરી શકાય. એની નઠારી અસર તો હરકોઇ માણસ જોઇ શકે છે.

દક્ષિણ આફ્રિકાના
સત્યાગ્રહનો ઇતિહાસ
(પ્રથમ ખંડ)

મહાત્મા ગાંધીજી

૧૮

સ્વર્ગની શાળા

સ્વર્ગલોકમાં ભગવાન પરમાત્માની એક નિશાળ હતી. તેનું નામ દેવશાળા હતું. એ દેવશાળામાં ઇંદ્ર, ચંદ્ર, વાયુ, વરુણ સૂર્ય, કુબેર, બ્રહ્મા વગેરે તેત્રીસ કોટિ દેવો ભણતા. તેઓ બહુ ઉત્સાહથી અધ્યયન કરતા આળસનું તો તેમની પાસે નામ પણ ન હતું. ખાવાપીવામાં અને બીજાં બધાં કામોમાં તેઓ બહુ જ વ્યવસ્થિત હતા. દેવો છાત્રાલયમાં રહેતા, પણ ત્યાં છાત્રાલયનો વ્યવસ્થાપક કોઇ હતો જ નહિ એ કહેવાની જરૂર નથી. નિશાળમાં કોઇ દિવસ રજા પડતી નહિ. ન્હાવાધોવાને માટે ખાસ વખત રાખેલો હતો, તે વખતે બધા દેવો આકાશગંગાના ધોળા પાણીથી સાબુ વગર પોતાનાં કપડાં વગેરે ધોઇ લેતા. એમ નિશાળનું કામ નિયમિત ચાલતું હતું.

એક દિવસ એવું બન્યું કે બધા દેવો પરમાત્મા પાસે જઇને કહેવા લાગ્યા કે "અઠવાડિયામાં અમને એકાદ દિવસની રજા આપવી જ જોઇએ."

છોકરાઓના ચારિત્ર્યને લીધે પરમાત્માનો તેઓની ઉપર ઘણો જ પ્રેમ હતો, એટલે તેમણે કહ્યું કે "હું અઠવાડિયામાં એક દિવસ તો રજા ન આપું, પણ જાઓ આજે રજા આપું છું. પણ જો તમારામાંથી એક પણ વિદ્યાર્થી તેનો દુરુપયોગ કરશે તો પછી હું તમને કદી રજા નહિ આપું"

બધા દેવોએ એ વાત કબુલ કરી. એવી રીતે દેવશાળામાં પહેલવહેલી રજા પડી. દેવો ખુશ થયા અને રમવા ચાલ્યા ગયા. પણ બ્રહ્માને રમવા જવાનું ગમ્યું નહિ. તે પોતાની ઓરડીમાં બેઠા. નવરૂં મન એ ભૂતનું કારખાનું છે. બ્રહ્મા જુના કાગળો કાઢીને તેનાં ચિત્રો બનાવવા લાગ્યા. પહેલાં તેમણે આકાશ, વાયુ, જળ વગેરે પંચભૂતો બનાવ્યાં. પછી પશુ, પક્ષી, માછલી વગેરે ભૂચર, ખેચર અને જળચર પ્રાણીઓ બનાવ્યાં. છેવટે પોતાની બધી અક્કલ વાપરીને તેમણે મનુષ્યની આકૃતિ બનાવી. બધાં પ્રાણીઓમાં પ્રાણ પૂરી દીધો. માથામાં અક્કલ પૂરવાનું કામ બાકી રહ્યું એટલામાં તો રાત પડી ગઇ. વાળુ કરવાનો ઘંટ થયો. બધા દેવો પોતપોતાના થાળીવાટકા લઇને જમવા ચાલ્યા. પણ બ્રહ્માનું કામ હજી પુરૂં થયું ન હતું. પૂરૂં કર્યા વગર જમવુંજ નહિ, એવો તેમણે સંકલ્પ કર્યો અને પોતાનું કામ જારી રાખ્યું. માણસ સિવાય બીજાં બધાં પ્રાણીઓના માથામાં અક્કલ રેડી. હવે માણસના માથામાં અક્કલ ભરવાનું બાકી રહ્યું હતું. પણ દેવશાળાનો નિયમ હતો કે દશ વાગ્યા પછી બધી દીવાબત્તી હોલવી નાખવી જોઇએ અને વખત તો થોડો બાકી રહ્યો હતો. કામ પુષ્કળ અને મહત્ત્વનું હતું. બિચારા બ્રહ્મા કામ પૂરૂં કરી નાખવાના લોભમાં જમવા પણ ઊઠયા નહોતા,

છતાં હવે બહુજ દોડાદોડ કરવી પડી. ઉતાવળમાં ને ઉતાવળમાં કોઇના માથામાં બમણી અક્કલ પૂરાઇ ગઇ અને કોઇના માથામાં દોઢી અક્કલ ઘાલી દીધી. છતાં આખરે તો સમય પૂરો થઇજ ગયો, અને અક્કલ પણ ખૂટી, તેથી કેટલાક માણસો બિચારા અક્કલ વગરના રહી ગયા.

બીજે દિવસે શાળામાં પરત્માએ બધાને પૂછયું કે "તમે કાલે શું કર્યું ?" સૌએ પોતપોતાનાં કામ કહી સંભળાવ્યાં. છેવટે બ્રહ્માનો વારો આવ્યો. પરમાત્માએ પૂછ્યું, "તું બધામાં હોશિયાર કહેવાય છે. તેં શું કર્યું તે કહે." બ્રહ્માએ કહ્યું, "મેં કાગળનાં ચિત્રો બનાવ્યાં છે."

ચિત્રો જોઇ પરમાત્મા બહુ ગુસ્સે થયા અને બોલ્યા કે "તેં આ બહુજ ખોટું કામ કર્યું. તેં આખી સૃષ્ટિ પેદા કરી! વધારે ઓછી અકકલવાળાં પ્રાણીઓ ઉત્પન્ન કર્યાં છે તેથી કરીને તે વચ્ચે ઝગડા મચશે ને આપણી શાન્તિનો ભંગ થશે. માટે હું હવે કોઇ દિવસ તમને રજા આપવાનો નથી.

બ્રહ્માએ નિરાશ થઇને બધાં ચિત્રો હવામાં ફેંકી દીધાં. તે જ આ આપણી સૃષ્ટિ. હવે સૃષ્ટિમાં શું થયું ? બધાં પશુઓ માણસ ઉપર ત્રાસ વર્તાવવા લાગ્યાં. પણ માણસોમાં બુદ્ધિ વધારે હોવાથી પશુઓનું તેમની ઉપર કંઇ ચાલ્યું નહિ. ઉલટાં ગાય, બળદ, ઘોડા, ગધેડાં, કુતરાં વગેરે બધાને માણસોના ગુલામ થવું પડયું. તેઓએ પરમાત્માની પ્રાર્થના કરી. તેઓની પ્રાર્થના સાંભળીને કરુણામય પ્રભુ પૃથ્વી પર પ્રગટ થયા. બધાએ પરત્માને વિનવ્યા કે અમને વધારે અક્કલ આપો. પરમાત્માએ કહ્યું, "હું નકામી અક્કલ બગાડવા ઇચ્છતો નથી, પણ તમારી જો ઇચ્છા હોય તો હું આ તમારૂં રૂપ બદલીને માણસનું રૂપ આપી શકું." કેટલાકોએ છૂપા વેશે વેર

લેવાના ઇરાદાથી હા પાડી. પણ બીજાઓએ કહ્યું "स्वधर्मे निधनं श्रेयः અમે અમારો ધર્મ નથી છોડવા ઇચ્છતા."

જેઓએ ના પાડી તેઓ પહેલાંની જેમ પશુની સ્થિતિમાંજ રહ્યા અને જેઓએ હા પાડી તેઓ માણસોમાં ભળી ગયા. આ બધા ગાય-માણસો, ઘેટ-માણસો. કુતર-માણસો, માછલી-માણસો, પંખી-માણસો, પહેલાંના માણસોને સતાવવા લાગ્યા. પણ તેઓ બહુ ફાવી ન શકયા. તેથી માછલી-માણસોએ સબમરીન બનાવ્યાં. પણ બુદ્ધિમાન માણસો પોતાની શાંત ક્ષમાવૃત્તિને લીધે અજિત રહ્યા. છેવટે આ પાછળના માણસો માંહોમાંહે લડવા લાગ્યા. આ યુદ્ધની શરૂઆત ઇ. સ. ૧૯૧૪માં થઇ હતી. અંત ક્યારે આવશે તે પરમાત્માને ખબર !

મધપૂડો — વિનોબા ભાવે

૧૯

"हिन्द सेवक समाज"

અત્યાર સુધી આપણે ગોખલેની બાલ્યાવસ્થા, તેમની કેળવણી, કોલેજના પ્રોફેસર તરીકે બજાવેલું કામ કોન્ગ્રેસમાં તેમણે આપેલો હિસ્સો, મુંબઇ સરકારની તથા વડી સરકારની ધારાસભામાં ચલાવેલી લડત, ગીરમિટીઆ મજુરોની કીધેલી હીમાયત તેમ દક્ષિણ આફ્રિકાના હિંદીઓના કરેલી વકીલાત વગેરે બાબતો યથાશક્તિ તપાસી. આ સર્વમાં આપણને જણાઇ આવે છે કે ગોખલે એક ખરેખર હિંદમાતાના વફાદાર સેવક છે. તેઓ માને છે કે દેશની સેવામાં આત્મભોગ આપી કામ કરનારા પુરૂષોની સંખ્યા વધારે હોવી જોઇએ. દેશનો વિસ્તાર જોતાં અને કામ કેટલું કરવાનું આપણી સમક્ષ

પડયું છે તે જોતાં સેંકડો કેળવાયલા પુરૂષોએ નિઃસ્વાર્થ જીંદગી ગાળી રાજદ્વારી સંન્યાસીઓ તરીકે બહાર પડવું જોઇએ. એક ગોખલે છે તેવા અનેક ગોખલે પોતાનું આખું જીવન દેશસેવામાં અર્પણ કરે એવો સમય હવે આવી લાગ્યો છે. આર્યભૂમિના ઇતિહાસનું બારીક અવલોકન કરનારને સહજ જણાઇ આવશે કે આત્મત્યાગના જેટલા દાખલા આ ભૂમિમાં થયા છે તેટલા અન્ય સ્થળે કવચિત જ થયા છે. પરંતુ જનસેવા વ્યવસ્થિત રીતે અને સંસ્થાઓ સ્થાપીને કરવાનું તો આ પાશ્ચાત્ય લોકોના સંસર્ગથી શીખ્યા છીએ. વળી ધર્મ, તત્વજ્ઞાન, સાહિત્ય, કળા વગેરે દિશાઓમાં અસલના હિંદીઓ આગળ ઘણા વધ્યા હતા, પરંતુ રાજ્યદ્વારી ક્ષેત્રમાં તેમણે યોગ્ય હિસ્સો આપ્યો નથી. પ્રજાની રાજ્યદ્વારી, નૈતિક, સાંસારિક તેમજ ઔદ્યોગિક ઉન્નતિ કરવા ઉચ્ચ કેળવણી પામેલા મનુષ્યોએ બહાર પડવું જોઇએ. ટુંકામાં પ્રજાને દરેક રીતે તૈયાર કરવા સારૂ એક એવો શિક્ષિતવર્ગ નીકળવો જોઇએ કે જેઓ હિન્દી સંન્યાસીઓની અને ખ્રિસ્તીપાદરીઓની માફક ખુણે ખુણામાં ફરે, પ્રજાની સ્થિતિથી વાકેફ થાય અને તેનાં સંકટ ટાળવામાં અને તેની પ્રગતિ કરવામાં સહાય્ય કરે. દેશના જુદા જુદા પ્રાંતોને અને જુદી જુદી કોમોને એકત્ર કરી એક પ્રજા બનાવવાનું કામ, પાશ્ચાત્ય કેળવણીએ, કોન્ગ્રેસ જેવી સંસ્થાઓએ, તેમ અંગ્રેજી રાજ્યપદ્ધતિએ અને રેલ્વે, તાર, ટપાલ વગેરે સુધારાનાં સાધનોએ કર્યું છે. હાલ સુધીમાં તે દિશામાં જે કામ થયું છે તે ઘણુંજ ઉત્તમ થયું છે. હિંદમાં હિંદુઓ, મુસલમાનો, પારસીઓ, ખ્રિસ્તીઓ વગેરે જુદી જુદી કોમો છે પરંતુ તે સર્વમાં હવે એમ લાગણી થતી જાય છે કે અમે હિંદીઓ પહેલા છીએ અને પછી હિંદુઓ કે મુસલમાનો કે પારસીઓ કે ખ્રિસ્તીઓ છીએ. સરખાં સુખ દુઃખ, સરખી અડચણો અને સરખી આકાંક્ષાઓને લીધે છેલ્લાં પચાસ વર્ષમાં

એકરાષ્ટ્રની ભાવના વધતી જાય છે. આ ભાવના અને એકત્રતા એટલે સુધી વધી છે કે હવે કેળવાયલા પુરૂષો એમ માનવા લાગ્યા છે, કે હિંદ દેશ ઝડપથી આગળ વધે છે, અને નજીકના ભવિષ્યમાં તે સુધરેલા દેશોની હારમાં આવવા લાયક થશે. કેળવણીની બાબતમાં અને સ્થાનિકસ્વરાજની બાબતમાં સારી શરૂઆત થઇ છે અને પ્રજાના બધા વર્ગોમાંથી સાંકડા વિચાર નીકળી ઉદાર વિચાર દાખલ થતા જાય છે. આપણે સાર્વજનિક જીવન ગાળવું જોઇએ અને માતૃભૂમિની સેવા કરવી જોઇએ એમ સર્વત્ર મનાતું જાય છે. કોન્ગ્રેસો અને પરિષદો, જાહેર સંસ્થાઓ અને મંડળો, જે કામ કરી રહ્યાં છે. છાપખાનાં અને વર્તમાનપત્રો જે કામ બજાવી રહ્યાં છે, તે જોતાં એમ લાગે છે કે પ્રજાની નસોમાં નવો જીવનનો પ્રવાહ શરૂ થઇ ચૂક્યો છે. જે પરિણામ આવેલું આપણે જોઇએ છીએ તે એમ બતાવી આપે છે કે જ્યાં જંગલ હતું ત્યાંથી હવે ઝાડી કપાઈ ગઇ છે અને પાયો નંખાયો છે. હવે તેના ઉપર મકાન ચણવાનું કામ કરવાનું છે અને તે વાસ્તે સ્વાર્થ-ત્યાગી પુરૂષોની જરૂર ખડી થઇ છે; તે એવા જોઇએ કે દેશસેવા અને જનસેવા ધાર્મિક દ્રષ્ટિથી કરે. આવા રાજ્યદ્વારી સંન્યાસીઓનું મંડળ ઉભું કરવાનો ગોખલેનો વિચાર ઘણા વખતથી ચાલતો હતો. માણસો છુટક છુટક જુદા જુદા દ્રષ્ટિબિંદુથી કામ કરે તેના કરતાં એકત્ર મળી એક ભાવનાથી કામ કરે તે વધારે ઉપયોગી થાય એ દેખીતું છે. આ ઉમદા હેતુ બર લાવવા સારૂ ગોખલેએ હિંદ સેવક સમાજ નામનું એક મંડળ અને ૧૯૦૫ ના જુન માસની ૧૨ મી તારીખે પુનામાં સ્થાપ્યું. આ મંડળના સભાસદો હિંદનો બ્રિટિશ રાજ્ય સાથેનો સંબંધ કબુલ રાખી તેના મુરબ્બી-પણા નીચે સંસ્થાનો જેવું સ્વરાજ હિંદ મેળવે અને હિંદવાસીઓ હાલના કરતાં વધારે ઉચ્ચ જીવન પ્રાપ્ત કરે એવું લક્ષ્યબિંદુ

રાખે છે. આ લક્ષ્યબિંદુ પ્રાપ્ત કરવા સારૂ ઘણાં વર્ષ સુધી સતત પ્રયાસ કરવો પડશે અને ભારે ભોગ આપવો પડશે એમ સભાસદો માને છે. પ્રજાજનોનું ચારિત્ર્ય ઉચ્ચ પ્રતિનું બંધાય તે વાસ્તે મંડળે કામ કરવાનું છે. કામ કરતી વખતે અડચણો ઉભી થશે. કંટાળી મુકી દેવાનું મન થશે, અને નિરાશાઓ મળશે; પણ તેથી સેવક સમાજના સભાસદોએ તે મૂકી દેવાનું નથી. કામ કરનારા જો કંટાળી નહિ જાય તો મહેનતનો ધારેલો બદલો જરૂર મળશે. ગોખલે કહે છે કે પુરતી સંખ્યામાં નિઃસ્વાર્થી કામ કરનારા મળવા એ ખાસ જરૂરનું છે. તહેવારોમાં જે પ્રમાણે મઝા મારતા હોઇએ તે પ્રમાણે સાર્વજનિક કામ કરવાની પદ્ધતિને મૂકી દઇ જાહેર જીવન ધાર્મિક બનાવવું જોઇએ. સ્વદેશ પ્રત્યેનો પ્રેમ આપણો એટલો ઉગ્ર હોવો જોઇએ કે તેની પાસે દુનિયાની બીજી બધી બાબતો કુચા જેવી જણાય. ગોખલે જણાવે છે કે મંડળના સભાસદોએ એવા પ્રકારનું સ્વદેશાભિમાન રાખવું કે આત્મભોગ આપતાં જ આનંદ પ્રાપ્ત થાય; એવા પ્રકારની નિડરતા રાખવી, અને એવી રીતે તૈયાર થઇ માતૃભૂમિ પ્રત્યેનો પોતાનો ધર્મ પાળવો કે તેવા નમુનાથી સકળ હિન્દમાં નિડરતા અને સ્વદેશાભિમાન સર્વવ્યાપી બની જાય. કાયદેસર રીતે ચળવળ કરી પ્રજાના લાભ કેવી રીતે વધે તે કામ સેવક સમાજના સભાસદોએ કરવાનું છે. વળી ઉપદેશથી અને પોતાના દાખલાથી પ્રજામાં સ્વદેશાભિમાન વધારવું. રાજદ્વારી ચળવળ કરવી. રાજકીય શિક્ષણ આપવું, જાહેર બાબતોનો પાકો અભ્યાસ કરવો અને સાર્વજનિક જીવન મજબુત કરવું, હિંદની જુદી જુદી કોમો વચ્ચે ઐક્ય અને સુલેહ વધે એવાં પગલાં ભરવાં, કેળવણીની સંસ્થાઓને મદદ કરવી અને તેમાં પણ મુખ્યત્વે સ્ત્રીકેળવણી, અંત્યજવર્ગની કેળવણી અને ઔદ્યોગિક કેળવણી ઉપર વિશેષ ધ્યાન આપવું. એ ઉપરાંત સેવકમંડળે

દેશના ઉદ્યોગ હુન્નર કેમ વધે તે ઉપર લક્ષ આપવું અને અત્યંજ વર્ગોનો ઉદ્ધાર થાય અને તેમની ઉન્નતિ થાય તેવાં પગલાં ભરવાં. સેવક સમાજનું મુખ્ય સ્થળ સદર સ્ટેશન પુનામાં રાખ્યું છે. ત્યાં તેના સભાસદો રહે છે. સાથે એક વિશાળ પુસ્તકાલય રાખવામાં આવ્યું છે કે જેથી સભાસદો જુદાજુદા વિષયોનું અધ્યયન કરી શકે. પાકા સભાસદ થયા પહેલાં દરેક સભાસદને પાંચ વર્ષ સુધી તાલીમ આપવામાં આવે છે. સેવકસમાજના સભાસદે ખાનગી લાભ જોવાના નથી તેમ ખાનગી ધંધો કરવાનો નથી. તેણે સર્વને ભાઇ સમાન ગણવા, કંઇ કજીયાટંટામાં ઉતરવું નહિ; અને પવિત્ર જીંદગી ગાળવી. આ સમાજના પ્રથમ સભાસદ ગોખલે થયા છે. જે સભાસદ તાલીમ લેતો હોય તેણે ગોખલેની આજ્ઞામાં રહેવાનું છે અને ગોખલે જે અભ્યાસ બતાવે તે કરવાનો છે.

ત્રણ વર્ષ સુધી અભ્યાસ કર્યા પછી હિંદના કોઇ ભાગમાં ખાસ કામ ઉપર મોકલવામાં આવે છે અને લોકસ્થિતિથી વાકેફ કરવામાં આવે છે, અને તેમ કરી તેને પાકો સભાસદ બનાવે છે. સભાસદ સિવાયના કોઇ બહારના લાયક માણસને સમાજનું કામ કરવું હોય તો કેટલીક સરતે તેને કામ સોંપવામાં આવે છે. તેથી બહારના યોગ્ય માણસો પણ ઉપયોગી થઇ શકે એવું છે. સમાજની બરાબર વ્યવસ્થા રહે અને સરળતાથી કામ ચાલે તે માટે ધારા ઘડેલા છે અને વહીવટ કરનાર પેટા મંડળ પણ બનાવ્યું છે. દરેક સભાસદને પોતાના અને કુટુંબના ખર્ચ વાસ્તે રૂ. ૫૦) માસિક આપવામાં આવે છે, રૂ. ૩૦૦૦)નો તેનો વીમો ઉતારવામાં આવે છે, અને તેનું અવસાન થાય તો તેના કુટુંબને તે રકમ મળે છે. તેનાં છોકરાંની કેળવણી વાસ્તે પણ ગોઠવણ કરવામાં આવે છે, સને ૧૯૦૫માં જ્યારે સેવકસમાજની સ્થાપના થઇ ત્યારે તેમાં માત્ર

ત્રણ સભાસદ થયા હતા, પણ હાલમાં તેની સંખ્યા ૨૫ ઉપર થઇ છે. બ્રિટીશ હિંદમાં લગભગ પોણા ત્રણસેં જીલ્લા છે. તેટલી સંખ્યા સભાસદોની થાય એમ સમાજ ઇચ્છે છે. હાલમાં તો માત્ર શરૂઆત થઇ છે. આ સમાજમાં અત્યાર સુધીમાં સભાસદ તરીકે મોટે ભાગે દક્ષિણીઓ, મદ્રાસીઓ, અને બંગાળીઓ દાખલ થયા છે. ગુજરાતીઓ આજ સુધી નહોતા, પણ હમણાં હમણાં બે ગુજરાતી દાખલ થયા છે, એક મી. અમૃતલાલ ઠક્કર જે એન્જીનીયર તરીકેનો રૂ ૪૫૦) નો માસિક પગાર લાવતા, તે છોડી સમાજમાં દાખલ થયા છે, અને બીજા મી. કરસનદાસ ચીતલીયા છે. એક મુસલમાન સૈયદ હૈદર હુસેન પણ સભાસદ તરીકે સામેલ થયા જણાય છે. પરંતુ હજુસુધી એકે પારસી જુવાનીઓ જણાયો નથી. સેવક સમાજ તરફ સરકારની સહાનુભૂતિ છે. તેનો એક મદ્રાસી સભાસદ મી૦ શાસ્ત્રી મદ્રાસ સરકારની ધારાસભામાં સભાસદ નીમાયો છે. સમાજમાં આગેવાની ભર્યો ભાગ લેનાર મી૦ દેવધર, પટવર્ધન, શાસ્ત્રી વગેરે છે. જેમ ગોખલે રાનાડેને ગુરૂ માને છે તેમ સેવક સમાજના સભાસદો ગોખલેને ગુરૂ માને છે. સમાજને નાણાંની મદદ વાસ્તે હજુ જાહેર પ્રજાને અપીલ કરવામાં આવી નથી. મકાનો તથા પુસ્તકાલય વગેરેમાં લાખ રૂપીઆ ઉપર ખર્ચ થયું છે. પણ તે સર્વ ગોખલેના અંગત મિત્રોએ પુરૂં પાડયું છે. કારણ કે તેમની ખાત્રી છે કે જે કામ વાસ્તે ગોખલે નાણાં માગે છે તેનો હેતુ શુદ્ધ અને પવિત્ર હોવો જોઇએ. જેમ જેમ કામ વધતું જશે અને વધારે મજબુત પાયા ઉપર મુકાશે અને માણસોની પણ સંખ્યા વધશે તેમ તેમ ગોખલે નાણાં મેળવી શકશે એમાં શક નથી. સમાજની શાખાઓ પણ કાઢવામાં આવી છે. જેવી કે મુંબઇ, નાગપુર, અલ્હાબાદ અને આગળ ઉપર બીજી શાખાઓ નિકળશે. કામ એવું ભારે ઉપાડયું છે કે તેની મારફત નિઃસ્વાર્થી પુરૂષોને દેશસેવા કરવાની તક મળી છે. ઉમેદવારો પણ વધતા જાય છે. વળી રાજદ્વારી કામ કરી રહેલા બહારના

માણસો વાસ્તે પણ સમાજનું કામ કરવાની ગોઠવણ કરી આપી છે. તેથી ઘણો લાભ થશે, અને છુટક છુટક કામ કરનારા એકત્ર મળી શકશે. પુનામાં સમાજનું જે મકાન બનાવવામાં આવ્યુ છે, તે શહેરથી દૂર અને ફરગ્યુસન કોલેજની પડોશમાં અને રળીઆમણા ડુંગરોની પાસે છે. આસપાસનો કુદરતી દેખાવ ઘણોજ સુંદર લાગે છે. તે મકાનની અંદર " સાદું જીવન અને ઉચ્ચ વિચારો "નું વાતાવરણ દેખાઇ રહ્યું છે. તે સભાસદોએ ગરીબાઇ સ્વીકારી છે. મોટા મોટા સરકારી અમલદારો અને બીજા અંગ્રેજો સમાજની મુલાકાત લે છે અને પોતાનો સંતોષ જાહેર કરે છે. મુંબઇમાં પણ સમાજનું પોતાનું મકાન ગીરગામમાં હમણાંજ થયું છે. ગોખલે દેશમાં હો કે પરદેશ ગયા હોય છતાં દેવધર જેવા સભાસદો કામ ઉપાડી લે છે.

ગોખલેએ આ સંસ્થા કાઢી એક એવી શરૂઆત કરી છે કે તેનો લાભ આપણને કેટલો બધો મળશે તે કહી શકાતું નથી. ખરેખર તેમણે હિંદમાતાના સાચા સેવકનું કામ કર્યું છે.

" ગોપાલકૃષ્ણ ગોખલેનું ચરિત્ર "
ભાગ બીજો

૨૦

માણભટ્ટ

ગોવર્ધનરામને ન્હાનપણથીજ કથાઓ સાંભળવાનો ઘણો શોખ હતો. પોતાનાં માતુશ્રી સાથે માણભટ્ટની કથા સાંભળવા તે દરરોજ જતા અને આ કથાઓ ઘણાજ ધ્યાનથી તથા રસથી સાંભળતા. માણભટ્ટની કથાની સંસ્થા આપણા ગુજરાતમાંજ પ્રચાર પામી હોય એમ જણાય છે. આ કથા કહેનારા માણભટ્ટ જાતે બ્રાહ્મણ હતા. તેઓને

મહાભારત, રામાયણ તથા પુરાણોની કથાનું બહુ સારૂં જ્ઞાન હતું અને એ વિષેની કવિતાની હજારો કડીઓ તેમને મોઢેજ હતી. કેટલાક તો જાતે પણ સારી કવિતા બનાવી જાણતા અને કેટલા-એકનામાં વિદ્વત્તા તથા વાક્ચાતુર્ય પણ ઉંચી જાતનાં હતાં. તેઓ ચૌટામાં, કોઇના મ્હોટા ઓટલા ઉપર કે એવી જાહેર જગ્યાએ બેસતા, અને મોઢેથી કવિતા ગાતા. એમની સાથે એક જાતનું જુના જમાનાનું વાજિંત્ર પણ હતું. આ વાજિંત્ર તે બીજું કશુંએ નહીં પણ ત્રાંબાની એક મ્હોટી માણ હતી, જેને આંગળી ઉપરની વીંટીથી માણભટ્ટ તાલ પ્રમાણે વગાડતા.

આ વાજિંત્ર આવું સાદું હોવા છતાં લોકોના ચિત્તને સારી પેઠે આનંદ આપી શકતું. આ માણ ઉપરથીજ માણભટ્ટ એવું નામ પડયું છે. આ માણ ઉપરાંત નરઘાં, કરતાલ વગેરે આપણો દેશી સાજ પણ તેઓ રાખતા. માણભટ્ટની કવિતા જેવી સરળ હતી તેવીજ તે અસરકારક. મૂળ હેતુ જો કે ધર્મ તથા ભક્તિનો હતો છતાં ઘણી વાર હાસ્યરસપ્રધાન થઇ જતો. તેથી આ કથાઓમાં રમુજી ટૂચકાઓ, અનેક પ્રકારના ચાળાઓ તથા સંસાર વ્યવહારના રોજના પ્રસંગોનો સારી પેઠે ઉપયોગ થતો. આ સર્વ સામગ્રીની સહાયતાથી તથા માણભટ્ટની પોતાની કથા કરવાની છટાથી રસનો જમાવટ એવો થતો કે હજારો માણસો એકચિત્તથી કથાનું શ્રવણ કરતા. માણભટ્ટને લોકો અથાગ માન આપતા; કથા કરતી વખતે માણભટ્ટની પાસે ચોખા વગેરે દાણાના મ્હોટા ઢગલાના ઢગલા થતા, અને સારા માણભટ્ટની કથા સાંભળવાને તો લોકો ગાંડા ઘેલા થઇ જતા.

જે સમયે આપણા જનસમુદાયને વધારે સારો બનાવવા માટે બીજી એકે લોકપ્રિય વ્યવસ્થા ન હતી તેવે સમયે આ માણભટ્ટોએ લોકોની અમૂલ્ય સેવા બજાવી છે. અભણ ને ગામડીઆ, બાળ ને વૃદ્ધ, સ્ત્રી ને પુરૂષ સર્વને આપણાં ધર્મપુસ્તકનું તેઓ સમજી શકે

તેવી રીતે જ્ઞાન આપવું, આપણાં પુરાણોનો લોકોમાં પ્રસાર કરવો તથા તે પુરાણી કથાઓદ્વારા ધર્મનીતિનો બોધ હૃદયમાં ઉતારવો– આ ત્રણેના એક સબળ સાધનરૂપે આ સંસ્થા હતી. હજી પણ આપણામાં એવા કેટલાયે માણસો હશે જેઓના કાનમાં "વૈશંપાયન અણીપેર બોલ્યા સુણ જનમેજય રાય" એ શબ્દો વારંવાર રમ્યા કરતા હશે! છતાં પણ અફસોસ છે કે નવા જમાનાને અનુકૂળ થઇ પોતાની ઉપયોગિતા સાચવી રાખવાની ત્હેનામાં શકિત નહીં હોવાથી આ સંસ્થા ધીમે ધીમે ઘસાઇ નિર્જીવ થઇ ગઇ છે. અને એનું સ્થાન સાચવવા બીજી કોઇ સંસ્થા હજી ઉભી થઇ દેખાઇ નથી!

"શ્રીયુત ગોવર્દ્ધનરામ" કાન્તિલાલ છગનલાલ પંડયા

૨૧

सुरपाळ अने हरदास

ઓ ઇશ્વર! આ બધાં ચિહ્ન સંગ્રામ સંપૂર્ણ થયાનાં છે: પણ કોણ જાણે શા કારણથી, મારા અંતરમાં હર્ષ છલકાઇ જતો જોઇએ, તે છેક ટાઢો પડી ગયો છે. કદાપિ એ સંગ્રામમાં જયનો સાધન હું ન થઇ પડયો તેથી જ એમ થતું હશે.

(હરદાસ પ્રવેશ કરે છે.)

હર.—મહારાજ! સુરસેન! એમજ છે.

સુર.—(વિસ્મયથી) અહો! એ કોનો અવાજ! એ બોલ સાંભળતાં જ મારી નજર આગળથી સંગ્રામનો સઘળો ચિતાર ઉડી ગયો અને આ કોણ? (જોઇને) મારી પાસે કોણ ઉભું છે? હરદાસ!

હર.—હા, પ્રિયમિત્ર! તમારી સામો જ આવતો હતો.

સુર.—શી વધામણી લાવ્યા છો, ભાઇ?

હર.—વધામણી તો શાની?

સુર.—અરે, એટલોજ તમારો બોલ મારા માથામાં જાણે મોટો સોટો વાગ્યો હોય એમ જ્ઞાનેન્દ્રિયને બ્હેરી કરી નાંખે છે.

(આંખે હાથ દેઈ રેહે છે.)

હર.—જેને માટે આપણો ઉપાય નથી તે માટે હવે તમે શૂરા થઇને શું હઠી જાઓ છો? તમારો તો હવે જે નઠારામાં નઠારો પણ ફાલ હોય તેની સામા છાતી કાઢી ઉભા રહેવું જોઇએ. તમારા ઉપર આ ખબરથી ઘણી અસર થશે એમ જાણીને જ હું તમારા સામો આવ્યો છું. ને વળી મારા મનમાંએ વેર વાળવાના બીજા ઉપાય રમી રહ્યા છે.

સુર.—(જાગીને) પ્રિય હરદાસ! તમારા છેલ્લા બોલરૂપી અમૃતથી મારૂં દીલ પુનરપિ જીવતું થયું. પણ તે પહેલાં શું થયું તે સવિસ્તર કહી જાઓ.

હર.—ભાઇ, જરા આગળ ચાલતાં હું તમને સર્વ સમજાવીશ.

સુર.—આગળ ને પાછળ, હવે આપણે લગભગ સંગ્રામભૂમિના છેડા ઉપર ઉભેલા છીએ ને? અહીંઆંજ મને બધું કહી દ્યો.

હર.—તમારી સઘળી ધીરજ એકત્ર કરી સાંભળવા તત્પર થાઓ કે તમે આમ નગર બહાર થોડે દૂર પહોંચ્યા હશો ને ભુવનાદિત્ય ચઢી આવ્યો. મહારાજ જયચંદ્રદેવ થોડાં ઘણાં અર્ધાં સજ્જ થયેલાં માણસો લેઇ સામા થયા પણ તેમનો આત્મા સ્વર્ગવાસ પામ્યો.

સુર—(નિસાસો નાખતો) અને એ ભુવનાદિત્ય અત્યારે નગરમાં છે?

હર.—હા મહારાજ.

સુર.—ત્યારે હું ખરો સામંત ક્યારે કહેવાઉં કે મારા મિત્ર તથા બનેવીનું વેર, એ ભુવનાદિત્ય જોડે તુમુલયુદ્ધ કરી, વાળું ત્યારેજ. માટે ચાલો હરદાસ! આગળ થાઓ.

(ચાલવા માંડે છે.)

હર.—તમારા શૂરમાં કાંઇ ખામી નથીજ, તમે બળવાન છો એટલે તમારે કશું અસાધ્ય નથી, પણ એ રાજા ધર્મયુદ્ધના નિયમો પાળતો નથી. એ તમારી સાથે યુદ્ધ પોતે જાતે ન કરતાં તમને તરત પકડાવી લે ને કદાપિ વેર વાળવાનો વિચાર તમારા મનમાં ને મનમાં જ રહી જાય.

સુર.—ત્યારે શું મારે ન જવું?

હર.—મને તો એમજ લાગે છે કે તમારે જવું નહિ. પણ આ પાટણની ભૂમિ હવે તમારે જ આશ્રયે છે તેની સંભાળ અન્ય રીતે લેવી.

સુર.—અરેરે બિચારી ભૂમિ!

शार्दूलविक्रीडित्

તારી આંખ અજાણી કુડ દુઃખથી રે'તી સદાયે હસી,
તું ઝાઝા પતિ–ભૂપ–ને વરી તથા નિત્યે કુમારી રહી;
તે તું આજ ઉપાડી કેશ રડતી રે! ચંદ્રકેરે જવે,
ફાટે દીલ રડી રડી પણ કહે છાની ખમા કો હવે?

(અશ્રુપાત કરે છે.)

હર.—એમ મા બોલો મહારાજ, તમે બેઠા છો ત્યાંસુધી એ ભૂમિ સનાથ જ છે. એનું દુઃખ ભાંગનાર હવે તમે જ છો. એ માતા તમારી જ આશા રાખે છે.

સુર.—અરે દુષ્ટ દૈવ! તેં મને મારા કર્તવ્યકર્મથી જુદો પાડવાનો પ્રસંગ આણી, આ દશાએ પહોંચાડ્યો, ત્યારે તે પહેલાં મારૂં

મૃત્યુ જ શેં ના આપ્યું ? જયચંદ્રરાજ સન્મુખ પડી સ્વર્ગલોક પામ્યા તેથી હું નારાજ નથી, પણ આ બિચારી ભૂમિની શી વલે ! અરેરે, મહારાજ તમારા મ્હોંની વાણી સફલ થઇ ! ખરેખર તમે દૈવની પેઠે જે ભવિષ્ય ભાખ્યું હતું તે જ થયું ! હવે શું કરવું તે પણ સમજણ પડતી નથી.

હર.—મહારાજ ! હાલ તો તમારા વિચાર બધા અસ્તવ્યસ્ત થઇ ગયેલા છે, ને આ શોકનો ઘા વળી તાજો છે એટલે તમે એમ ધારો છો કે હું કંઇ કરવાને શક્તિમાન નથી; પણ હું તમને ધીમે ધીમે જે વાત કહું તે પર લક્ષ આપવા કૃપા કરો તો વેર વાળવાનો સરળ ઉપાય હું તમને બતાવું.

સુર.—હા ભાઇ, તમે હમણાંજ એવી સૂચના કરી હતી ખરી. અમારાં દીલ તો ખરૂં જોતાં રીડાં થઇ ગયેલાં છે. અમને મરણથી થોડો જ શોક થાય છે. પણ આ તો આવો વિકટ ઘા લાગવાથી મન કહ્યું કરતું નથી. મારી બ્હેન તો સાંભળશે ત્યારે શુંએ કરશે? તેનું મન શી રીતે મનાવવું તેની મને મોટી ફીકર છે. હું જનાર જયચંદ્રરાજ જે મોટું નામ મૂકી સ્વર્ગવાસ પામ્યા તેમને રડતો નથી; હું રડું છું પાટણને, એમની પટ્ટરાણીને, ને મારી એમની સાથે ન જઇ શકાયાની દુર્ભાગ્યતાને.

હર.—સત્ય છે ! પણ તમે હવે પાછળ રહ્યા છો તે સારાને જ માટે. તમે તમારા રહી ગયાનો સારો ઉપયોગ કેમ કરી શકો તે માર્ગ મેં ખોળી કાઢ્યો છે.

સુર.—અહો ! આપણે છેક રણભૂમિ ઉપર જ આવી પડ્યા ! અરે આ ખોપરી.... (દેખાડતો)

શાર્દૂલવિક્રીડિત

જેમાં તર્કવિતર્ક રાજ્ય રણના વાંકા ચુંકા મ્હાલતા,
સંસારી સુખ પ્રાપ્ત થાય જગમાં તેની હતી જ્યાં સિમા:
રાતા, શ્વેત કદાપિ શ્યામ નિપજે ગોળી ઉડી જાય જ્યાં,
તે આજે વરૂ વ્યાળ દંત કરડે, છે ધૂળ દુર્ગંધમાં.

સોરઠો

અરેરે !

ચઢતા જે શિરતાજ, ઝગ ઝગ ઝગ જ્યોતે થતા;
તેપર રે પ્રભુ! આજ, ધૂલ ન ચપટી ઢાંકવા.

હર.—મહારાજ! જગતનું તંત્ર એવુંજ અસ્થિર છે. આજ હસવું તો કાલ રડવું એમ ઉત્તરોત્તર ચાલ્યાંજ જાય છે. એટલાજ માટે આપને કહેવાનું કે નિરાશ ન થતાં જો ઉપાયમાં તત્પર રહેશો તો આજ અવળો છે તે વળી કોઇ કાળે સવળો થઈ જશે.

સુર.—યોગ્ય કહ્યું. પણ પહેલાં મને એક વાત કહો કે મહારાજનું શવ પણ આવી જ દશામાં હશે માટે આપણે તેને કંઇ નહિ તો ભૂમિદાહ પણ દેઇએ.

હર.—એમના શવને સંભાળીને શત્રુઓ લેઇ ગયા છે, એટલે આપણે નિરૂપાય છીએ. સાંભળ્યું છે કે તેમનો વિચાર એ શવને કોઈ રીતે અપમાન પહોંચાડવાનો નથી એટલે આપ નાચંત રહો.

સુર.—પણ તેઓ ક્યાં હશે ?

હર.—એ ખબર હોત તો હું આપને ત્યાં જ ન તેડી જાત!

સુર.—ફીકર નહિ; એમનો આત્મા સ્વર્ગવાસ પામ્યો એટલે પછી શરીરને જે થાય તેની થોડી જ દરકાર છે. ખરેખર પણ આ ભૂમિને ડાકિની કહીએ તોય ચાલે, કેમકે—

(તિરસ્કાર કરતો)

શાર્દૂલવિક્રીડિત

ખાધા અર્જુન કર્ણ લક્ષ્મણસખા રામાદિ ઝાઝા જનો,
ખાધા ન્યાયસભાસુભૂષણ વળી, દાતા અદાતા ગણો;
ખાધા વંશ ઉજાળનાર સુતને, તોયે રહી ભૂખડી,
એંચે હાથ પસારી રોજ જનને, પામે જુવાની નવી.

હર.—મહારાજ! એનો શો વાંક? કાળક્રમે કરી નામ તેનો નાશ છે જ; એ તો તમારા જેવા મહાત્માના હાથમાં આવતાં સુખી થાય છે. નહિ તો એના જેવું બીજું કોઇ દુઃખી નથી. તમારે એનો તિરસ્કાર કરવો ઘટે નહિ. જુઓઃ–

વસંતતિલકા

હાથ કુટે શિર રડે મુકી પોક પોતે,
ને ત્રાહિ, ત્રાહિ, વદતિ જયચંદ્ર જાતે;
ક્યાં રોઉં દુઃખ, સુણશે મુજ વાત કોણ?
ને બાંહિ મુજ પકડે નહિ કો સુપૂત.

સુર.—નહિ શા વાસ્તે? મુજસરખા એના સેવક તૈયાર જ છે. એને માટે શું કરવું તે કહો, હરદાસ!

"કાન્તા' અંક ૧ પ્રવેશ ૬ મણિલાલ નભુભાઇ દ્વિવેદી

૨૨

શાલાપાર

ચરોતરમાં મહેમદાવાદથી પાંચ સાત ગાઉ ઉપર પાટીદારની વસ્તીનું એક જૂનું ગામ છે. મૂળ એ ગામ નરવાનું હતું. પણ પચાસ પોણોસો વરસથી નરવો તૂટ્યો છે, ને સરવે પ્રમાણે ખાતાબંધી વહીવટ ચાલે છે.

ગામમાં ઉજળીઆત વસતી સારી છે; આશરે બસો ઘર પાટીદારનાં છે. બીજાં વાણીઆ, બ્રાહ્મણ તથા વસવાયાંનાં છે. ગામના લોક મહેનતુ ને સંપીલા છે. ગામમાં ઘણું દેવું નથી. શાહુકાર વાણીઆ ધીરધાર કરતાં વેપારનો ધંધો કરે છે. ગામનો ચોરો રૈયતે બાંધેલો મોટો વિશાળ છે. હિંદુઓનું દેવળ પણ સારૂં છે, ને એક ધર્મશાળામાં વટેમાર્ગુ તથા સાધુસંત ઉતરે છે, તેથી ઠેઠ કાનમ લગી ગામની આબરૂ પણ સારી છે.

કણબીની વસતીમાં મોટું ને મોભાવાળું ઘર શાન્તિદાસ પાટીદારનું છે. તેમના બાપને સાત દિકરા હતા, તે બધા હાલ જૂદા જૂદા રહે છે; સાતે દિકરાને વાડી વસ્તાર સારો થયો છે. શાન્તિદાસને ૭ દિકરા છે, તેમાંના પાંચ મોટા ધંધે વળગી ગયા છે, પણ નાનો ભીખારીદાસ હાલ નોકરી ખોળે છે. આશરે દશેક વરસ ઉપર શાન્તિદાસની વહુના મનમાં એમ આવ્યું કે, મારા ૭ દિકરામાંથી નાનો દિકરો અંગ્રેજી ભણે ને સરકારી નોકરીએ વળગે તો કેવું સારૂં ! વખતે ટોપીવાળાની મહેરબાની થાય, તો ચઢતાં ચઢતાં એ તો કુમાવિસદાર થઇ જાય, ને આપણે ઘેર આખા પરગણાની હાકેમી આવે. શાન્તિદાસના મનને આ વાત બહુ ભાવી નહીં. હાલ અઢારે વરણ અંગ્રેજી ભણતર ભણવા માંડે છે, તેમાં ઘણા અધવચ મુકી દે છે, ને થોડા જ ઠેઠ લગી પહોંચે છે; વળી જે થોડા ભણી ઉતરે છે તેમને બધાને કુમાવિસદારી મળતી નથી એ વાત શાન્તિદાસ સારી પેઠે સમજતા હતા; પણ છોકરો છેલ્લા ખોળાનો હતો, ને આટલી ઉમરે ઘરનાં બૈરાંને નાખુશ કરવાં એ પણ ઠીક નહીં, એમ તેમણે વિચાર્યું. વળી એમના હૈયામાં એમ પણ ખરું કે પરમેશ્વરને કરવું હોય ને છોકરાનું નસીબ ઉઘડે તો છોકરાની માના કોડ પૂરા પડે ને ઘડપણમાં આપણા સુખમાં મણા ન રહે, એટલે પહેલાં તો જરા એમણે બૈરાંનું કહ્યું ગણકાર્યું ન ગણકાર્યું એમ કર્યું; પણ છોકરાની

માએ એ વાતની કેડ મુકી નહીં, તેથી હારીને અન્તે તે હા ભણ્યા. સારૂં મહુરત જોઇને અંગ્રેજી ભણાવવા ભીખારીદાસને અમદાવાદ વિદાય કર્યા. અંગ્રેજી વિદ્યા ભણવી સહેલી નથી. તેમાં વળી સરકારના કાયદા; વળી તેમાં ધોરણ ને ફોરણ, ને પરીક્ષાઓ; તેથી ભણતાં ભણતાં ઘણા દહાડા લાગ્યા, તેથી કોઇ કોઇ વાર શાન્તિદાસને અકળામણ પણ આવે. દર માસે ખાધાખાઇ તથા ફીના દશબાર રૂપિયા અમદાવાદ મોકલવા પડે તે મોટા કબીલાદાર આદમીને ભારે પડતા. પણ વરત લીધું તે પૂરૂં કરવું; હવે અધુરું ભણતર મુકવાથી કાંઇ લહાણ નથી એમ સમજીને તે કાંઇ બોલતા નહોતા. અન્તે સાતે વરસે ભીખારીદાસ મેટ્રીકની પરીક્ષામાં પાસ થયો; તેની ખબર આવતાં શાન્તિદાસને ઘણું સારૂં લાગ્યું, ને છોકરાની મા તેથી વધારે હરખાયાં ને કહે કે "હું કહેતી નહોતી કે મારો ભીખો નામ કાઢશે? કાંઇ પૈસા ઉગારે કામ થાય? જ્યારે મૂળાના પીતા જેવા ખર્ચ્યા છે, ત્યારે મારો છોકરો નાગરના છોકરાને ટક્કર મારે તેવો થયો છે."

એ પ્રમાણે ભીખાની મા સૌ આગળ ફુલાય. ભીખાની પરીક્ષા ઉતર્યાના સમાચાર આવ્યા એટલે તેમણે ગામમાં ગોળ વહેંચ્યો, માતાને વધામણાં દીધાં, ને ઘેર નવેદ કર્યાં; બ્રાહ્મણ તથા સગાં સ્નેહીઓને જમાડ્યા, અને સૌ આશરાગતીઓને પણ સંતોષ્યા. ભીખો ગામમાં આવ્યો ત્યારે ગામના સૌ લોક તેને બોલાવવા આવ્યા. તેઓ શાન્તિદાસને કહે કે "હવે બાપા અધુરૂં ન રાખશો; હવે તો ભીખારીદાસને મુંબાઇ મોકલો; એ પૈસા દેતું થશે તો બારબાજરીનો રોટલો ખાઇ પેટે પાટા વાળી દેવાશે; પણ હવે તો એને મુંબાઇ મોકલો."

એમ બધા ઘણો આગ્રહ કરીને કહેવા લાગ્યા. શાન્તિદાસ ખાતાપીતા ગૃહસ્થ હતા, તેમની ખેતી મોટી હતી, તથા ઢોરઢાંકર મસ હતાં, ને દાણોદુણી પણ ઘણું રાખતા. પણ નગદ પૈસાનું બહુ જોર એમની પાસે ન હોતું, એટલે મુંબાઇ મોકલવાનું

તેમનું મન ઢચુપચુ થતું હતું. પણ છોકરાનો, તેની માનો, તથા આખા ગામનો આગ્રહ જોઇ તેમણે પણ અંતે નમતું મુકયું, ને ભીખારીદાસને મુંબાઇ ભણવા રાખવાનો વિચાર નક્કી કર્યો ને ખરચ સારૂ ગામના શાહુકાર વનમાળીદાસને ત્યાંથી પ્રથમ રૂપિયા સોનો ઉપાડ કર્યો. વિદાય થતાં પહેલાં ભીખારીદાસને કોરે બોલાવીને કહ્યું કે, " ભાઇ, મારી પાસે પૈસા નથી, મુંબાઇ તો ઇંદ્રપુરી જેવું છે, ત્યાં ભાતભાતની જણસો મળે છે. તરેહતરેહના શોખ ત્યાં થઇ શકે છે; માટે તું જો નીતિથી રહી નીચું માથું ઘાલી અભ્યાસમાંજ મન રાખવાનું કબૂલ કરે તો હું મોકલું; નહીં તો ખર્ચ વેઠવાનું મારૂં ગજું નથી, માટે એ વિચાર આપણે માંડી વાળો."

ભીખાએ પોતાના બાપને પગે હાથ મુકીને કહ્યું કે, " બા, હું એક પાઇ પણ નકામી નહીં ખરચું. અઢાર વરસનો થયો ને શું હું સમજતો નથી કે આપણા ઓરડામાં શું છે ને શું નથી !"

સરકારી કૉલેજ ઉઘડતાં ભીખારીદાસ મુંબાઇ જઇ તેમાં દાખલ થયા, ને અભ્યાસ શરૂ કર્યો. થોડા દહાડા તો બાપની શિખામણ ને પોતાનું વચન હૃદયમાં રાખી ભીખારીદાસે ખૂબ મહેનત કરી. પછી ત્યાં જૂના થતા ગયા ને છોકરાઓનો સહવાસ વધવા માંડયો. ત્યાંના પારસીના છોકરાઓના ચળકતા બુટ જોઇ એમનું મન વારંવાર એમ થતું કે, આપણે એવા બુટ હોય તો કેવું સારૂં ! એવા મનના ઉછાળા ઉપરાઉપરી થાય, ને ભીખારીદાસ તેને દાબી દે; પણ વળી પાછું ફરીફરીને બુટનું મન થાય. એમ કરતાં કરતાં કેટલાક દહાડા વહી ગયા. પણ છેવટે ભીખારીદાસનું મન રોકયું રહ્યું નહીં. તેમણે વિચાર કર્યો કે, " આપણે વરસે દહાડે ત્રણસેં રૂપિયા ખરચીએ છીએ, તેમાં ત્રણ ચાર રૂપિયાના વિલાયતી બુટ લેવામાં કાંઇ વધી જવાનું નથી. બીજી ગમે તે રીતે કસર કરીશું તો એટલા રૂપિયા ઉગરશે; એટલે બાપાનું મન પણ રહેશે, આપણું

વચન પણ જળવાશે, ને આપણા જીવને ભાવતી વસ્તુ પણ મળશે,' એમ વિચાર કરી તેમણે વિલાયતી બુટની એક જોડ લીધી. તે પહેરીને "ચમચમ" કરતા ફરે, ને બુટ સામું જોઇ મલકાઇ મલકાઇ જાય!

ચાર મહિને કોલેજ બંધ થઇ ત્યારે ભીખાભાઇ પાછા ગામે આવ્યા. સગું વ્હાલું, ગામલોક, સૌ બબ્બે ગાઉ એમને લેવા સામું આવ્યું હતું. ભાગોળે આવ્યા ત્યારે ભીખાભાઇ ગાડામાંથી ઉતર્યા; પણ ઉતરતાં પહેલાં પેલા વિલાયતી બુટ કહાડી પહેર્યા, ને "ચમચમ" કરતા સૌથી આગળ ચાલ્યા. સૌ કહે; "કેમ ભાઇ આવ્યા કે, કેમ ભાઇ આવ્યા કે? સારા છો? કુશળ છો?" ત્યારે એ હળવે રહી કહે, "હા–હા." ગામના છોકરા પણ એમને જોવા આવ્યા હતા, કેમકે એ ગામમાંથી મુંબાઇ ભણવા સારૂ આ પહેલાં કોઇ ગયું નહોતું, ને ભીખાભાઇ મુંબાઇ જઇ આવ્યા એ મોટી નવાઇ હતી.

ગામમાં આવ્યા પછી સાંજ સવાર હવા ખાવા ભીખારીદાસ નિકળે ત્યારે પેલા બુટ પહેરીને જાય. તે જોવાને ગામના બધા જુવાનીઆ નિકળે. શાન્તિદાસના બીજા દિકરાઓના દિકરા મળી આશરે પંદર વીશ હતા. થોડા દિવસ વીત્યા નહીં એટલામાં તેઓએ પોતપોતાની મા પાસે એવા બુટ સારૂ કંકાસ કરવા માંડયો. શાન્તિદાસના ભાઇઓના ઘરમાં પણ બુટ વાસ્તે કલેશ થવા લાગ્યો. ગામના બીજા કણબી વાણીઆના છોકરાઓને પણ એવા બુટનું મન થયું. બધા છોકરાઓની માઓ પોતપોતાના છોકરાઓ ભણીની તાણુ કરે; પણ ભાવડાઓ એ માને નહીં. એમ બધાં સારા ઘરમાં થોડો થોડો કંકાસ પેઠો. નીતની કળકળથી ભાવડાઓ છેવટે હાર્યા. એકે એકે સૌ એવા બુટ મંગાવવા લાગ્યા. દર ફેરા જ્યારે છુટી પડે ત્યારે ભીખારીદાસ મુંબાઇથી પાછા આવે; ને હરવેળા જયારે આવે ત્યારે ગામનાં લોકનાં છોકરાંની પચીસ ત્રીસ વિલાયતી બુટની જોડો લેતા આવે! એમ બે ત્રણ વરસ

વીતી ગયાં, ને ગામમાં બીજી પુંજી વધી હોય કે નહીં, પણ બુટની પુંજી તો ઘણી વધી! ગામમાં વિલાયતી બુટની ત્રણસો જોડી થઇ. સાંજે બધા જુવાનીઆ ખેતરે કે તળાવે ફરવા જાય ત્યારે બુટ પહેરીને જાય; ને એવા બુટવાળા છોકરાની હ્હારની હ્હાર આગળ પાછળ હરવેળા ગામમાં ફરતી દેખાય; તેથી કેટલાક લોકો માંહોમાંહે વાત કરે કે, "ગામની શોભા સારી વધી." ત્યારે વળી બીજા કહે કે, "એમાં શું કમાયા? ગામ વહેલું ભીખ માગશે."

વિલાયતી બુટ લાંબા ટકતા નથી, ને વરસ દહાડે એમ થયું, કે ભીખાભાઇ જવા નીકળે તે દહાડે તેમને ગામલોક દોઢસો બસો બુટના પૈસા વળગાડે. આ પ્રમાણે બુટનો ચાલ જબરો થતો ગયો, ને ગામને માથે રૂપિયા એક હજારનો વરસ દહાડે વેરો ચોંટયો!

એક વાર ભીખારીદાસ ઉનાળાની છુટીમાં ગામ પાછા આવ્યા હતા, ને આંગણામાં ખાટલો ઢાળી પાછલે પહોરે બેઠા હતા. શાન્તિદાસ બાપા એટલે હાથમાં રૂપાની નેહવાળો હુક્કો ઝાલી રાખી "ગુડ ગુડ" કરતા હતા. બીજા થોડા પાટીદાર ને ગામલોક પણ પણ ત્યાં સહેજ બેઠા હતા, ને વાતો કરતા હતા. વનમાળીદાસ પારેખ પણ ત્યાં આવ્યા હતા.

વનમાળીદાસ—બાપા, નવરાશે આપણું ખાતું આંખ તળે કાઢો તો ઠીક.

શાન્તિદાસ—કેમ વારુ?

વનમાળીદાસ—આંકડો જરા વધતો જાય છે તે તમને ખબર હશે.

શાન્તિદાસ—લીધું વરત પૂરું કર્યું જોઇએ. છોકરાને મુંબાઇ મોકલતાં પહેલાં શી રીતે હતું?

વનમાળીદાસ—ત્યારે તો તમારા સો પચાસ લહેણા રહેતા.

એમ વાતો ચાલતી હતી તેવામાં ગામના દશવીસ મોચી ભેગા થઇ આવ્યા. આવીને ફાળીઆં ઉતારી રાડ પાડવા લાગ્યા કે, "બાપા, હવે તો બહુ થયું: હવે તો ખમા કરો તો સારૂ."

શાન્તિદાસ-શું છે? વાત તો કહો.

મોચીઓ મધ્યેનો એક મોચી કે જેનું નામ સોમલો હતું તેને તેમણે કહ્યું, "સોમલા, તું ડાહ્યો છે, તું વિગત માંડીને વાત કહે. તમારે શું જોઇએ છીએ? ને તમારે શું દુ:ખ છે? સગી મા હોય તેને પણ કહીએ તો દુ:ખ જાણે."

સોમલો-દુ:ખ તો ઘણું છે: વણ વાંકે મરી જઇએ છીએ: પણ રોગ પ્રમાણે ઉપાય થાય તો કળ વળે; એ તમારા હાથમાં છે, બાપા. તમો ઉપાય કરો તો થાય: નહીં તો એકે ઉપાય નથી, ને અમારે જીવ્યાનો આરો નથી.

શાન્તિદાસ-કરારશે તું બોલ. જો મારા હાથમાં હશે તો હું ઉપાય કર્યા વગર નહીં રહું.

સોમલો-બાપા, દુ:ખ તો બહુ છે. જુઓ:-

અમારાં મોચીનાં તમારા ગામમાં વીશ ઘરો છે. જ્યારથી ગામ વસ્યું ત્યારથી અમો તમારી પછવાડે વસ્યા છીએ, ને તમારે શરણે પડયા છીએ. અમે આજ લગી ગામલોકના જોડા અને કોશ શીવતા ને અમારો ગુજારો કરતા. વળી એકાદ વીઘું જમીન હોય તે ખેડીએ પણ ખરા. એમ કરી દહાડા કાઢતા. પણ આ બે વરસથી અમારું પુરું થતું નથી, ને છોકરાં ભુખે મરે છે. બીખો બાપો જ્યારથી મુંબાઈ ગયા ત્યારથી અમારા દુ:ખનું મંડાણ મંડાયું. એ એક બુટની જોડ લાવ્યા એટલે અમને લાગ્યું કે ઠીક છે, એમાં શું માંડી. પછી હવે તો ગામમાં લગભગ એવી ચારસો પાંચસો વિલાયતી બુટની જોડ ખપે છે, અમો વરસમાં સો સો જોડ શીવીએ. એટલે મજુરીના

૫૦-૭૫ રૂપિયા કમાઇએ, ને અમારા દશબાર ઘરનો નિભાવ એથી થાય. હવે આ બુટ આવ્યા એટલે એ જોડા ખપતી નથી. હવે પારસણોની પેઠે અહીંનાં બધાં બૈરાં જોડીઓ મુકીને બુટ પહેરશે તો બૈરાંનાં પગરખાં શીવવાનું કામ પણ અમારૂં જશે, ને જેટલા થોડા રોટલા રહ્યા છે તે પણ નહીં રહે. અમારો ગુજારો તો ગામલોક ઉપર હતો, પણ ગામલોક તો બુટ પહેરે, એટલે આ દશા આવી. અમારા છોકરાને પેટભરી રોટલા પણ મળતા નથી. જો અમદાવાદના કે બીજા આપણા અહીંના ગામના બુટ હોત તો અમારામાંથી ત્યાં જઇ કોઇ શીખી આવત; અથવા ન શીખત તો છેવટે અમે ભૂખે મરત; પણ અમારી નાત કે ધંધાવાળાને બીજાને રોજી મળત. પણ આ તો વિલાયતી બુટ, એટલે અમારો એકે ઉપાય નથી, ને અમારે કોઇપણ રીતનું મન વાળવાનું નથી, ને આમને આમ ચાલશે તો બધાં મરી પરવારીશું.

ભીખારીદાસ-કેવા બેવકૂફ લોક છો! તમારે વાસ્તે શું અમો બુટ નહીં પહેરીએ? માણસને ગમે તે પહેરવાની છુટ છે. સાહેબ લોકો બુટ પહેરે છે, મુંબાઇમાં ઘણી વસતી બુટ પહેરે છે, તે સૌ ગાંડા લોક હશે? બેવકુફ લુચ્ચા લોક!

સોમલો-ગાંડા કે ઘેલા, પણ ભૂખે મરીએ ત્યારે શું કરીએ?

ભીખારીદાસ-ભૂખે મરો છો તેમાં કોનો વાંક છે? બીજો ધંધો કરો.

સોમલો-અમે મોચી તે બીજો ધંધો શું કરીએ?

ભીખારીદાસ-દુનિયામાં ઘણા ધંધા છે, ગમે તે કરો.

સોમલો-શું અમો કુંભારનું કામ કરીએ, કે દરજીનું કામ કરીએ, કે લવારનું કામ કરીએ, કે સોનીનું કામ કરીએ, કે હજામનું કરીએ? શું કરીએ, કહો ભીખાબાપા.

ભીખારીદાસ—ત્યારે મજુરી કરો. મજુરીમાં શું આવડવું છે?

સોમલો—અમોએ કોઇ દહાડે મજુરી ન કરેલી તે શી રીતે મજુરી થાય? મજુરીમાં હાથ પગમાં જોર જોઇએ. અમને ચાર પૈસા પણ કોણ આપે?

ભીખારીદાસ—ત્યારે પુરું ન થાય તો પરગામ જઇ વસો.

સોમલો—આ ગામમાં અમારી વીશ પેઢી થઇ, ને હવે ઘરબાર મુકીને ક્યાં જઇએ? અહીંનાં ઘર શી રીતે ઉપાડી જઇએ? નાત જાત, લેવું દેવું, બધું આંહીં રહ્યું, ને પરગામ શી રીતે જવાય? બાપા, આટલું બધું અમને કહો છો, ત્યારે તમે વિલાયતી બુટ ન પહેરો તો શું સત્યાનાશ વળી જાય? મોચી મજુરી કરે, બીજો ધંધો કરે, ગામ છોડી જાય, તે કરતાં પાટીદાર વિલાયતી બુટ ન પહેરે તો શું બગડે?

શાન્તિદાસ વચમાં બોલ્યા, "ભીખા, તું છાનો રહે. આ મોચી કહે છે તે વાત જાણવા જેવી છે. જુવાનીયાવેડા કરી એને તરછોડીશ નહીં."

એટલામાં ગામના પારેખ જગજીવનદાસ આવ્યા. તે કહે કે, "આ શી ભાંજગડ ચાલે છે?"

શાન્તિદાસ—મોચી રાડ પાડતા આવ્યા છે કે, ગામમાં બુટ આવ્યા, તેથી અમે ભૂખે મરીએ છીએ.

જગજીવનદાસ—હા, મોચી મને કહેતા હતા, ને બીજાં વસવાયાં પણ થોડી થોડી બૂમ પાડે છે. પુંજીઓ કુંભાર કહે છે કે, એણીવારના વરસે મોચી લોકોએ મારી નાળો સમૂળગી લીધી નથી. પશવો દરજી કહે છે કે, મોચી લોકની શીલાઇ ઓણુ મને મળી નથી. એ રીતે છે; માટે આપણે ચાર જણ મળીને વિચાર કરીએ તો સારૂં.

શાન્તિદાસ—કહો તો બધા કાલે મળીએ.

જગજીવન—ઠીક, હું બધાને કહાવીશ, ને રામનાથમાં કાલ પાછલા પહોરે મળીશું.

બીજે દહાડે શાન્તિદાસ બાપા, એમના ભાઇ ભત્રીજા, ગામના બીજા પાટીદાર, જગજીવન પારેખ, નાથાભાઇ મોદી, જુગલદાસ તલાટી, તુળશીરામ મહેતા વગેરે બધું ગામ રામનાથ મહાદેવમાં ભેગું થયું. ત્યાં વસવાયાં પણ ઘણુ તેડયાં પેટનાં બળ્યાં ભેગાં થયાં હતાં. સોમલો મોચી તથા બીજા મોચી, તથા દરજીના ને કુંભારના આગેવાનો આગળથી આવ્યા હતા. બધાએ પહેલાં તો મોચીની વાત સાંભળી. ત્યાં ભીખાભાઇ પણ ગયા હતા. તેમણે અંગ્રેજી વિદ્યાનો આધાર બતાવીને એક મોટી બશેરીઆ ચોપડી હતી તે ઉપરથી એક લાંબું ભાષણ કરવાની તૈયારી કરી હતી. તે ઉભા થયા, અને બોલવા લાગ્યા; પણ એમના બાપ ને કાકા કહે, ' બેસ બેસ, તું ભણી આવ્યો તે જાણ્યું. હજુ તો અમારૂં ખરચ ખાય છે! જ્યારે એ પૈસા કમાય, ને દુનિયા કેમ ચાલે છે તે સમજે ત્યારે તારૂં ભાષણ બહાર કાઢજે. '

બધાં વસવાયાંની વતી જગજીવન પારેખ પ્રથમ બોલ્યા. તે કહે કે, " આ બુટની મહોકાણે આઠ દશ મોચીનાં ઘરનો ધંધો બંધ પડયો છે, ને તેમને ખાવા પીવાની બહુ વેળા પડે છે. મોચી નરમ થયા એટલે તેમની ઘરાકીવાળા કુંભાર દરજી વગેરે પણ નરમ થયા છે; ને એ પૈસા જેના લેણા દેણા છે તે શાવકારનું પણ લેણું ડુબવા વખત આવ્યો છે; અને ધક્કો આખા ગામને લાગશે. **કોઇએ એમ ન સમજવું કે, એમાં મારે શી લેવા દેવા છે; બધાનું સારૂં હોય તો આપણે સારૂં ને નરતું હોય તો આપણે નરતું.** હું અમદાવાદ ગયો હતો, ત્યાં પણ આવાં ને આવાં રોદણાં છે. સોનીનાં ઘરેણાં વિલાયતથી તૈયાર થઇ આવે છે. ને તે એવાં

આંખને ગમે તેવાં હોય છે કે, આપણા ખરા દાગીનાને પણ હારે મુકે; એટલે સોનીનો ધંધો બાર આની ગયો છે. લવારનો ધંધો તો બિલકુલ બંધ પડી ગયા જેવોજ છે. લવાર મજુરી કરે તેને અંગ્રેજી કારખાનામાં રોજ સારો મળે છે; પણ ચપ્પુ, કાતર ને ખીલા કરનારાનો તો બિલકુલ રોજગાર બંધ પડયા જેવોજ છે. વિલાયતી કાપડ કરોડો રૂપિયાનું આવે છે, તેથી સાળવી, વણકર, છીપા, બાંધણીગર વગેરેનો ધંધો ગયો છે. લોક ઘણાં લુગડાં પહેરે છે તેથી દરજી ને ધોબી શહેરમાં તાજા દેખાય છે; પણ એકંદર કારીગર તથા વેપારીને પરદેશી માલ આવવાથી અથાગ નુકશાન થયું છે, ને હજુ તો કયાં? શહેરમાં કોઇ ધણીધોરી નહીં, એટલે વિટંબણા ભારે પડે છે. આપણે તો બધા મળીને કરીએ તો બંદોબસ્ત કરવા સમરથ છૈએ; માટે મારી ધ્યાનમાં આવે છે કે, આપણે આપણા ગામ પુરતો ઠરાવ કરીએ તો ઠીક."

શાન્તિદાસ—શો ઠરાવ?

જગજીવન—હાલ તો એટલો કરો કે ગામમાં કોઇ પરગામના બુટ ન પહેરે. એટલું થાય તો મોચીનું દુઃખ ટળે.

શાન્તિદાસ—કેમ ભવાનીદાસભાઇ, શું ધાર્યું?

ભવાનીદાસ—હા, હા, સો ફેરા એવો બંદોબસ્ત કરવો જોઇએ.

નાથાભાઇ મોદી—આપણે પણ કબુલ કરીએ છીએ, કેમ તુળશીરામ મહેતા?

તુળશીરામ મહેતા—આપણે પણ સો ફેરા કબૂલ.

જુગલદાસ તલાટી—વારુ, બૈરાંને ઘેર પુછ્યું? છોકરાં કંકાસ કરશે, તો તેમની માઓ તેમની કુમક કરશે તેનું શું ધાર્યું?

શાન્તિદાસ—છોકરાં અને તેમની માઓ જખ મારે છે.

બધાં કહે, "વાહવા, બાપા વાહવા. ત્યારે ચાલો, આપણે મંદિરમાં તુળશી ઉપાડો." બધા મંદિરમાં ગયા, ને ઠાકોરજી આગળ તુળશી ઉપાડી સૌએ જુદા જુદા સમ ખાધા કે "પરદેશી બુટ લાવીએ તો ઠાકોરજી અમને પુછે," ને પછી બધા વેરાયા.

ગામ સંપીલું હતું; લોક લાંબી નજરવાળા હતા, તો પણ આ વેળા ઠરાવ પાળવામાં થોડી આનાકાની થઇ, ને પછી ઘેર ઘેર થોડી કચકચ પણ થઇ; પણ શાન્તિદાસે પોતાના ઘેરથી પહેલ કાઢી ભીખારીદાસને જોડા પહેરાવ્યા. એમ પતાવટ ચાલતાં, અન્તે બધા ગૃહસ્થોએ સોગન પાળ્યા, ને છ મહિને મોચી પાછા આગળ જેવા ખાતાપીતા થયા, ને બીજા કારીગર પણ તાજા થયા.

એવામાં નડીઆદથી એક દહાડો મોટમ બારોટ આવ્યા હતા. તેમણે આ બધી વાત ચોરે બેઠે સાંભળી. તે મનમાં બહુ હરખાયા, ને હરખના માર્યા પોતાની મેળે શાન્તિદાસ બાપાને ઘેર કહેવા આવ્યા કે, "બાપા, ગામમાં આગેવાન હોય તો તમારા જેવા હોજો. ખરા એનના સમે તમે ગામની હિમાયત કરીને ગામનું દુઃખ ટાળ્યું છે. તમારા ઘરનો ધરમ જગ જાણે છે. તમોએ આપણા ગામનું ને દેશનું અભિમાન કરી અઢારે વરણનો ટેક ને ઇજ્જત રાખી છે. આગળ સરકાર દરબારમાં તમારૂં ઘર રૈયતની કુમક કરતું; હાલ સરકાર તરફથી તો શાન્તિ છે, પણ લોકનું મન નવા નવા પહેરવેશથી છકી ગયું છે, તેથી કારીગરમાત્રને તથા અન્તે આખા દેશને બહુ વિપત પડે છે. એ વિપતમાં તમારા જેવાની હિમાયત છે ને ઓથ છે, તો દેશનું સદાકાળ ભલુંજ થશે. તમારા જેવા તમારા વંશમાં કુળદીવા ઘણા થજો, ને ઇશ્વર તેમને તમારા જેવી મતિ સદાય આપજો."

દિ० બા० અંબાલાલ સાકરલાલ દેસાઇ

૨૩

अंत्यज साधु नंद

૧

નંદના જન્મનો સમય તો નિશ્ચિત નથી કહી શકાતો. છસેં વરસ ઉપર તાંજોર જીલ્લામાં આધનુર ગામમાં અંત્યજ માતપિતાને ઘેર એનો જન્મ થયો એમ કહેવાય છે. 'અંત્યજ' કહું તેના કરતાં તેની જાતિ જે નામથી ઓળખાય છે તે કહું તો 'પરાયા' જાતિનાં તેનાં માતપિતા હતાં. 'પરાઇ' એટલે ઢોલ અને 'પરાયા' એટલે ઢોલ વગાડનારા અસ્પૃશ્યોની હલકામાં હલકી જાતિમાંની આ એક ગણાય છે.

એમના વાડાઓ અને ઘરની અને જીવનની કથા શા સારૂ કહેવી? જેવાં ભંગીનાં અને ચમારોનાં જીવન તેવાં તેમનાં; જેટલો મેલ, ગંદકી સામાન્ય રીતે અહીં જોવામાં આવે છે તેટલો જ ત્યાં પણ. ભંગી અને ચમારો જેમ મુડદાલ ખાય છે તેમ પરાયા પણ ખાય છે, અને દારૂ પીને પોતાના દુઃખીઆરા જન્મનાં દુઃખ ભૂલે છે. પરાયા તો ગોમાંસ પણ ખાય છે એટલે તે વધારે હીન ગણાય છે.

નંદ ભણ્યોગણ્યો તો શેનો જ હોય? બીજા છોકરાની જેમ તે ઢોર ચારવા જતો, પણ એક બે વસ્તુ તેનામાં અસામાન્ય હતી. બાળપણમાં દેવદેવીઓની કાદવની મૂર્તિ કરીને પૂજવાનો તેને શોખ હતો, અને તેનાં સગાંવહાલાં જ્યારે પોતાના દેવોને પ્રસન્ન કરવા બકરાં અથવા મરઘાં મારતા ત્યારે તેમની દયામણી ચીસોથી નંદનું હૈયું ચીરાતું, અને તેની આંખમાંથી આંસુ વરસતાં. તે માંસ ખાતો, પણ પશુને કપાતાં તેનાથી આંખે ન જોઇ શકાતાં.

નંદે એક નાનકડું બકરીનું બચ્ચું પાળ્યું હતું. જ્યાં નંદ જાય ત્યાં તે જાય, અને નંદ તેને પાંદડાં ખવડાવે, પાણી પાય અને નચાવે. એકવાર નંદને વાસી ગોમાંસ ખાવાનું મળ્યાને લીધે તેને બહુ તાવ

આવ્યો. જેટલા દહાડા નંદ પથારીમાં રહ્યો તેટલા દહાડા પેલાં બચ્ચાંએ તેની પાસે બેસીને બેં બેં કર્યા કીધું! નંદ આખરે સારો થયો. તેની માએ ગામની કટેરી નામની દેવી આગળ માનતા માની હતી કે નંદ સારો થાય તો માતાને બકરો ચઢાવવો. જે દિવસે એ માનતા લીધી તે દિવસથી નંદ સારો થવા લાગ્યો એટલે તેની માની માનતા વિષે શ્રદ્ધા વધી. નંદ સારો થયો એટલે બકરો ચઢાવવાનો સવાલ ઊભો થયો. બકરો ખરીદવાના પૈસા ઘરમાં મળે નહિ અને નંદના બકરાને કેમ કપાય? પણ માનતા ન પળાય અને માતાને રોષ ચઢે તો? એટલે નંદ સવારે ઉઠે તે પહેલાં તેનાં માબાપ બકરાને કટેરી માતા આગળ લઇ જઇને ચઢાવી આવ્યાં. નંદની જીંદગીમાં પહેલો ભયંકર આઘાત આ હતો. દિવસોના દિવસો સુધી નંદ પોતાના વહાલા બકરાને માટે રોયા કરતો. એક દિવસ તેણે તેનો શોક હલકો કરવા પોતાની માની પાસે કેટલાક ખુલાસા માગ્યા. નંદનાં માબાપ એક બ્રાહ્મણના ખેતરમાં મજૂરીએ જતાં હતાં. નંદે પૂછ્યું,

'મા, આપણા બ્રાહ્મણ શેઠનો છોકરો માંદો પડતો હશે ત્યારે તે લોકો શું કરતા હશે? બકરો કાપતા હશે?'

'ના ના, તેઓ તો દવા કરે, અથવા મંદિરમાં પ્રાર્થના કરે. તેઓનાથી બકરા વધેરાય? તેઓ તો બહુ બહુ તો નાળીએર વધેરે.'

'ત્યારે આપણે શા સારૂ બકરાં અને મરઘાં વધેરીએ છીએ?'

'ભાઇ, તેમના દેવ જુદા, આપણા જુદા; આપણા દેવ તો ભયંકર હોય છે, લોહી વિના તેઓ તૃપ્ત જ ન થાય.'

'પણ આપણે પણ મંદિરમાં જઇને બ્રાહ્મણની જેમ પ્રાર્થના કરીએ તો?'

'અરે જા જા, ગાંડા! આપણાથી તેમના મંદિરમાં જવાય? આપણાથી તેમની માફક પ્રાર્થના થાય કે? આપણે માંસ ખાઇએ, મુડદાલ ખાઇએ, દારૂ પીએ. આપણાથી તેમના મકાન પાસે ન જવાય તો મંદિરે તો શી રીતે જ જવાય?'

નંદની શંકાનું સમાધાન ન થયું પણ તેણે પોતાના મનની સાથે એટલો નિશ્ચય કરી લીધો કે હવે માંદા પડવું તો માબાપને ખબર જ ન આપવી, અને જો બ્રાહ્મણોના દેવની પ્રાર્થના થાય તો તે કરવી. પણ 'આપણાં જીવન આવાં ભૂંડાં. આપણે પાપીઓ, બ્રાહ્મણના દેવની શી રીતે પ્રાર્થના કરીએ?' એ મતલબના તેની માના બોલ તેના મનમાંથી નીકળતા નહોતા. નંદ તેના બાપ સાથે ખેતર જતો ત્યારે જે કુવેથી તેનો શેઠ પાણી લેતો તે કુવેથી પાણી ન લેવાય, મેલાં તળાવમાંથી પાણી લેવું પડતું તેની નંદને ખબર હતી. શેઠનો છોકરો પણ કેવો સાફ અને સુંવાળો લાગતો? નંદને યાદ આવ્યું કે મારાં માબાપ તો તાડી, દારૂ પીને ઘરમાં કજીઓ પણ કરે છે; શેઠ શેઠાણી તો એવાં ચોખ્ખાં દેખાય છે કે કદિ કજીઓ નહિ કરતાં હોય. 'આપણે આવા મેલા રહ્યા એટણે બ્રાહ્મણના દેવો આપણી પ્રાર્થના શી રીતે સાંભળે?' એ જ વિચાર તેના મનમાં રમ્યા કરતો. આખરે તેણે નિશ્ચય કર્યો કે તાડી દારૂ ન પીવાં અને માંસ ન ખાવું. પણ માંસ ન ખાય તો કોકવાર ભૂખ્યા રહેવું પડે. અને બીજું કશું ખાવાનું હોય નહિ! એટલે જ્યારે કશું જ ન મળે ત્યારે માંસ ખાવું એટલો અપવાદ રાખ્યો. આ સંકલ્પ કર્યા પછી પણ નંદના વિચાર તો ચાલ્યા જ કરતા: 'બ્રાહ્મણો બહારથી આટલા સાફ અને રૂપાળા દેખાય છે, શું તેમનું લોહી અને હાડકાં પણ આપણા કરતાં જુદી જાતનાં, અને જુદા રંગનાં હશે? એબ્રાહ્મણ કેમ જન્મ્યા અને આપણે પરાયા કેમ જુદા જન્મ્યા? તાડી માંસ છોડયા છતાં પણ શું દેવોની પ્રીતિ મેળવવાને અને બ્રાહ્મણના

જેવા થવાને મા કહે છે તેમ હજારો જન્મ જોઇતા હશે ? બ્રાહ્મણોનાં કર્મ કેવાં અને આપણાં કેવાં એમ મા કહે છે, તો આપણાથી એવાં કર્મ શી રીતે કરાય ?'

એક દિવસ નંદ ઢોર ચરાવતો હતો ત્યાંથી દૂર કેટલાક બ્રાહ્મણના છોકરા ગિલ્લી દંડા રમતા હતા. આમાંનો એક નંદના શેઠનો છોકરો હતો. ગિલ્લી એક વખત નંદની પાસે આવીને પડી. પણ તેનાથી ગિલ્લી ઉપાડાય નહિ તેની નંદને ખબર હતી. શેઠનો છોકરો દોડતો આવ્યો તેને તેણે ગિલ્લી બતાવી. તે લઇને દોડતાં છોકરો પડ્યો, અને પથરાથી તેનું ઘુંટણ છોલાયું, અને લોહી નીકળવા માંડયું. નંદ પાસે દોડી ગયો. પેલાથી ઉઠાતું નહોતું. પણ નંદ મદદ શી રીતે કરે? નાના શેઠે નોકરના દીકરાને કહ્યું, 'ભાગ અહીંથી, કૂતરા! મારી પાસે શેનો આવ્યો છે? મને અડવા માગે છે કે શું?' એમ કહીને એક પથરો નંદ ઉપર ફેંક્યો. નંદના લમણામાં પથરો વાગ્યો, તેને લોહી નીકળવા માંડયું, અને તે તમ્મર ખાઇને પડ્યો. બીજા છોકરાઓ આવીને શેઠના છોકરાને તો ઉઠાવી ગયા, પણ નંદને કોણ મદદ કરે? થોડી વારે બેઠો થઇ લમણે હાથ દબાવી તે તળાવે ગયો, મોં ધોયું, અને ઘેર ગયો. નંદે મનુષ્યનું લોહી આ પહેલી વાર જોયું. બ્રાહ્મણનું અને પરાયાનું બંને લોહીમાં તો ફરક નહોતો જ, પણ પશુના લોહીમાંયે ફરક નહોતો. અને જેમ પશુ ચીસ પાડે છે તેવી જ ચીસ બ્રાહ્મણના છોકરાએ પણ પાડી હતી! ત્યારે બ્રાહ્મણનું કર્મ અને પરાયાના કર્મમાં ફેર ક્યાં? અને પોતે પ્રેમથી અને દયાથી શેઠના દીકરા પાસે દોડ્યો હતો, ત્યાં પેલાએ નિર્દય થઇને તેને પથરો માર્યો એ શું? બ્રાહ્મણના છોકરા આવા નિર્દય હશે? અને એવા બ્રાહ્મણોની પ્રાર્થના દેવ સાંભળે અને પરાયાની ન સાંભળે? આ નવી વિચારશ્રેણી નંદને મૂંઝવવા લાગી.

૨

નંદ હવે મોટો થયો, અને પોતે સમજ્યો તેટલી વાતનો પ્રચાર

કરવા માંડયો; માંદા પડીએ ત્યારે પશુ ન જ કપાવા દેવાં, તાડી દારૂ છોડવાં, માંસ છોડવું. એટલી વાતો તે પોતાના સમોવડીઆઓને કહેવા લાગ્યો. એ અરસામાં આધનુરના પરાયા કાળી દેવીને પાડા વગેરેને વધેરી સારી પેઠે માંસ ખાઇને આવ્યા, અને પાડો રોગી હોવાને લીધે ઘણાને રોગ થયો અને મરી ગયા અને એ રોગ ફેલાયો, અને ઘણા મરવા લાગ્યા. આ સપાટામાં નંદનો બાપ પણ આવી ગયો. શોકમાં પડવાને બદલે નંદે સેવાસંઘ કાઢી દરેકને ત્યાં જઇ સેવા કરવાની, શબને સ્મશાને લઇ જવાની વ્યવસ્થા કરવા માંડી. પણ આ સેવાથી પ્રસન્ન થવાને બદલે ગામના ઘરડીઆઓ તેના ઉપર ચીઢાયા. તેઓ કહેવા લાગ્યા કે નંદ બકરાં મરઘાં કાપવા નથી દેતો એટલે દેવી આટલી અપ્રસન્ન થઇ છે.

પણ એટલામાં તો નંદને પણ રોગ લાગુ પડયો. ઘરડીઆ રાજી થયા, અને તેને કહેવા લાગ્યા કે દેવીને સારી પેઠે બલિદાન દઇને પ્રસન્ન કર. તેની મા પણ તેને કહેવા લાગી કે ‘ તારા બાપ પણ તારા પાપને લીધે ગયા, હવે તુંયે જવાનો. હઠીલો થા મા, માનતા માનવા દે.’ પણ નંદનો નિશ્ચય નિશ્ચલ હતો. ‘ બકરો મારીને જીવાતું હોય તો જીવવા કરતાં મરી જઇએ તો શું ખોટું ? એમ તે કહેતો. નંદના સાથીઓ પણ ગભરાયા. ‘ નંદ મરી જશે તો પછી કામ શી રીતે ચાલશે ? કાંઇ નહિ તો ભવિષ્યમાં કામ કરવાને માટે પણ નંદે જીવવું જોઇએ ’ એમ તેઓ માંહોમાંહે કહેવા લાગ્યા. નંદે તેમને સમજાવ્યા કે દેવ આપણી કસોટી કરી રહ્યો છે. મરતાં પણ નિશ્ચય ન છોડીએ ત્યારે માણસ અને ત્યારે નિશ્ચયની કિંમત; તમે સૌ મારે માટે પ્રાર્થના કરો કે હું જીવું. તમારી સૌની પ્રાર્થનાથી હું બચીશ તો તમે સિદ્ધ કરી શકશો કે બકરાના વધથી નહિ, પણ તમારી પ્રાર્થનાથી હું જીવ્યો.

પેલાઓમાં હિંમત આવી, શિવને તેઓ પોકારવા લાગ્યા, અને પ્રાર્થના કરવા લાગ્યા. બીજી બાજુએ ઘરડીઆઓ પણ પોતાનું

કારસ્થાન કરી રહ્યા હતા તેમણે નંદની માને સમજાવવા માંડી. બાઇ બિચારી ભોળવાઈ. તેણે કહ્યું, 'ઘરમાં પૈસા તો નથી, પણ થોડાં વાસણ છે તે લઇને બકરાં ખરીદી લાવો, અને વધેરો, નહિ તો મારો દીકરો મરી જશે.'

નંદે એક રાત બિછાનામાં પડયા પડયા ભજન કર્યું. એક ક્ષણ પણ નિદ્રા લીધા વિના કરેલા ભજનને અંતે તેને પાસેના તિરુપુંકર મંદિરના દેવ આવીને માથા ઉપર હાથ મૂકતા દેખાયા. નંદના આનંદનો પાર રહ્યો નહિ. સવારે તો તે સારો થઇ ગયો હતો અને બે દિવસમાં તે હરતોફરતો થયો. તેના સાથીઓએ 'હર હર મહાદેવ'ના હર્ષનાદથી ગામ ગજાવી મૂકયું.

ઘરડીઆમાંથી એકે તો નંદના મોતની બાધા લીધી હતી, પણ નંદ તો જીવતો થયો; પણ તેની માએ તો વાસણ વેચી બકરા વધેર્યાં.

નંદનો સંઘ પણ વધવા લાગ્યો. જે જુવાનીઆ તેને છોડીને ભાગી ગયા હતા તેને પાછી શ્રદ્ધા બેઠી અને તેઓ પાછા જોડાયા.

હવે નંદનો મનોરથ વધ્યો. જે તિરુપુંકર મંદિરના મહાદેવ આમ દર્શન આપ્યાં તે શું પ્રત્યક્ષ દર્શન ન આપે ? તેના મંદિરમાં ન જવાય ? પરાયા પણ મંદિરોની થોડી સેવા તો કરતા. મંદિરની જમીનમાં તેઓ મજૂરી કરતા, મંદિરમાં અનેક જાતનાં નગારાં હોય છે તે માટે તેઓ મુએલા ઢોરનું ચામડું ઉતારીને મંદિરે લઇ જતા, ઢોરના હાડકામાંથી ગોરોચન નામનો સુગંધી પદાર્થ પણ તેઓ જ લઇ જતા. નંદે વિચાર કર્યો કે તિરૂપુંકરના મહાદેવને માટે આવી પુષ્કળ સામગ્રી લઇને એક દિવસ જવું. પહેલાં તો તે આ બધી વસ્તુઓ વેચતો. હવે એણે દેવને આ ભેટ ધરાવવાનો વિચાર કર્યો. નંદ અને તેના ગોઠીઆઓએ એક શનિવારે ખૂબ શરીર ચોળીને સ્નાન કર્યું, સ્વચ્છ થયા, શરીરે અને કપાળે ભસ્મ લગાવી,

અને ભેટ લઇને તિરુપુંકર જવા નીકળી પડયા. ત્યાં જઇ ત્રણવાર મંદિરની પ્રદક્ષિણા કરી, અને પૂજારીને પોકાર કરીને વિનવ્યા. એ નોકરોએ આવીને દૂરથી ભેટ લેવાની કૃપા કરી. સાંજ પડી હતી. આરતી અને દર્શનનો સમય થયો હતો. નંદ અને તેના સાથી બરોબર દરવાજા સામે જઇને ઉભા. પણ તિરુપુંકરના મહાદેવની મૂર્તિ સામે મોટો નંદી હતો. બધા મંદિરોમાં મોટામાં મોટો નંદી અહીં હતો, અને તે મૂર્તિને ઢાંકી દેતો હતો. દરવાજાની બહારની કોઇ પણ જગ્યાએથી આ નંદીને લીધે મૂર્તિનાં દર્શન કરી શકાતાં નહિ. નંદના દુ:ખનો પાર ન રહ્યો. તે તો માત્ર ઘંટા વગાડના અને દર્શન કરતા થોડા બ્રાહ્મણોને જોઇ શકતો હતો, પણ મૂર્તિનાં દર્શન કેમે કરી થાય નહિ. તેની આંખમાંથી ચોધારાં આંસુ ચાલ્યાં, ગોરોચન અને ધૂપની સુગંધે આનંદિત થવાને બદલે તેનું મગજ ભમવા લાગ્યું. 'હું પરાયો પાપીઓ, હું ક્યાંથી મહાદેવનાં દર્શન પામું? મારાં પાપ આ નંદી બનીને મારી આંખ આગળ ઉભાં છે' એમ બોલતો બોલતો તે પોક મૂકીને રોયો. રોઇ રોઇને તેને મૂર્છા આવી, તે પડયો, અને બેભાન થયો. તે ઉંધો પડયો હતો, અને હાથ બંને પ્રણામ કરવા માટે જોડેલા હતા. તેના સાથીઓ બધું દૃશ્ય જોઇ રહ્યા, પણ કોઇએ તેને જાગૃત કીધો નહિ. લાંબા સમયે નંદ જાગૃત થયો, ત્યાં તો સૌએ કૌતક દીઠું! નંદીની મૂર્તિ એક બાજુએ નમી ગઇ હતી, અને મહાદેવનાં દર્શન સ્પષ્ટ થતાં હતાં! નંદના આનંદ અને આશ્ચર્યનો પાર ન રહ્યો. હર્ષઘેલો થઇ તે નાચવા લાગ્યો, અને 'રામ અમલમાં રાતા માતા' નંદને જોઇ, ઘડીક વાર નંદીની મૂર્તિ ખસેલી તે જોવાનું ભૂલી, સૌ નંદનાં જ દર્શન કરવા લાગ્યા! આજે પણ એ નંદીની મૂર્તિ તિરુપુંકરમાં એક બાજુએ નમેલી દેખાય છે!

૩

ઇશ્વરની આવી કૃપાનો બદલો શી રીતે વાળશે? તિરુપુંકરના

મંદિર પાસે તળાવ ન્હોતું, અને લોકો પાણી વિના દુઃખી થતા. નંદ અને તેના સાથીઓએ તળાવ ખોદવા માંડયું. એ ભવ્ય તળાવ આજે પણ છે, અને દંતકથા એવી ચાલે છે કે મહાદેવે ગણેશને નંદને મદદ કરવા મોકલ્યા હતા, નહિ તો આવડું તળાવ શી રીતે ખોદાય ?

પણ ગણેશ મદદ કરી ગયા એમ માનીને આપણે ભલે સંતોષ માનીએ. નંદ તો પોતાનું કાર્ય કરીને ગામે ગયો, ત્યાં મહાદેવનું ભજન કરતો પોતાના શેઠને ત્યાં પાછી મજૂરી કરવા માંડી. જૂનો શેઠ તો મરી ગયો હતો, અને હવે શેઠ તો પેલો લમણા ઉપર પથરો મારીને હંમેશ ને માટે નિશાની કરનાર શેઠનો દીકરો હતો. નવા શેઠે નંદી ખસ્યાની વાત ન માની. 'કોણ જોવા ગયું છે ? એ તો મૂર્તિ અગાઉથી ખસેલી હશે. આપણે તો એટલું જાણીએ કે નંદ બહુ મહેનતુડો છે. ભલે એ મજૂરી કરતો, આપણે એને અન્ન આપશું'—આટલી જ લાગણી બ્રાહ્મણ શેઠને હતી. નંદની સ્થિતિ પણ સુધરી, તેને મજૂરી પણ બહુ મળતી, અને ચામડું અને ગોરોચનની ભેટ તો ચાલુ જ હતી. એ અરસામાં વૈથીશ્વરન કોઇલ (મંદિર)માં એક ઉત્સવ હતો તેની તેને ખબર પડી. નંદ અને તેના ગોઠીઆઓ ઉપડયા. આ ઉત્સવ વખતે મૂર્તિને એક રથમાં ફેરવવામાં આવે છે, અને પરાયાને દર્શન કરવા દેવામાં આવે છે. નંદે દર્શન કર્યાં અને ત્યાં એક બ્રાહ્મણ કથા કરતો હતો તે સાંભળવા ઉભો રહ્યો. કથા સાંભળતાં નંદને આ શબ્દ કાને પડયા: 'ચિદંબરમ એ પવિત્રમાં પવિત્ર સ્થાન છે—કાશી અને રામેશ્વરમના કરતાં પણ વધારે પવિત્ર. ત્યાં નટરાજની ભવ્ય મૂર્તિ છે. એ નટરાજનું નૃત્ય સૃષ્ટિની લીલા ચલાવી રહ્યું છે. નટરાજના હાથમાં ડમરૂ છે, અને ડમરૂના નાદમાંથી અનેક લોક ઉત્પન્ન થાય છે.'

'નટરાજના હાથમાં ડમરૂ! આપણા જેવા પરાયા જ તો તે

પણ. આપણેય ઢોલ વગાડીએ અને તે પણ વગાડે', કહીને નંદ આનંદઘેલો થયો.

કથા આગળ ચાલી: 'નટરાજનો બીજો હાથ બધા ભુવનોને ઠીક રાખે છે. ડાબા હાથમાં અગ્નિ છે તેથી તે સૃષ્ટિને ભસ્મ કરવા ધારે ત્યારે ભસ્મ કરી શકે છે. કારણ સૃષ્ટિ, સ્થિતિ અને લય ત્રણે વસ્તુઓનો કર્તા એ જ છે. નટરાજનાં દર્શન જે કરે તે ચંડાલ હોય કે પરાયો હોય, ક્ષણમાં ભવસાગર તરી જાય છે.'

નંદ એકેએક શબ્દ પી રહ્યો હતો. તેની આગળ નટરાજની મૂર્તિ ખડી થતી હતી. તેણે આકુળવ્યાકુળ થઇને કથાકારને પૂછ્યું, 'આ ચિદંબરમ ક્યાં છે તે તો મને કહો.'

'કોલેરૂન નદીની ઉત્તરે. એક દિવસનો રસ્તો છે અહીંથી,' ઉત્તર મળ્યો.

'નટરાજ ચંડાળને પણ તારે?' પાછું નંદે પૂછ્યું.

'હાસ્તો, તું કોણ છે? આમ આવ, તને બધી ખબર આપું.'

એક જણે કહ્યું, 'એ તો આધનુરનો પરાયો નંદ છે. એને અડશો માં. શિવનો એ ભગત છે, ચામડું અને ગોરોચન હંમેશાં મોકલે છે.

નંદ પાસે તો ના ગયો, પણ પાછું પૂછ્યું, 'મારા જેવા પરાયાને પણ નટરાજ મોક્ષ અપાવે?'

'હા ભાઇ, સ્થલપુરાણમાં એમ લખેલું છે, તે કાંઇ ખોટું હોય?

નંદે બ્રાહ્મણને પ્રણામ કર્યા અને ઝપાટાબંધ ઉત્તર તરફ ચાલવા માંડયું.

તેના સાથીઓએ કહ્યું: 'આપણે તો આથમણા જવાનું. ઉત્તરમાં ક્યાં ચાલ્યા?'

નંદે કહ્યું, 'ચિદંબરમ ચાલ્યો.'

'અરે પણ ભાઈ, રસ્તોબસ્તો જાણ્યા વિના અંધારે ક્યાં જશે?'

'ઉત્તરમાં ચાલ્યા કરીશ, અને સવાર થતાં રસ્તો પૂછીશ કોકને.'

'પણ ભાઇ, આમ જવાય? આપણે રાત્રે અહીં આવેલા, કારણ પરવારતા હતા. સવાર થતાં કામે ચઢવું પડશે. આપણે શેઠ નથી, ગુલામ છીએ તે કેમ ભૂલ્યો? આપણું કામ છોડીએ તો તે ઇશ્વરને યે ન ગમે.'

નંદ થોભ્યો, ઇશ્વરનું નામ આવી રીતે લેવાયું કે તરત જ તે ઊભો રહી ગયો. અને કહ્યું, 'હા ચાલો, ગુલામ તો ખરો જ. શેઠની રજા લઇને ચિદંબરમ જઇશ.'

૪

ઘેર ગયા પછી નંદને સુખ વળે નહિ. આ પરાયાનો અવતાર, રોજ ઉચ્ચ હિંદુઓનાં મ્હેણાંટાણાં ખાવાનાં, મજુરી કરતાં પણ પરાયા અને પરાયા, અને અનેક અવતારે મોક્ષ નહિ, એ કેમ સહન થાય? પણ ચિદંબરમ જઇએ તો તરત મોક્ષ મળે—એ કેમ છોડાય? નંદને બિચારાને થોડું જ જ્ઞાન હતું કે 'બોલી તે નહિ બીજો રે, ઓળખી લેને અંતરમાં' તેના ઉપર તો પરાયાપણાનો ડામ પડેલો હતો, એટલે પરાયા જે ન કરી શકે તે જ તેને ખટક્યા કરતું હતું.

નંદ બીજે દિવસે વાડીએ ગયો, ઝાડને પાણી પાયું, અને રજા લેવા શેઠને ત્યાં ગયો. શેઠ નહોતા. રાહ જોતાં જોતાં દહાડો આથમ્યો એટલે નંદ ઘેર આવ્યો. બીજે દિવસે પાછો તે રજા લેવા

ગયો. શેઠ રસ્તામાં મળ્યા. 'કેમ, રાજ ક્યાં ભટકે છે? કાલે બપોરે ક્યાં હતો? તારે તો નિત નિત ઓચ્છવ ને કીર્તન, કેમ? પડોસીએ પાણી પોતાના ખેતરમાં વાળી લીધું તેનું ભાન છે? અને પેલા તારા જોડીદારે સેઢો એટલો સાંકડો કર્યો છે કે મારા ખેતરના કરતાં તેના ખેતરની હદ વધી ગઇ છે.'

નંદે જાણ્યું કે શેઠ ખીજાયો છે, એટલે રજા માગતાં તે ડર્યો. નંદના સાથીનામાં નંદનો વિશ્વાસ નહોતો. 'એમ પાપી અવતારમાંથી તે એક નટરાજના દર્શને મોક્ષ મળતો હશે? નંદ તો ઘેલો થયો છે ઘેલો.' એમ તેઓ કહેતા. પણ નંદને તો વિશ્વની વાટ કેમે નહોતી ગમતી. તે 'આઠે પહોર ઉદાસ' ફરતો હતો. એક દિવસ સૂર્યાસ્તની સુવર્ણપ્રભા જોઇને તેને નટરાજનું પેલા બ્રાહ્મણે વર્ણન કરેલું તે યાદ આવ્યું, અને હાથમાં દાતરડું લઇને ખેતરમાં ઉભેલો તેમનો તેમ નિશ્ચલ, નિસ્તબ્ધ ઉભો રહ્યો. સાથીમાંથી આવીને એકે બોલાવ્યો, પણ જવાબ નહિ. કોઇએ કહ્યું: 'અલ્યા ફલાણાની ગાય મરી ગઈ.' જવાબજ નહિ. ઘણીવારે નંદને ભાન આવ્યું, ત્યારે તેણે કહ્યું. 'સૂર્યના તેજમાં નટરાજ નાચતા હતા. તમે નહિ જોયા?' 'નંદ પાગલ થયો છે' એમ કહીને સૌ તેને ઘેર ઘસડી ગયા. ઘરડીઆ તો ખુશ થયા. તેઓ સમજ્યા કે નંદના પાપનો બદલો દેવી આપી રહી છે. ઘણા કહેવા લાગ્યા: 'દેવી, નંદને બચાવો; વીરા, નંદને બચાવો: કટેરી, નંદને સાજો કરો.' પણ નંદ તો કહ્યાં જ કરતો હતો: 'મને તો મારો નટરાજ બચાવશે.'

ગામના લોકોએ તો પાછો બકરાં વધેરવાનો નિશ્ચય કર્યો. નંદ સૌને પગે પડ્યો, પણ કોઈ માને નહિ. એક જણે બકરાનું લોહી લાવીને તેના ઉપર છાંટ્યું. નંદથી આ નહિ સહન થયું. એટલે તે ચીસ પાડીને ત્યાંથી ભાગ્યો. લોકો નંદના શેઠને ત્યાં દોડ્યા. શેઠે કહ્યું, 'એને પકડી લાવો અહીં; હું સીધો કરીશ.'

૫

નંદની પાછળ પેલા લાગ્યા એટલે નંદને થયું, 'આ પાર કે પેલે પાર. હવે તો રજા મેળવવી જ, અને આ લોકોનાથી બચવું.' એટલે તે શેઠને ત્યાં સૌની સાથે ગયો, અને શેઠની પૂછપરછનો એક જ જવાબ આપ્યોઃ 'મારે નટરાજનાં દર્શન કરવા જવું છે. મને થોડા દહાડાની રજા આપો.'

'તારે ચિદંબરમ જવું છે? પરાયા કોઇ દી ત્યાં ગયા સાંભળ્યા છે? લાવ પેલો ચાબુક હું એને સીધો કરૂં.'

નંદે કહ્યુંઃ 'તમે મારવો હોય તો મારી નાંખો. રજા નહિ આપો ત્યાં સુધી મને સખ નથી વળવાની.'

પેલાએ ચાબુક મંગાવ્યો, પણ વાપરવાની હિંમત ન ચાલી. 'આટલા દિવસ નંદ સૌથી સરસ કામ કરતો, મજુરોને એ જ ભેગાં કરતો, સૌ એનું માનતા, અને આજે એને શું થયું?' એમ તે બીજાઓને પૂછવા લાગ્યો.

હવે એક વૃદ્ધ બ્રાહ્મણે નંદને સવાલો પૂછવા માંડયા.

'નંદ, તું ઇશ્વરમાં માને કે નહિ?'

'હા, ઇશ્વર એ મારૂં સર્વસ્વ છે.'

'ઇશ્વર જ કર્તાહર્તા છે એ પણ તને ખબર છે ના?'

'હાસ્તો.'

'ત્યારે તને તેણે પરાયો બનાવ્યો તે તું કેમ ભૂલે છે? પરાયાએ મજુરી કરવી અને શેઠની નોકરી કરવી. તેને વળી નટરાજનાં દર્શન કેવાં?'

નંદઃ–'હું બધું જાણું છું. પણ ઇશ્વરે મને ઘેલો કર્યો છે તેનું શું? મને તેને જોવાજાણુવાની લાલસા થઇ છે, તેનું શું? તિરુપુંકરમાં

મેં તેનાં દર્શન કરેલાં. બ્રાહ્મણનો અને પરાયાનો ઇશ્વર જુદો હોય એવું શાસ્ત્રમાં લખેલું છે? મને તો એક તમારા જેવા જ બ્રાહ્મણે કહ્યું કે ચિદંબરમમાં નટરાજનાં દર્શન ચંડાળને પણ થાય, અને ચંડાળને મુક્તિ મળે છે. એ મારાથી કેમ ભૂલાય? મારા મનમાંથી એ વાત નીકળતી જ નથી.'

એટલે ઘરડા બ્રાહ્મણે કહ્યું: 'હં. બધી મ્હોકાણ પેલા બ્રાહ્મણ કથાકારની છે. જવા દો, બે દિવસ અથડાઈ આવવા દો. ઠેકાણે આવશે.'

પણ છ ખેતરમાં લણણી કરવાની હતી, અને ખેતરમાં પાક ઉભો તૈયાર હતો. નંદનો શેઠ તેની પાસે આ કામ લીધા વિના શેનો છોડે?

'આ ખેતરમાં લણણી થવી જોઇએ પહેલી, અને પછી તું ભલે જા,' એમ તેણે નંદને કહ્યું.

નંદ ઘેલો ઘેલો થઇ ગયો. 'ભલે, એ તો કરીને જ જઇશ'– એમ જવાબ આપી નંદ તો લાગલો જ લણણીનો સરંજામ લઇ ખેતરે દોડ્યો. રાત્રે ઘેર આવે જ શેનો? આખી રાત કામ કર્યું, અને સવારના પહોરમાં જઇને શેઠનું બારણું ખખડાવ્યું! 'શેઠ, ડાંગર વાઢી પૂળા કરીને ગોઠવી આવ્યો. હવે રજા આપો.'

'અરે! તેં કર્યું શું? શું મજુરો પરગામથી લાવીને છ ખેતર પૂરાં કર્યાં?' અચંબાથી શેઠે પૂછ્યું.

'નાજી, મજુર ક્યાંથી લાવું? આખી રાત કામ કરીને તૈયાર કર્યું.'

'સાચું કહે, કદી તું જુઠ્ઠું બોલતો નથી. આજે બોલીશ?'

'નટરાજે આવીને મદદ કરી હોય તો તે જાણે, બાકી મારા સગા હાથ સિવાય બીજા કોઇના હાથ મને મદદ કરવા આવ્યા નહોતા. આપ આવીને જોઇ જાઓ, અને પછી ખાતરી થાય તો મને જવા દો.'

શેઠ ખળાં ઉપર ગયા, ડાંગરનું સુંદર કુંદવું જોઇને તે તો આભાજ બની ગયા, આ જ ખળાં આગળથી શેઠે નાનપણમાં નંદના લમણા ઉપર પથરો માર્યો હતો. એ સૌ ઇશ્વરકૃપાથી પેલાને યાદ આવ્યું.

'નંદ! નંદ!' કરતો તે તેના તરફ દોડયો, નંદ ખસીને દૂર ઉભો રહ્યો.

'ના, ના; ભાગ નહિ. તું તો સાચો ભક્ત છે. ભગવાને તારા ઉપર મહેર કરી છે. મેં આંધળા થઇ તારા ઉપર જે જુલમ કર્યાં છે તે મને કોણ માફ કરશે? નંદ! તું જ મને ક્ષમા આપ.'

નંદ મૂઝાયો. 'ઇશ્વરે મહેર કરી, તમે એવું બોલો નહિ—હું તમારો ગુલામ, હું માફી શેની આપું? મને નટરાજનાં દર્શને જવા દો.'

'જા, ભાઇ, સુખે જા. દર્શન કરી આવ, અને મારે માટે પણ તેની ક્ષમા માગી આવજે.'

૬

'નટરાજ' 'નટરાજ' પોકારતી નંદની સેના ચિદંબરમ તરફ કૂચ કરવા લાગી. ત્યાં પહોંચતાં જ મંદિરનો કળશ જોઇને નંદે લાંબા થઇને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા. તેની આંખમાંથી અશ્રુધારાઓ ચાલી રહી હતી. ગામે પહોંચતાં નંદ અને તેના સાથીઓ તેની પ્રદક્ષિણા કરી આવ્યા. પણ મંદિરમાં શી રીતે જવું? મંદિરની આસપાસ દીવાલ. અને તેની આસપાસ બ્રાહ્મણોના મહોલ્લાની બનેલી બીજી દીવાલ! નંદે ચામડું અને ગોરોચન મોકલ્યું. તે તો દીક્ષિતોએ લીધું, પણ તેની દર્શનની માગણીને હસી કાઢી. નંદે સ્થલપુરાણની વાત સંભળાવી. એટલે કેટલાક ચીઢાયા, કેટલાક કહેવા

લાગ્યા : ' સ્થલપુરાણમાં છેસ્તો. પણ તારા જેવો પરાયો મંદિરમાં જઈ શકે એવું પણ તેમાં લખેલું છે એમ તે બ્રાહ્મણે કહેલું ખરું ?'

બ્રાહ્મણે એવું તો નહોતું કહ્યું. એટલે નંદ જૂઠું શેનો બોલે ? તે તો બીચારો ઉભો રહ્યો, અને તેને ત્યાં એમ મૂંઝાતો મૂકી દીક્ષિતો રસ્તે પડયા. રાત પડી, બધે દીવા થયા, પણ નંદ ત્યાંનો ત્યાં જ મંદિરના કળશ ઉપર ધ્યાન ચોંટાડીને આખી રાત ઉભો રહ્યો !

આ તરફ દીક્ષિતોને—૨૯૯૯ દીક્ષિતોને રાત્રે એક જ સ્વપ્ન આવ્યું: ' આધનુરનો પરાયો નંદ મારા દર્શને આવ્યો છે. મન, વાણી અને કાયાથી એના જેવો કોઇ પવિત્ર નથી. મારે માટેની એની ભક્તિ અસીમ છે. કાલે એને દેહશુદ્ધિ કરીને મારાં દર્શને લાવજો.'

સૌ એકબીજાને પોતાના સ્વપ્નની વાત કહેવા લાગ્યા, અને ચકિત થયા મંદિરમાં–દેવસભામાં સૌ ભેગા થયા. એક જણ બોલ્યો, ' આ તો નટરાજની આજ્ઞા, એનો અમલ તુરત થવો જોઇએ.' બીજો બોલ્યો, ' નટરાજે પણ કહ્યું છે કે એની દેહશુદ્ધિ કરીને લાવજો.' ત્રીજાએ કહ્યું, ' હોમકુલમમાં એને સ્નાન કરાવીએ અને લઇ જઇએ.' વળી કોઇ બોલ્યું, ' હોમકુલમમાં સ્નાન કરીને સામાન્ય માણસ પવિત્ર થાય, પરાયા થતા હશે ? અને પરાયો કંઇ બ્રાહ્મણ થાય ખરો કે ? નટરાજની પાસે તો બધા બ્રાહ્મણ પણ નથી જઈ શકતા.' એટલે નટરાજ દીક્ષિત બોલ્યા, ' અગ્નિ સિવાય એકે ભૂત એને શુદ્ધ કરી શકે એમ નથી. પંચમહાભૂતોમાં એ જ શ્રેષ્ટ પાવક છે.'

એટલે બીજા દીક્ષિત બોલ્યા, ' ત્યારે શું એ પરાયાને ભસ્મસ્નાન કરાવવું, અને ભસ્મને નટરાજ પાસે લઇ જવી ?

' ના, ના, મારા શબ્દની એમ મજાક ન કરો. ગાયના છાણને બાળીને પણ શુદ્ધિ કરી શકાય. પણ પરાયાને એમ શુદ્ધ કરાય ?'

'અરે ભાઇ, નટરાજે કહ્યું કે આના જેવો કોઇ મન, વાણી અને કાયાથી શુદ્ધ નથી. આપણામાંથી કોણ એના જેવો પવિત્ર હોવાનો દાવો કરી શકે? આ માણસ તો માત્ર જન્મચંડાળ લાગે છે, કર્મચંડાળ નથી. એ તો કોઇ નટરાજનો મહાભક્ત લાગે છે. આપણે એને માટે હોમ કરીએ અને પછી એને મંદિરમાં લઇ જઇએ, એટલો એને અગ્નિથી શુદ્ધ કરવાનો અર્થ.'

પણ આથી રીઢા સનાતની બ્રાહ્મણોને સંતોષ ન થયો. 'જો એ પરાયો આટલો શુદ્ધ હોય તો અગ્નિ એને બાળે શેનો? અગ્નિમાં એને નાંખીએ અને એને કાંઇ ન થાય તો જ એ શુદ્ધ કહેવાય,' એવી એવી વાતો કરવા લાગ્યા.

નંદને આ વાતોની ખબર પડી. ખબર પડતાંની સાથે જ તે તો આનંદઘેલો થઇ નાચવા લાગ્યો. એના સાથીઓ ડરી ગયા અને અગ્નિમાં ભસ્મ થવાને બદલે ઘેર જવાની સલાહ આપવા લાગ્યા. પણ નંદે કહેણ મોકલ્યું કે 'હું અગ્નિમાં શુદ્ધ થઇશ. અગ્નિ તૈયાર કરો. હોમકુંડમમાં સ્નાન કરીને હું આવું છું.' નટરાજ ભસ્મ કરે તો પણ શું? પરાયા તરીકેનું ગર્ધ જીવન જીવ્યું તોયે શું અને ન જીવ્યું તોયે શું?

નંદ સ્નાન કરી આવ્યો, ભસ્મ લગાડી, રુદ્રાક્ષની માળા તો ગળામાં હતી જ. ભીને વસ્ત્રે એ અગ્નિપ્રવેશ કરવાને માટે સજ્જ થઇને ઉભો. દીક્ષિતો દૂર ઉભા હતા. રતાશ ભડભડ સળગી રહી હતી. નંદે ત્રણ વાર આગની પ્રદક્ષિણા કરી અને નટરાજનું નામ લઇ, મંદિરના કળશને પ્રણામ કરી 'નટરાજ! નટરાજ! જો હું મન, વાચા અને કાયાથી પવિત્ર હોઉં, જો મેં કોઇ પણ પ્રાણીની હિંસા ન કરી હોય. જો તું જ કલ્યાણકારી ઇશ્વર હોય, પરાયાનો અને બ્રાહ્મણોનો તું જ ઇશ્વર હોય તો આ અગ્નિની ભયંકર

જ્વાળા મને હોમકુલમના જળ જેવી શીતળ બનો,' એમ બોલતાં બોલતાં ઝંપલાવ્યું.

હજારો માણસ સ્તબ્ધ થઇને આ જોઈ રહ્યાં હતાં. પણ નંદ જેવો પ્રફુલ્લિત, હસતે વદને અગ્નિની પેલી પાર નીકળીને ઉભો રહ્યો કે 'નટરાજ કી જય, હર હર મહાદેવ!'ના પોકારથી દિશાઓ ગાજી રહી. નંદનો વાળે વાંકો થયો નહોતો, તેનું ભીનું વસ્ત્ર પ્રથમની જેમ ભીનું હતું!

બ્રાહ્મણોનો પણ હવે ગર્વ ગળી ગયા. તેમણે નંદને પ્રણામ કર્યા, અને 'પધારો નટરાજના દર્શને; તે તમારી રાહ જોઇને બેઠા છે,' કહી તેને મંદિરમાં લઇ ગયા.

નટરાજ દીક્ષિત બોલ્યા: 'જન્મ શું? અને જાતિ શું? સત્ય અને અહિંસા એની જ ઇશ્વરને કિંમત છે.'

નંદ નટરાજ પાસે ગયો એટલે મંદિરના ઘંટ, નોબત વાગી ઉઠ્યાં, શંખો ફૂંકાયા, આરતી ઉતારવામાં આવી. પણ નંદને એની કશાની તમા નહોતી. તે તો નટરાજના અખંડ દર્શનથી પોતાની આંખ અને આત્મા ભરતો નિસ્તબ્ધ-નિશ્ચેષ્ટ ઉભો રહ્યો.

તામિલ પ્રાંતના ૬૨ શૈવ દેવો હતા, તેમાં આ દિવસથી ૬૩મી મૂર્તિ નંદની ઉમેરાઇ. ઘણાંખરાં શિવમંદિરોમાં એની મૂર્તિ છે, અને બીજી મૂર્તિની જેમ ઇશ્વર સમાન તે પૂજાય છે.

"નવજીવન" ૧૦, મે: ૧૯૨૫ **મહાદેવ હરિભાઇ દેસાઇ**

૨૪

अजनुं इन्दुमती स्वयंवरमां जवुं

હવે અજ જુવાનીમાં આવ્યો. એક દિવસે એક દુત આવીને રાજાને પ્રણામ કરી કહેવા લાગ્યો “ મહારાજ ! વિદર્ભ દેશના રાજા ભોજે પોતાની બ્હેન ઇન્દુમતીનો સ્વયંવર આરંભ્યો છે. ત્યાં કુમારને પધારવા માટે આમંત્રણ આપવા આવ્યો છું.” એમ કહી તે ફરીથી પ્રણામ કરી ચાલતો થયો. રઘુ રાજાએ પુત્રને વિવાહ યોગ્ય જોઇ સ્વયંવરમાં જવાની રજા આપી અને એક મ્હોટી સેના સાથે ત્હેને વિદાય કર્યો. માર્ગ લાંબો હતો એટલે ઠેકઠેકાણે પડાવ નાંખીને રાતવાસો તંબુમાં રહેવાનું થતું. એક વખતે નર્મદાના કાંઠા ઉપર પડાવ નાંખી સઘળું સૈન્ય પડયું હતું, તેવામાં નદીમાં એક બાજુએ ભ્રમરનું ટોળું ગુંજારવ કરતું ચક્કર ચક્કર ફરતું હતું. થોડીવારમાં એ જગ્યાએ એક મદઝરતા હાથીએ પાણીમાંથી ડોકું ઉંચું કર્યું. તે સુંઢને ઉંચા નીચા હલાવતો, ડોલતો ડોલતો નદીના તરંગોમાંથી પોતાનો રસ્તો કાપવા લાગ્યો. એના હલ્લાથી નદીનો પ્રવાહ તટ સાથે અથડાઇને ઉછળતો. અંતે શેવાળ તથા ન્હાના ન્હાના છોડવાનું એક મ્હોટું જાળું છાતીથી ધકેલતો ધકેલતો તે નદી કાંઠે આવી પહોંચ્યો.

જળમાં ડુબકી મારીને તે આવ્યો હતો, તેથી એનાં મદનાં ઝરણો ધોવાઇ ગયાં હતાં. પરંતુ સૈન્યના હાથીઓને જોતાં જ ત્હેના ગંડસ્થળમાંથી ફરીથી મદના પ્રવાહ ઝરવા લાગ્યા. આ મદોન્મત્ત માતંગ સૈન્યની છાવણીમાં ઘુસ્યો અને આમતેમ દોડવા લાગ્યો. ત્હેના મદની કટુ વાસ લીધાથી સૈન્યના હાથીઓ પણ ભયંકર ત્રાડ પાડી મ્હાવતોના અંકુશમાંથી ન્હાસવાનો ભયંકર પ્રયત્ન કરવા લાગ્યા. ભયના માર્યા ઘોડાઓ દોડાદોડ કરવા લાગ્યા. કેટલાક રથ ભાંગી ગયા, યોદ્ધાઓ સ્ત્રીઓનું રક્ષણ કરવા દોડવા લાગ્યા. આ રમખાણની

ખબર પડતાં યુવરાજ બહાર નીકળ્યો, અને યુદ્ધ સિવાય અન્યત્ર હાથીને મારવાનો શાસ્ત્રનિષેધ હોવાથી તેણે ધીમેથી પેલા જંગલી હાથી ઉપર બાણ છોડયું હાથીના કુંભસ્થળમાં બાણ વાગતાં જ તે પડયો અને ત્હેને સ્થાને એક તેજસ્વી અને મનોહર કાંતિવાળો ગંધર્વ આવીને ઉભો. ત્હેણે અજને સ્વર્ગીય પુષ્પથી વધાવ્યો, અને નમસ્કાર કરી કહ્યું: 'મહારાજ! હું ગંધર્વપતિ પ્રિયદર્શનનો પુત્ર છું. મ્હારૂં નામ પ્રિયવદ છે. એક વખતે અભિમાનથી મ્હેં મતંગ ઋષિનો ઉપહાસ કર્યો હતો, તેથી ક્રોધમાં આવી મહર્ષિએ મ્હને શાપ દીધો કે 'તું માતંગ (હાથી) થઇ પૃથ્વી પર પડ!' મ્હને મારી ભુલ ખબર પડી અને મ્હેં નમ્રતાથી ઋષિની ક્ષમા માગી. તપસ્વી લોકો દયાસાગર હોય છે. તરતજ તે પ્રસન્ન થયા અને મ્હને મારી બક્ષી કહ્યુ: 'મ્હારૂં બોલેલું વચન તો મિથ્યા થવું અશકય છે. પરંતુ હું એટલું કહું છું કે જ્યારે રઘુરાજાનો પુત્ર અજ ત્હારા કુંભસ્થળમાં બાણનો પ્રહાર કરશે, ત્યારે તું મ્હારા શાપમાંથી નિવૃત્ત થઇ પુનઃ નિજ સ્વરૂપને પામીશ'. તદનુસાર હું ઘણા સમયથી આપની વાટ જોઇ બેસી રહ્યો હતો. આજે આપે પધારી મ્હને શાપમુકત કર્યો છે. બદલામાં મ્હારે પણ આપનું કાંઇક પ્રિય કરવું જોઇએ. મ્હારી પાસે 'સંમોહન' નામનું એક ગાન્ધર્વઅસ્ત્ર છે. ત્હેના પ્રયોગ અને સંહાર કરવાના ભિન્ન ભિન્ન મંત્રો હું આપને શીખવું છું. એ અસ્ત્રના પ્રયોગથી શત્રુની હિંસા કર્યા વિના વિજય પ્રાપ્ત થાય છે."

રાજાએ નર્મદાજલનું આચમન કર્યું અને ઉત્તર તરફ બેસી યથાવિધિ મંત્ર ગ્રહણ કર્યો. પછી બન્ને પ્રસન્ન થઇ એકબીજાની વિદાય લઇ છુટા પડયા. પ્રિયંવદ ગંધર્વલોકમાં ગયો, અજ વિદર્ભદેશ તરફ ચાલ્યો.

કેટલેક દિવસે અજ વિદર્ભ રાજાની રાજધાનીમાં આવી પહોંચ્યો.

રાજાએ ત્હેનો માનપુરઃસર સત્કાર કર્યો અને યોગ્ય સ્થળે ઉતારો આપ્યો. રાત્રે સુખથી નિદ્રા લઇ સવારમાં અજ ઉઠયો અને સ્નાન વગેરે નિત્યકર્મથી પરવારી, ભોજન કરી સ્વયંવરમાં જવા માટે તૈયારી કરવા લાગ્યો.

સ્વયંવર માટે એક ભવ્ય મંડપ બાંધ્યો હતો. ત્હેમાં યોગ્યતા પ્રમાણે સર્વ રાજાઓ માટે આસનો ગોઠવ્યાં હતાં. એક પછી એક રાજા આવી વિદર્ભેશ્વર બતાવે તે પ્રમાણે પોતાના આસને બેસી જતો. થોડા સમયમાં સર્વ રાજાઓ પોતપોતાનાં આસન યથાસ્થિત ગોઠવાઇ ગયા. દરેકે પોતાનાં ઉતમોત્તમ વસ્ત્રો અને આભૂષણો પહેર્યાં હતાં. ત્હેમના તેજના અંબારમા આ મંડપ દેવસભા માફક દીપી ઉઠતો. ચોતરફ ધ્વજા પતાકા ફરફરી રહેલ હતી. અને ઠેકઠેકાણેથી અગરતગરનો ધૂપ મંડપને સુગંધી બનાવી રહ્યો હતો.

પછી માગણ લોકોએ સૂર્યવંશી અને ચંદ્રવંશી રાજાઓનો ઇતિહાસ મનોરજન ભાષામાં કહી સંભળાવી, ત્હેમની પ્રશંસા કરી. એટલામાં ચોતરફથી નોબત અને શરણાઇના અવાજ થવા લાગ્યા. અન દૂરથી દેવકન્યા સરખી ઇન્દુમતી એક સુંદર પાલખીમાં બેસી મંડપમાં પ્રવેશ કરતી જણાઇ. એક સાથે સેંકડો નેત્રો ત્હેના પર ફરી ગયાં. રાજાઓનાં અંતઃકરણો ક્યારનાંએ ત્હેની પાસે પહોંચી ગયાં હતાં, માત્ર ત્હેમના દેહ આસન ઉપર રહ્યા હતા.

ઇન્દુમતી રાજાઓની હાર તરફ ચાલી આવતાં, તેઓ અનેક પ્રકારની શૃંગારચેષ્ટાઓ કરવા લાગ્યા. એક રાજા હાથમાં કમળનો દાંડો લઇ, ત્હેને વિનોદથી ચક્કર ચક્કર ફેરવતો પોતાની સરળતા બતાવવા લાગ્યો. એક બીજો રાજા પોતાનું મનોહર મુખ વાંકુ કરીને, ખભા ઉપરથી ખસી ગયેલી અને હાથનાં કાંડાંમાં ભરાઇ ગયેલી માળાને ઉંચી નીચી કરવા લાગ્યો. એક રાજા આંખને જરા વાંકી કરી કટાક્ષ નાખતો પગની આંગળા વડે સુવર્ણનું સિંહાસન ખોતરતો જાણે

ઇન્દુમતીને પોતાના તરફ આવવા ઇશારો કરવા લાગ્યો. એક બીજો રાજા પોતાનો ડાબો હાથ સિંહાસનના હાથા ઉપર મુકી સ્હેજ ઉંચો થઇ સાથેના રાજા સાથે મંદમંદ હાસ્ય કરતો વાત કરવા લાગ્યો. એક યુવાન રાજા હાથમાં કોમળ કેતકી પત્ર લઇને પોતાના નખાગ્રથી ત્હેને ફાડવા લાગ્યો. એક બીજો રાજા પોતે દ્યૂત વિદ્યામાં કુશળ છે એમ જણાવવા કમળ જેવા લાલ હાથ વડે રમતો રમતો પાસા ઉછાળવા લાગ્યો. એક બીજો રાજા મસ્તક પર યથાસ્થિત રહેલા કિરીટને જાણે ખસી ગયો હોય તેમ સમારતો હાથ વડે પંપાળવા લાગ્યો. આ પ્રમાણે રાજાઓ યથેચ્છપણે અનેક ચેષ્ટાઓ કરવા લાગ્યા.

એટલામાં ઇન્દુમતી પોતાની સખીઓ સાથે રાજાઓની હારમાં આવી પહોંચી. સુનંદા નામની એક દ્વારપાલિકા એક પછી એક રાજાનું વર્ણન કરી ત્હેનો પરિચય કરાવવા લાગી;—" આ મહારાજા પરંતપ એ મગધ દેશના રાજા છે. પોતાની અપાર શક્તિથી તેઓ સ્વપ્રજાનું પાલન કરી શત્રુઓને સંતાપ આપે છે, માટે લોકો ત્હેમને પરંતપ કહે છે તે બરાબર છે. પૃથ્વી પર રાજાઓની ખોટ નથી, પરંતુ પૃથ્વીપતિ આ જ કહેવાય છે. સેંકડો તારાઓ હોવા છતાં પણ એક ચંદ્રને લીધે જ રાત્રિ અજવાળી લાગે છે. એમણે અનેક યજ્ઞો કરી, તેમાં ઇંદ્રને બોલાવી વારંવાર શચીને વિરહદુઃખમાં નાખી છે. ત્હેમની રાજધાની પુષ્પપુર નામે સુંદર નગરમાં છે.'

સુનન્દાનાં વચન સાંભળી ઇન્દુમતીએ રાજા સામું જરા જોયું અને કંઇપણ બોલ્યા વિના એક પ્રણામ કરી આગળ ચાલી. સુનન્દા ત્હેને બીજા રાજા સમક્ષ લઇ જઇ બોલવા લાગી: " આ અંગ દેશના રાજા કહેવાય છે. દેવકન્યાઓ ત્હેમની સાથે ઉપભોગ કરવા પ્રાર્થના કરી રહી છે. ત્હેમની પાસે કેળવેલા હાથીઓનું એક મ્હોટું સૈન્ય છે. નૈસર્ગિક રીતે જ અલગ અલગ રહેતાં લક્ષ્મીદેવી અને સરસ્વતીદેવી આ મહારાજના ભુવનમાં એકસાથે રહે છે. હે

ઇન્દુમતીદેવી ! ત્હમે પણ કાન્તિમાં અને શિષ્ટવાણીમાં ત્હેમની સ્પર્ધા કરી શકો તેમ છો.”

અંગરાજા તરફ એક કટાક્ષ નાંખી ઇન્દુમતીએ પ્રતિહારીને આગળ ચાલવા કહ્યું. અંગરાજ કાંઇ ગુણશૂન્ય હતો એમ ન્હોતું, તેમજ ઇન્દુમતીને ગુણની પરીક્ષા ન્હોતી એમ પણ ન્હોતું. પરંતુ રુચિ રુચિમાં ફેર પડે છે !

સુનન્દા એક બીજા રાજા પાસે આવીને ઉભી રહી, અને કહેવા લાગી: “ આ અવન્તિનાથ કહેવાય છે. ત્હેમનું તેજ હમેશાં શત્રુઓને અસહ્ય થઇ પડે છે. જ્યારે તેઓ યુદ્ધ માટે પ્રયાણ કરે છે, ત્યારે ત્હેમના ભયંકર ચતુરંગી સૈન્યથી ઉડેલી રજ સામન્તોના કિરીટોને ઝાંખા પાડી દે છે. ત્હેમની રાજધાનીનું નગર અવન્તિ મહાકાલ—જ્યોતિર્લિંગથી બહુ દૂર નથી; તેથી કૃષ્ણપક્ષમાં પણ ત્હેમને ત્યાં શુકલપક્ષની રાત્રિઓ દેખાય છે. આ યુવાન રાજા સાથે સંબંધમાં જોડાવાથી સિપ્રાનદીના શીતળ કાંઠા ઉપર આવેલા ઉદ્યાનોમાં વિહાર કરવાનું ભાગ્ય પ્રાપ્ત થશે.”

ત્યાંથી પણ સુનન્દાને આગળ ચાલવા જણાવ્યું. તે એક બીજા રાજા નજીક આવીને જરા લંબાણથી વર્ણન કરવા લાગી:

“ પ્રાચીનકાળમાં કાર્તવીર્ય નામે એક પ્રતાપી રાજા થઇ ગયા છે. ભગવાન દત્તાત્રયના પ્રસાદથી ત્હેમને યોગની સિદ્ધિઓ પ્રાપ્ત થઇ હતી. ત્હેમને એક હજાર બલિષ્ઠ બાહુ હતા. તે સાર્વભૌમ રાજા કહેવાતા. ત્હેમણે અઢારે દ્વીપોમાં યજ્ઞના સ્તંભો રોપ્યા હતા. પોતાના યૌગિક પ્રભાવથી તે પ્રત્યેક મનુષ્યના અંદરના વિચારો જાણી શકતા; અને કોઇના અંતઃકરણમાં અસદ્ વિચાર ઉત્પન્ન થાય કે તરત કાર્તવીર્ય ધનુષ સાથે ત્યાં હાજર થયેલા જ જણાતા. આ પ્રમાણે ત્હેમણે પ્રજાના માનસિક દોષો પણ જડમૂળથી ઉખેડી

નાંખ્યા હતા. ત્હેમણે રાવણ જેવાને પણ પોતાના બન્ધનાગારમાં કેદ કર્યો હતો. એવા મહાપ્રતાપશાળી કાર્તવીર્યના વંશમાં આ મહારાજાનો જન્મ થયેલો છે. ત્હેમનું નામ પ્રતીપ. 'લક્ષ્મી સ્વભાવે ચંચળ છે' એ લક્ષ્મીની કલંક—કાલિમા એમણે ધોઇ નાંખી છે. ક્ષત્રિયકુલશત્રુ મહાપ્રતાપી જામદગ્ન્યનો પરશુ એમના કંઠમાં પુષ્પની માફક પડે છે. અગ્નિદેવ તરફથી એમને એવું વરદાન મળેલું છે કે ત્હમારા નગરને જીતવા આવનાર શત્રુને હું સ્વયં બાળીને ભસ્મ કરી દઇશ રાજકન્યા! જો નર્મદા તટનો આનંદ લૂંટવો હોય, તો મહારાજની માહિષ્મતીનગરીનું ભૂષણ થાઓ.

એ રાજા પણ રાજકન્યાને પસંદ પડયો નહિ. બીજા રાજા પાસે આવી સુનન્દા કહેવા લાગી.

"આ સુરસેન દેશના મહારાજા સુષેણ. તેઓ નીપવંશના કહેવાય છે. પોતાના પવિત્ર આચારથી તેઓ ઉભય કુળના દીપક થઇ રહ્યા છે. ત્હેમનાં યશોગાન પૃથ્વી ઉપર ભાટચારણો કરે છે, એટલું જ નહિ, પરંતુ સ્વર્ગના ગંધર્વ-કિન્નરો ઇંદ્રસભામાં ઉચ્ચ સ્વરે ગાય છે. ત્હેમના પ્રતાપી તેજની અનુપમ શીતળતા ત્હેમના રાજભુવનમાં પ્રસરી રહી છે, જ્યારે તેજ તેજની અસહ્ય ગરમી શત્રુકુળમાં જામી ગઇ છે. ત્હેમના અંતઃપુરની રાણીઓ જ્યારે યમુનામાં વિહાર કરે છે ત્યારે ત્હેમના સ્તન ઉપર અર્ચેલા ચંદનથી યમુના પ્રવાહનો એક ભાગ શ્વેત બની જાય છે. ગરુડના ભયથી ન્હાસી આવી યમુનામાં રહેનાર કાલિનાગે આપેલો એક તેજસ્વી મણિ પહેરી જ્યારે સુષેણ રાજા બહાર નીકળે છે, ત્યારે કૌસ્તુભ ધારણ કરનાર કૃષ્ણને પણ લજ્જા આવતી હશે! હે દેવિ! આવા રાજાને મેળવવાથી વૃન્દાવનની હરિયળી ભૂમિમાં વિહાર કરવાનું ભાગ્ય પ્રાપ્ત થશે. ત્યાં ગોવર્ધન પર્વતની ગુફાઓમાં શીતળ શીલાઓ ઉપર આરામ લેતાં લેતાં મોર પક્ષીનાં કળાયુક્ત નૃત્ય જોવાનો લ્હાવો લેવાશે."

તે રાજાને પણ પડતો મૂકી રાજકન્યા આગળ ચાલી. ત્યાં આવી સુનન્દાએ પોતાનું વર્ણન ચલાવ્યું:

" આ મહારાજા હેમાંગદ એ કલિંગ દેશના રાજા છે. એમની સત્તા નીચે મહેન્દ્ર પર્વત અને મહાસાગર આવેલાં છે. પ્રાતઃકાળમાં પોતાના ગંભીર ધ્વનિથી મહાસાગર ત્હેમને નિદ્રામાંથી જગાડે છે. સમુદ્ર તટે આવેલા તાડવનમાં, શીતળ મંદ મંદ લહરીઓમાં આ મહારાજ સાથે વિહાર કરવો એ જીવનની એક લ્હાણ છે. "

ત્યાંથી પણ રાજકન્યાએ પ્રતિહારીને આગળ ચાલવા કહ્યું. તેઓ એક બીજા રાજા પાસે આવ્યાં. સુનન્દાએ પોતાનું કથન શરૂ કર્યું.

" ઇન્દુમતી બ્હેન ! આ પાંડય દેશના રાજા. ત્હેમની રાજધાનીનું નામ ઉરગપુર છે. ત્હેમણે શરીરે હરિચંદનનો સુગંધી લેપ કર્યો છે. અને ખભેથી પગ સુધીનો લાંબો હાર પહેર્યો છે. તેથી ત્હેમની આકૃતિ ઉદય પામતા સૂર્યથી દેદીપ્યમાન થયેલા શિખરવાળા અને પાણીનાં વહેતાં ઝરણવાળા પર્વતરાજ જેવી લાગે છે. વિન્ધ્યાચળની વૃદ્ધિને અટકાવનાર અને સમુદ્રને સમગ્ર પી જનાર અગસ્ત્ય મહર્ષિ આ મહારાજા ઉપર પ્રેમ રાખી એમના અશ્વમેધ યજ્ઞને અંતે સ્નાનની કુશળતા પૂછવા આવે છે. શંકર પાસેથી બ્રહ્મશિરસ્ નામનું તેજસ્વિ અસ્ત્ર મેળવીને લંકાધિપતિ રાવણ ઇંદ્રને જીતવા જતો હતો, તે પહેલાં ત્હેને પાંડયરાજા સાથે સંધિ કરવી પડી હતી. મલયભૂમિમાં ચંદન અને એલચીનાં વનોમાં આ મહારાજા સાથે વિહાર કરવાનું ભાગ્ય તમને પ્રાપ્ત થાઓ. રાજા શરીરે શ્યામ છે, ત્હમે ગોરોચન જેવાં ગોરાં છો—એટલે ત્હમારો સંબંધ મેઘ અને વિદ્યુતના સંબંધ જેવો પરસ્પર શોભામાં વૃદ્ધિકર થશે. "

એ રાજા પણ ઇન્દુમતીને પસંદ પડ્યો નહિ.

આ પ્રમાણે જે જે રાજાઓની પાસે થઈને તેઓ આગળ જતાં, તે તે રાજાના મ્હોંની લાલી જાણે તેઓ સાથે જ લઈ જતાં હોય એમ લાગતું! આમ ચાલતાં ચાલતાં તેઓ રઘુપુત્ર અજની સમક્ષ આવી પહોંચ્યાં. 'બીજા રાજાઓના જેવી આપણી પણ ગતિ થશે કે શું?' એમ ત્હેના મનમાં ચિંતા થવા લાગી. એટલામાં ત્હેના જમણા હાથે નકારમાં ઉત્તર આપ્યો.

અજને જોઈ ઇન્દુમતીના હૃદયપ્રદેશમાં એક અદૃષ્ટ ભાવનો સંચાર થવા લાગ્યો. ચતુર સુનન્દા આ મર્મ સમજી ગઈ અને વિસ્તારપૂર્વક અજનું વર્ણન કરવા લાગી:

"ઇક્ષ્વાકુ વંશમાં કકુત્સ્થ નામના એક પ્રસિદ્ધ રાજા થઈ ગયા છે, ત્હેમના નામ ઉપરથી ઉત્તર કોસલના રાજાઓ 'કાકુત્સ્થ' કહેવાય છે.

એક વખતે એ મહારાજા ઇંદ્રને બળદ બનાવી પોતે ભગવાન શંકરની માફક ત્હેની ખૂંધ (ककुद्) ઉપર બેસી અસુરોનો સંહાર કરવા ગયા હતા, ત્યારથી ત્હેમનું ઉપનામ 'કકુત્સ્થ' એમ રૂઢ થયું. સ્વર્ગપતિ ઇંદ્રરાજા ત્હેમને પોતાના આસન પર બેસાડી હમેશાં સત્કારતો. એ પ્રખ્યાત વંશમાં દિલીપ નામે રાજા થઈ ગયા છે. ત્હેમણે ઇંદ્રની ઇર્ષ્યા દૂર કરવા ખાતર જ પોતાનો સોમો યજ્ઞ અપૂર્ણ રાખ્યો. દિલીપ રાજાના શાસનકાળમાં માર્ગમાં પડેલી મત્ત સ્ત્રીઓના વસ્ત્રને વાયુ સરખો હલાવી શકતો નહિ, માણસની શક્તિનું તો કહેવું જ શું? એવો એમનો પ્રતાપ હતો. ત્હેમના પુત્ર રઘુરાજા હાલ ગાદી ઉપર છે. એમણે દિગ્વિજયમાંથી આણેલી સર્વ સંપત્તિ વિશ્વજિત્ યજ્ઞમાં વાપરી પોતાની ઉદારતા સિદ્ધ કરી છે ત્હેમનો યશ દશે દિશામાં એટલો પ્રસરેલો છે કે ત્હેની મર્યાદા બાંધવી કેવળ અશક્ય છે. જેમ ઇંદ્રને જયન્ત, તેમ રઘુરાજાને અજ થયા. આ

સામે બેઠેલા મહારાજા અજ છે. કુળમાં, કાન્તિમાં, યૌવનમાં અને અન્ય અનેકાનેક ગુણોમાં ત્હમે બન્ને સરખાં છો. સુવર્ણમાં મણિને જડાવા દ્યો.

સુનન્દાના કોમળ વચન સાંભળી, ઇન્દુમતીએ પ્રસન્ન દૃષ્ટિથી પણ શૃંગાર—લજ્જાયુક્ત એક કટાક્ષ અજ ઉપર ફેંક્યું. ત્હેના હૃદયમાં પ્રેમ ઉભરાવા લાગ્યો, અને રોમાંચ રૂપે ત્હેનાં બાહ્ય દર્શન થયાં. સખીઓએ ત્હેની પ્રેમાળ દૃષ્ટિ ઓળખી લીધી, અને મશ્કરી ખાતર ત્હેને કહ્યું: "બ્હેન! હવે ચાલો આગળ." ઇન્દુમતીએ ઉત્તર ન આપતાં ત્હેમના તરફ એક કુટિલ દૃષ્ટિપાત કર્યો, અને દાસીના હાથમાંથી વરમાળ લઇ અજના કંઠમાં પહેરાવી દીધી, આ કેવળ પુષ્પમાળા જ નથી, પરંતુ સ્વયં ઇન્દુમતીનું હસ્તાલિંગન છે, એમ અજને લાગ્યું.

"સંસ્કૃત સાહિત્યની કથાઓ" ન્હાનાલાલ નાથાલાલ શાહ
ભાગ ૧ લો

૨૯

પરીક્ષાનો વાહુ !

અકબરના દરબારની એક નકલ પ્રસિદ્ધ છે કે, એક વાર અકબરશાહે પોતાના ચાર વજીરોની બુદ્ધિ જોવા ચાર બકરા તોળાવી, દરેકને એક એક બકરો આપી દીધો. શાહની આજ્ઞા એવી હતી કે 'એક મહિના પછી દરેકેદરેક બકરો દરબારમાં પાછો લાવવો અને બકરો તોલમાં વધવા કે ઘટવા ન પામે એની પૂરેપૂરી સંભાળ રાખવી, નહિં તો સખ્ત સજા કરવામાં આવશે.

એક વજીર પોતાના બકરાને સવાર અને સાંજે તોળતો હતો— વજન વધે તો ખાવાનું ઘટાડતો હતો અને ઘટે તો ખોરાક વધારતો

હતો. બીજો વજીર બકરાનો ખોરાક રોજ બદલતો હતો. આજે લીલું ઘાસ તો કાલે સુકું ઘાસ, અને એક દિવસ બાજરો આપતો તો બીજે દિવસે અપવાસ કરાવતો હતો. ત્રીજો વજીર બકરાને સારી રીતે ખવરાવતો હતો અને તેને દોડાવી દોડાવીને તેની પાસેથી ખૂબ મજુરી લેતો હતો. બીરબલ પોતાના બકરાને આખો દિવસ સારૂં સારૂં ખવડાવતો હતો અને સાંજે એક વરૂના પાંજરા આગળ તેને બાંધી રાખતો હતો. બકરો આખો દહાડો ખાઇ પીને જેટલો વધતો હતો, તેટલોજ રાતે વરૂના ભયથી ઘટી જતો હતો, એટલે કે તેનું વજન જેટલું ને તેટલુંજ રહેતું હતું. અંતે બીરબલનો બકરો જ સમતોલ રહ્યો.

એજ સ્થિતિ વર્તમાનકાળમાં આપણા દેશના વિદ્યાર્થીઓની છે. વિદ્યાર્થીઓ ખાઇ પીને તાજા થાય છે કે પરીક્ષારુપી વ્યાઘ્ર તેમનું રક્ત, અદ્દરથી ચુસી લે છે. આજકાલ હિન્દીઓને માથે કેળવણીનો ભુત અથવા ઉન્માદ ચઢી બેઠેલો છે. બધાં માબાપો એજ ઇચ્છે છે કે, છોકરો જેમ બને તેમ જલ્દી જલ્દી પરીક્ષાઓ પાસ કરતો ચાલ્યો જાય. સગાઇ અને પરણેતર પણ પરીક્ષાના સર્ટીફીકેટ પર આધાર રાખે છે. પૂર્વે જન્મપત્રિકાઓ ને જન્મકુંડળીઓ જોવામાં આવતી હતી, તેને ઠેકાણે હવે સર્ટીફીકેટો જોવાય છે. પૂર્વે કુળ પુછતાં હતાં, ત્યાં હવે પાસ અને નાપાસના પ્રશ્નો પૂછાય છે. નોકરી ચાકરી, ધંધા ધાપા અને ગતિ અવગતિ બધનો આધર યુનિવર્સિટી- ના સટરપટરીયા સર્ટીફીકેટ પરજ ટકી રહેલો છે. પૈસાદારોના પુત્રો પેટ કૂટે છે કે ગરીબોના છોકરાઓ જેટલી અમારાથી મહેનત નથી થતી તેથી નાપાસ થઇએ છીએ અને ગરીબો ગડબડ મચાવે છે કે પૈસા વિના ઊંચી ઊંચી કેળવણી ક્યાંથી લઇએ ? મુસલમાનો બૂમો મારે છે કે હિન્દુઓ કરતાં અમારામાં તાલીમ ઓછી છે, ત્યારે હિન્દુઓ હાય મારે છે કે અમને સમુદ્રપાર જવામાં શાસ્ત્રો આડાં

નડે છે, માટે સીવીલ સર્વિસની પરીક્ષા અહીં થવી જોઇએ. પારસીઓ એવો પોકાર કરે છે કે, ઘોતીઆદાસો નોકરીના ભાવો બગાડી નાંખે છે ! બસ—દશે દિશામાં પરીક્ષા, પાસ થવું અને પ્રારબ્ધ વેચી પારકી ચાકરી કરવી, એજ ઝંખના સર્વને લાગી રહેલી છે. બંગાળીઓ વળી બક્ષાનાં બાવલાં બન્યા છે. પાતાળના પેટામાં પરીક્ષા પડેલી હોય તો પાસ કર્યા વિના પાણી ન પીવાનો નિયમ તેઓ ધારી બેઠા છે. હિન્દુસ્તાનીઓ તો વેગળા રહ્યા, પણ અંગ્રેજોનાં અંગ પણ બંગાળીઓના નામથી કંપાયમાન થાય છે. શિલ્પવિદ્યાનો નાશ, કારીગિરિ કારાગારમાં, હુન્નર હિમાળે ગયા, વેપાર વાંઝિયો, રોજગાર રાંડેલો, વ્યાપાર વનમા, બસ મોક્ષની બારી નોકરી અને તે પણ સરકારી નોકરી જ ! સરકાર માબાપની જાત ગોરી એટલે રીત ગોરી, ભાત ગોરી, નીતિ ગોરી, રીતિ ગોરી—બધું ગોરૂં—એટલે એમની ચાકરી પણ ગોરી ! હવે એ ગોરી પર કાળા મોહી પડે તેમાં નવાઇ શી ? તેમ સરકારી ગોરી નોકરી કાળાને તરછોડી ગોરાને વરમાળા આરોપે તો તેમાં વાંક કોનો ?

હવે સરકાર આધા કહાડે છે—ધક્કા મારે છે, હાંકી મૂકે છે, હડસેલી કાઢે છે, તેમની વિરૂદ્ધ ઠરાવ કરે છે કે આ નોકરી પર કાળાનો હક નથી ! છતાં દોડયા દોડયા જાય છે, કાળાઓ ખાસડાં ખાય છે ! છતાં લોકો પાછા પડતા નથી. એ ઝગડાનું પરિણામ શું આવશે, એ એક આશ્ચર્યકારક પ્રશ્ન છે. આમને આમ એમ. એ. અને બી. એ; એલ. એ. અને એચ એ: જી. એ. અને સી. એ.—બધાને એકઠા કરીને હિંદ તેમનું કરશે શું ? સરકાર માબાપના ઘરમાં પ્રતિચ્છાયા પણ ગોરી પડે છે, ત્યાં કાળાઓ વિના કારણ ધોળા કાગળ કાળા કરી શું માગે છે ? જો તેઓ બોલવા જાય છે, તો ચટકા લાગે છે—અમલદારો મ્હેડાં તોબરા જેવાં કરે છે.

પરીક્ષક મહાત્માઓની તો વળી ગતિ જ ન્યારી છે. તે લોકો

કઠિનમાં કઠિન પ્રશ્નો કાઢીને આજકાલના વિદ્યાર્થીઓ સમક્ષ મૂકવામાં જ પોતાની વિદ્વતા અને મહત્તા સમજે છે. પરીક્ષાનો મુખ્ય હેતુ અથવા ધર્મ છે તે એ છે કે, વિદ્યાર્થીને કેટલું જ્ઞાન છે તે જાણવું; તેને સ્થાને શું નથી આવડતું. તે જોવા માટે જ તેઓ ફાંફાં માર્યાં કરે છે. વીણી વીણીને તેઓ એવા સવાલો મૂકે છે કે, વિદ્યાર્થીઓને તે સવાલો નકામા જેવા જણાય છે અને તેથી તેઓ ઘણી જ મોટી ભૂલમાં પડી જાય છે—નાપાસ થાય છે.

જ્યાં ત્યાંથી વિદ્યાર્થીગણ નાપાસ થાય અને ચોરાસીના ફેરામાં અટવાયા જ કરે, એવા જ પ્રશ્નો તેની હજુર રજુ કરવામાં આવે છે અને પરીક્ષાપત્રકની તપાસણીના કેવા હાલ થાય છે તે તો અમે જણાવી ગયા છીએ. વિદ્યાર્થી મરે કે જીવે, તેની દરકાર પરીક્ષકને હોય તો તેના બાપના જ સમ !

" પરીક્ષા ! તારૂં સત્યાનાશ જશે, " આવું બોલનારા કેટલાક વિદ્યાર્થી હશે ? અરે ! એ સવાલ શેનો કરો છો ? એવું ન બોલનારા કેટલાક વિદ્યાર્થી હશે, એ સવાલ થવો જોઇએ. ૧૮૩૩નો હિંદી સરકારનો ડીસ્પેચ ઈગ્લાંડ મોકલવામાં આવ્યો ત્યારે ભાગ્યે જ કોઇએ જાણ્યું હશે કે જે પરીક્ષાઓનાં લફરાં દાખલ કરવામાં આવનારાં છે, તેના પરિણામમાં હિંદી પ્રજાના બાળકોની હાલત આ રીતે લેલે-મજનું થઇ પડશે ! દર વરસે યુનિવર્સિટીની ટંકશાળમાંથી સેંકડો સિક્કા સીલ મોહોર મરાઇને બહાર પડે છે, પણ એમાંથી કેટલા સિક્કા ખરા તરીકે દુનિયામાં પસાર થાય છે તે જોવા જોગ છે. હજુ સુધી યુનિવર્સિટીની કેળવણીએ અને પરીક્ષાનાં લફરાંએ બહુ થોડા જ વિદ્યાર્થી ઉત્પન્ન કીધા છે, કે જેમણે નામના કીધી હોય ! મહાત્મા રાનડાએ પરીક્ષાનાં આ લફરાંઓની, તેની રીતિ, શિક્ષણની પદ્ધતિ એ સઘળા ઉપર બહુ સારી રીતે વિચાર કીધો

હતો. પશ્ચિમના દેશમાંના વિદ્યાર્થી જ્યારે પરીક્ષાઓ આપી રાતા રાયણ જેવા કાયમ રહે છે, તેના મોંઢાની સુરખી લખલખાટ કરતી જોવામાં આવે છે, ત્યારે હિંદના વિદ્યાર્થીની સ્થિતિ માયકાંકલી, મોતના મોંમાંથી પાછા નીકળેલા જેવી—જાણે સોહરઈ સુકાઈ વાસી મુડદાં હોય—એના જેવી બની જાય છે. આજકાલની પરીક્ષામાંથી કેટલાઓ કાલીદાસ કે ભવભૂતિ, વરાહમીહર કે ધન્વંતરિ, ચરક કે શુશ્રુત, વ્યાસ કે વાલ્મીકિ, વામન કે મોરોપંત, તુકારામ કે જ્ઞાનદેવ, પ્રેમાનંદ કે નરસિંહ, સુરદાસ કે સુંદરદાસ રામમોહનરાય કે દેવેન્દ્રનાથ, બાપુદેવ કે સુધાકર ઉત્પન્ન કીધા છે? છાપ લીધેલા તો ઘણાએ સાધુઓ છે, પણ ખરો સાધુ જેમ ભાગ્યેજ મળી શકે છે, તેમજ વિદ્યાના વ્યસનવાળો અને જેના પર સરસ્વતી પ્રસન્ન છે, અથવા જેણે ભણતરનું સાર્થક કીધું છે તેવા તો બે પાંચ વિદ્યાર્થીઓ યુનિવર્સિટીની ટંકશાળમાંથી ભાગ્યે બહાર પડેલા હશે.

અને શરીરસંપત્તિમાં તો ન પૂછો વાત. દેશના એક નાકાથી તે બીજા નાકા સુધી બૂમ પડી રહી છે કે દેશનું કલ્યાણ કરો, કલ્યાણ કરો! પણ કલ્યાણ કરનારાઓનાં મ્હોં જોશો તો લીલીપટના બ્હેંતીયાઓ પણ તેના કરતાં જબરજસ્ત! એક ભણેલો ગણેલો બી. એ. એલએલ. બી. ઘરમાં બેઠો હશે. અને ૨-૪ અફઘાનોએ આવીને તુફાન કીધું હોય, બજાર લુંટયું હોય, સ્ત્રીઓની આબરૂ લુંટી હોય, લોકો રાડેરાડ પાડતા હોય, શહેરમાં હજારો માણસો બેઠા હોય, પણ એ જંગલી જડસુની સામા ઉભા રહેવાની કોઇની પણ હીંમત ચાલશે નહિ! ભીમની ગદા, હનુમાનની હાક, અર્જુનનું બાણ, ઘટોત્કચ્છનો વેગ કુંભકરણનો આહાર, એ સઘળી પુરાણોની ગપ્પ હોય, કવિઓના ટોલા હોય, તેની અમને કંઇ દરકાર નથી! પણ જેઓએ શિવાજીની તરવાર જોઇ છે તેઓ તેનું બળ, ટટાર શરીર, પાણીદાર નેત્ર, અને ઉગ્ર ચહેરો જોઇને શું કહેશે કે કેવા વીર પુરુષે

દેશના ઉદ્દવને માટે કમ્મર કસી હતી! મુગલ લશ્કર જેને સેતાનના નામથી ઓળખતું હતું તે બાજીરાવ પેશ્વા જ્યારે ભૂખ લાગતી ત્યારે ક્યાંને ક્યાં કણસલાં ખાઇ જતો હતો. સદાશીવ જેણે અફગાન દુરાનીની છાતી ચીરવાનું પણ લઇ લીધું હતું, તેણે એક સપાટે પાણીપતની લડાઇમાં સાત અફઘાનોને કાપી નાંખ્યા હતા! અયોધ્યાનો નવાબ સુજાઉદૌલા પુછડું તાણીને હાથીને હાલવા દેતો નહોતો! બારામતીની સ્વારીમાં તંબૂમાં બિરાજેલા માધવરાવ પેશ્વા પર એક મદોન્મત્ત હાથી દોડતો આવ્યો, ત્યારે બાજીરાવ પાટણકરે કટારના એક જ સપાટાથી હાથીની ચાર આંગળ સુંઢ કાપી નાખી હતી! એ કઇ પરીક્ષાઓનાં પરિણામ હતાં? આ શક્તિ આજકાલની પરીક્ષાઓથી આવી શકે એમ નથી. સેન્ડો અને કરિમબક્ષને જેણે જોયા હશે તેઓ કહી શકશે કે જ્યાં સુધી શરીરસંપત્તિ આબાદ થશે નહિ ત્યાં સુધી ભણીને ભીખ માંગવાના; પરીક્ષા આપી વહેલા વહેલા મસાણે પોઢવાના! બીજું તો કંઇ ઉકાળી શકનાર નથી. ન દેશ આબાદ, ન બેસ આબાદ.

વાસ્તવિક કહીએ તો હાલના તરુણ વિદ્યાર્થીઓનું પરીક્ષાએ નખોદ વાળી નાંખ્યું છે. સઘળાંઓને એકજ ઘીસલામાં જોડેલા છે. વિદ્યા, કળા, ચાતુરી, વ્યાપાર, વણજ, શરીરસંપત્તિનાં સાધન સંપાદન કરવાનો હાલની શીક્ષણ પદ્ધતિમાં માર્ગજ દેખાતો નથી. ખરૂં કહીએ તો મૃત્યુનો માર્ગ વિદ્યાર્થીના મુખ આગળ ઘડી ને પળે રમતો જોવામાં આવે છે.

પાશ્ચાત્ય યુનિવર્સીટીઓ, ત્યાંનાં હવાપાણી, ત્યાંની ગણત્રી, શિક્ષણપ્રણાલિ, શિક્ષણના હેતુઓ, ત્યાંનો વ્યાપાર, ત્યાંની સરકારી નોકરીઓની સંકલના, ત્યાંના લોકોની શારીરિક સ્થિતિ અને વ્યાયામના નિયમો—એ બધું હિન્દુસ્તાનથી ભિન્ન પ્રકારનું છે. એમ છતાં પણ ત્યાંનીજ રીતભાતો અહીં પરાણે ઠોકી બેસાડવામાં આવી છે અને

દિવસે દિવસે એક એક કરીને નિયમના નામે અનેક નવાં લાકડાં વેચી ઘાલવામાં આવે છે. વળી ખુબી તો એ કે, ત્યાંના નિયમને અહીં વધારે કઠિન આકારમાં રજુ કરવામાં આવે છે. અહીં જે જે વિષયો શીખવવામાં આવે છે તે બહુધા નિરુપયોગી જેવાજ હોય છે.

માબાપને રાતદિવસ વળી એક બીજી ચિન્તા થયા કરે છે કે, સાજા તાજા છોકરા દહાડે દહાડે ગળાતા કેમ જાય છે? તેઓ છોકરાઓની દવાઓ કરાવે છે, ડૉકટરને દેખાડે છે, પેટંટ ઓસડીઆં ખવડાવે છે અને વસાણાં વસાવે છે! શિયાળામાં અડદિયું કે સાલમપાક કે મેથીપાક પીરસે છે, પણ કાંઇએ વળતું નથી. આડા ફાટવું તો રહ્યું, પણ ઉંચા વધવાનુંએ છોકરા માંડી વાળે છે. અંગનાં વાન વળતાં જ નથી! આમ જુવાની આવી કે આમ ચશ્માની ખરીદી ચાલી. પચ્ચીસી પૂરી થઇ ન થઇ કે, વાળ ધોળા ધબ! હવે તેમની સંતતિ બળિયલ અને બેઢબ નીકળે તેમાં શી નવાઇ! ધીરે ધીરે વાંસિયાપરથી હાથિયાં અને હાથિયાં પરથી વ્હેંતિયાં માણસો ભારતવર્ષમા થઇ પડશે. ટુંકાં શરીર, ટુંકાં સાહસ, ટુંકા વિચારો અને અન્તે ટુંકી અવસ્થા—બધું ટુંકું જ થઇ પડવાનો ખુલ્લો સંભવ દેખાય છે.

'એમ. એ. બનાકે
ક્યોં મેરી મિટ્ટી ખરાબ કી?'

અમૃતલાલ કે. નાયક

૨૬

सत्यव्रत

પાંચ નિયમો જે યમ તરીકે જાણીતા છે, તેમાંનો સૌથી પ્રથમ અને અગત્યનો નિયમ સત્યવ્રતનો છે. અને ત્યાં સુધી અસત્ય ન

બોલવું એવા રૂઢ અર્થમાં વપરાતું સત્ય તે સત્ય નથી. વળી સત્ય એ સર્વોત્તમ નીતિ છે, પણ જો તે સર્વોત્તમ નીતિ ન હોય તો તેને આપણે તજી દઇએ એવા ભાવાર્થવાળી ઉપલી કહેવતને અનુસરતું સત્ય તે પણ સત્ય નથી, પરંતુ ગમે તેટલા ભોગે આપણે આપણું જીવન સત્યના નિયમાનુસાર ગુજારવું જોઇએ એ વાક્યમાં વપરાયલું સત્ય તે જ ખરૂં સત્ય છે.

સત્યનું આ સ્વરૂપ સમજાવવાને મેં પ્રહ્લાદજીના જીવનનું પ્રસિદ્ધ દૃષ્ટાંત લીધું છે. તેઓએ સત્ય ખાતર પોતાના પિતાની સામે થવા હિંમત કરી હતી. તેઓએ પ્રતિકાર કરીને અથવા પોતાના પિતા જેવું વર્તન કરીને પોતાનું રક્ષણ કરવા પ્રયત્ન કર્યો ન હતો, પરંતુ પોતાના ઉપર પિતાએ કરેલા પ્રહારો અથવા પોતાના પિતાના હુકમથી બીજાઓએ કરેલા પ્રહારો સામે પ્રહારો કરવાની દરકાર કર્યા વિના પોતાને જે સત્ય સમજાયું હતું, તેના રક્ષણ માટે તેઓ પ્રાણ પાથરવા તૈયાર હતા એટલું જ નહિ, પણ તેઓએ પ્રહારોથી છટકી જવાને ઇચ્છયું પણ ન હતું. તેને બદલે જે અસંખ્ય બળાત્કારો તેઓના ઉપર કરવામાં આવ્યા, તે બધા તેઓએ સ્મિતપૂર્વક સહન કર્યા. પરિણામ એ આવ્યું કે અંતે સત્યનો જય થયો. કોઇક દિવસ પણ પોતાના જીવન દરમિયાન જ સત્ય નિયમની નિશ્ચિતતા દાખવવા પોતે શક્તિમાન થશે એવી માન્યતાથી પ્રહ્લાદજીએ બળાત્કારો સહન નહોતા કર્યા, પરંતુ બળાત્કારથી તેમનું મરણ થાત, તો પણ તેઓ સત્યને વળગી રહ્યા હોત. આવા સત્યનું સેવન કરવા તથા કરાવવા હું ઇચ્છું છું.

જેમ તણખલાં પવન કઇ દિશામાં વાય છે તે બતાવે છે, તેમ નજીવા પ્રસંગો માણસના મનનું વલણ બતાવે છે. એક મિત્ર મારી સાથે ખાનગી વાત કરવા ઇચ્છતો હતો, તેથી તે અને હું એકાંતમાં ગયા અને વાતચિત કરવા લાગ્યા. તેવામાં એક ત્રીજો મિત્ર આવ્યો, અને તેણે વિનયથી પૂછયું કે 'મેં ખલેલ તો નથી

કરી?' જે મિત્ર સાથે હું વાત કરતો હતો, તેણે કહ્યું 'અરે નહિ, અમે કંઇ ખાનગી વાત કરતા નથી.' મને જરા નવાઇ લાગી, કારણકે મને ખાનગીમાં લઇ જવામાં આવ્યો હતો, અને હું જાણતો હતો કે આ મિત્રથી તો અમારી વાતચિત ખાનગી હતી, પરંતુ તેણે તરત જ વિનયને લઇને–હું તો તેને વધુ પડતો વિનય કહીશ– કહ્યું કે 'અમારી વાતચિત કંઇ ખાનગી નથી, અને તમે (પાછળથી આવેલા મિત્ર) અમારી પાસે ભલે આવો.'

હું એમ કહેવા માગું છું કે સત્યનું જે લક્ષણ મેં બાંધ્યું છે, તેને આવું વર્તન અનુકૂળ નથી. હું ધારૂં છું કે તે મિત્રે જેટલી અને તેટલી નમ્રતાથી, પરંતુ ખુલ્લી રીતે અને નિખાલસ મને સામા ધણીને (જે સજ્જન હોય છે, અને જ્યાં સુધી તે તેવો નથી એમ ન જણાય, ત્યાં સુધી આપણે દરેકને સજ્જન માનવાને બંધાયલા છીએ તેને) જરા પણ માઠું લગાડયા વિના કહેવું જોઇતું હતું કે તમે કહો છો તેમ તમારા અહીં આવવાથી અમને ખલેલ પહોંચશે. વિનયને અંગે આપણે આમ કહેતા રહીશું, તો આપણે અવશ્ય દાંભિકોની પ્રજા બનીશું.

એક ખાનદાન અંગ્રેજે મને પૂછયું: "તમે આ કબુલ કરશો કે નહિ કે જ્યારે હિન્દીઓ 'ના' કહેવા માગે છે, ત્યારે પણ તેઓ 'ના' કહેવાની હિંમત નથી કરતા; જે હિંમત ઘણા અંગ્રેજો ધરાવે છે?" મારે કહેવું જોઇએ કે મેં તરત જ 'હા' પાડી. તે વાત સાથે હું મળતો થયો. જે માણસને ઉદ્દેશીને આપણે બોલીએ છીએ, તેની લાગણીઓને માન આપવા ખાતર તેને નિખાલસ રીતે અને હિંમતથી 'ના' કહેતાં આપણે આનાકાની કરીએ છીએ. આપણે 'ના' કહેવા ઇચ્છતા હોઇએ ત્યારે પરિણામનો વિચાર કર્યા વિના 'ના' પાડવી જોઇએ. આવા પ્રકારનું સત્યવ્રત આપણો પ્રથમ નિયમ હોવો જોઇએ.

"ગાંધીશિક્ષણ" ભાગ ૨ — મહાત્મા ગાંધીજી

૨૭

सत्याग्रह अने दुराग्रह

સાધ્ય વસ્તુ મેળવવાના બે માર્ગ છે, સત્યાગ્રહ અને દુરાગ્રહ. આપણા ગ્રંથોમાં તેને દૈવી અને આસુરી સંપત્તિ તરીકે વર્ણવ્યા છે. સત્યાગ્રહના માર્ગમાં સત્યનો હમેશાં આગ્રહ રહે છે. કોઇ પણ કારણસર સત્યનો ત્યાગ નથી થતો. એમાં દેશને અર્થે પણ જૂઠાનો પ્રયોગ થઇ શકે એવું નથી. કેટલીક વેળા રસ્તો ઘોર લાગે, પરિણામ ભયંકર જણાય, જરા સત્ય છોડવાથી સિદ્ધિ મળવા જેવું લાગે, તે છતાં સત્યનો ત્યાગ સત્યાગ્રહી કરતો નથી, તેની શ્રદ્ધા એવે સમયે પણ સૂર્યના તેજની જેમ ઝગઝગ્યા કરે છે.

સત્યાગ્રહી નિરાશ થાય જ નહિ. સત્ય જ તેની તલવાર હોવાથી તેને ગજવેલની તરવારનો કે દારૂગોળાનો ખપ પડતો નથી. તે આત્મબળથી, પ્રેમથી વેરીને પણ વશ કરે છે. મિત્રવર્ગમાં વહાલના પ્રેમની કસોટી થતી નથી. મિત્ર મિત્રની ઉપર પ્રેમ કરે એ નવાઇની વાત નથી, તે ગુણ નથી, તેમાં શ્રમ નથી, પણ શત્રુ પ્રત્યે મિત્રતા રાખવામાં પ્રેમની કસોટી છે, તે ગુણ છે, તેમાં શ્રમ છે; તેથી તે પુરુષાર્થ છે, તેમાં ખરી બહાદુરી ભરી છે. રાજ્યકર્તા તરફ પણ આપણે આવી દૃષ્ટિ રાખી, તેમનાં નેક કામોની કીંમત કરી, તેમની ભૂલો માટે તેમનો દ્વેષ કરવાને બદલે તેમને પ્રેમભાવથી ભૂલો બતાવી, તે ભૂલો દૂર કરાવી શકીએ છીએ.

આ પ્રેમભાવમાં ભયને અવકાશ નથી. નબળાઇ તો હોય જ નહિ. નબળો પ્રેમ નથી બતાવી શકતો. પ્રેમ સારોજ બતાવી શકે. બધાં માણસો બધાં કાર્યો ખૂરી દાનતથી કરે છે એમ પણ ન માનીએ. પ્રેમથી કરેલી તેઓના કાર્યની આપણી પરીક્ષા એવી શુદ્ધ

હશે કે તેઓની ઉપર તેની છાપ પડયા વિના નહિ રહે. પ્રેમ લડી શકે છે, પ્રેમને ઘણી વેળા લડવું પડે છે.

સત્તાના મદમાં માણસ પોતાની ભૂલ નથી જોતો. એ સમયે સત્યાગ્રહી બેસી નથી રહેતો, પણ પોતે દુઃખ સહન કરે છે. સત્તાધીશના હુકમનો-તેના કાયદાનો સવિનય ભંગ કરે છે, અને એ સવિનય ભંગથી પડતાં કષ્ટ, જેવાં કે જેલ, ફાંસી ઇત્યાદિ સહન કરે છે આમ આત્મા ઘડાય છે. આમાં કાળક્ષેપ થતો નથી અને એવા વિનયપૂર્વક કરેલા ભંગમાં પાછળથી ભૂલ જોવામાં આવે, તો એ ભૂલનું પરિણામ માત્ર સત્યાગ્રહી અને તેના સાથી સહે છે. આમાં સત્તાધીશની સાથે કડવાશ નથી થતી, પણ છેવટ તે આપણને વશ થઇ વર્તે છે. તે જાણી લે છે કે સત્યાગ્રહીની ઉપર તેનો અમલ નથી ચાલી શકવાનો, સત્યાગ્રહીની સંમતિ વિના તેની પાસેથી તે એક પણ કાર્ય નથી લઇ શકવાનો.

આવો સત્યાગ્રહ શિક્ષિત સત્તાધીશની સામે જ ચાલી શકે એમ માનવાનું નથી. વજ્ર સમાન જેનું કઠોર હૃદય હોય તે પણ આત્માના બળથી પ્રગટ થયેલા અગ્નિમાં પીગળી શકે છે. આ અતિશયોક્તિ નથી પણ અક્ષરગણિતના પ્રમાણ જેવું છે.

જેઓ સમજપૂર્વક સત્યાગ્રહનો સ્વીકાર કરી પોતાની કાર્યરેખા દોરશે, તેઓ સાધ્ય વસ્તુ પ્રમાણમાં સહેલાઇથી મેળવી શકશે. આરંભમાં ભલે નિરાશા જોવામાં આવે, ભલે કેટલોક કાળ પરિણામ જોવામાં ન આવે, છતાં સરવાળે સત્યાગ્રહનો સંપૂર્ણ જય છે. દુરાગ્રહી ઘાણીના બેલની જેમ ચક્રમાં ફર્યા કરે છે. તે ફરતું ગતિ છે, પ્રગતિ નથી. સત્યાગ્રહી આગળ ધપ્યા કરે છે.

આપણી દાનત શુદ્ધ હશે તો દરેક જણ શુદ્ધ દાનતથી આપણી સાથે કામ કરશે. કદાચ શુદ્ધ દાનત નહિ રાખે એમ ક્ષણભર માનીએ

તોપણ આપણે આપણી શુદ્ધતા ઉપર વિશ્વાસ રાખવો ઘટે છે. ભલાની સાથે જ ભલાઇ એમાં વીરતા નથી. ભૂંડાની સાથે પણ ભલાઇનો પ્રયોગ કરવામાં જ વીરતા રહેલી છે. બધાંને આપણા ભાઇ ગણી આપણે અભયદાન આપવું જ જોઇએ. એ વિનાનો સત્યાગ્રહ દુરાગ્રહ છે.

'ગાંધીશિક્ષણ, ભાગ ૧ લો' મહાત્મા ગાંધીજી

૨૮

શંકા—ભય

આપણી શંકાઓ એજ આપણા વિશ્વાસઘાતી મિત્રો છે. અનેક શુભ વસ્તુઓ આપણે પ્રાપ્ત કરી શકીએ તેમ છીએ, પરંતુ તે મેળવવાનો પ્રયત્ન કરતાં આપણે ડરતા હોવાથી આપણે તેને પ્રાપ્ત કરી શકતા નથી. **આપણને અશુભ અને અનિષ્ટ સંયોગોમાં લાવી મૂકનાર 'ભય' જેવો બીજો કોઇ પદાર્થ નથી.** આપણે કોઇ પણ વસ્તુ અથવા મનુષ્યથી ભય રાખવા જેવું છે જ નહિ અને જો આપણે આપણી જાતને તેના ખરા સ્વરૂપમાં ઓળખીએ તો પછી આપણને તેવો ભય થતો પણ નથી.

આપણે અનેક દુ:ખોને અને સખ્ત આપત્તિઓને ભોગવી ચૂકવા છતાં પણ જીવતા રહી શકયા છીએ; એ આપણી ખાસ વિશેષતા હોવા છતાં પણ તેને વિસરી જઇને, ભવિષ્યનાં દુ:ખોનું વૃથા ચિંતન કર્યા કરીને જે વૃથા દુ:ખ આપણે અનુભવીએ છીએ તે કારણ વગરનું—મૂળ વગરનું જ છે.

જ્યાં શંકા—અશ્રદ્ધા છે ત્યાંજ ભય છે અશ્રદ્ધા કે શંકા ઉત્પન્ન થયા પછી જ ભય ઉત્પન્ન થાય છે. અમુક મનુષ્ય કેટલો

બીકણ છે તે મને જણાવ્યો એટલે તે કેટલો શ્રદ્ધારહિત છે તે હું તમને કહી શકીશ. માટે ભયને આપણે ઘેર પરોણા તરીકે રાખવો પાલવે તેમ નથી. ચિંતા અથવા ઉદ્વેગ પણ તેવી જ જાતનો પરોણો છે; તે એટલું બધું ખર્ચ કરાવે છે કે તેને પણ કોઇએ સફેદ હાથીની માફક પોતાને ઘેર રાખવો જોઇએ નહિ. **જે સંયોગોનો આપણે ભય રાખીએ છીએ તે સંયોગોને આપણે આપણી તરફ આકર્ષીએ છીએ;** અને તેજ પ્રમાણે જો આપણે શ્રદ્ધા, નિર્ભયતા આદિ શુભ વૃત્તિ રાખીએ તો ઇષ્ટ સંયોગો અને તકોને જ આપણે આમંત્રણ આપીએ છીએ, અને તે આપણા તરફ ખેંચાઇ આવે છે. ભયથી વ્યાપ્ત થએલું મન તેવા ભય પમાડનારા સંજોગો તરફજ પોતાનાં દ્વાર ખુલ્લાં રાખે છે. એક સમયે પ્લેગની દેવી જતી હતી, તેને એક પૂર્વદેશનિવાસી પથિકે પૂછ્યું : "તમે ક્યાં અને કેમ જાઓ છો ?"

"પાંચ હજાર માણસોને મારવાને હું બગદાદ જાઉં છું." થોડા દિવસ પછી તે દેવી તે પથિકને પાછી વળતાં મળી ત્યારે પથિકે કહ્યું : "તું તો કહેતી હતી કે બગદાદનાં પાંચ હજાર માણસને મારીશ, પણ તેં તો ૫૦ હજાર મનુષ્યોને માર્યાં ?"

પ્લેગની દેવીએ જવાબ આપ્યો : "મેં તો તમને કહ્યા પ્રમાણે ફક્ત પાંચ હજારજ માર્યાં છે અને બીજાં તો નાહક ભયથીજ મરણ પામ્યાં છે."

ભય એ શરીરના દરેક અવયવને શિથિલ બનાવી દે છે. ભય લોહીની ગતિને મંદ પાડે છે અને શરીરમાં વહેતી પ્રાણશક્તિને પણ મંદ કરે છે. ભયથી મનુષ્યનું શરીર જડ, ગતિ વિનાનું અને નિસ્તેજ બની જાય છે.

ભય રાખવાથી આપણે ભયકારક વસ્તુઓ અને સંયોગોને

આપણા તરફ આકર્ષવા ઉપરાંત બીજા મનુષ્યોને પણ આપણે ભયની સ્થિતિમાં કલ્પીને તેમની તરફ પણ તેવાજ પ્રસંગોને પ્રેરવામાં સહાય ભૂત થઈએ છીએ. જે પ્રમાણમાં આપણું વિચારબળ મજબૂત હોય છે અને જે પ્રમાણમાં બીજાં મનુષ્યો વિચારની અસર તેમના પર થઇ શકે એવી કોમળ પ્રકૃતિનાં હોય, તે પ્રમાણમાં આપણા તેવા વિચારને લીધે ઉપર જણાવેલું નુકસાન આપણે તેમને અવશ્ય કરીએ છીએ. ખાસ કરીને નાની ઉમરનાં બાળકો આસપાસના સંયોગો અને વાતાવરણની અસરને વિશેષ અધીન હોય છે. બહારના પદાર્થોનું પ્રતિબિમ્બ તેઓના મન પર બહુજ ત્વરાથી પડે છે અને પછી જેમ જેમ તેઓ વયમાં મોટાં થતાં જાય છે તેમ તેમ તે પ્રતિબિમ્બો અનુસાર તેમનું જીવન ઘડાતું રહે છે. આ પ્રમાણે આપણી માનસિક સ્થિતિની અસર આપણી આસપાસ મનુષ્યો અને બાળકોપર નક્કીપણે થયાજ કરતી હોવાથી આપણે આપણી માનસિક સ્થિતિને સદા ઉચ્ચ પ્રકારની જ રાખવી જાઇએ.

'પ્રભુમય જીવન'

૨૧

" पुस्तको "

મુદ્રણ કળાનાં બળે પુસ્તકોની સંખ્યા આકાશના તારાઓ જેવી અગણિત થઈ છે. પણ સંખ્યા ને ગૌરવ એ બે જુદી જ દિશાઓમાં વધતાં જણાય છે. આ કંઇક સ્વાભાવિક છે. લેખક થનારાઓ અનેક ઉદ્દેશથી લેખક થાય છે. કીર્તિપૂજકો, દ્રવ્યપૂજકો, જાતપ્રવર્તકો, આનંદપ્રિય સેવકો, સત્યનિષ્ઠ સાહિત્યભક્તો એમ અનેક પ્રકારના સાહિત્યના સેવકો હોવાથી સાહિત્ય ખેડવામાં તેમના ઉદ્દેશો પણ

વિવિધ અને ચઢતા ઉતરતા હોય છે. લેખકના નામની પવિત્રતા થોડી જળવાય છે. લેખકનો મુખ્ય ઉદ્દેશ બહુ થોડો અનુસરાય છે. જે મહાન કર્તાએ આ સુંદર સૃષ્ટિ બનાવી છે તેની કીર્તિનો ફેલાવો કરવો ને સમાજની સેવા કરવી એજ જ્ઞાન સંપાદન કરવાનો, જ્ઞાન પ્રતિપાદન કરવાનો ખરો આદર્શ હોવો જોઇએ. કેટલાં પુસ્તકોમાં આ ઉદ્દેશ જળવાયો જણાય છે? બહુજ થોડાં એવાં પુસ્તકો અમૂલ્ય છે.

સારાં પુસ્તકોનું સતત પરિશીલન કરનાર માણુસ નીતિમાન બને છે. પરિશીલન કરનાર એટલે માત્ર ઉપરચોટીઆ વાંચનાર નહિ, પણ નિર્મળ મન રાખી વાંચેલાનું નિદિધ્યાસન કરનાર. સ્વચ્છ સરોવરમાં જેમ આસપાસની કુદરત પ્રતિબિમ્બિત થાય છે તેમ સ્વચ્છ—નિષ્કપટી મનમાં સદ્વિચારોની છાપ પડે છે. એ છાપ એવી સચોટ હોય છે કે પુસ્તકોના વાંચનથી વિચાર સાથે આચાર પણ ઘણા માણસોના સુધરી જાય છે. આમાં આશ્ચર્યજનક કશું નથી. કારણ કે વિચાર એ આચારની શરૂઆત છે.

પુસ્તકો સન્મિત્રોની ગરજ સારે છે. પુસ્તકોની જેને મૈત્રી હોય છે તેને જંગલમાં પણ મંગળ થાય છે. પુસ્તકો સાચા મિત્ર છે. આપણા મિત્રો આપણને ખુશ કરવા તરફની વૃત્તિ વિશેષ રાખે છે, કડવું મનાવનારા ને સાચું ભાખનારા મિત્રો બહુ જ જવલ્લે મળે છે. પણ પુસ્તકોમાં તો હમેશાં જે લખાણું તે જ વંચાણું થાય છે. આપણે ખુશ થઇશું કે દીલગીર, આપણે ધનાઢય છીએ કે ધનહીન, આપણે સત્તાધીશ છીએ કે સત્તાવિહીન, આપણે મોટા છીએ કે નાના તેની લેશ પણ પરવા વિના આ મિત્રો હમેશ એક જ વાત આપણને કહી શકે છે.

પુસ્તકો અસંખ્ય હોવાથી પુસ્તકની પસંદગી દરેક માણસને આવશ્યક રીતે કરવી પડે છે. નીચ ભાવનાઓનું પોષણ કરી, અનિષ્ટ આનંદમાં નિમગ્ન કરાવી, વાચકની અધોગતિ કરનારાં

પુસ્તકો તો હમેશ વર્જ્યજ છે. તે ગમે તેટલાં રસિક હોય તો પણ ત્યાજ્ય છે. એમ ન સમજવું કે તેમાંનો રસ ઝીલી શકી તેમાંના રહસ્યનો આપણે બહિષ્કાર કરી શકીશું સંગતિદોષ હમેશ લાગવાનો જ. સ્પેન દેશની એક કહેવત છેઃ "વરૂઓમાં રહો ને તમે ઘુરકતાં શીખશો." અસાધુ પુસ્તકોને સેવો ને તમે અસાધુ બનશો.

સાધુ પુસ્તકો બે પ્રકારનાં વર્ણવી શકાયઃ ઉપયોગી પુસ્તકો ને આદર્શપૂર્ણ પુસ્તકો. ઉપયોગી પુસ્તકનું વાચન ઇષ્ટ છે, પણ તે ઉપયોગ પૂરતું જ. જેટલે અંશે ઉપયોગ તેટલે અંશે વાચન. આદર્શપૂર્ણ પુસ્તકોનું વાચન. પુનઃવાચન. પુનઃપુનરપિ વાચન—મનન, પુનઃમનન. પુનઃપુનરપિ મનન. મનુષ્યને પોતાની સંસ્કૃતિ માટે ઘણું આવશ્યક છે. અમૃત ગમે તેટલું લેવામાં આવે તોયે તેથી સંતોષ નથી થતો અને જેમ જેમ વધુ લેવામાં આવે તેમ તેમ વધુ લાભ મળે છે. તેવી જ રીતે આદર્શપૂર્ણ પુસ્તકોના અહર્નિશ સેવન વિષે પણ છે. કહેવામાં આવે છે કે સંતોષમાં પરમ સુખ છે. હું કહું છું ઠીક છે. પણ એક વસ્તુમાં મનુષ્યે કદાપિ સંતુષ્ટ ન બનવું જોઇએ; એક અસંતોષ હમેશ ઇષ્ટ છે. એ અસંતોષ જ્ઞાનનો, પુસ્તકપરિશીલનનો, ઉત્તમ લેખકોપ્રતિ આપણી ભક્તિનો અસંતોષ છે. એ અસંતોષ સદા વધારવા લાયક છે. એવો અસંતોષ સેવો ને સંતોષ તમને પ્રાપ્ત થશે. એવો અસંતોષ ચાલુ રાખવા માટે જે ભાગ્યશાળી પુરૂષે પોતાને જોઇતાં પુસ્તકો શોધી કાઢ્યાં છે તેણે હમેશ પોતાના સુખની સામગ્રી તૈયાર જ રાખી છે. તેવો માણસ આનંદી રહે છે. દિલગીરી તેનાથી ડરે છે. તેવો માણસ પોતાને તવંગર માને છે. નિર્ધનતા તેને દબાવી શકતી નથી. સદ્વિચારોનું ધન તેને વધારે પ્રિય છે. કારણ કે તેને બળે તે પોતાનું માન, પોતાની સ્વતંત્રતા, પોતાનું પોતાપણું સાચવી શકે છે, જે ધનીઓને પણ બહુ વિકટ છે.

"**નિવૃત્તિવિનોદ**" **અતિસુખશંકર ત્રિવેદી**

૩૦

રજપૂત ?

સ્થળ—આગ્રામાં રાજા સગરસિંહનો મહેલ.

સમય—સવાર.

(રાજા સગરસિંહ અને અરુણુસિંહ વાતો કરી રહ્યા છે.)

સગર૦—અરુણ ! દેવારના યુદ્ધમાં મોગલસૈન્યને અમરસિંહે ઘાસની પેઠે કાપી નાંખ્યું, એ ઘટના કંઇક અજાયબ જાદુભરી લાગે છે.

અરુણ૦—ધન્ય છે રાણા અમરસિંહને !

સગર૦—એ અમરસિંહ બાળપણમાં ઘણો જ મનમોજી હતો અને ખેલ, તમાશા તેમજ એશઆરામમાં રચ્યોપચ્યો રહેતો હતો. એવું કોણ ધારી શકતું હતું, કે મોટપણે તે આવો બહાદુર નીવડશે !

અરુણ૦—દાદાજી ! મહર્ષિ વાલ્મિક પણ પૂર્વાવસ્થામાં લૂંટારા જ હતા.

સગર૦— મહર્ષિ વાલ્મિક કોણ ? તુલસીદાસના છોકરા ?

અરુણ૦—દાદાજી ! શું આપે મહર્ષિ વાલ્મિકનું નામ સાંભળ્યું નથી ? એમ તે હોઇ શકે ! તે એક મહાન્ ઋષિ હતા.

સગર૦—એમ કે ? હાં ! હાં ! એમને જોયા છે તો ખરા. પણ અત્યારે કંઇ ખ્યાલમાં આવતું નથી !

અરુણ૦—આપે કયાંથી જોયા હોય ! એ તો ત્રેતાયુગમાં થઇ ગયા.

સગર૦—કયા યુગમાં ?

અરુણ૦—ત્રેતાયુગમાં.

સગર૦—હાં ! ત્યારે એ તો મારા જન્મ્યા પહેલાં ! પણ તેમનું નામ તો સાંભળ્યું છે. સંભળાય છે, કે એ બહુ રસિક પુરુષ હતા !

અરુણ૦–શું બોલો છો, દાદાજી! એમણે તો 'રામાયણ' લખ્યું છે.

સગર૦–એમ કે! 'રામાયણ' લખ્યું છે! હાં, પુસ્તક તો સારૂં.

અરુણ૦–છટ દાદાજી! આપે 'રામાયણ' વાંચ્યુંજ નથી? ભગવાન રામચંદ્ર આપણા પૂર્વપુરુષ હતા. આપ તેમના સંબંધમાં કશું જ જાણતા નથી! છીત્!

સગર૦–અરે! વાંચે તે શી રીતે? યુદ્ધ કરતાં કરતાં આખી જીંદગી ચાલી ગઇ. વાંચવાનો વખત જ કયાં મળ્યો છે?

અરુણ૦–શું આપે કોઇ દિવસ યુદ્ધ પણ કર્યું છે કે?

સગર૦–ઓહો હો! યુદ્ધ! અરે! મેં તો મહાન્ યુદ્ધ કર્યાં છે. અહો હો! તે સમયે તારો જન્મ પણ ન્હોતો.

અરુણ૦– પણ કોની સાથે?

સગર૦– હેં! એજ એકલું યાદ નથી; પણ હા, લડયો હતો, એટલું તો ચોક્કસજ યાદ છે. તે વખતે તારી મા...

અરુણ૦ (વચમાં)–મારી મા કયાં છે દાદાજી?

સગર૦–તે કોઇજ જાણતું નથી કે તે કયાં છે. એક દિવસ સવારમાં ઉઠતાંની સાથેજ તે 'મેવાડ મેવાડ' પોકારી ઉઠી તે પછી સાયંકાળે અમે તેને ઘણીજ શોધી પણ કયાંએ તેનો પત્તો લાગ્યો નહિ.

અરુણ૦–અને મારા પિતાજી?

સગર૦–એ તો મૂળથીજ ચક્રમ જેવા હતા. એક વખત મહારાજ ગજસિંહની સાથે તે ગુજરાત જીતવા ગયા અને ત્યાં જ પૂરા થયા.

અરુણ૦–મને લાગે છે, કે મારી મા ગમે ત્યાં મેવાડમાં જ હોવી જોઇએ.

સગર૦—એમ પણ હોય.

અરુણ૦—દાદાજી! આપ મેવાડ છોડી અહીં કેમ આવ્યા? જુઓને, આપના ભાઈ મહારાણા પ્રતાપસિંહે પોતાના દેશની ખાતર તો પ્રાણ આપ્યા.

સગર૦—તેમાં તો બિચારો નાની ઉમ્મરમાં માર્યો ગયો. પણ એમાં મારો કાંઈ દોષ નથી. મેં એને તેમ ન કરવા ઘણુંયે સમજાવ્યો હતો; પણ તેણે તો મારૂં માન્યું જ નહિ ને!

અરુણ૦—પણ, આજકાલ તો વાટે-ઘાટે, સર્વ સ્થળે ભાટચારણો તેમનાં જ યશોગાન ગાતા ફરતા સંભળાય છે.

સગર૦—ઉંહ્! એમાં શું વળ્યું? મરી તો ગયોજને! જીવ તો ખોઈજ બેઠોને? ગમે એટલાં ગાન ગવાય તો પણ તે જાતે તો અત્યારે અહીં આવી સાંભળી શકે એમ છે જ નહિ. મને સારી રીતે યાદ છે, કે એક દિવસ જ્યારે હું અને પ્રતાપ બન્ને નાના હતા ત્યારે, એક નોળીઓ અને સાપ લડી રહ્યા હતા. મેં કહ્યું, નોળીયો જીતશે, પણ પ્રતાપે તે માન્યું નહિ. સાપના શિર પર ચોટ લગાવી નોળીઓ કદિ આ તરફ તો કદિ બીજી તરફ સપાટો લગાવતો હતો, અને સાપ ફુંફાડા મારતે મારતે ફેણ ફટકારતો હતો. અંતે એવું બન્યું, કે નોળીયાના દાંત સાપના માથામાં પૂરેપૂરા પેસી ગયા અને સાપ માત્ર પૃથ્વી પર શિર પટકી પટકી મરી ગયો. ભાઈ! નોળીયાનું તો એ કામ જ છે, કે સાપને મારી નાંખવો. સાપ તેની સામે કેટલી ટક્કર ઝીલી શકે? આમ સમજીને જ મેં નોળીયાનો પક્ષ લીધો હતો, અને પ્રતાપે વગર વિચારે જ સાપનો પક્ષ લીધો. અત્યારે પણ એ જ હકીકત છે.

અરુણ૦—પણ દાદાજી, આ દેવારના યુદ્ધમાં?

સગર૦—અરે ભાઈ! એ રહ્યો રક્તબીજનો વંશ, કયાં સુધી કાપશો? જેમ જેમ કાપતા જશો તેમ તેમ તેઓ ઘણી મોટી

સંખ્યામાં હિંદુઓના મુસલમાન બનાવશે અને વળી પાછા સામે આવી ખડા થશે. હિન્દુઓ કંઇ એ રીતે મુસલમાનોને હિંદુ બનાવશે નહિ. શું હિન્દુઓ મુસલમાનોને હિન્દુ બનાવશે? જેઓ એક વાર ગમે તેવા સંયોગોમાં મુસલમાન થઇ જાય છે તેમને પણ તેઓ ફરીને કોઈ પણ રીતે હિન્દુ બનાવતા નથી. બસ આ જ સ્થળે હિન્દુઓ ભૂલ કરે છે.

અરુણ૦—કેવી રીતે ?

સગર૦—જો ને, તારા મામા મહોબ્બતખાં કેટલી સહેલાઇથી મુસલમાન થઈ ગયા! શું તેમનો અબ્દુલ્લા એટલી સહેલાઇથી હિન્દુ થઇ શકશે? તે તો કદી પણ હિન્દુ થઇ શકવાનો જ નહિ.

અરુણ૦—ત્યારે દાદાજી! આપ પણ મુસલમાન કેમ ન થઇ ગયા?

સગર૦—માત્ર એટલું જ કરવાનું દાદાજીમાં સાહસ નહતું. મારા પુત્રમાં અસીમ સાહસ હતું. તેણે જરા પણ આનાકાની કરી નહિ. આમ છતાં તેના માટેનું કેટલુંક કામ તો મેંજ પ્રથમથી કરી રાખ્યું હતું. મેંજ તેના માર્ગને અગાઉથી સરલ કરી મૂક્યો હતો. જો હું સાહસ ખેડી મોગલોના પક્ષમાં ભળ્યો હોત નહિ, તો મહોબ્બતખાં મુસલમાન થવાનું સાહસ કદિ પણ કરી શકત નહિ.

અરુણ૦—શાબાશ! કેવું સાહસ! દાદાજી! આપે પણ મુસલમાન થવું ઉચિત હતું. હિંદુ થઈ જેણે 'રામાયણ' વાંચ્યું નથી તેને માટે તો મુસલમાન થવું એજ યોગ્ય છે.

સગર૦—જોયું તારૂં 'રામાયણ'! એમાં તે વાંચવા જેવું શું ભર્યું છે? કેવળ ગાંજાખોરનાં ગપ્પાં છે.

[મોગલ સેનાપતિ સૈયદ અબ્દુલ્લા પ્રવેશ કરે છે.]

સગર૦—આદાબ, અબ્દુલ્લા સાહેબ!

અબ્દુલ્લા–બન્દગી, રાણા !

સગર૦–રાણા કોણ છે ?

અબ્દુલ્લા–કેમ ? આપ.

સગર૦–ભલા, હું ક્યાંનો રાણો ?

અબ્દુલ્લા–મેવાડના.

સગર૦– કેવી રીતે ? મેવાડના રાણા તો અમરસિંહ છે.

અબ્દુલ્લા–પણ, પાદશાહ સલામતે આજથી આપને મેવાડના રાણાનું પદ નવાજ્યું છે.

સગર૦–એટલે ?

અબ્દુલ્લા૦–તેમનું ફરમાન છે, કે આપે કાલે ચિતોડ જવું.

સગર૦–ચિતોડ ? શા માટે ?

અબ્દુલ્લા–તે આપની રાજધાની છે.

સગર૦–ત્યારે અમરસિંહની રાજધાની ક્યાં ? ઉદયપુરમાં ?

અબ્દુલ્લા–તે તો હવે રાણા નથી રહ્યા. પાદશાહ સલામતે તેમને ગાદી પરથી ઉઠાડી મૂક્યા છે.

સગર૦–પણ તે પોતાનું પદ શી રીતે છોડશે ?

અબ્દુલ્લા–જબરદસ્તીથી.

સગર૦–તો શું ત્યાં જઈ મારે તેની સાથે યુદ્ધ કરવું પડશે ? તો તો સાહેબ ! મારે રાણા બનવું નથી.

અરુણ૦–કેમ, આપ તો હમણાંજ કહેતા હતા ને, કે હું યુદ્ધવિદ્યામાં બહુ જ કુશળ છું અને યુદ્ધ કરતાં કરતાં મારો આખો જન્મારો વહી ગયો છે, તો જાઓને હવે લડવા.

સગર૦–અરુણ ! તું આ શું બોલે છે ? (અબ્દુલ્લા તરફ જોઇને) નહિ, સૈયદ સાહેબ ! આપણાથી કંઈ યુદ્ધ થઇ શકશે નહિ.

એ યુદ્ધ કરવાના ભયથી તો કશી પણ આનાકાની વગર મેં મારી જાતને મોગલોના હવાલે કરી દીધી છે. જો મારે યુદ્ધ જ કરવાનું હોય તો સ્વદેશના પક્ષમાં રહી ન લડતાં તેની સામે લડવા શા માટે જાઉં? મેં કંઇ એવી શરત કરેલી નથી.

અબ્દુલ્લા—નહિ, આપને લડાઈ કરવી પડશે નહિ. લડાઇ કરવાનું કામ અમે જાતે જ કરી લઇશું. મહેરબાનીની રાહે આપને રાણા બનવું પડશે અને ચિતોડમાં જઇ ત્યાં રહેવું પડશે.

સગર૦—કદિ અમરસિંહે ચિતોડ પર ચઢાઇ કરી તો?

અબ્દુલ્લા—તે કરશે જ નહિ. આટલા દિવસ કરી નથી ને હવે કરશે?

સગર૦—સૈયદ સાહેબ! એ તે શું કંઇ દલીલ છે? કોઇ મનુષ્ય પહેલાં કદિ મરી ગયો હોય નહિ તે પરથી શું એમ કહી શકાય, કે તે કદિ મરશે જ નહિ? તમે જો તે દહાડે શાદી કરી તો અત્યારે શું એમ કહેવાય, કે શાદી નથી કરી?

અબ્દુલ્લા—આપના કહેવાની મતલબ મારા સમજવામાં આવી નહિ.

સગર૦—કારણ, તે પહેલાં તો આપે કદિ શાદી કરી ન હતી. વાહ! એ તે કંઇ દલીલ છે! (અરુણને) હસે છે કેમ, અરુણ? (અબ્દુલ્લાને) જો પહેલાં કદિ સાપ કરડયો હોય નહિ, તો તે આગળ ઉપર પણ કરડશે નહિ, એમ કહેવું કયી રીતે ન્યાયસંગત છે?

અબ્દુલ્લા—પણ આમ ભડકો છો શું? જનાબ!

સગર૦—વાહ, સાહેબ! ભડકે નહિ? આપ વાતો જ ભડકવા જેવી કરો છો ને! બસ, માફ કરો. હું 'રાણા' થવા ઇચ્છતો નથી.

અબ્દુલ્લા—ઠીક જનાબ! આપ પાદશાહ સલામતની હુજૂરમાં ચાલો. આપને જે કંઇ કહેવાનું હોય તે સઘળું તેમની ખીદમતમાં જાહેર કરશો.

સગર૦-બહુ સારૂં સાહેબ! ચાલો. પણ એ બહુ નીચ અને કાપુરુષનું કામ છે, કે આપ મને મુઠ્ઠીમાં રાખી આમ જોરજુલમથી 'રાણા' બનાવવા ચાહો છો. જોઇએ શું બને છે. કૃતઘ્નતા! ઘોરતમ અવિચાર!—ચાલ અરુણ.

"મેવાડપતન" ચુનીલાલ મૂળજીભાઇ

૬૧

दुखडां मारां साचां सगां

હીરાઃ કેવો ભવ્ય એ દેખાવ! સૂર્ય આથમી રહ્યો છે! આખા આકાશમાં કોઇ નહીં. બસ એકલો એ સૂર્ય! ચાર ચાર પહોર સુધી આકાશના એ રણવગડામાં ભટકીને ભટકીને, અત્યારે હવે આ વિશ્વને અંગારાના રંગમાં ઝબકોળીને એ ચાલ્યો જાય છે. ઉગ્યો ત્યારે પણ એવોજ ગૌરવ ભર્યો, આથમે છે ત્યારે પણ એવો જ ગૌરવવન્તો! એ-ગયો. આકાશની પીળી પ્રભા ધીરે ધીરે ભુખરી બની ગઇ અને સંધ્યા તો આથમતા સૂર્યની સામે શૂન્ય નજરે જોતી જોતી, જાણે દેવતાની આરતિ ઉતારવા ધીરે પગલે વિશ્વમંદિરમાં દાખલ થાય છે! મધુરી સંધ્યા! વ્હાલી સખી! એવી શી ચિંતા તારે હૃદયે વસી છે? અંતરમાં એવી કયી ઉંડી નિરાશા આવી છે? શા કારણે આટલી ઉદાસ છે તું બ્હેન? આટલી બધી અબોલ—આટલી મુંઝાયેલી? બોલ બોલ બ્હેનાં!

(હીરાની મા લક્ષ્મીબાઇ આવીને પાછળથી સાદ કરે છે.)

લક્ષ્મીઃ હીરા!

(હીરા તુરત ચમકી ઉઠે છેઃ માતાને જોઇને ઉત્તર આપે છે.)

હીરાઃ કેમ! માડી?

લક્ષ્મી: હજી સુધી તું અહિંયાં શું કરે છે?

ઇરા: સૂર્યાસ્ત જોઉં છું, મા! જો તો ખરી! મા, કેવો રમણીય દેખાવ! આકાશનો રંગ કેવો ઉજળો! પૃથ્વીની મુખાકૃતિ કેવી શાંત! સૂર્યાસ્ત જોવાનું મને તો બહુ ગમે છે.

લક્ષ્મી: એ તો તું રોજ જુએ છે.

ઇરા: રોજને રોજ જોવો ગમે. એ તો કદિયે જૂનો ન બને. સૂર્યોદય પણ સુંદર તો ખરો! પણ સૂર્યાસ્તની અંદર કોણ જાણે કેવું કંઇક છે, જે સૂર્યોદયમાં નથી. કોણ જાણે કેવું યે ઉંડું એ રહસ્ય, કોણ જાણે કેવીયે ગુપ્ત એ વેદના! અસીમ આકાશમાં જાણે ઉંડી કોઇ ગમગીની છવાઇ રહી હોય! કેવી અબોલ અને મધુર એ વિદાય! બહુ સુંદર, મા,! બહુ સુંદર.

લક્ષ્મી: બાપુ! તને ટાઢ વાશે.

ઇરા: ના મા, મને ટાઢ વાય જ નહિ, હવે તો મહાવરો પડી ગયો. પેલો તારો જોયો? મા!

લક્ષ્મી: કયો તારો?

ઇરા: જોને, પશ્ચિમ દિશામાં આથમતા સૂર્યની ઉગમણી બાજુએ.

લક્ષ્મી: હા જોયો, જોયો.

ઇરા: એના નામની ખબર છે?

લક્ષ્મી: ના.

ઇરા: એનું નામ શુક્રતારો. છ મહિના સુધી આ તારો ઉગતા સૂર્યની આગળ આગળ ચાલે, બીજા છ મહિના આથમતા સૂર્યની પાછળ પાછળ ચાલે. કોઇ વાર જાણે પ્રેમરાજ્યનો સંન્યાસી: કોઇ વાર વળી જાણે સત્યરાજ્યનો પુરોહિત! માડી, જો તો ખરી, એ તારો કેવો અચળ, કેવો ઝળહળતો, કેવો સુંદર!

એટલું બોલીને ઇરા એક ટશે એ તારાની સામે તાકી રહે છે. લક્ષ્મી પલવાર પુત્રીની સામે એક નજરે નિહાળી રહે છે અને પછી ઇરાની પાસે આવી હાથ ઝાલીને કહે છે.)

લક્ષ્મીઃ હવે ઘરમાં ચાલો, ઇરા ! સાંજ પડી.

ઇરાઃ થોડી વાર ઉભી રહે, મા ! એ કોણ ગાય છે ?

લક્ષ્મીઃ હા ! આ ઉજ્જડ વનમાં કોણ હશે એ ?

(આઘે આઘે એક ઉદાસી ગાતો ગાતો ચાલ્યો જાય છે.)

(રાગ ધીરાના પદનો)

કુડાં સુખની વાતો મેલો રે,
સુખડાંએ તો દીધા દગા.
હું તો દુઃખની વાટે હાલ્યો રે,
દુઃખડાં મારાં સાચાં સગાં.

સગાં બનીને સુખ સવારે આવ્યાં,
સાંજ સુધી રોકાણાં;
રાત પડી ત્યાં તો રસ્તા લીધા,
પાછા નવ ડોકાણાં.

એવી જૂઠી એની યારી રે,
જૂઠાં એનાં મુખડાં હસે.
બોલ્યાં દુઃખની પ્રીત્યું ન્યારી રે,
મુખડાં એનાં મીઠાં દિસે.

દયા કરીને સુખ મુજ ઘર આવે,
(એનું) ચરણામૃત મારે પીવું;
હદે રૂવે આંસુલડાં ઉભરે,
તોયે હસતા રે'વું.

એવી આંસુડાની ધારા રે,
દેખી સુખડાં આડું જુવે.
એવે ટાણે દુઃખ ધાતાં રે,
અંકે લઇને લોચન લુવે.

(બન્ને જણાએ ચુપચાપ એ ગાન સાંભળ્યું. લક્ષ્મીબાઇ પુત્રીની સામે જુએ ત્યાં એની આંખો જાણે આંસુના ભારથી નીચે નમેલી લાગી.)

(ઇરા તુરત માની સામે જુએ છે.)

ઇરાઃ સાચી વાત, માડી ! ઘણીયે વાર મને થાય છે કે જાણે સુખના કરતાં દુખની છબી વધુ મીઠી છે.

લક્ષ્મી—દુઃખની છબી મીઠી ?

ઇરાઃ હા, માડી ! માર્ગમાં રમતાં હસતાં તો અનેક માનવી ચાલ્યે જાય છે. પણ એની સામે કોઈ કદી જુએ છે ? પણ એ બધાંની વચ્ચે એકાદ કોઇ આંસુભીની નમેલી આંખોવાળું ઉદાસ માનવી જોઇએ, તો શું એમ ન થાય મનમાં, કે એને બોલાવીને બે વાતો પૂછીએ ? એનાં વીતકો સાંભળવાનું મન ન થાય ? એના પ્રાણમાં પ્રાણ પરોવીને એક ચુંબન કરીને એનું આંસુ લુછવાની ઇચ્છા ન થાય ? માડી ! લડાઇમાં જે જીત્યું હોય એનો ઇતિહાસ સાંભળવો ગમે, કે જે હાર્યું હોય એનો ? એ બેમાંથી કોને માટે હૈયું દાઝે ? કયું ગીત મીઠું ? ઉદાસીનું કે આનંદનું ? ઉષા રળી-આમણી, કે સંધ્યા ! જઇને શું જોવાનું મન થાય ? ઠાઠમાઠથી ભરેલી, સુખસંપત્તિમાં છકેલી, ગીતથી ગાજતી દિલ્હી નગરી ? કે વૈભવવિહોણી, નિસ્તેજ, નીરવ મથુરાપુરી ? માડી, સુખની અંદર કોણ જાણે કાંઇક અહંકાર જેવું લાગે છે. એ અહંકાર બહુ છકેલો, બહુ બોલકણો ! પણ દુઃખ તો બહુ વિનયી, બહુ શાંત.

લક્ષ્મીઃ વાત સાચી છે, ઇરા !

ઇરાઃ મને તો લાગે છે કે દુઃખ ઉંચું છે, સુખ હલકું છે. દુઃખ જે જમે કરે, તે બધું સુખ ખરચી નાખે........

લક્ષ્મીઃ એટલી બધી તો ખબર નથી પડતી, ઇરા ! છતાં લાગે છે કે સંસારમાં જે મહાન નરો હોય તેજ દુઃખી હોય છે, તેજ પીડાય છે. મનમાં કોઇ કોઇ વાર વિચાર્યા કરું છું કે અરે ! દયાળુ પ્રભુએ આવી લીલા કાં રચી ?

રાણા પ્રતાપસિંહ, અંક ૧ પ્રવેશ ૨ — ઝવેરચંદ મેઘાણી

૩૨

" आयुष "

આપણા પ્રાચીનો કહી ગયા છે કે ' **आयुर्वै घृतम् ।** ' ઘી એ ખરેખર આયુષ્યજ છે. ઘી જેવા જીવનવાળા વિષય ઉપર હું કાંઇક લખવા ધારૂં છું; પણ લેખનું મથાળું જો ઘી જેવું હોય, તો કોઇને એકલા સાદા ઘીમાં રસ ન પડે, એમ ધારી, મથાળે તેના સૂચક આયુષ શબ્દને મૂકું છું. અલબત્ત અત્યારે કેટલાક લોકોમાં માખણ વધારે પ્રિય થતું જાય છે, પણ આપણા લોકોમાં હજી તો ઘણા સમય સુધી ઘી પ્રિય જ રહેશે, એ વિષયમાં મને જરાય શંકા નથી.

માખણને ઉતારી પાડવાનો હેતુ આપણો હોઇજ ન શકે. એટલા સારૂ નહિ કે, માખણ તો બિચારૂં ઉતારેલું જ હોય છે. તેમ એટલા સારૂ પણ નહિ કે વિલાયતમાં માખણનું બહુ માન છે, માટે આપણે તેને બહુ માન આપવું જોઇએ. પણ એ ગૌમાતાની પ્રસાદી છે, સ્વયમ્ શ્રીકૃષ્ણચન્દ્રને પણ એના ઉપર અતિ પ્રેમ હતો. એટલે

પ્રિયની પ્રિય વસ્તુ આપણને પ્રિય ન લાગે, એમ હોય નહિ. વળી ઘી જેને આપણે આયુષ્ અથવા જીવનજ કહિયે છીએ, તે એમાંથી ઉત્પન્ન થાય છે. એટલુંજ નહિ પણ માખણના અનેક ગુણો, ઉપયોગો અને લાભોને લઇને તે એટલું બધું હૃદયંગમ થઇ ગયું છે કે વાચ્યાર્થ, લક્ષ્યાર્થ અને વ્યંગ્યાર્થ ત્રણેમાં તેનો ઉપયોગ સાધારણ થઇ પડયો છે. એટલે જે માખણ એક નહિ પણ અનેક અર્થમાં અને સામાન્ય લોકોમાં નહિ પણ મ્હોટા લોકોમાં પણ પ્રિય થવા માંડયું છે, તેની અવગણના કરવાની ધૃષ્ટતા કોણ કરે ?

આમ છતાં પણ ઘીનો મહિમા કાંઈ ઓછો થતો નથી. માખણ કરતાં ઘી ભારે ગણાય છે, એ જાણીતીજ વાત છે. એના કરતાં મોંઘુયે હોય છે. અલબત્ત સ્વાદની લ્હેરાશમાં માખણ કાંઇક ચઢે ખરૂં. પણ એમ તો સસ્તી વસ્તુ વધારે લ્હેરી ક્યાં નથી હોતી ?

પણ ઘી બીજી રીતે મ્હને મહિમાભર્યું લાગે છે. ઘી આપણી પ્રજાને પ્રિય છે, તે ઉપરથી આપણી પ્રજાના માનસની વૃત્તિનું પણ સૂચન થાય છે. છાશમાંથી સંસ્કાર વડે માખણ કાઢવામાં આવે છે, ત્યારે તેમાંથી ખટાશ લગભગ નીકળી જાય છે, સત્વ બધું કેન્દ્રિત થાય છે અને મિઠાશ ભેગી થાય છે. પણ તેમાં જરાક ખટાશ રહી ગઇ હોય છે, અને પાણીનો ભાગ પણ જરાક તેમાં રહી ગયો હોય છે, અને તેથી માખણ વ્હેલું બગડી જાય છે. એ બગડી ન જાય, તેને સારૂ તેને વિશેષ સંસ્કાર આપીને, કરાએલું રૂપાન્તર તે ઘી. આપણી પ્રજાને તાત્કાલિક લ્હેરાશ કરતાં ચિરંજીવિત્વવાળી લ્હેરાશ વધારે પ્રિય છે. કદાચ એજ કારણથી આપણે ઘડીઘડીના છૂટાછેડા અને બદલાતી બદલાતી પસંદગીઓ કરતાં આપણામાં પ્રચલિત લગ્ન-વ્યવસ્થાની શાન્તિને વધારે પસંદ કરતા હોઇશું. કદાચ એથીજ લિવરપૂલ અને માનચેસ્ટરના તાજગી અને ચમકાટવાળા કાપડની સમક્ષ પણ આપણને ખાદીની ભાવના પ્રિય થઇ પડી છે. કદાચ

તેથીજ ધનવાન બની જવાની લોલુપતાને અધીન ન થઇ જતાં આપણા લોકો પોતપોતાના વંશપરંપરાગત ધંધાઓને સ્વીકારવાની વ્યવસ્થાને વધારે પસંદ કરે છે. ટુંકામાં, માખણની સ્હરાશ અને તાજગી આપણે જાણિયે છિયે. તેનો લાભ પણ કાંઇક કાંઇક લેતા રહિયે છિયે, ઉત્સવના પ્રસંગોમાં પણ ઘી એ આપણને સામાન્ય રીતે વધારે પ્રિય છે.

આ રીતે આપણા પ્રજાકીય સ્વભાવને ઘી વધારે અનુકૂળ છે, એટલું જ નહિ પણ શાસ્ત્રમાંયે એનો મહિમા ઓછો નથી. યજ્ઞમાં મુખ્ય આહુતિ ઘીની અપાય છે, એ તો બધા જાણે છે. યજ્ઞદેવને ઘૃત પ્રિય છે અને યજન કરનારા બ્રાહ્મણોને પણ ઘી પ્રિય હોય છે, એ વાત પણ વિસરવા જેવી નથી. હમણાં હમણાંમાં આપણા લોકોમાં ઘી ગોળ કરતાં તેલ મરચાંનો ઉપયોગ બહુ વધી પડ્યો છે. જેમ દેશની આર્થિક સ્થિતિ સુધારવાનો મક્કમ ઉપાય ખાદી છે, એમ ગાંધીજી કહે છે, તેમ દેશની શારીરિક સ્થિતિ સુધારવાનો ઉપાય તો, મ્હારે કહેવાનો હોય તો તેલ મરચાં, ચાહ ચીરૂટ વગેરેનો ઉપયોગ કાઢી નાંખી કે ઓછો કરી, ઘી ગોળના ઉપયોગને હું આપણી શારીરિક સ્થિતિ સાધવાના રામબાણ ઉપાય તરીકે સૂચવું. કોઇ કહે કે અત્યારે તો ઊંચા વર્ણના સુધરેલા ઘણા લોકોમાં ક્ષય પેસી ગયો છે, તેને સારૂ તમારો ઉપાય કામમાં આવે એવો નથી. કારણ કે ઘી એમને ભારે પડે: તો મારે એજ ઉત્તર આપવાનો છે કે ઘી ગોળ છોડીને, તેલ મરચાં અને તેનાથી ઇંગિત થતી બધી સુકા શોખની ચીજોનો જ્યારથી આપણને શોખ થયો છે, ત્યારથીજ ઘી ભારે પડે એ દશા ઉત્પન્ન થઇ છે. માટે એ દશા છે, તે તો ઘી ગોળની સૂચનાને ખરી રીતે પુષ્ટિ આપે છે.

પણ આમાંયે નવા જમાનાના પ્રતાપ ફરી વળ્યા છે, એમ કોઇ કહેશે અને કોઇ એમ પણ કહેશે કે રાજ્યના પ્રતાપ ફરી

વળ્યા છે. હકીકત એ છે કે મોંઘવારી એટલી બધી વધી ગઇ છે કે, પહેલાં થોડી આવકમાં લોકો જે સુખસ્નેહથી રહી શકતા, મિષ્ટાન્ન-પાણી ઉડાવી શકતા ને મ્હાલી શકતા, તે હવે સામાન્ય રીતે આવક વધી છે, તો પણ બની શકતું નથી. પહેલાં સ્હેજ સ્હેજમાં ઉપર ઘીની ન્યાતો થતી; હવે સારી સ્થિતિનો માણસ પણ ઉપર ઘીની ન્યાત કરે તોયે એનો દમ નીકળી જાય, એવો ઘાટ થઇ ગયો છે. મ્હારા એક મિત્ર ડાકટર કહે છે કે, તમે ફીકર શું કરવાને રાખો છો? હજી તો એવો વખત આવશે કે, ઘીને શીશીમાં ભરીને ડાકટરો તરફથી દવા તરીકે 'પ્રીસ્ક્રાઇબ' કરવામાં આવશે. બહુ સારી વાત. અત્યારેજ બહુ કપરો વખત આવી પહોંચ્યો છે કેટલાક ગરીબ લોકો બિચારા ઘીનું મ્હોંજ દેખાતા નથી. અમારે ત્યાં એક કામ કરનારી બાઇ રહેતી, તેની નાની બાળક છોકરી કોઇ દિવસ અમારે ત્યાં જમે ને એને ઘી આપે, ત્યારે એ કહેતી કે, 'એને ઘી નથી ભાવતું. એ કોઇ દહાડો ખાતીજ નથી.' એ વાત એના સંજોગો સાથે સંભારૂં છું, ત્યારે હંમેશાં મ્હારૂં હૃદય દ્રવિત થઇ જાય છે. ચીજ ન મળી શકે ત્યારે એમાં શું છે, એ તે શું ભાવે, એવી વૃત્તિ સંજોગોને અંગે ઉત્પન્ન થાય, અથવા ઉત્પન્ન કરવી પડે, તો નવાઇ નથી. પોતાની પરિસ્થિતિમાં સંતોષ ખોળવો, એ મનુષ્યની સ્વાભાવિક ડહાપણભરી વૃત્તિ હોય છે. ખરે, ત્રણ શેરનાં ઘી, ને ટકે શેરનાં દૂધ ખાઇ લોકો મઝા કરતા એ દિવસો ગયા છે. મિલ્ટન કહે છે કે, સેતાનનું પરમેશ્વર પાસે ન 'ચાલ્યું' ત્યારે એની પ્રીતિનાં પાત્ર આદમ અને ઇવને અસંતોષ વડે વણસાડવામાં તેણે પોતાનું કર્તવ્ય માન્યું. આવી પણ પ્રકૃતિ થાય છે. પણ એ બીજી વાત છે.

ખોરાક તરીકે ઘીની કિંમત જાણવી હોય, તો હીરા કડીયાને પૂછવું. કહેવાય છે કે એ કડીયાની ઉત્તમ કારીગિરીના નમૂના રૂપ કોટ ને દરવાજો જે ડભોઇમાં છે, તેવા એ બીજા કોઇને બનાવી

ન આપે, તે સારૂ તેને દિવાલમાં ચણી લેવામાં આવ્યો હતો. પણ તેણે પોતાના સાગ્રીતોને સાધી, એવી યુક્તિ કરી કે દિવાલમાં એક ન્હાનું સરખું કાણું રખાવ્યું, તેમાંથી હવા જાય આવે. તે ઉપરાંત એની સ્ત્રી હંમેશાં નિયમિત રીતે ઘી રેડી જતી. એના પ્રતાપે એ લાંબો વખત જીવ્યો. દુનિયામાં બને છે તેમ પછી રાજાને એની ગરજ પડી, અને સંભાર્યો, અને કોઇ એને પાછો લાવી આપે, એમ એ ઇચ્છવા લાગ્યો. છેવટે રાજા પાસેથી કોઇએ વચન લઇ દીવાલ ખોલાવી, એને તેમાંથી કાઢયો, અને રાજાનું કામ થયું. ત્યારથી કહેવત નીકળી કે, 'ઘી ખાજો રે ઘી ખાજો, હીરો કડીયો કહે ઘી ખાજો; ઘર વેચીને ઘી ખાજો.' શરીરને ટકાવવા અને મજબૂત કરવાના સાધન કરીકે ઘીનાં આટલાં વખાણ છે. ચાર્વાક મતવાળા પણ ઘીને તો માહાત્મ્ય આપે છેજ. પણ જ્યારે હીરો કડીયો ઘર વેચીને ઘી ખાવાનું કહે છે, ત્યારે એ લોકો દેવું કરીને ઘી ખાવાનું કહે છે. દૃષ્ટિબિન્દુમાં જરાક ફેર છે. દાનતનો ફેર છે, એટલું બધું આપણે નહિ કહિયે.

પણ આ બધા ઉપરથી એટલું તો કહી શકાય કે, શરીર જેને ધર્મનું આદ્ય સાધન માનવામાં આવેલું છે, તે શરીરને સારૂ ઘૃત એ પણ એક આદ્ય સાધન છે. ન્હાનાં બાળકોને પણ ઘી ને મધ ચટાડવામાં આવે છે, એ જાણીતી વાત છે. એટલે ઘૃતને શરીરનું આદ્ય સાધન કહેવામાં બહુ વાંધો કઢાય એવું નથી અને તે છતાં પણ કોઇ કહે કે અમારાં છોકરાંને તો અમે મધ ઘી ચટાડયાં જ નથી તો આપણે એમ પણ કહી શકીયે કે જેમ તલમાં તેલ અને કાષ્ટમાં અગ્નિ સંતાઇને રહેલો હોય છે, તેમ કાંઇ નહિ તો બાળક દૂધ તો પીતું જ હશે, એ દૂધમાં ઘી સંતાઇને રહેલું હોય છે. એટલે એમની તકરાર કોઇ રીતે નભી શકે એવી નથી.

'**आयुर्वै घृतम्**' એ ખરૂં છે, એટલું જ નહિ પણ ઘૃતનો મહિમા એથી પણ વિશેષ છે. શ્રુતિ કહે છે કેઃ—

घृतमस्य योनिर्घृते श्रितो घृतमस्य धाम ।

ઘૃત એ એનું ઉત્પત્તિસ્થાન છે, ઘૃતમાં એ રહેલો છે. ઘૃત એ પરમાત્માનું ધામ છે. જે પરમાત્મા સર્વત્ર વ્યાપી રહ્યો છે, જે દૂધમાં અને દહીંમાં વ્યાપક છે, તે એના સાર રૂપ ઘૃતમાં રહેલો છે, આયુષમાં રહેલો છે, જીવનતત્વમાં રહેલો છે, એમ કહેવું એ અતિશયોક્તિ નથી પણ પુનરૂક્તિ જ છે. પોતામાંથી જ પોતે ઉત્પન્ન થાય છે, પોતામાં જ પોતે રહે છે અને પોતે જ પોતાનું ધામ છે. પંચામૃત સ્નાનમાં ઘૃતવડે જ્યારે ભગવાન વિષ્ણુને આપણે સ્નાન કરાવીયે છીયે ત્યારે એ યજ્ઞ પુરૂષના અંગ વડે જ એનું આપણે યજન કરીએ છીએ. ઘૃત એ વિરાટ્‌ની વિભૂતિ છે.

પોયણાં

જયેન્દ્રરાવ દૂરકાળ

૩૩

તોલ અને માપ

નિશાળમાં જે જુદાં જુદાં તોલ માપવાનાં કોષ્ટકો ચાલે છે તે ઘણાખરા વિદ્યાર્થીઓને કંટાળાભરેલાં ને ગુંચવાડાવાળાં લાગે છે. દેશી અને અંગ્રેજી, અંગ્રેજી અને યૂરોપીય, અને દેશીમાંય જુદા જુદા પ્રાન્તવારીઆં, એવાં કેટલાય તોલ–માપ બિચારાઓને ગોખવાં ને યાદ રાખવાં પડે છે. શિક્ષણની દૃષ્ટિએ આમાં ખામી દેખાય છે તે ઉપરાંત વ્યવસ્થાની સરળતાની દૃષ્ટિએ આપણા જીવનવ્યવહારમાં પણ કેટલો ગોટાળો–આવી રોજીંદી બાબતમાં ચાલ્યા કરે છે અને આપણે મુગે મ્હોડે સાંખી રહીએ છીએ તે ખાસ સમજવા જેવું છે.

એ વાત ખરી કે વજન, લંબાઇ, પહોળાઇ, કિંમત, ઇત્યાદિને માટે જુદાં જુદાં, ન્હાનાં મોટાં માપ-તોલની જરૂર છે. માનવજાતિના જે પૂર્વજીવનમાં આ માપ-તોલ અસ્તિત્વમાં આવ્યાં નહિ હોય, ત્યારે જીવનવ્યવહાર કેટલો અગવડ ભર્યો હશે? જ્યારે શેર ને અધોળ, તસુ ને વાર, રૂપિયા-આના-પાઇ ઇત્યાદિ, અથવા તેઓને મળતાં કોઇ પણ જાતનાં માપ હશે જ નહિ, ત્યારે લેવડદેવડ કેટલી મુશીબત ભરી હશે, એ સમજી શકાય. જેમ આપણા માનસિક તથા નૈતિક જીવનમાં આદર્શ તથા આદર્શરૂપ વ્યક્તિ જોઇએ જ, જેની સાથે આપણે આપણા જીવનને સરખાવીએ-માપીએ, તેમ વ્યવહારના જીવનમાં ય તોલ-માપની જરૂર અનિવાર્ય છે.

પણ જેમ વરસાદની અનાવૃષ્ટિ તથા અતિવૃષ્ટિ ઉભય હાનિકારક છે, તેમ આ વિષયમાં ય તોળવા-માપવાનાં આટલાં બધાં ધોરણો અત્યન્ત ખરાબ છે. એક શેર ૪૦ રૂપિયાભારને હોય, બંગાળી ૮૦ રૂપિયાભારનો હોય, વળી મુંબઇમાં શાકનો શેર ૨૮ રૂપિયાભારનો, દૂધનો તેથી બમણો! આમ મુંબઇ જેવા શહેરમાં જ "શેર" જેવા સાધારણમાં સાધારણ માપના ય ઓછામાં ઓછા ચાર અર્થ! લંબાઇનાં માપ આગ્રામાં બેઃ એક અંગ્રેજી વાર, જે ૩૬ ઇંચનો, ને બીજો મ્હોટો વાર, જે તેથી લગભગ ૩-૪ ઇંચ મ્હોટો!

આવા દાખલાઓના ગુંચવાડા લગભગ દરેક માણુસના અનુભવમાં હશે; કેવળ નિશાળિયાને જ નહિ પણ રોજના કામકાજમાં તે કેટલી નકામી ગડબડ કરી મૂકે છે, માનસિક ગણત્રીઓ કેટલી વધારી મૂકે છે, સમયનો દુર્વ્યય કરવાની કેટલી ફરજ પાડે છે, અને પ્રસંગે પ્રસંગે છેતરામણીના સંભવ તથા રસ્તા કેટલા ઉભા કરી દે છે!

છતાં તે સૌ સહન કરવામાં, નભાવી લેવામાં, આપણે આપણી જગદ્વિખ્યાત સબુરી ને ફિલસુફી બતાવી છે.

ખરૂં છે કે બાર તેર વર્ષ ઉપર સરકારે, કોઇક વૈજ્ઞાનિક વ્યવસ્થાના ઉમળકામાં (!) આ બધી વાતનો તોડ કાઢવાને એક કમિટી નીમી હતી. આખા હિંદમાં તે ફરીને જુબાનીઓ લેતી ગઇ. એટલું તે વખતે છાપાઓથી મેં જાણ્યું હતું. પછી શું થયું–તે કમિટીથી આ ગોટાળમાં કેટલો સુધારો થયો–તે સૌ કોઇ જાણે છે.

આનો આ ઝગડો યુરોપીય ક્ષેત્રમાં જુદી રીતનો છે. યુરોપ એટલે હિંદના જેવડો પ્રદેશઃ આપણી પેઠે અનેક રાજ્યો, અનેક પ્રજાઓ, અનેક ભિન્નભિન્ન રીતરિવાજો. આપણે તો વળી એક તંત્ર તળે આવ્યા. ત્યાં તો સૌ પોતપોતાના ધણી. પોતાના સ્વાતંત્ર્યની ખુમારીમાં પોતાની જુની વાતો ને રીતો મૂકે જ નહિ. દેશદેશનાં ચલણ જુદાં. વજન-તોલ-માપ સૌ જુદાં.

પણ વિજ્ઞાનના વિકાસે ત્યાં કાંઇક અવસ્થા આણી અને વિજ્ઞાનશાસ્ત્રીઓએ વૈજ્ઞાનિક ધોરણો–તોલ–માપ વગેરેમાં નકકી કર્યાં. તે કેટલાંક વર્ષોથી ઘણીખરી પ્રજા હવે સ્વીકારે છે. દાખલા તરીકે વજન માટે ગ્રેમ, લંબાઇને માટે મીટર, ગરમીને માટે સેન્ટીગ્રેડ, ઇત્યાદિ. આ સર્વમાં એક અદ્‌ભુત સરળતાનો સિદ્ધાન્ત વિજ્ઞાને વણી દીધો છે, દરેક જાતના તોલ–માપ ન્હાના-મ્હોટા–વચટ સર્વનો હિસાબ કરી શકે તેવી યોજના જોઇએ. તે સર્વમાં તેઓએ "દશાંશની" પદ્ધતિ દાખલ કરી દીધી.

દાખલાથી તે સમજાશે. લંબાઇનો મીટર તે અમુક ધોરણે લગભગ ૩૯ ઇંચ જેટલો નકકી થયો; તેથી ન્હાનાને માટે ત્હેનો દશાંશ, શતાંશ, સહસ્રાંશ, એમ જુદાં જુદાં માપ તદર્થસૂચક શબ્દોથી નકકી થયાં. દાખલા તરીકે મીટરનો શતાંશ સેન્ટિમીટર, સહસ્રાંશ મિલિમીટર. તે જ પ્રમાણે મ્હોટા માપને માટે દશગણા, સોગણા, હજારગણા—એવા અર્થવાળા શબ્દો નક્કી થયા. આ પ્રમાણે એક હજાર મીટરને માટે કિલોમીટર શબ્દ થયો. હવે અન્તરનું માપ કરવાને

ગાઉ–માઇલ ઇત્યાદિને બદલે યૂરોપની ઘણીખરી પ્રજાએ કિલો-મીટરમાં જ માપ કરે છે. પર્વતની ઉંચાઇ, સરોવરની લંબાઇ, ટ્રેનની ઝડપ વગેરે સૌ માઇલને બદલે કિલોમીટરમાં જ મપાય છે. એક કિલોમીટર અઢી માઇલથી જરા વધારે મ્હોટો થાય છે.

તેવી જ રીતે વજનમાં એક ગ્રેમનું. ત્હેનાય તે પ્રમાણે વિભાગો જેવા કે સેન્ટિગ્રામ એ ગ્રેમનો સોમો ભાગ, મિલિગ્રામ એ હજારમો ભાગ: અને તદ્દગુણિત અન્ય માપો–જેવા કે કિલોગ્રામ એટલે એક હજારગ્રામ કિલોગ્રામ આપણા બંગાળી શેરથી ય જરા વધારે ભારે હોય છે.

આ સર્વમાં દશાંશની પદ્ધતિ દાખલ થયાથી ગણત્રીમાં, ગુણાકાર–ભાગાકાર આદિના હિસાબમાં તેમજ યાદ રાખવામાં કાંઇ અપૂર્વ સરળતા થઇ જાય છે. ત્હેની સાથે અંગ્રેજી ઈંચથી માઇલ લગીનું કોષ્ટક જે સરખાવશે ત્હેને આ તફાવત એકદમ સમજાશે.

તે જ પ્રમાણે દ્રવ્યના ચલણમાં આવી જ પદ્ધતિ સ્વીકારાઇ છે. જર્મન માર્ક, ફ્રેન્ચ ફ્રાન્ક, ઇટેલિયન લીરા–એ સૌના ન્હાના સિક્કાઓ દશ–સો એ પ્રમાણે જ સંબંધવાળા હોય છે. આપણી પેઠે ત્રણ પાઇનો પૈસો, ૪ પૈસાનો એક આનો, ૧૬ આનાનો રૂપિયો–એવી ગડબડ ત્યાં મળે નહિ લંકા જેવા ન્હાના દેશમાં ય આ દશાંશ–પદ્ધતિનો કાંઇક સ્વીકાર થયો છે. સન ૧૯૧૩માં, મ્હારા બે સ્નેહીઓ (જેમાં શંકરલાલ બેંકર, તથા રાજકોટવાળા ભાઇચંદ મહેતા હતા) સાથે હું લંકા ગયો હતો, ત્યારે માલૂમ પડયું કે ત્યાં હિન્દી રૂપિયા ચાલતા, પણ પૈસા–આનીઓ વગેરે ન ચાલે. કારણ એ જણાયું કે રૂપિયાના પૈસા ૬૪ ને બદલે તેઓએ પૂરા ૧૦૦ કર્યા. પાવલીના ૨૫, અર્ધાના ૫૦, એ રીતે એ નાણાંના હિસાબ કેટલા સરળ થઇ ગયા !

આ સરળતા અનુભવથી એવી આબાદ લાગે છે કે પછી આપણી રીતો આપણને ગમે જ નહિ. પણ ઇંગ્લંડની પ્રજા—કે સરકાર—આપણા કરતાંય વધારે પ્રાચીનપ્રેમી તથા સ્વાભિમાની છે. ઇંગ્લન્ડે તે પ્રમાણે અત્યાર લગી આ દશાંશ રીતિને જરાય પેસવા દીધી નથી. અંગ્રેજી વૈજ્ઞાનિકો વિજ્ઞાનકાર્યને માટે ઉપર બતાવેલ દશાંશ રીતિ તથા તેવાં માપ તોલ વાપરે; ને એજ વૈજ્ઞાનિકો તથા બાકીની બીજી બધી પ્રજા રોજના કામકાજમાં ઇંગ્લંડની જૂની રીતિઓ ને જૂનાં કાટલાં—માપ વગેરે વાપરે! આ પ્રમાણે પોતાના ટન-હંડ્રેડવેટ-પાઉન્ડ-આઉન્સ, ઇત્યાદિને સાચવવાને તેણે દશાંશ પદ્ધતિની સ્હામે ખૂબ લડાઈ કરી છે, અને હજી લગી બરોબર સાચવી રાખ્યા છે.

ઇંગ્લંડમાં એક "ડેસિમલ એસોસીએશન" છે જે દશાંશ-પદ્ધતિને પ્રજાના વ્યવહારમાં ઉતારાવવા, ત્હેના લાભ પ્રગટ કરવા સરકારને તથા લોક-નાયકોને સમજાવવા જબરી ચળવળ કરે છે. કદી કદી અન્ય દેશોમાંની તેવી સભાઓ ભેગી થઇ સમસ્ત જગતમાં ત્હેનો પ્રચાર વધારવાને અખિલ-જગત-દશાંશ પરિષદ ભરે છે, પણ ઇંગ્લંડની અંદર હજી કાંઇ અસર થઇ નથી.

હું ઇંગ્લંડમાં હતો તે દરમ્યાન આ ચળવળનો એક ન્હાનો પ્રસંગ બન્યો હતો. એક પાઉન્ડના વીસ શિલિંગ થાય છે, ને એક શિલિંગની બાર પેની થાય તે આપણે જાણીએ છીએ. દશાંશના હિમાયતીઓએ એક બહુ જ ન્હાની દરખાસ્ત કરી—શિલિંગની પેની ૧૨ ને બદલે ૧૦ ગણવી. આ નાની સરખી વાતમાંથી જે દૂરગામી મ્હોટા લાભ થાય ત્હેનું નિવેદન વાંચીને મ્હને બહુ આશ્ચર્ય થયું હતું કે આ લોકો કેટલા શ્રમથી પોતાનો કેસ તૈયાર કરે છે, એટલું જ નહિ પણ આ નજીવી વાતની કેટલી અસર થાય છે. બધી

વિગતમાં તો આ સ્થળે ન જ ઉતરાય, છતાં એક વિગત લખવા જેવી છે.

ઇંગ્લંડમાં "પેની–પોષ્ટેજ" તથા પેની–ફેર" એટલે એક પેનીમાં પોષ્ટકાર્ડ બધે જઇ શકે, અને ટ્રામ–બસ–ટ્રેન વગેરેનું ઓછામાં ઓછું ભાડું એક પેની હોય–એને માટે પ્રજાની સખ્ત માગણી છે. જે પ્રધાન એટલો સુધારો કરી શકે ત્હેને લોક હૃદયના ખરા ઉભરાથી વધાવી લે, ને તે કીર્તિના ઉચ્ચતમ શિખરે પહોંચી જાય. પરન્તુ હજી દોઢ પેનીની હદની નીચે લઇ જવાની કોઇની હિંમત ચાલી નથી. એનું કારણ એ છે કે એક પેનીથી સ્હેજ વધારે દર રાખવાની સરકારને ફરજ પડે છે–આર્થિક દૃષ્ટિએ. પણ તે દોઢ પેની જેટલું વધારવાની જરૂર નથી, એ કબૂલ કરવામાં આવે છે. પણ એક પેની ને દોઢ પેનીની વચ્ચે બીજી કોઇ રકમ કે શિક્કો નથી. હવે દશાંશ–વાળાઓએ કહ્યું કે જો શિલિંગની બાર પેનીને બદલે દશ પેની કરવામાં આવે તો, દશાંશ–પદ્ધતિના સર્વ લાભ થવા ઉપરાંત, એક પેનીની કીંમત જરા વધશે, અને ટપાલ તથા ટ્રાન્સ-પોર્ટ (બસ–ટ્રામ–ટ્રેન વગેરે વાહનોની વ્યવસ્થા કરનારાં તંત્ર) બંને ખાતાએ માથે લીધું કે આ વધારો એમને જોઇએ તેટલો છે, અર્થાત્ શિલીંગની દશ પેની થાય તો "પેની–પોષ્ટ" તથા "પેની–ફેર" દાખલ થઇ શકે, અને પ્રજાને દર વખતે નકામું વધારે આપવું પડે છે તેમાંથી પ્રજા બચી જાય! દર વખતે રોજમાં કેટલીય વાર આટલી ન્હાની બચત થાય તે પણ ગરીબોને બહુ જ થઇ પડે!

પણ આપણે જાણીએ છીએ કે આ સુધારો પણ થઇ શકયો નથી!

આનાથી વધારે આનંદ આપે એવી હકીકત અમેરિકામાંથી મળી છે.

અમેરિકન પ્રજાએ તથા સરકારે, યુરોપીય વિગ્રહમાંથી જે જે ધડા લીધા તેમાંનો એક મ્હોટો વિજ્ઞાનભક્તિનો છે. આ ભક્તિનાં ઘણાં તથા મહત્વનાં જે જે ફળો પ્રકટ થયાં છે તેઓમાં એક બહુ મહત્વનું "Bureau of Standards"—"બ્યૂરો ઑફ સ્ટૅન્ડર્ડ્ઝ" અથવા "પરિમાણમંદિર" નામે એક અદ્વિતીય સંસ્થા છે.

તે સંસ્થાની છાયામાં કેટલીય વિજ્ઞાનશાળાઓ વિજ્ઞાનશાસ્ત્રીઓ તથા વિજ્ઞાનસંશોધનો વિકાસ પામે છે. ત્હેના પ્રણેતા–ડાઇરેક્ટર–નો ઇ. સ. ૧૯૨૫–૨૬ નો રિપોર્ટ તે સંસ્થાની પ્રવૃત્તિનો બહુ સરસ ખ્યાલ આપે છે. અમેરિકન સરકાર દર વર્ષ આ સંસ્થાની પાછળ ૨૦ લાખ ડૉલર, એટલે લગભગ ૭૫ લાખ રૂપિયા ખર્ચે છે! (ઇંગ્લંડમાં આને કાંઇક મળતી છતાં ન્હાની બે સંસ્થાઓ "નેશનલ ફિઝિકલ લૅબોરેટરી" તથા "ટ્રેડ રીસર્ચ એસોસિએશન" છે. આપણે ત્યાં શું છે?)

આ પરિમાણુ-મંદિરની અનેકદેશીય પ્રવૃત્તિમાંની એક એ છે કે યુનાઇટેડસ્ટેટસમાં માપ–તોલ–વગેરેનો અતિરેક થયો છે ત્હેને કમ કરવો. કેવી રીતે તે નીચેથી સમજાશે.

રોજના વ્યવહારમાં આવતી ચીજોનાં પણ અનેક માપ હોય છે. દાખલા તરીકે "ચાઇનાવેર" એટલે ચીનાઇ વાસણો; રકાબી, પ્યાલા ઇત્યાદિ. જુદી જુદી હૉટેલો, હૉસ્પિટલો તથા રેલ્વેનાં ભોજનાલયોમાં જુદાં જુદાં ન્હાનાં મોટાં મળી ૭૦૦ માપો પ્રચલિત છે. ચિનાઇ વાસણો બનાવનારાઓની સહાનુભૂતિ તથા સહકારથી આ પરિમાણુ-મંદિરે ૭૦૦ માપને કમ કરીને તેઓએ હવે ૧૬૦ ની ઉપર આણી દીધાં છે.

તે જ પ્રમાણે બીજા દાખલાઓ છે. ઓઢવાનાં બ્લેંકેટ–કામળાઓ જુદા જુદા ૭૮ કદના વપરાતા! આપણને આવી વાતનો તો ખ્યાલ

જ ન આવે, છતાં એ જાણીએ કે તરત મનમાં થાય કે કોઇ પ્રજાને માટે કામળાઓનાં ૭૮ જુદાં કદની જરૂર હોઇ જ ન શકે. આ અરાજકતામાં આ બ્યૂરો હવે વ્યવસ્થા ઉત્પન્ન કરે છે. સલાહ-સંપ, સમજણુ ને વિજ્ઞાનથી, ૭૮ કદમાંથી માત્ર ૧૨ જ હવે રાખ્યાં છે, ને તેથી કેટલી નકામી મહેનત ખર્ચ ને ગોટાળા બચ્યાં છે.

ચૂંકો, ખીલા, ખીલીઓ વગેરે ૪૨૮ કદનાં હતાં, તેમાંથી ૧૨૧ ઉપર આણી મૂક્યાં છે.

૫૧૩૬ જાતના ને કદના પાવડા, કોદાળી અને એને મળતાં ઓજારોમાંથી ૧૧૭૮ કરી દીધાં છે.

સ્ત્રી, પુરુષો, બાળકો એ સૌનાં મોજાંઓને પણ વિજ્ઞાને આવી જાતની વ્યવસ્થા કરી આપી છે. સ્ત્રીઓનાં મ્હોટાં મોજાં ૨૫ થી ૨૯ાા ઇંચની વચ્ચેના દરેક માપનાં હતાં. ત્હેને બદલે હવે ભવિષ્યમાં ૨૭ાા ઇંચના મંજુર થયા છે. પછી જરૂર પ્રમાણે એક ઇંચ આમ તેમ હોય તો વાંધો નહિ.

આ તો બહુ લાંબી યાદીમાંથી થોડાક જ દાખલા છે. આના વૈજ્ઞાનિક મૂલ્ય ઉપરાંત તથા વ્યાવહારિક સરળતા ઉપરાંત આર્થિક લાભ બહુ છે. કહે છે કે આમ થવાથી તે ચીજો બનાવવાનું ખર્ચ લગભગ અર્ધું થઇ ગયું છે, અને તેથી કિંમતો પણ ઘટવાની. ગણત્રી પ્રમાણે વર્ષોવર્ષ કરોડો રૂપિયાનો બચાવ આ વૈજ્ઞાનિક વ્યવસ્થાથી, આ "બ્યૂરો ઑાવ સ્ટેન્ડર્ડ્ઝ" પરિમાણુ-મન્દિર કરાવી શક્યું છે!

"પ્રસ્થાન", ફાલ્ગુન. ૧૯૮૪ કાન્તિલાલ છગનલાલ પંડયા

૩૪

દેશમાંના ત્રણ પક્ષ

યુરોપની જાહોજલાલીથી તથા યુરોપની સંસ્થાઓની નવીનતાથી ઘણા અંજાઇ ગયા, અને "સુધારા"ના નામનો ઝુંડો ઉડાવી ચાલતા રીતરિવાજો ઉપર સખ્તાઇથી, પણ કેટલેક અંશે શુદ્ધ હૃદયથી, પ્રહાર કરવા માંડયા.

"આપણા રિવાજો જંગલી છે અને આપણાં શાસ્ત્રો ટાઢા પહોરનાં ગપ્પાં છે. દેશને જે જૂનાં બાવાં વળગ્યાં છે તે વાળી ઝુડી સાફ કરી નાખ્યા વિના દેશની ઉન્નતિ થવાની નથી," એમ તરેહતરેહના પોકાર થવા માંડયા. પણ ધર્મને સુધારવા જતાં ઘણાઓએ ધર્મમાં આસ્થા ખોઇ, સ્વતંત્રતા મેળવવા જતાં સ્વચ્છન્દી-પણું સ્થાપ્યું, ધર્મનાં બંધન બરોબર ગોઠવવા જતાં કેટલાક નબળા અને આકળા મનનાઓએ તે બંધન સમૂળગાં તોડી જ નાખ્યાં, અને સારો ધર્મ સ્થપાવાને બદલે કેટલેક સ્થળે અધર્મ નિરંકુશપણે રાજ્ય ચલાવવા લાગ્યો.

એમણે મુકેલી ચીણગારીથી આખા જનસમુદાયમાં ભડકો ઉઠયો. આ ભડકાથી દાઝેલા રૂઢિના ચૂસ્તપૂજકોએ પોતાની દેવીના રક્ષણ સારૂ અંગ્રેજી વિદ્યા અને "સુધારાવાળા" બન્નેની ઉપર સખ્ત હુમલો કરવા માંડયો. "રૂઢિ એજ પ્રમાણ છે," "અંગ્રેજી વિદ્યા ધર્મનો નાશ કરે છે, માણસોને વટલાવે છે, ઉદ્ધત તથા નાસ્તિક બનાવે છે." એવી એવી પ્રતિગર્જનાઓ સુધારાની સામા થવા માંડી.

આ બે પક્ષની લડાલડીમાંથી એક ત્રીજો પક્ષ ઉભો થવા માંડયો. નિશાળ અને કૉલેજ મારફત સંસ્કૃત સાહિત્યનો પ્રચાર પાછો

શરૂ થયો હતો, અને સર વિલિયમ જોન્સ અને ત્હેની પછીના વિદ્વાનોએ પ્રાચીન આર્યસંસ્કૃતિનાં યશોગાન કરી યુરોપના વિદ્વાનોનું તેમજ હિન્દના વિચારકોનું ધ્યાન એકદમ ખેંચ્યું હતું. પરદેશી વિદ્વાનોને મ્હોંએ આર્યદેશનાં બહુ વખાણ સાંભળીને સ્વદેશપ્રેમીઓના હૃદયમાં આત્મમાનનો ઝરો ફરીથી ફુટ્યો અને પ્રાચીન આર્ય-સંસ્કૃતિ તરફનો ઉંડો પૂજ્યભાવ બમણા વેગથી જાગૃત થયો. આપણા બાપદાદાઓ પણ ડાહ્યા હતા એવી ખાત્રી થવાથી આપણી પ્રાચીન-સંસ્થાઓનો અભ્યાસ કરવા ઘણાની વૃત્તિ ઉશ્કેરાઇ. તેથી, પ્રાચીન ભાવનાઓ સમજવી, જૂના રીતરિવાજનું રહસ્ય ખોળી ત્હેમને શુદ્ધ સ્વરૂપમાં સ્થાપવા, અને આપણી ભ્રષ્ટ થયેલી-નાશ પામેલી આર્યતા પાછી મેળવવી—એવા એવા સિદ્ધાન્તો ધીમે ધીમે કેટલાક વિચારકોના હૃદયમાં ઉતરવા લાગ્યા અને તેઓનો આ ત્રીજો પક્ષ બંધાયો.

આ પ્રમાણે પશ્ચિમની સંસ્કૃતિ, પ્રાચીન આર્યસંસ્કૃતિ અને હાલની—અર્વાચીન સામાજિક સ્થિતિ—એ ત્રણ વચ્ચે તુમુલ યુદ્ધ મચી રહ્યું હતું. ગોવર્ધનરામના પોતાના શબ્દોમાં કહીએ તો, આ સમય "પ્રાચીન પૂર્વ, અર્વાચીન પૂર્વ અને પશ્ચિમ—એ ત્રણના ત્રિવેણી-સંગમનો કાળ" હતો.

ગોવર્ધનરામને બાળપણથી જ આ ત્રણે પક્ષ જોવાનાં પ્રસંગ પ્રાપ્ત થયો, અને કાંઇક પોતાના મનના બન્ધારણને લીધે તથા કાંઇક પોતાની આસપાસની સ્થિતિને લીધે ત્રણે પક્ષના ગુણદોષ તે બહુ સારી રીતે સમજી શકયા.

"શ્રીયુત ગોવર્દ્ધનરામ" કાન્તિલાલ છગનલાલ પંડયા

૩૯

"લોકમાન્યનો સ્વર્ગવાસ"

મરીને જીવ્યા

લોકમાન્ય તો એક જ હતા. રાજાએ આપેલા ઇલ્કાબ કરતાં લાખ ગણી કિંમત તિલક મહારાજને લોકોએ આપેલા ઇલ્કાબની હતી, એ દેશે સાબીત કરી આપ્યું છે. આખું મુંબઇ લોકમાન્યને વળાવવા રવિવારે નીકળી ગયેલું હતું એમ કહેવામાં અતિશયોક્તિ નહિ ગણાય.

જે ચિતારો મેં તેમના છેલ્લા દિવસોમાં નજરે જોયા તે કદી ભૂલાય તેમ નથી. લોકોનો અગાધ પ્રેમ અવર્ણનીય હતો.

ફ્રાંસમાં કહેવત છે, 'રાજા મુઆ, રાજા ઘણું જીવો.' તે વિચાર ઇંગ્લંડ વગેરે બધા દેશોમાં પ્રસરેલો છે અને રાજાનું મરણ થાય ત્યારે એ કહેવતનું ઉચ્ચારણ થાય છે. તેનો ભાવાર્થ તો એ છે કે રાજા મરતો જ નથી. રાજતંત્ર એક ઘડી પણ બંધ થતું નથી.

તેમજ તિલક મહારાજ કંઇ મરતા નથી, મર્યા નથી; જીવે છે ને ઘણું જીવશે એમ મુંબઇની મેદનીએ બતાવી આપ્યું. અંગતનાં સગાં ભલે કોચવાયાં, તેઓએ ભલે આંખમાંથી મોતી પાડયાં; પણ પેલા ઘાટી પોતાનાં વાજીંત્રો લઇને કંઇ રોતા નહોતા આવ્યા. તેઓ તો ઉત્સવ ઉજવવા આવ્યા હતા. એમનાં વાજીંત્ર અને ભજનોએ લોકોને ચેતાવ્યા. તિલક મહારાજ મર્યા નથી. 'લોકમાન્ય તિલક મહારાજની જે' એ ઘોષથી બધું ગાજી ઉઠયું, અને પછી તિલક મહારાજના દેહને અગ્નિસંસ્કાર કરવાનો છે એવો ખ્યાલ જ ન રહ્યો. આમ પ્રજાએ ખરો ઠરાવ કર્યો. દાક્તરોનાં 'બુલેટીન' ખોટાં પાડયાં.

મારા મનમાં કંઇક ખળભળાટ શનિવારની રાત્રે જ્યારે મરણના ખબર સાંભળ્યા ત્યારે ઉઠી રહ્યો હતો, પણ જયઘોષ

સાંભળીને શમી ગયો. મેં પણ માન્યું કે તિલક મહારાજ જીવે છે. ક્ષણભંગુર દેહ ગયો પણ તેમનો અમર આત્મા તો લાખોના હૃદયમાં બિરાજે છે.

એક અંગ્રેજ લેખકે કહ્યું છે કે બે ખરા મિત્ર પણ જ્યાં સુધી જીવે છે ત્યાં સુધી દેહે તો ભિન્ન જ છે. એકબીજામાં કંઇક ભેદ પણ જુએ. જો તે ખરા મિત્ર હોય તો જે મરે છે તે ભેદને ભાગતો જાય છે. મૂએલો જીવતાના શરીરમાં જીવે છે. જીવતાને મન તે મૂઓ જ નથી. તેમ તિલક મહારાજ આજે લાખોના શરીરમાં જીવે છે. શનિવારે તો વિશેષે પોતાના જ શરીરમાં જીવતા હતા.

આવું મૃત્યુ આજ લગી આ જમાનામાં કોઇ લોકનાયકને ભાગે નથી આવ્યું. દાદાભાઇ ગયા, ફીરોજશાહ ગયા, ગોખલે પણ ગયા. બધાની પાછળ હજારો સ્મશાને ગયા હતા, પણ તિલકે અવધિ વાળી! તેમની પાછળ તો આખું જગત ગયું. મુંબઇ રવિવારે ઘેલું થઇ ગયું હતું.

આ શો ચમત્કાર! જગતમાં ચમત્કાર જેવી વસ્તુ નથી, અથવા તો જગત એ જ એક ચમત્કૃતિ છે.

અનન્ય સેવાનો ચમત્કાર

કારણ વિના કાર્ય બનતું નથી, એ અપવાદ વિનાનો સિદ્ધાંત છે. લોકમાન્યનો હિંદુસ્તાન પરનો પ્રેમ મર્યાદારહિત હતો તેથી લોકપ્રેમ પણ મર્યાદારહિત હતો. સ્વરાજ્યનો મંત્ર જેટલે દરજ્જે તેમણે જપ્યો તેટલે દરજ્જે બીજા કોઇએ નથી જપ્યો. સ્વરાજ્યને સારૂ હિન્દ હવે લાયક થશે એમ જ્યારે બીજાઓએ અંતઃકરણ પૂર્વક માન્યું ત્યારે લોકમાન્યે અંતઃકરણ પૂર્વક માન્યું કે હિંદ આજે જ તૈયાર છે. આ માન્યતાએ લોકોનાં મન હરી લીધાં એમ માનીને તેઓ બેસી ન રહ્યા, પણ તેનો અમલ આખી જીંદગીભર કર્યો

કર્યો; તેથી પ્રજામાં એક નવો જુસ્સો પેદા થયો. સ્વરાજ્ય મેળવવાની પોતાની અધિરાઇનો ચેપ તેમણે પ્રજાને લગાડયો ને જેમ જેમ તે લાગતો ગયો તેમ તેમ પ્રજા તેમની તરફ દોરવાતી ગઇ.

પોતાની ઉપર ગમે તેવાં જોખમો આવ્યાં, ગમે તેટલાં દુઃખ પડયાં, પણ આ મંત્રનું રટણ તો તેમણે છોડયું જ નહિ. એમ તેઓ કઠિન પરીક્ષામાં પણ પસાર થયા, તેથી પ્રજાનો તેમની ઉપર ભારે વિશ્વાસ બેઠો ને તેમનું વચન કાયદો ગણાયું.

આવું મહાન જીવન દેહ જતાં પૂરું થતું જ નથી. દેહ જતાં તો શરૂઆત થાય છે.

તિલક મહારાજનું સ્મરણ કેમ રખાય

તિલક મહારાજને સારૂ કંઇક વિશેષ થવું જોઇએ એમ એક મિત્રે લખ્યું ને સલાહ માગી. સાથે એમ પણ જણાવ્યું કે તેમની પાછળ ત્રણ દહાડાની હડતાળ પાળીએ તો સારૂં નહિ? તેનો જવાબ મેં જે આપ્યો તે વિચારને જરા લંબાવીને અહીં આપું છું.

જેની આપણે પૂજા કરતા હોઇયે તેના સદ્‌ગુણોનું અનુકરણ કરવું એ જ ખરી પૂજા છે. તેથી હડતાળ પાડવાના કરતાં કંઇ અમલી કામ કરવું મને તો વધારે પ્રિય છે. તે દહાડે હડતાળ પાડવી, અપવાસ કરવો, વગેરે જરૂરનું છે, પણ વિશેષતા તો અનુકરણમાં જ હોય. તેઓ અત્યંત સાદા હતા: તેમના સ્મરણાર્થે આપણે સાદાઇ ગ્રહણ કરીએ, આપણને કંઇક અગવડ પડે એટલે દરજ્જે વસ્તુઓનો ત્યાગ આદરીયે. તેઓ બહાદુર હતા; આપણે તેમની નિર્ભયતાનું અનુકરણ કરી મન સાક્ષી પૂરતું હોય તે જ કરીએ, પોતાનું ધાર્યું કરતાં ન જ હઠીયે. તેઓ વિચારશીલ હતા; આપણે બોલવામાં ને કરવામાં પૂરો વિચાર કરીને જ બોલીયે ને કરીયે. તેઓ વિદ્વાન હતા,

માતૃભાષા અને સંસ્કૃત ઉપર તેમનો ભારે કાબુ હતો; આપણે તેમના જેવા વિદ્વાન થવાનો આગ્રહ રાખીયે. પરભાષાનો આપણા વ્યવહારમાં ત્યાગ કરી માતૃભાષાનું સારૂં જ્ઞાન મેળવી તેમાં આપણા બધા વિચારો બતાવતાં શીખીયે. સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરી આપણા ધર્મની ખૂબીઓ જે આપણા શાસ્ત્રોમાં છૂપેલી છે તેને ખોળી કાઢીયે. તેઓ સ્વદેશીના શોખીન હતા; આપણે સ્વદેશીનો અર્થ સમજી સ્વદેશીનું આચરણ કરીયે. તેમનો દેશ પ્રત્યે અગાધ પ્રેમ હતો; આપણે પણ તેવો પ્રેમ આપણા જીવનમાં ખીલવીયે ને યથાશક્તિ દિનપ્રતિદિન દેશસેવામાં વધારે ને વધારે પરાયણ થઇયે. આમ કરીને જ તેમની ખરી પૂજા કરાય. જેનાથી એટલું પણ ન થઇ શકે તે એક પૈસાથી માંડી ગમે તેટલું નાણું તેમના સ્મરણ અર્થે આપે ને તેનો રાષ્ટ્રીય શિક્ષણ આપનારી શાળાઓ સ્થાપવામાં, લાયક વિદ્યાર્થીને લાયક શિક્ષણ લેવા સારૂ શિક્ષાવૃત્તિઓ આપવામાં કે એવાં બીજાં સાર્વજનિક કાર્યોમાં ઉપયોગ કરાય.

લોકમાન્ય અને અંગ્રેજ પ્રજા

લોકમાન્ય ચાલુ રાજ્યમંડળના કટ્ટા શત્રુ હતા, પણ તેમને અંગ્રેજોનો અણગમો હતો એવી માન્યતા કેટલાકમાં રહેલી છે તે ખોટી છે. તેમને જ મુખેથી મેં અંગ્રેજોનાં વખાણ ઘણી વેળા સાંભળ્યાં છે તેમને અંગ્રેજી રાજ્ય સાથેનો સબંધ સર્વથા અનિષ્ટ હતો એમ ન હતું; પણ તેઓ અંગ્રેજોના બરોબરીઆ તરીકે પોતાને અને પ્રજાને ઓળખાવવા માગતા હતા. અંગ્રેજને કે કોઇને પણ તાબે રહેવું તેમને જરાયે પસંદ ન હતું.

તેમની અંગ્રેજ આમવર્ગ ઉપર એવી શ્રદ્ધા હતી કે તેમણે ઈંગ્લંડમાં સીનેમેટોગ્રાફની મારફતે અંગ્રેજ પ્રજાને પંજાબનો અન્યાય સમજાવવાની વિચિત્ર સૂચના કરી હતી !

આવા પ્રૌઢ દેશભકતનો સ્વર્ગવાસ આપણે ઉજવી રહ્યા છીએ. જે દેહમાં આપણે તેમને જાણ્યા હતા તેજ દેહમાં એઓ હજુ રહ્યા હત તો આપણને લાભ હતો એ તો નિર્વિવાદિત છે, પણ આવી વ્યકિત દેહ રહો યા નહિ, તોપણ દેશની સેવા કર્યાજ કરે છે, દેશને દોર્યા કરે છે. જેણે પોતાની કાર્યરેખા ઘડી લીધી છે, જેણે તે પ્રમાણે પિસ્તાળીસ વર્ષ સુધી અમલ કર્યો છે, જેણે પોતાના દેહને દેશસેવામાંજ નીચોવી નાંખ્યો છે, તે પોતાના દેહનો ત્યાગ કરી ભૂલાતા નથી, મરતા નથી; તેથી લોકમાન્ય તિલક મરીને પણ આપણને જીવવાનો મંત્ર આપી ગયા છે એમ માનીયે.

'નવજીવન' મહાત્મા ગાંધીજી

૩૯

गोखलेजीने श्रद्धांजलि

આજનો દિવસ શ્રાદ્ધનો છે. શ્રાદ્ધ એટલે શ્રદ્ધાવડે ભૂતકાળને જીવતો રાખવાનો એક અપૂર્વ ઉપાય. ગોખલેજી આલોક છોડી ગયા તેને આજ સાત વર્ષ થયાં છે, છતાં હજુ આપણે તેમની પાસેથી પ્રેરણા લઇયે છીએ, સ્ફુર્તિ લઇયે છીએ, અખંડ સેવાની દીક્ષા લઇયે છીએ અને આ રીતે તેમને આપણે આપણામાં જીવતા રાખીયે છીએ. ૧૯૧૫ના ફેબ્રુઆરીની ૧૯મી તારીખ સુધી તેઓ પોતાને પ્રાણે જીવતા હતા, આજે તેઓ આપણા પ્રાણે જીવી શકે છે. આપણામાં જેટલો પ્રાણ હશે તેટલાજ તેઓ જીવશે. ગોખલેજીના જીવને આપણામાં જે જીવન રેડયું તે જો આપણામાં જીવશે તો ગોખલેજી હજીયે જીવશે. તે જીવન આપણામાં વધશે તો ગોખલેજી ચડશે, અને જ્યારે તે જીવન આપણામાંથી સમૂળું ખૂટશે ત્યારે જ ગોખલેજી ગુજરી જશે. આજે આપણે અહીંઆં ભેગા થઇ ગોખલેજીનું

શ્રાદ્ધ કરી રહ્યા છીએ તે દ્વારા આપણે કહીયે છીએ કે દેશસેવક ગોખલે ચાગું જીવો.

કોઇપણ માણસનું જીવન જુઓ, તેમાં ફેરફાર થતા જ જાય છે. જીવન એટલે જ પરિવર્તન–જીવન એટલે જ પ્રગતિ. પ્રતિવર્ષે, પ્રતિદિવસે અને પ્રતિક્ષણે માણસનો અનુભવ વધતો જાય છે, માણસની દૃષ્ટિ વિશાળ થતી જાય છે અને માણસનું જીવન વિકસતું જાય છે. વિદ્યાર્થી ગોખલે કરતાં અધ્યાપક ગોખલે શ્રેષ્ટ હતા, અર્થશાસ્ત્રી ગોખલે કરતાં નામદાર ગોખલે શ્રેષ્ટ હતા. નામદાર ગોખલે કરતાં રાષ્ટ્રનાયક ગોખલે શ્રેષ્ટ હતા. આમ ગોખલેજીની શ્રેષ્ટતા દહાડે દહાડે વધતી જ ગઇ છે. સામાન્ય લોકો માને છે કે મૃત્યુ સુધી જ માણસ વધે છે, પણ એમાં ભૂલ છે. જીવતા ગોખલેજી કરતાં રાષ્ટ્રના હૃદયમાં વસતા આજના ગોખલેજી અનેક દરજ્જે શ્રેષ્ટ છે. જીવતા ગોખલે સૂતા હતા, કામ કરી થાકતા હતા, કંટાળતા હતા, વખતે ચીડાતા પણ હતા; પણ આજના ગોખલે-હૃદયસ્થ ગોખલે આદર્શ છે, આજની તેમની દેશસેવા અમર્યાદ અને અખંડ છે અને દહાડે દહાડે તે ચડતી જશે અને વિશુદ્ધ થતી જશે.

આ શક્તિ કોની છે? આ શક્તિ શ્રાદ્ધની છે. શ્રાદ્ધ એટલે સ્મૃતિ નથી, શ્રાદ્ધ એટલે ઇતિહાસનું અધ્યયન નથી. શ્રાદ્ધ એ અમૃતસંજીવની છે. સ્મૃતિ દુઃખ રૂપ હોય છે અને દુઃખની પેઠે તે અલ્પજીવી હોય છે. જેમ દુઃખનો અંત આવે છે તેમ સ્મૃતિ પણ ભુંસાતી જાય છે. દુઃખ જેમ આપણને દુર્બળ કરે છે, તેમ સ્મૃતિ પણ આપણને કરુણાર્દ્ર કરી નાંખે છે. ઇતિહાસની પણ એજ દશા છે. ઇતિહાસ ચાલતો નથી, વધતો નથી. ઇતિહાસની સ્થિરતા મારક હોય છે. ઇતિહાસમાં જીવન નથી હોતું. ઇતિહાસ એ પુતળું છે, એ છબિ છે. નવ વર્ષની બાળા જ્યારે પ્રસન્નતાથી હસે છે ત્યારે

તેમાં કેટલું અપૂર્વ ચૈતન્ય, માધુર્ય અને પાવિત્ર્ય હોય છે! પણ એજ હાસ્યની છબિ પાડો કે મૂર્તિ બનાવો અને જુઓ. એની સ્થિરતા જ બધું મારી નાખે છે. ઇતિહાસનું પણ એમ જ છે. ઇતિહાસ સત્યનું વર્ણન કરવા જાય છે અને તેમાં જ તે અસત્ય રૂપ બની જાય છે. ઇતિહાસ એ સત્યનું પ્રેત છે. ઇતિહાસ એજ પ્રેત છે. ઇતિહાસ વ્યક્તિનું અને રાષ્ટ્રનું સ્વરૂપ સ્થિર કરી નિર્જીવ કરી નાંખે છે.

શ્રાદ્ધ એથી જુદી જ વસ્તુ છે. શ્રાદ્ધ મૃત વ્યક્તિને અમર કરે છે. રામાયણ મહાભારત ઇતિહાસ નથી પણ શ્રાદ્ધ છે. તેથી જ તે રાષ્ટ્રીય ગ્રંથો યુગે યુગે રાષ્ટ્રમાં પ્રાણ રેડતા આવ્યા છે. ઇતિહાસમાં એ શક્તિ નથી. આપણે વાર્ષિક શ્રાદ્ધ દ્વારા પૂજ્ય વ્યક્તિને દહાડે દહાડે રાષ્ટ્રીય બનાવીયે છીયે સને ૧૮૬૬ થી ૧૯૧૫ સુધી જીવતા ગોખલેજી કેવા હતા તેનો યથાર્થ ચિતાર ઇતિહાસ ભલે ચિતરી રાખે, આપણને તેની દરકાર નથી. જે ગોખલે આજે આપણા હૃદયમાં છે તેનું જ આપણે દર્શન કરીયે, તેનું જ સ્મરણ કરીએ, તેની જ પાસેથી દેશસેવાની દીક્ષા લઇયે. તે વખતના ગોખલે આપણને કહેતા હતા કે વધારે પૈસા આપવા પડે તોપણ સ્વદેશી કપડાં જ વાપરો. તેજ ગોખલે આજે હૃદયમાં પ્રવેશ કરી આપણને કહે છે કે પૈસાનો વિચાર કરોજ મા, ખાદી જ વાપરો. હૃદયસ્થ ગોખલે કહે છે કે હું અર્થશાસ્ત્રનો અધ્યાપક હતો. પણ આજે તમને કહું છું કે ધર્મશાસ્ત્ર આગળ અર્થશાસ્ત્ર શૂન્ય છે. જે ધર્મશાસ્ત્રને વશ રહે છે તેજ સાચું અર્થશાસ્ત્ર.

'કાલેલકરના લેખો' કાલેલકર

१७

रामकृष्ण परमहंस

ઈ. સ. ૧૮૩૪માં જ જ્યાં અંગ્રેજી કેળવણી પહેલવહેલી વવાઈ ગઈ તે જ પ્રાંતમાં રામકૃષ્ણ પરમહંસનો જન્મ થયો. રામકૃષ્ણ પરમહંસ એટલે હિન્દુધર્મનો શુદ્ધ અને પ્રાણવાન પ્રવાહ. રાજા રામ મોહનરાયે હિન્દુ, મુસલમાની અને ઈસાઈ ધર્મના તત્વોનું અધ્યયન કરી બધાનો સામાન્ય સાર કાઢવાનો પ્રયાસ ચલાવ્યો હતો. એજ અરસામાં પ્રત્યક્ષ સાધના કરી ધર્મતત્વનો અનુભવ કરવાનો પ્રયાસ રામકૃષ્ણ પરમહંસે ચલાવ્યો. રામકૃષ્ણ પરમહંસે પણ હિન્દુ, મુસલમાન અને ખ્રિસ્તી એ ત્રણે ધર્મનું રહસ્ય અનુભવ્યું, અને તેમણે કહ્યું, 'અનુભવની દૃષ્ટિએ બધા ધર્મ સરખા સાચા છે.'

* * *

નાનપણથી જ રામકૃષ્ણ પરમહંસે સ્વતન્ત્ર વૃત્તિ કેળવી હતી. સત્યવાદી પિતા અને નિઃસ્પૃહ માતાનું સંતાન બીજું શું કરી શકે? એમના વખતમાં સામાન્ય કેળવણી મળતી તે પણ લેવાની તેમણે ના પાડી. 'કેળાં, ચોખા અને પૈસા અપાવનાર કેળવણી લઈને હું શું કરું? મારે તો પરમાત્માની પ્રાપ્તિ કરવી છે. તમારી કેળવણી મને તે ક્યાંથી આપે?' એમ જ તેઓ કહેતા. એકવાર જો તેઓ કેળવણીના સકંજામાં સપડાઈ જાત તો તેમને મૅકૉલેવાળી કેળવણી લેવી પડત. પણ તેમને તો ઈશ્વરપ્રાપ્તિની કેળવણી લેવી હતી અને ઈશ્વરને તેમની મારફતે બંગાળને તેવી જ કેળવણી આપવી હતી, તેથી તેઓ અભણ જ રહ્યા. આજે દુનિયામાં કેટલાયે લોકો તેમને અવતારી પુરૂષ તરીકે પૂજે છે.

* * *

રામકૃષ્ણ પરમહંસ એક ઇશ્વરની ભક્તિ જ જાણતા, ઇશ્વરને ઓળખો, ઇશ્વરને પ્રાપ્ત કરો એટલુંજ તેઓ કહેતા. છતાં પોતાના જીવનથી તેમણે આ યુગનો યુગધર્મ ચોકસ રીતે આપણને બતાવ્યો છે.

૧. તેમનો પ્રથમ સન્દેશ સર્વ ધર્મોની એકતાનો છે. બધા ધર્મો એક જ ઇશ્વરની ઉપાસના કરે છે, બધા એક જ ઠેકાણે જાય છે, એકેએક રસ્તો સાચો છે, એમ તેમણે અનુભવની અધિકારયુક્ત વાણીથી દુનિયાને સમજાવ્યું. એક જણે તેમને પૂછ્યું, શું વામાચારી શાક્તધર્મ પણ સાચો રસ્તો છે? તેમણે કહ્યું, 'મન્દિરમાં જવાના અનેક રસ્તા હોય છે, એને ખાળમોરી હોય તો તેના કાણામાંથી પણ મન્દિરમાં પ્રવેશ તો થઇ શકે. પણ મહાદ્વાર છોડી એવો ગંદો રસ્તો આપણે કેમ પસંદ કરીએ?'

૨. તેમનો બીજો સન્દેશ માણસના ધ્યેય વિશે છે. માણસે ઇશ્વરપ્રાપ્તિનોજ વિચાર કરવો, આત્મશુદ્ધિ કરવી એટલે તેને જે જોઇએ છે તે મળી શકે છે. થડ હાથમાં આવ્યું એટલે ડાળાં પાંદડાં એની મેળે હાથ આવી જાય છે.

૩. આના સાધન તરીકે તેમણે કનક અને કાન્તાનો ત્યાગ બતાવેલો છે. કોઇપણ માણસ સ્ત્રી તરફ પત્નીભાવે જુએ (અથવા તો કોઇપણ સ્ત્રી પુરૂષ તરફ વલ્લભભાવે જુએ) ત્યાં સુધી તેને માટે મોક્ષ નથી. કામ અને લોભ એ મોક્ષમાર્ગમાં મોટામાં મોટા વાટમારાઓ છે.

૪. રામકૃષ્ણ પરમહંસની સાધનાનું પ્રથમ પગથીઉં અહંકાર-નાશ હતું. અહંકારનો નાશ કરવા તેમણે અન્ત્યજસેવા આદરી, આપણને આપણો યુગધર્મ શીખવ્યો છે. કૃષ્ણકિશોર નામના એક વૈષ્ણવ ગૃહસ્થની વાતો તેઓ પોતાના શિષ્યોને કહેતા. પરમહંસ કહેતા, 'કૃષ્ણકિશોરને ત્યાં હું અધ્યાત્મ રામાયણ સાંભળવા જતો.

કૃષ્ણકિશોરની શ્રદ્ધા ભારે હતી. એકવાર તે વૃન્દાવનની યાત્રાએ નીકળેલો. રસ્તામાં તેને બહુ તરસ લાગી. એક કુવા પરના કોઇ માણસ પાસે તેણે પાણી માગ્યું. પેલાએ કહ્યું, હું અન્ત્યજ છું. મારૂં પાણી તમને કેમ ચાલશે ? કૃષ્ણકિશોરે કહ્યું, તું ઇશ્વરનું નામ લે અને પાણી કાઢી આપ. પેલાએ તે પ્રમાણે કૃષ્ણકિશોરને પાણી કાઢી આપ્યું. અને એ બ્રાહ્મણે તે પાણી પીધું.'

૫. જેણે કનક અને કાન્તાનો ત્યાગ કર્યો છે, જેનામાં અહંકાર નથી, તેના મનમાં સામાજિક ઉચ્ચ નીચતાનો ભાવ ક્યાંથી હોય ? તેને હિસાબે રાય અને રંક સરખા જ હોય. રામકૃષ્ણ પરમહંસે રાજા સુરેન્દ્રનાથ ટાગોરને રાજા કહેવાની ના પાડી હતી. પરમહંસે કહ્યું, જો, હું કંઇ તને રાજાબાજા કહેવાનો નથી, કેમકે તેમ કહેવું એ જૂઠું બોલવા સમાન છે.

૬. પરમહંસની ખાસ વિશેષતા તેમની શિષ્યપ્રીતિ છે. ગુરુની પાછળ પડેલા શિષ્યો ઘણા મળે છે, પણ શિષ્ય પાછળ ઘેલા થયેલા રામકૃષ્ણ પરમહંસ તો અપૂર્વ જ ગણાય. જેમ દયામય પ્રભુ ભક્તાધીન છે તેમ પરમહંસ પોતાના શિષ્યોની બધી કાળજી રાખતા.

રામકૃષ્ણ પરમહંસે આ રીતે આખી જીંદગી ઇશ્વરભક્તિમાં અને લોક કલ્યાણમાં ખરચી નાખી. દિવસ રાત ધર્મોપદેશ કરી કરી તેમના ગળામાં વ્રણ પડ્યું. વૈદ્ય અને દાકતર લોકોએ તેમને બોલવાની મનાઇ કરી. પણ લોકો—સત્પુરુષના ચાર શબ્દો સાંભળી કૃતાર્થ થવા માગનારા લોકો—તેમની પાસે આવ્યા જ કરે અને પરમહંસ પણ કોઇને નિરાશ કરે નહિ. રાતદિવસ તેમનો વાગ્યજ્ઞ ચાલુ જ રહેતો. પરમહંસની ગંભીર માંદગી સાંભળી તેમને આરામ આપવાને બદલે આ છેલ્લી તક સાધવા ટોળેટોળાં દૂરદૂરથી આવવા

લાગ્યાં. યજ્ઞ વધારે જોરથી ચાલવા લાગ્યો. આખરે સને ૧૮૮૬ના ઑગસ્ટની ૧૬ મીની રાત્રિએ પરમહંસે યજ્ઞમાં પોતાની પૂર્ણાહુતિ આપી દીધી.

'કાલેલકરના લેખો' કાલેલકર

૧૮

મણિરાજ

રત્નનગરીના જુવાન મહારાજ મણિરાજનું વય આજ વીશ એકવીશ વર્ષનું હશે. એના પિતા મલ્લરાજ ગુજરી ગયે બે ત્રણ વર્ષ થયાં હતાં, અને મણિરાજ ગાદી ઉપર બેઠા પહેલાં થોડા કાળ ઉપર વિદ્યાચતુરને પ્રધાનપદ મળેલું હતું. મણિરાજને ન્હાનપણમાંથી મૃગયાનો સ્વાદ પડેલો હતો અને તે દિવસે દિવસે વધેલો હતો. સુંદરગિરિ અને મનહરપુરીની આસપાસનાં જંગલો આ વૃત્તિને ઘણાં અનુકૂલ હતાં; કારણ તેમાં મનુષ્યની વસ્તી ઓછી અને પશુની વસ્તી ધાડી હતી. એ જંગલનું લાકડ પોતાની જાતની આજ્ઞા વિના કપાય નહિ અને જંગલનો નાશ થાય નહિ એ વાતની મણિરાજ જાતે વ્યવસ્થા રાખતો. જ્યાં જંગલ ઘાડું ત્યાં દુષ્કાળની ભીતિ ઓછી એ નવીન શાસ્ત્ર મણિરાજને ગમી ગયું હતું. કારણ જંગલના રક્ષણથી મૃગયાના સ્વાદભોગને અનુકૂળતા હતી એટલું જ નહી પણ જૂની વાતોના નાશના આ યુગમાં કાંઈપણ પ્રાચીન પદાર્થનું રક્ષણ નવા શાસ્ત્રને બળે થતું હોય તો તે શાસ્ત્રનું ગ્રહણ કરવામાં મણિરાજને ઓર આનંદ મળતો. એ શુદ્ધ રાજપુત્ર ઉચ્ચાભિલાષનો ગર્ભશ્રીમંત હતો, અને એ અભિલાષ-લક્ષ્મીને વિદ્યાચતુરની બુદ્ધિએ ચોપાસ વિકસાવી વિસ્તારી હતી. વિદ્યાચતુર બ્રાહ્મણ હતો, પણ એવું

માનતો કે ક્ષાત્ર ઉદ્રેકનું રક્ષણ કરે એવું જીવન આ સમયમાં મૃગયાથી રહે એમ છે અને તેથી ન્હાનપણમાંથી એની સૂચનાને આધારે મલ્લરાજે મણિરાજની આસપાસ શૂરા રજપુતોનો કિલ્લો બાંધી મૂક્યો હતો અને તેમના સંગમાં મણિરાજનું ક્ષાત્રતેજ દિવસે દિવસે પ્રદીપ્ત થવા પામ્યું હતું. વિદ્યાચતુરની આ સૂચના એને વિષે મલ્લરાજના મનમાં ઉચ્ચ અભિપ્રાય બંધાવનારી થઈ પડી હતી, કારણ "મ્હારા પુત્રને બ્રાહ્મણ-વાણિયો ન કરશો" એ આજ્ઞાનું આ સૂચનાથી પાલન થયું હતું. છતાં વિદ્યાચતુરે પોતાનું બ્રાહ્મણત્વ ઢાંક્યું પણ ન હતું. રજપુતોના ગુણની સાથે તેમના દોષ પણ મણિરાજમાં આવી જાય નહિ તેને વાસ્તે પોતે અત્યંત ખંત રાખતો, એટલું જ નહિ, પણ એની બ્રાહ્મણતા બાળક રાજપુત્રને હાસ્યાસ્પદ લાગે નહિ અને તેથી એની બુદ્ધિ ઉપર બીજા વિષયમાં પણ અનાસ્થા થઇ જાય નહિ એટલા માટે, આટલા ક્ષાત્રવ્યસનનું મૂલ્ય એની બુદ્ધિ સમજે છે એવી આસ્થા કોમળ વયના રાજપુત્રના મનમાં વધારવામાં પણ આ સૂચના સહાયભૂત થઈ પડી હતી. આથી બીજા રજપુતોને પણ આ બ્રાહ્મણમાં કાંઈ છિદ્ર કહાડવાની બારી રહેતી ન હતી, અને તેમનો અને રાજકુમારનો સંગ રાખનાર ઉપર પ્રીતિ રહેતી. મૃગયાથી રાજકુમાર પાછો ફરે ત્યારે તે તરત વિદ્યાચતુરને મળે, મૃગયાનું વર્ણન કરે, અને પોતાના સહચારી રજપુત બાળકોની વાતોઓ તથા ચર્ચાઓ પણ વિશ્રમ્ભથી કહી જાય એવો વ્યવહાર રાખ્યો હતો, તે પ્રસંગનો લાભ લેઇ એ બાળકોથી તેમ એ બાળકોમાં કંઇપણ અસદ્વિચાર અથવા અસદાચારનું બીજ ઉત્પન્ન થતું હોય તે શોધી કહાડવાની, અને જડે તો તે બીજનો બીજ-દશામાંજ નાશ કરવાની, વિદ્યાચતુર ખંત રાખતો, અને એક રાજકુમારને ઠેકાણે અનેક રાજપુત્રોનાં બાળકોનો પોતે પ્રિય ગુરૂ થઇ પડ્યો હતો. આ બાળકો ઘેર જઇ માબાપની પાસે રસથી વાતો કરે, તેથી વર્તમાન રજપુત-મંડળનો વિદ્યાચતુર માનીતો થયો હતો. બ્રાહ્મણ-ક્ષત્રિયનો હૃદય-ભેદ

એની વાતમાં આથી દૂર થયો હતો. આ સર્વ સ્થિતિનો લાભ લેઈ મૃગયાના વ્યસનમાં રહેલું અમૃત રાખી વિદ્યાચતુરે તેમાંનું વિષ ઉતાર્યું. રાજાનો ધર્મ અને રાજાનું પરાક્રમ એ છે કે નિર્દોષ અને નિર્બળનું રક્ષણ કરવું અને દુષ્ટને શાસન કરવું. આ જ ન્યાય મનુષ્ય-પ્રજામાં તેમ પશુવર્ગમાં પ્રવર્તાવવાનો અભિલાષ મણિરાજમાં વધાર્યો. મૃગયા કરવી પણ મૃગ અને સસલાં જેવાં નિર્દોષ પ્રાણીનો ઘાત કરવાનો તિરસ્કાર અને સિંહ, વાઘ આદિ ક્રૂર પ્રાણીઓનો નાશ કરવામાં આગ્રહ એ બેને માળી વિદ્યાચતુરે ચતુરાઈથી મણિરાજના ઉચ્ચ મૃગયાભિલાષરૂપ વેલાને ચ્હડવાના આધારવૃક્ષ કરી રાખ્યા હતા. આ અભિલાષ અમાંસાહારી વસ્તીનો પણ રક્ષક હતો અને રાજ્યનાં જંગલોનો પણ રક્ષક થઈ પડયો હતો, ગ્રીષ્મ ઋતુના અનુકૂળ સમયમાં આ અભિલાષનો ધારક મહારાજ મણિરાજ રાતના પાંચ વાગતાં આજ મૃગયા રમવા નીકળી પડેલો હતો. એક સિંહનો શિકાર જડી આવવાથી તેનું મન પ્રફુલ્લ થયું હતું, અને એટલામાં જ વસ્તીની ભાળ રાખવામાં જાગૃત રાજાને બ્હારવટીયાના સમાચાર મળવાથી તે અચિન્ત્યો અત્યારે મનહરપુરીમાં આવી ચ્હડયો હતો. વૃક્ષ, પશુ અને મનુષ્યોનો મહારાજ પોતાના ન્હાનકડા ગામમાં પ્રાતઃકાળમાં પધારતો જોઈ ગરીબ વસ્તી તેને સત્કાર દેવા અત્યારે તરવરવા લાગી.

'સરસ્વતીચંદ્ર,' ભાગ ૩ ગોવર્દ્ધનરામ

૩૧

" વઢવાણના સદ્‌ગત મોતીભાઇ દરજી "

સદ્‌ગત મોતીભાઇ મહાન પુરુષ ગણાય કે નહિ, એ પ્રશ્ન સુધી જવાની જરૂર નથી. એ પ્રશ્નનો કોઈ અલૌકિક રીતે નિર્ણય થયા

છે. પણ એટલું તો ખરું કે મહાત્માજીની જીવનપદ્ધતિનું તેમને સ્વતંત્ર રીતે દર્શન થએલું હતું, અને એ પદ્ધતિ તેમણે અમલમાં મૂકી હતી. અંગત અને સ્થાનિક મર્યાદાઓને લીધે તેઓ મહાત્માજી જેટલા મહાન ફેરફારો કે આંદોલનો રાજ્યમાં નથી કરી શક્યા, તોપણ આખા ગુજરાતને જાણવા જેવી તો એ એક વ્યક્તિ હતી. સદ્‌ગત મોતીભાઇ જો કે એક સામાન્ય માણસ હતા તોપણ તેમનું જીવન એટલું તો બતાવે છે જ, કે માત્ર સારા થવાના પુણ્ય-નિશ્ચયથી એક સામાન્ય માણસ પણ પોતાનું કલ્યાણ કરવા ઉપરાંત કેટલું બધું કરી શકે!

મહાત્માજીના કેટલાક વિચારો તેમણે સ્વતંત્ર રીતે આપેલા; એ જોતાં નથી લાગતું કે એ વિચારો અવતરવાને માટે પાકી ગએલા હતા! એ વિચારો જગતમાં પ્રવર્તવાનું નિર્માણ થયેલું છે અને અધિકારી વ્યક્તિઓ પોતપોતાના અધિકાર પ્રમાણે મોડા વહેલા એક કે બીજા રૂપમાં તે ગ્રહણ કરશે જ—**તંત્રી**]

વઢવાણમાં હાલ મોતીચોક નામનો એક ચોક છે એ નામ વઢવાણના મોતીલાલ દરજી ઉપરથી પડ્યું છે. આજથી પંદર વર્ષ પહેલાં નીચી દડીનો, સુકલકડી શરીરનો, અભણ જેવો એ દરજી ચોકની સામેની હાટડીમાં સંચો ખટખટાવતો. એની હાટડીએ એક પણ એવી ક્ષણ ન જતી કે જ્યારે ત્યાં કોઇને કોઇ યુવાન ન હોય. તે અનેક યુવાનોનું વિશ્રામસ્થાન હતો. વિદ્યાર્થીઓ અહીંથી અનેક પ્રેરણાઓ મેળવી જતા. યુવાનો આદર્શો ઘડી જતા. સેવાભાવીઓને સેવાનાં નાનાં નાનાં કાર્યક્ષેત્ર જડતાં. ધંધા વિનાની વિધવાઓને ધંધા મળતા. ખુણે પડેલ કારીગરોને રોજગાર મળતો.

મોતીભાઇ એક અતિ સામાન્ય દરજી કુટુંબમાં જન્મેલા. દરજી કોમમાં સ્વાભાવિક થઇ ગયેલા બાળવિવાહની હાંસડી એને ગળે વળગેલી.

ચાર ગુજરાતી સુધીનો એમનો અભ્યાસ. અમો એમના પરિચયમાં નહોતા આવ્યા ત્યાં સુધી તો એમનું જીવન ઘણું ધાર્મિક હતું એમ સાંભળેલું. બાવાઓને ઘેર એકડા કરવા, ભજનો ગાવાં અને મંડળીઓ જમાડવામાં આ ત્રીશ વર્ષનો યુવાન પોતાનું જીવન કૃત્યકૃત્ય થયું માનતો. આધ્યાત્મિક વાંચન અને ચિંતન એ સીવવાના સમય પછી એનો મુખ્ય વ્યવસાય.

સંચો ખટખટાવે અને કોઇને કોઈ ભગતજનના મુખેથી યોગવાસિષ્ઠ રામાયણ કે ભાગવત સાંભળે. એના હાથ અને પગ પણ સંચા જેવા જ જડ બની ગયેલા. એની દુકાનને આંગણે ઉભા હોઇએ ત્યારે યોગવાસિષ્ઠ વંચાતું હોય અને એ સાંભળતા હોય. સંચો ઘડઘડાટ ચાલ્યો જતો હોય, પગ ઝપાઝપ ચાલતા હોય, હાથ લુગડા પરથી સરેરાટ ફરતો પસાર થતો હોય, ત્યારે આપણને મોતીભાઇનું ચિત્ત તો શ્રવણમાં જ લાગેલું લાગે. શ્રવણમાં એ કેટલા એકાગ્ર થતા કે સંચો સંચાનું કામ કર્યે જતો, જ્યારે એનું મુખ ચર્ચામાં ઉતરતું, આંખના ભાવ ભક્તિમાં નીતરતા, કાન શ્રવણમાં મશગુલ રહેતા. વાચનનો એક પણ શબ્દ વિના સમજ્યે એ નહોતા જવા દેતા.

આમ યુવાનીનાં પાંચેક વર્ષ એણે ધાર્મિક વાચન-ચિંતનમાં ગાળ્યાં. એવામાં સ્ત્રીઓ અને બાળકો માટે એણે એક નાનુંશું પુસ્તકાલય પચીસેક પુસ્તકોથી શરૂ કર્યું. હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ અહીંથી ચોપડીઓ વાંચવા લઇ જાય અને મોતીભાઈ તેમને ઇતર વાચનનો શોખ લગાડે. અમને પણ વાંચનની સારી એવી ભૂખ. આ વખતે હું પાંચમી અંગ્રેજીમાં હોઇશ.

અખાડેથી લટાર મારતો મારતો હું મોતીભાઇની દુકાને જઇ ચઢયો અને બે ચોપડીઓ વાંચવા માગી, જે એમણે ઘણી હોંસથી

આપી. આ અમારા પ્રથમ પરિચયનો દિવસ. અમારો સંબંધ દિવસો જતાં ગાઢો થયો. આ નાના પુસ્તકાલયને મોટું કરવાના મનોરથ ઘડયા અને તે પાર પણ પડયા. આ પુસ્તકાલયદ્વારા મોતીભાઇ અનેક યુવાનોના પરિચયમાં આવ્યા, અને ઘણાનું ઘડતર એના દ્વારા જ થયું એમ કહું તો જરાય અતિશયોક્તિ નથી.

દિવસો જતાં મોતીભાઇની દુકાન અમારો વાચનનો અખાડો બની. આ દુકાને બેસી હિંદ અને બ્રિટાનિયા, ગોખલેનું ચરિત્ર ભાગ ૧; એવાં પુસ્તકો અમે વાંચતા અને સ્વદેશસેવાની અનેક પ્રકારની ભાવનાઓ કેળવતા.

આવા વાચન ઉપર જેમ જેમ અમે વિશેષ ચઢયા તેમ તેમ મોતીભાઇએ ધાર્મિક જીવન ઉપરાંત રાષ્ટ્રીય જીવનમાં પ્રવેશ કર્યો; એની એકાંગી ધાર્મિકતામાં રાષ્ટ્રીય તત્ત્વ ઉમેરાયું એમ કહું તો ચાલે. આજ સુધી એ એકલા ધાર્મિક વિચારોમાં જ પડયા રહેતા. હવે તેમના જીવનની અનેક દિશાઓ ખૂલી. અમારૂં વાચન જેમ જેમ વધતું ગયું, તેમ તેમ એમને એક વસ્તુ સાલવા લાગી, કે આપણે વાંચ્યાં જ કરીએ તો ઠીક નથી. કાંઇક કર્તવ્યમાં મૂકીએ તો જ વાચન સાર્થક થયું ગણાય.

આ વિચારથી એમની સાથે સેવાનાં નાનાં નાનાં ક્ષેત્રો અમારા માટે ખુલ્લાં થયાં. પુસ્તકાલય એકલાથી સંતોષ ન માનતાં અમે એક ફરતું પુસ્તકાલય શરૂ કર્યું. એમાં આઠ દશ સ્વયંસેવકો. દરેક જણ પાસે વીસવીસ પુસ્તકો હોય. આ પુસ્તકો લઇ અમે ગામના લત્તામાં જઇએ. સ્ત્રીઓ, વિદ્યાર્થીઓ તથા અન્ય શહેરીઓને વાચન તરફ દોરીએ. આ સમયમાં વઢવાણમાં વાચનનો એટલો બધો શોખ વધ્યો કે ન પૂછો વાત. અમારા પુસ્તકાલયમાંથી આ વર્ષોમાં દરરોજ સોથી દોઢસો પુસ્તકો જતાં અને તે ઉપરાંત ફરતાં પુસ્તકાલયોનો ઉપયોગ થતો તે જુદો.

સાંજના પાંચ વાગ્યાના ટકોરા વાગે કે મોતીભાઇનો સંચો બંધ થાય. પાંચના ટકોરા પછી એક પણ ટાંકો એ મારતા નહિ. લુગડું જેટલું અધુરૂં રહ્યું હોય તેટલું રાખીને જલદી દુકાન બંધ કરીને નદીની રેતમાં દોડતા. આજથી પંદર વર્ષ પહેલાંની આ વાત છે, કે જ્યારે કાઠિયાવાડમાં અને તેમાં પણ ખુણે પડેલ વઢવાણમાં અખાડાનું નામ તે વખતે નહિ આવેલ એવે સમયે અખાડાના અનેક મનોરથ મોતીભાઇએ સેવ્યા. શરૂઆતમાં અમે પાંચ જણ. અમે હતા જુવાનો. મોતીભાઇની ઉમર અમારાથી બમણી. સળેકડી જેવું શરીર, નાનપણથી દરજીનો બેઠાડુ ધંધો કરેલો, કદી રમેલ નહિ કે રખડેલ નહિ; છતાં હોંશે હોંશે અમારી સાથે કુસ્તીમાં ઉતરે, દોડે, રમતો રમે. અખાડાના સમય દરમિયાન વાતો તો ચાલુ હોય જ. એમની એક જ ભાવના હતી અને તે આ યુવાન સૈન્યનું ઘડતર કરવાની. વખત જતાં પાંચમાંથી અમે પંદર થયા, પચીસ થયા, અને પછી તો સાંજ પડયે નદીની રેતીમાં પોણોસો પોણોસો જુવાનિયાનું જૂથ જામતું.

આ અખાડા દ્વારા મોતીભાઇ જુવાનોમાં અનેક પ્રકારની ભાવનાઓ પ્રેરી શકયા. ઘણાના અંગત મિત્ર બન્યા, કોઇના મુરબ્બી બન્યા, કોઇના માર્ગદર્શક બન્યા. આમ જુદે જુદે પ્રકારે અને જુદા જુદા સંબંધે એ એકેએકના સંબંધમાં આવી જતા અને સૌ એમના ઉચ્ચ ચારિત્રમાંથી કાંઇને કાંઇ લઇ જતા.

જેમ જેમ અમે નિકટ આવતા ગયા, તેમ તેમ અમે ઘેર રહેવાનો સમય ઓછો કરી નાખ્યો. બે ટંક ઘેર ખાવા સિવાયનો અમારો બધોય વખત અમે સૌ (પંદરની ટોળી) સાથે જ ગાળતા. પુસ્તકાલયનું મકાન તે અમારી જાણે કે બોર્ડિંગ હોય તેવું બની ગયું. મોતીભાઇની દુકાન જો કે જાહેર રસ્તા પર હતી છતાંએ અમારા અધ્યયનનો અખાડો બની. સ્વામી રામ, વિવેકાનંદ વગેરેના

વાચનમાં એ દુકાનોમાં મને જે એકાગ્રતા મળતી તે હજુ જીવનમાં ક્યાંય નથી મળી.

મોતીભાઇ અમને રોજ ચાર વાગ્યે ઉઠાડે, વાંચવા બેસાડે. કલાકના વાચન પછી અમે ચાર માઇલ રોજ પ્રભાતે દોડીએ. ગમે તેવો શિયાળો હોય તોપણ નારદભાઇની વાવે ઠંડા પાણીમાં તરવું અને મોતીભાઇ તો કકડતી ઠંડીમાં પણ કલાક સુધી પાણીમાં પડયા રહીને જ બહાર નીકળતા. ત્યાર પછી પ્રાર્થના અને પછી મોતીભાઇને ઘેર નાસ્તો.

મોટાભાઇ જે ભાવનાથી નાનાભાઇને ખવડાવે એ ભાવનાથી એ સમયે નાસ્તો કે દૂધ આપતા.

રોજ રાત્રે અમારૂં સમૂહવાચન થતું. જે વખતે જીવનની અનેક દિશાઓ ખુલતી. મોતીભાઇ દરેકના ઘરની અને જીવનની મુશ્કેલીઓ જાણતા. એ એમના બહોળા અનુભવની વાતો કહી હરેકની મુશ્કેલીઓનો ઉકેલ કરી દરેકને એક ડગલું આગળ લેવા મથતા.

હવે તો મોતીભાઇની ભાવનાઓ વધી. તેમણે વિચાર્યું, કે આપણે તો સમાજના સેવકો થવું છે. માટે આપણને ભાષણો કરતાં આવડવાં જોઇએ. આપણે મોટી મોટી સભાઓમાં આપણા વિચારો આપવા પડશે, માટે આપણો અવાજ બુલંદ હોવો જોઇએ. આથી અમે એક ભાષણ કરનારૂં મંડળ શરૂ કર્યું. અમારા મંડળના સભ્યોમાં અમારી જ મંડળી. અનેક વિષયો અમે ઉથલાવી નાખ્યા. જે વિષય લઇએ તેનો અભ્યાસ કરી લાવવાનો હોય. આથી અભ્યાસ પણ વધ્યો અને વાચન બહોળું થયું. શ્રોતા એક હોય તોય વખત થઇ ગયો હોય તો અમારી સભાનું કામકાજ શરૂ થઇ જતું. પણ અમે આવી સભાઓથી સંતોષ ન પામ્યા. અમારે તો બુલંદ અવાજે ભાષણ કરતાં શીખવું જોઇએ એવી મોતીભાઇની માન્યતા.

મોતીભાઈ અમને સવારે પાંચ વાગ્યે નારદભાઇની વાવે લઇ જતા. વાવ ઉપર-મંડાણ ઉપર વકતાને ઉભો રાખે. શ્રોતાઓ અમે. જુદી જુદી દિશામાં દૂર-દૂર ખૂબ-દૂર-વકતાનો અવાજ પહોંચે એટલે દૂર ઉભા રહીએ અને વક્તા જાણે કે પંદર વીસ હજારની મેદની સમક્ષ ભાષણ કરતો હોય તેમ છટાથી ભાષણ કરે. આવી રીતે ભાષણો કરવાનો સૌને ફરજિયાત વારો આવે અને ઇચ્છા ન હોય તો પણ મોતીભાઇ પરાણે ઉભા કરે. ના પાડીએ તો કહે, અરે મૂર્ખા, આમ શરમાઇશ તો કેમ ચાલશે? આપણે તો સાચે જ મોટી સભાઓ માટે તૈયાર થવાનું છે.

જ્યારે મોતીભાઇ અમને વાવના મંડાણ ઉપર ઉભા કરતા (એ અમારૂં પ્લેટફોર્મ) અને અમારા પાંચ સાત મિત્રો જે ખૂબ દૂર ઉભા રહેતા, તેને પંદર હજાર માણસો માની ભાષણ કરતા ત્યારે કોઇ કોઇ વખત હસવું આવતું અને લાગતું, કે આ કયા ટોડે ચઢ્યા છીએ અને મોતીભાઇ તે આ શા ખેલ રોજ કરાવે છે! પરંતુ એકવીસની સાલમાં જ્યારે અમે વીસ વર્ષના હતા ત્યારે, અને અત્યારે એ બધી પાડેલ ટેવ કામ આવી ગઇ ત્યારે એની કિંમત જણાઇ.

મોતીભાઇ અમારી નની મંડળી બહાર જાણીતા નથી. એમને પ્રસિદ્ધિનો મોહ પણ નહોતો. પણ એટલું કહેવું જોઇએ, કે એમને પોતાની શક્તિ અને અભિલાષા પ્રમાણે કાર્યક્ષેત્ર મળે, તેઓ પોતા માટે એવું કાર્યક્ષેત્ર પેદા કરી શકે, તે પહેલાં તેઓ ગુજરી ગયા.

આજે જો એ જીવતા હોત તો ખરેખર ગુજરાતના સમર્થ કાર્યકર્તા નીવડ્યા હોત. ગાંધીજી એકવીસની સાલ પછીથી જે જે વિચારો આપ્યે જાય છે, તે દરેકેદરેક વિચાર જાણે કે મોતીભાઇને સૂઝી ગયો હતો એમ લાગે છે અને એના સોળની સાલના એ

વિચારોનું સામ્ય જ્યારે બાપુજીના વિચારો સાથે જોઉં છું ત્યારે ઘડીભર એમ થઇ આવે છે, કે ખરેખર મોતીભાઇ એક મહાન પુરુષ હતા.

'ઘેર ઘેર જો ગાય પળાય તો જ ઘી દૂધ ખવાય' એ એક સૂત્ર વિચારોના સેવન પછી એમને જડયું અને તેનો અમલ પણ તુર્ત જ કર્યો—કોઇ પણ વિચારોનો જાતે અમલ કર્યા પહેલાં તે બીજાને ઉપદેશ આપતા નહિ.

કામધંધા મૂકીને, ઘેર ગાય ન બંધાય ત્યાં સુધી અન્ન હરામ કરીને એ ગાય ખરીદવા નીકળ્યા. ઉનાળાના ધોમ ધખતા બપોરે ઉઘાડે માથે અને ઉઘાડે પગે એ ગામેગામ રખડયા અને આઠમે દિવસે ઘેર ગાય બાંધીને એમણે અન્ન લીધું. પોતાની રહેવાની સાંકડી જગ્યામાં ગાયને પોતાના બાળક માફક જ રાખી. ગાય પરત્વેની એમની પ્રીતિ એ દાખવતા.

એક શિયાળામાં પોષ માસની કડકડતી ઠંડીના દિવસોમાં ગાય માટે ઠંડીના રક્ષણાર્થે એમનાથી કાંઇ તૈયારી ન થઇ શકી. અનેક વ્યવસાયના લીધે આ કામ રહી ગયું. ગાયને રાત્રે ઠંડીમાં ધ્રૂજતી જોઇ મોતીભાઇએ એમનો પોતાનો ખાટલો ખુલ્લા મેદાનમાં ગાય પાસે જ નંખાવ્યો. ઓઢવાનું પાસે ન રાખ્યું. આમ જ્યાં સુધી ગાય માટે કોઢ તૈયાર ન થઇ ત્યાં સુધી એમણે પણ ગાયની સાથે જ ઠંડી સહન કરી. પોતાના ઢોર માટે એમને આટલી પ્રીતિ હતી.

ઘેર ગાય બંધાઇ એટલે તેમણે પોતાના સહવાસમાં જે જે આવે તેને ગાયના મહત્વનો ઉપદેશ કરવા માંડયો. દરેક ઘેર ગાય હોવી જ જોઇએ, એવો આગ્રહ તેઓ સૌને કરતા.

એના મગજમાં આવેલ એક પણ સુવિચારને એણે અમલમાં ન મૂકયો હોય એવું નથી બન્યું. એ વખતે રાષ્ટ્રીય શાળાઓ તો

નહોતી. આ શાળાઓથી બાળકોનાં જીવન રહેંસાય છે એની એને પ્રતીતિ થઇ ગઇ. ત્યારથી જ પોતાનાં બન્ને બાળકોને નિશાળે નહિ મોકલવાનો એમણે નિશ્ચય કર્યો ત્યાર પછીથી એમનાં બાળકોને એ રોજ ઘેર શિક્ષણ આપતા.

પોતાની સ્ત્રી અભણ છે એ વસ્તુ જ્યારથી એમને સાલવા લાગી ત્યારથી એમણે તેને પણ શિક્ષણ આપવાનું શરૂ કર્યું. આ વખતે એનો વ્યવસાય ઘણો જ વધી ગયેલો હતો. છતાં જીવનની મિનિટે મિનીટનો હિસાબ રાખી એ એમની સ્ત્રીના શિક્ષણ માટે રોજ અર્ધો કલાક કાઢતા અને એક વર્ષે એમનાં ધર્મનાં પત્નીને વાંચતાં પણ કરી દીધાં.

આ સમય હિંદભરમાં હોમરૂલ લીગનો હતો. સ્વદેશીનું વાતાવરણ ચોમેર ફેલાયું હતું. એની અસર વઢવાણમાં સૌથી પ્રથમ મોતીભાઇ ઉપર થઇ. સ્વદેશી માલની એક દુકાન કાઢવાનો તેમણે વિચાર કર્યો, પણ અમે તો હતા વિદ્યાર્થી. અમારી પાસે એક પાઇ પણ નહિ. અમે તો મહેનત કરીએ. સ્વદેશી વસ્તુઓનો પ્રચાર કરવા થોડીક થાપણ રોકવી જોઇએ તે કોણ રોકે?

પોતાના જીવનવ્યવસાયમાં મોતીભાઇએ જે કાંઇ રોકડ કરેલ, તેમાંથી પાંચસોકની થાપણ સ્વદેશી ભંડાર વસાવવામાં રોકવાનો એનો વિચાર જ્યારે અમને એણે દર્શાવ્યો ત્યારે અમારા આનંદનો પાર ન રહ્યો. સ્વદેશી કાગળો, પેન્સીલો, કાપડ વગેરેનો એક ભંડાર મોતીભાઇની દુકાને જ અમે ખોલ્યો અને દિવસો જતાં એ સારી રીતે વિકસ્યો. આખા દિવસમાં મોતીભાઇની દુકાને નહિ નહિ તો બસો માણસો આવી જતાં હશે. કોઇ સીલાઇ અને ખરીદીની ઘરાકી નિમિત્તે, કોઇ પુસ્તકો માટે, તો કોઇ કામ લેવા માટે. આ બધાને એ સ્વદેશી માલની ખરીદીનો આગ્રહ કરે. કોઇને ઉપદેશ આપવાનું ન ચૂકે. ધ્યાનમાં આવે તેની પાસે વ્રત લેવરાવી લે અને આમ

અનેકને સાંજ પડતાં 'મૂંડે'. જે કામ ભલભલી સભાઓથી ન થઇ શકે તે પ્રચારકામ આ દરજી સંચે બેઠા બેઠા કરતો.

આ વખતે મીલનું સુતર ને હાથવણાટનું કાપડ પહેલા નંબરનું ગણાતું. બગસરા અને અમરેલીનો આવો માલ અમે મંગાવતા અને ખૂબ ખપાવતા. પણ મોતીભાઇને આ માલ સાચો સ્વદેશી ન લાગ્યો. એને રેંટિયાની ખાદી જ શુદ્ધ સ્વદેશી લાગી. આ અરસામાં પૂ. બાપુજી સાથે અમારો સંબંધ થઇ ગયો, અને તેઓશ્રીને પણ રેંટિયાનો અખતરો કરવાનો વિચાર આવેલ. મોતીભાઇ અને બાપુજીનો સુયોગ થયો અને મોતીભાઇએ આ અરસામાં કેટલુંક સુતર કંતાવીને બાપુજીને મોકલ્યું પણ ખરૂં. આમ ગૌસેવા અને રાષ્ટ્રીય શિક્ષણ સાથે મોતીભાઇની સ્વદેશી ભાવના ખીલી અને તેને એમણે ખૂબ વિકસાવી.

એમના પિતા વૈષ્ણવધર્મ પાળતા. ઘરના ધાર્મિક વાતાવરણની એમના ઉપર સારી અસર હતી. એમનું શરૂઆતનું જીવન કેવળ ધાર્મિક હતું; પરન્તુ જ્યારથી રાષ્ટ્રીય ભાવનાનું તત્ત્વ એમના આ જીવનમાં ભળ્યું ત્યારથી એમના ધાર્મિક જીવને પણ પલટો ખાધો. અંત્યજોની હડધૂત સ્થિતિને એ હિંદુસંસારના કલંકરૂપ માનવા લાગ્યા. એમની દુકાન શહેરના મધ્ય ભાગમાં હોવા છતાં એ એમને ત્યાં આવતા, અંત્યજોને છૂટથી અડકતા અને ચૂસ્ત વેપારીઓનો ખોફ વહોરી લેતા.

બાળલગ્નની હાનિઓ તો એમણે એમના જીવનમાં જ અનુભવેલી. એટલે એમનાં બાળકોને પચ્ચીસ વર્ષ પહેલાં નહિ પરણાવવાનો નિશ્ચય કરેલો. દરજીની નાતમાં બાળલગ્નનો રિવાજ સાધારણ રીતે ઘર કરી ગયેલ છે. મોતીભાઇના પિતાની એમની જ્ઞાતિમાં આબરૂ સારી. એટલે એમના પિતાને તો મોતીભાઇના પુત્રોને જલદી પરણાવી નાખવાની ભારે હોંશ.

એમના ઉત્સાહ સામે થતાં મોતીભાઇને ઘણું સહન કરવું પડેલું; છતાં આ કૌટુંબિક પ્રશ્ન ઉકેલવામાં એમણે વ્યાવહારિક દક્ષતા પણ સારી બતાવી; જેના પરિણામે એમના પિતાનો અને એમનો સંબંધ સારી રીતે સચવાઇ રહ્યો, અને એ પોતે પોતાનો નિશ્ચય પાળી શક્યા. આ રીતે આપણે જોઇ શકીએ છીએ, કે મોતીભાઇ એક સુધારક પણ હતા.

વઢવાણમાં પાણીની સામાન્ય રીતે તંગી છે. ગામડાનો અને વઢવાણ કેમ્પનો વ્યવહાર 'સીટી' સાથે ઘણો. ભર ઉનાળામાં વટેમાર્ગુઓને વઢવાણ આવતાં સીમાડામાં પાણીની ઘણી તંગી ભોગવવી પડતી. મોતીભાઇને આ વસ્તુ ખૂબ સાલતી. એની પાસે પૈસા તો હતા નહિ કે નવાણ ગળાવી શકે. એવા વગદાર સંબંધીઓ નહોતા કે એવી ઓળખાણો નહોતી કે જેથી પૈસા મેળવી નવાણો ગળાવી શકે. પ્રચારકામ એમને આવડતું નહોતું અગર તો સેવાનાં કાર્યોમાં ભીખ માગવાની એને શરમ હતી, એટલે એની નજર એના સાથીઓ ઉપર પડી. અખાડાના પઠ્ઠા જુવાનો એની પડખે હતા એટલે મજુરોની એને જરૂર ન હતી. પાવડા, સુંડલા, હીંદવા, અને બેત્રણ કોશ, એ એક સવારે લઈ આવ્યા અને અમને કહ્યું કે ચાલો—કાનેટીનો કૂવો ખોદવા. એ કૂવાનાં પાણી ઉંડાં ઉતર્યાં છે, અને વટેમાર્ગુઓને એ બાજુ પાણીની ભારે તકલીફ પડે છે. મોતીભાઈનું વેણ અમારે તો હુકમ સમાન હતું. એ અમારા સેનાપતિ, અમે એના સૈનિકો. અમે તો કોદાળીઓ–પાવડા–સુંડલા વગેરે ઓજારો લઇ ઉપડયા. રજાનો દહાડો હતો. ઘેર કોઇએ કાંઇ વાત ન કરી કે કયાં જઇએ છીએ. જિંદગીમાં કદી ખોદેલું નહિ. તેમાં વળી કૂવો કયાંથી ખોદ્યો હોય? છતાં તરસ્યાને પાણી મળશે એ એકજ ભાવનાથી કછોટા વાળીવાળીને અમે આખો દિવસ જે ઉત્સાહથી કૂવો ખોદ્યો તે પ્રસંગ જિંદગીમાં કદી ભૂલાતો નથી.

સાંજ પડગે અમે બે હાથ જેટલો કૂવો ખોદી નાખ્યો અને ઇશ્વરને કરવું, ને અમારૂં સદ્‌ભાગ્ય—(પીનારનું નહિ) તે એક ઝરણું ફૂટ્યું અને એ નપાણીઓ કૂવો સાંજ પડગે કોપરા જેવા મીઠા પાણીથી ભરાઇ ગયો.

મોતીભાઇના અને અમારા જીવનની આ ધન્ય ક્ષણ ! અમારા આનંદનો પાર ન હતો. આખા દિવસની સખત મજુરી પછી દાળિયા અને ગૉળ ઉપર ઝપટ મારી ઝાલર ટાણે અમે જ્યાં ઘર તરફ વળીએ ત્યાં તો ઘેરઘેર અમારા પરાક્રમની વાર્તા ફેલાયેલ; પણ અમારાં લગભગ દરેકનાં મોટેરાં અમારા આ સાહસથી ખીજાયેલાં. અમે દરેક મોતીભાઇના સહવાસ પછીથી અમારા વડિલોની દૃષ્ટિએ બગડી ગયેલા હતા. એટલે સૌને મોતીભાઇ ઉપર થોડી થોડી દાઝ તો હતી જ. તેમાં આ બન્યું, એમ બધાય દુઃખિયા થયા ભેગા. ઝાઝા દહાડાની દાઝ આજે તો મોતીભાઇ ઉપર કાઢવાનો સૌએ નિશ્ચય કર્યો. ગામના જુવાનિયાને આમ આ દરજી બગાડે તે કેમ પાલવે ? એક ભાઈ કે જેનો છોકરો અમારી સાથે જ હતો તે એની રાંપની ધાર કઢાવવા જતો હતો ત્યાં એમણે અમારા ગામ ભણી વળવાના સમાચાર સંભળ્યા, એટલે લુહારને ત્યાંથી એ દરવાજા તરફ પરભાર્યા વળ્યા. અમારા ચીડાયેલા કેટલાક વડીલો પણ સાથે. ટોળું આવ્યું દરવાજે અને અમે પણ પેઠા દરવાજામાં. મોતીભાઇ ઉપર ગાળોનો વરસાદ વરસ્યો—અમે તો એમને ત્યાંના ત્યાં જ મૂકીને રસ્તો માપ્યો. મોતીભાઇ અને એક બીજા ભાઇ, બે જણા રહ્યા એકલા. વડીલોએ એમને લીધા ઉધડા. પેલા રાંપવાળા ભાઇને એવો ક્રોધ ચઢ્યો કે રાંપ ઉગામીને તાડુક્યા, કે અલ્યા 'ચુંકણુ' એક વેણ હવે જો કાઢ્યું છે તો એક ઘા ને બે કટકા કરી નાખીશ. મોતીભાઇ અડગ રહ્યા. એના મુખની એક પણ રેખા ન બદલાઇ. એ બોલ્યાઃ તમારે કરવું હોય તે ભલે કરજો.

તમારા છોકરા મારી સાથે આવશે ત્યાંસુધી તેમને હું અટકાવનાર નથી. પેલા ભાઇ આ સાંભળીને વધુ ક્રોધિત થઇને ઘા કરવા જતા હતા ત્યાં પાછળથી અન્ય લોકોએ એનો હાથ ઝાલી લીધો અને ટોળું વિખરાયું.

આ પ્રસંગથી અમને બહુ બળ મળ્યું. મોતીભાઇની ખરી કસોટી થઇ ગઇ. એની આસપાસ જુવાનિયાનું જૂથ વધુ જામ્યું, અને નવાણો ગાળવાનું અમારૂં કામ ચાલુ રહ્યું. ત્યાર પછી તો માળોદના મારગનો કૂવો અને ફાડસરનો કૂવો, એમ બે કૂવા અમે ગાળ્યા. 'કેમ્પ'ને રસ્તે નદીમાં બે ચાર સુંદર વીરડા ગાળ્યા. આ દરેક ઠેકાણે વટેમાર્ગુઓને તૃષા છીપાવતા જ્યારે અમે જોતા ત્યારે અમને ઓર આનંદ થતો.

સ્ત્રીઓની ઉન્નતિ–તેમની કેળવણી–કુરિવાજ–વિધવાની દશા વગેરેના વિચારો મોતીભાઇને આવ્યા તે સાથે જ એ દિશામાં પણ ઉપરનાં કાર્યોની સાથોસાથ એમણે કેટલાંક કામો ઉપાડયાં. પુસ્તકાલયમાંથી સ્ત્રીઓને ખાસ ઉપયોગી પુસ્તકો અલગ કરી નવાં ખરીદી સ્ત્રીપુસ્તકાલય શરૂ કર્યું. કાલાંટાણે વાંચનવર્ગ ખોલ્યા. ખાસ સ્ત્રીઓ માટે પણ ફરતાં પુસ્તકાલય કર્યાં; વિધવાઓને ઉદ્યમ મળે એટલા માટે મોજાં શીવવા, હાથ રૂમાલ, ટેબલકલોથ વગેરે બનાવવાનો ગૃહઉદ્યોગ શરૂ કર્યો આ ઉદ્યોગ માટે જરૂરી બધાં સાધનો એ લાવતા, બ્હેનોને આપતા અને સ્ત્રીઓ એમની દુકાનેથી ખૂબ કામ લઇ જતી અને દિવસના રોટલા જેટલું નિરાંતે કમાતી અને એને આશીર્વાદ આપતી. બ્હેનોને મોતીભાઇ પાસેથી કામ મળતું એટલું જ નહિ પણ એ ઉપરાંત બીજું ઘણું મળતું. ભણેલી હોય તેને પુસ્તકો મળતાં, અભણને ભણી લેવાની પ્રેરણા મળતી. એ ઉપરાંત કંઇ ને કાંઇ ઉપદેશ મળ્યે જ રહેતો–આથી ઘણી બ્હેનોનાં જીવન સુધરતાં. મોતીભાઇનો સ્વભાવ જ એવો હતો કે તેના પરિચયમાં જે કોઇ આવે તેને તે ઘડીકમાં અસર કરતા અને એક વખત એના

પરિચયમાં આવેલ માણસ બીજી વખત એની પાસે આવ્યા વિના રહેતો નહિ.

મોલાકત (અલુણાવ્રત) આવે ત્યારે કાઠીઆવાડમાં છોકરીઓ દેદા ફૂટે છે. એ રિવાજ મોતીભાઇને સારો ન લાગ્યો. એટલે એ નદીમાં છોકરીઓને એકઠી કરે. રાસડા ગવરાવી ખાવાનું વહેંચે. દેદા નહિ ફૂટવાનાં બે વેણ પણ કહે-રમતો રમાડે અને આનંદ અને ઉત્સવનું વાતાવરણ ઉભું કરે.

આમ સ્ત્રીજીવનની ઉન્નતિ માટે પણ એમની નજર પડેલી અને એના ટૂંક જીવનમાં એણે થોડુંક કરેલું પણ ખરૂં.

બાપુજી, એનીબેઝેન્ટ, દાદાભાઇ નવરોજજી, ગોખલે વગેરે દેશનેતાઓનાં જીવનચરિત્રો અમે સાથે જ વાંચી ગયા. મોતીભાઇએ નિશ્ચય કર્યો કે, જીવતા નેતાઓમાંથી બને તેટલાને આપણે વઢવાણમાં ઉતારવા. બન્યું એવું કે ગોખલેજીના સ્મારક ફંડ માટે મહાત્માજી રાજકોટ જતા હતા. અમને આ વાતની ખબર પડી. મોતીભાઇએ અમને કહ્યું, કે આપણે વઢવાણમાં મહાપુરુષોને લાવવાનું વ્રત લીધેલ છે અને તેના અમલ તરીકે બાપુજીને ઉતારવાનો આ લાગ સારો છે. મહાત્માજીને વઢવાણમાં આવવાનું નોતરૂં આપવાનો અમે નિશ્ચય કર્યો. આ વખતે એક વાત ધ્યાનમાં રાખવાની છે. અમે બધાય હતા વિદ્યાર્થી. કોઇની અલેડ જુવાનોથી વધુ આબરૂ નહિ મોતીભાઇ પણ અમારી મંડળીના, એટલે મોટા ગણાતા તે વખતના શહેરીઓ સાથેનો અમારો ખાસ સંબંધ નહિ. તેમજ તેમની સાથે પરિચય પણ ઓછો. મતલબ કે, અમારો બોજ પ્રજા ઉપર નહિ. એમ એ કશાયનો ખ્યાલ કર્યા વિના મહાત્માજી જેવાને વઢવાણમાં નોતરવાનો નિશ્ચય અમારી મંડળીએ કર્યો. બાપુજી રાજકોટ જતા હતા તે વખતે જંકશન સ્ટેશને અમે મળ્યા. તેમના જીવનની ઘણી વાર્તા વાંચેલી.

એમનાં પ્રત્યક્ષ દર્શન કરી અમે કૃતકૃત્ય થયા. મહાત્માજી સાથેનો આ પ્રથમ પરિચય. મોતીભાઇ અને બાપુજી વચ્ચે વાતો ચાલી. મોતીભાઇએ રાજકોટથી વળતાં વઢવાણ ઉતરવાનું નોતરૂં આપ્યું. બાપુજી સમજ્યા, કે ગોખલેસ્મારકમાં મને કાંઇક મળે એવું હશે માટે જ આ જુવાનિયા મને લઇ જતા હશે. એ લાલચે એમણે તો પટ દઇને હા પાડી દીધી અને અમે તો અમારી કશીય જવાબદારી સમજ્યા વિના મહાત્માજી વઢવાણને પાવન કરશે એ એક જ વિચારથી ખૂબ ઉલ્લાસમાં આવી જઇ અમારી જાતને ધન્ય થયેલી માની વઢવાણ તરફ વળ્યા. મોતીભાઇનો ઉત્સાહ અજબ હતો. તે દિવસથી તે બાપુજી ત્રણ ચાર દિવસે વઢવાણ આવ્યા ત્યાં સુધી અમે ઉજાગરા કર્યા. હાથે લખી લખીને જાહેરનામાં શહેરમાં ચોડયાં અને મહાત્માજીની પધરામણીની તૈયારીઓ કરી. ગામના કેટલાકે અમે કાંઇ પણ તૈયારી વિના—અમે કોઇને પૂછ્યા વિના મહાત્માજી જેવાને નોતરૂં આપી આવવા માટે મોતીભાઇને ઠપકો પણ દીધો.

એ દિવસ સુધી તો અમારી સાથે કોઈ ન ભળ્યું. કેટલાકે વિરોધ દર્શાવ્યો. ગામના કોઇ સહકાર નહિ આપે તો આપણામાંથી કોઇને ઘેર મહાત્માજીને ઉતારી આપણી મંડળીમાંથી જે બે પાંચ રૂપિયા થશે તે ભેટ ધરી તેમને વિદાય આપીશું એમ નક્કી કર્યું, પણ મહાત્માજીને વઢવાણ લાવવા એ તો નક્કી.

મહાત્માજીને આવવાને એક જ દિવસ બાકી રહ્યો અને મહાજનના વેપારીઓને થયું કે આ છોકરાઓ તો પહેલાં જ નોતરૂં દઇ આવ્યા છે અને ગામમાંથી એ કોરેકોરા જશે તો આપણી આબરૂ જશે. મહાજને પૂર્ણ સહકાર આપ્યો. નગરશેઠને ત્યાં બાપુજીને ઉતારો મળ્યો. સ્ટેટે ફંડમાં સારી રકમ આપી. મહાજને થેલી આપીને બાપુજીને નવાજ્યા. એ આખા ગામે પૂર્ણ ઉત્સાહથી તેમનું સ્વાગત કર્યું.

બાપુજીએ મોતીભાઇના પુસ્તકાલયની મુલાકાત પણ લીધી. તે વખતે અમે એ સંસ્થાને 'ફ્રી લાયબ્રેરી' કહેતા. આ અંગ્રેજી નામ તરફ તરત બાપુજીનું ધ્યાન ગયું. તેમણે બેત્રણ નામોનો વિચાર કરી છેવટે આ પુસ્તકાલયને માટે 'ધર્મપુસ્તકાલય' નામ પસંદ કર્યું. ત્યારથી એજ નામે એ પુસ્તકાલય ઓળખાય છે. બાપુજીએ ત્યાંની 'મુલાકાતપોથી'–('વિઝિટ બુક' માટે આ શબ્દ બાપુજીએ પસંદ કર્યો) માં લખ્યું છે. બરાબર મતલબ યાદ નથી, પણ તેના કાર્યકર્તાઓ માટે તેમણે સંતોષ જાહેર કર્યો હતો.

મોતીભાઇની શુભેચ્છા સર્વ રીતે ફળી. એણે કરેલ નિશ્ચય પાર પડયો. આ પ્રસંગથી મહાત્માજી અને મોતીભાઇનો પરિચય વધ્યો. ત્યાર પછી તો મોતીભાઇ આશ્રમમાં પણ રહી આવેલા અને એમનો સંબંધ વધેલો. એ સંબંધને લીધે જ બાપુજીએ દેવીદાસભાઇને વઢવાણ હવાફેર માટે મોકલેલા. આશ્રમમાં એક વર્ષે માતાના સખત વા હતા ત્યારે આશ્રમમાં ઘણા માંદા પડી ગયેલા અને સેવા કરનારની જરૂર હતી; તેની ખબર વઢવાણ પડતાં મોતીભાઇ તેમના બેચાર સાથીઓને લઇને આશ્રમ પહોંચેલા. એ માંદાની શુશ્રુષા બાપુજીને ખૂબ સંતોષ થાય તેવી રીતે કરેલી.

મોતીભાઇનું જીવન તપસ્વી તો હતું જ. બાપુજીના પરિચયમાં આવ્યા તે પહેલાં તે સત્યાગ્રહી હતા. પરંતુ આશ્રમમાં રહી ગયા પછી તો વઢવાણમાં ગૃહજીવન ગાળતાં છતાં એણે ખરું આશ્રમજીવન શરૂ કરી દીધું.

બ્રહ્મચર્ય–અપરિગ્રહ–અસ્તેય વગેરે આશ્રમનાં પાંચે વ્રત એણે લીધાં અને તેનું સખ્ત પાલન એ કરતા. જીવનના છેલ્લા માસોમાં આ વ્રતો સાથે અલૂણાવ્રત પણ લીધું હતું. પાંચ ચીજ ઉપરાંત છઠ્ઠી ચીજ એ કદી ખાતા નહિ. એટલે કે શાકમાં તેલ આવે તો તે પણ

ચીજ ગણાય. આમ ધીરે ધીરે એમના જીવનને એમણે ખૂબ તપસ્વી બનાવ્યું. છતાં ગૃહકાર્ય અને અન્ય વ્યવસાય હમેશની મુજબ ચાલ્યો જતો. તેમનાં આવાં વ્રતોથી તેમના દૈનિક કાર્યમાં કશી ય આંચ આવતી નહિ, બલ્કે કેટલીક વખત એમને સ્ફૂર્તિ વિશેષ જણાતી. વીરમગામની લાઈનદોરીને અંગે પહેલાં કાઠિયાવાડના ઉતારૂઓનાં પોટલાં વીરમગામ સ્ટેશને તપાસાતાં. આથી ઉતારૂઓની હાલાકીનો પાર ન હતો. મોતીભાઈને આ વાત ખૂબ જ સાલતી. હું આગળ કહી ગયો છું તેમ મોતીભાઈના મનમાં એક વિચાર ખુબ ઘોળાયા પછી તે તેનો અમલ કર્યે જ રહેતા. એમની ક્રિયાશક્તિ ઘણી હતી. વીરમગામના ઉતારૂઓનાં દુઃખો એમને અસહ્ય થઇ પડયાં અને ત્યાં સત્યાગ્રહની લડત શરૂ કરવી જોઇએ, એમ એમને પ્રથમ સૂઝ્યું. એમણે આ વાત બાપુજીને જણાવી અને એનું મહત્ત્વ તેમને ગળે ઉતર્યું. બાપુજીએ મોતીભાઇને જણાવ્યું, કે એ પ્રશ્ન હું ઉપાડું તો ખરો, પણ તમે સત્યાગ્રહમાં જોડાવા તૈયાર છો? મોતીભાઇએ કુરબાન થવાની ઇન્તેજારી બતાવી. બાપુજીએ પ્રશ્ન ઉપાડયો. લાગતાવળગતા સરકારી અમલદારો સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો અને વિના લડતે પોટલાં તપાસવાનું બંધ થયું. આમ એક સત્યાગ્રહનું ક્ષેત્ર એમના જીવનમાં બાકી રહી જતું હતું તે પણ તેમણે જોઇ લીધું. આ પ્રશ્ન વિષે લખતાં મહાત્માજીએ મોતીભાઇનો નામ-નિર્દેશ કર્યો છે.

તેમનો અભ્યાસ તો ચાર ગુજરાતી જેટલો જ હતો; પરંતુ ભાષા ઉપરનો કાબુ ભારે સરસ હતો. એ જ્યારે બોલતા ત્યારે જાણે કે સાંભળ્યા જ કરીએ એમ થતું. એકધારી એમની વાણી સતત વહ્યે જતી. ભાષા સંસ્કારી આવતી. પોતાનો અભ્યાસ થોરો હતો તેનો અભખરો એમને જરાય ન હતો. હિન્દીનું એમને ઘણું સારૂ જ્ઞાન હતું. પરંતુ એમને તો જ્ઞાનની જિજ્ઞાસા ઘણી હતી, તેથી એ વળી સેવાના બહોળા ક્ષેત્રમાં અંગ્રેજીની જરૂરિયાત છે એમ તે

માનતા હતા; તેથી એમણે અંગ્રેજીનો અભ્યાસ ખૂબ ખંતથી શરૂ કરી દીધેલો. ઉપર જણાવ્યા તેવા અનેકવિધ અતિવ્યવસાય છતાં ત્રણ વર્ષમાં ત્રણ અંગ્રેજીનો અભ્યાસ એમણે સારી રીતે કરી લીધો અને એટલું સાધી લીધા પછી તો વધુ ઝડપથી ચાલવાના એમના કોડ હતા.

સાહિત્યના ક્ષેત્રમાં પણ કાંઇક ફાળો આપવાનો જાણે કે રહી જતો હોય તેમ એમણે એમના છેલ્લા દિવસોમાં ઘણાં પ્રેરક ભજનો લખેલાં. એમાં આવતાં રૂપકો-દાખલાઓ ઘણા જ મૌલિક હતા. એ સૂત્રોમાં બહુ માનતા અને પોતાના જ વિચારોના મંથન પછી નક્કી કરેલ સૂત્રોની એક હારમાળા એમણે તૈયાર કરેલ. એમનું આ સાહિત્ય કેટલાંક વર્ષો સુધી સચવાઈ રહ્યું પણ પાછળથી શી ખબર, ક્યાંક ગૂમ થઇ ગયું છે.

સામાજિક, રાજકીય અને ધાર્મિક, એમ ત્રણે દિશામાં એમના વ્યવસાય વધતા ગયા, તેમ તેમ એમને અવકાશ ઓછો મળવા લાગ્યો. એમને થયું, કે જો મારે હવે વધુ કામ કરવું હોય તો અને જીવનની ક્ષણો સેવાનાં ક્ષેત્રમાં વધુ વીતાવવી હોય તો જરૂરિયાતો ઓછી કરવી જોઇએ, ઘરનું ખર્ચ કમી કરી નાખવું જોઇએ, જેથી કમાવાની ચિંતા ઓછી રહે, તેની પાછળ ઓછો વખત ગાળવો પડે. આથી તેમણે નિશ્ચય કર્યો, કે એક દિવસમાં આઠ કે દશ આનાનું કામ થાય એટલે પછી સીવવાનું છોડી દઇને સેવાના કાર્યમાં વખત વીતાવવો. સીવવાની એમની ચાલાકી એવી હતી, કે સાંજ પડયે એ અઢી રૂપિયાની કમાણી કરી શકતા. આ ઝડપે આઠ દશ આનાનું કામ તો એ બહુ થોડા વખતમાં પૂરૂં કરી નાખતા અને બાકીનો વખત સામાજિક સેવાનાં કાર્યોમાં ગાળતા. કમાણી ઓછી કરી એટલે એમણે ઘરના ઘણા જરૂરી ખર્ચો ઉપર પણ કાપ મૂક્યો.

મોતીભાઇની સેવાની ભૂખ આટલેથી મટી નહિ. એમને થયું કે આવી રીતે છૂટાંછવાયાં કામ કરવા કરતાં કોઇ એક સંસ્થા જેવું કર્યું હોય તો સારૂં. આ વિચારની સાથે એક આશ્રમ સ્થાપવાનો એમણે વિચાર કર્યો. આ આશ્રમની એમની કલ્પના ઓર હતી. એ જીવ્યા હોત તો જરૂર અમલમાં મૂકત. એમને ઉદ્યોગ તથા રાષ્ટ્રીય-શાળા, ઢોર માટે અવેડા, પાસે નવાણુ વગેરે સહિત સ્વાશ્રયી આશ્રમ સ્થાપવાના વિચાર હતા. આ વિચારોનો અમલ કરવા માટે જમીન તો જોઇએ જ. વઢવાણની ચારે બાજુ ફરીને નદી કાંઠે જડેશ્વરની પાસેનો સરસ પ્લોટ આશ્રમ માટે મેળવવાનો એમણે નિશ્ચય કર્યો. દરબારમાં અરજી કરી. ના મંજુર થઇને અરજી પાછી આવી. તે વખતે વઢવાણમાં સરકારનું એડમિનિસ્ટ્રેશન હતું અને કાદરી સાહેબનો અમલ ચાલુ હતો. એ કાદરી સાહેબને પીગળાવી એ જ પ્લોટ લેવાનો દૃઢ નિશ્ચય મોતીભાઇએ કર્યો. અમને તો આ વાત આભ સાથે બાથ ભીડવા જેવી લાગેલ.

મોતીભાઇનું મનોબળ ભારે જબરૂં હતું. વળી એને પ્રાર્થનામાં અજબ વિશ્વાસ હતો, એ આ કિસ્સા પરથી માલૂમ પડે છે. મોતીભાઇ રોજ સવારે નારદભાઇની વાવે નહાઇને સીધા આ જડેશ્વરના પ્લોટ ઉપર આવતા. જમીનની મધ્યમાં ઉભા રહી પ્રભુ-પ્રાર્થના કરતા: "હે પ્રભુ ! આ જમીન મને આશ્રમ કરવા અપાવ." પ્રાર્થના કરી ઘેર જઇ કપડાં પહેરી કોર્ટનો સમય થતાં દરબારગઢ-માં જતા. શરૂઆતમાં તો અરજદાર તરીકે જઇ અરજ કરતા, પણ કાદરીએ એ અરજ પણ ધૂતકારી કાઢી ત્યારથી નાસીપાસ થયા વિના કે જરાયે ક્ષોભ પામ્યા વિના કે હું હડધૂત થઇશ અને મારી આબરૂ જશે—પટ્ટાવાળો ધક્કા મારશે તો માણસો મારા માટે શું માનશે—તે કશાયની પરવા કર્યા વિના એણે દરબારગઢમાં જવાનું જારી રાખ્યું. હવે એ અરજદાર તરીકે નહોતા જતા. રોજ કચેરીએ

જાય, બારણા પાસે જ પાંચ મિનિટ ઉભા રહે. કાદરી સાહેબ કચેરીની અંદર ખુરશી ઉપર વિરાજમાન થયેલા હોય, તેની નજર એમની ઉપર પડે તેમ ઉભા રહી પાંચ સાત મિનિટ થોભી તે પાછા દુકાને આવતા રહે. અમને એમના આ કાર્યથી કેટલીક વખત નવાઇ લાગતી. અમે કહેતા, કે એ કાદરી એમ પીગળવાનો નથી. આ ભદ્રંભદ્રપણું હવે જણાય છે. એ કહેતા, "આત્માના દ્રઢ નિશ્ચય પાસે પથ્થર પણ પીગળે છે એ વાત હું સો ટકા સાચી માનું છું; તો આ કાદરી શી વિસાતમાં છે? મારા દિલને વધુ પવિત્ર બનાવી હું કાદરીને પીગળાવીશ" પોતાના આ અખતરા સાથે એણે વધુ વ્રત પણ લીધાં અને રોજ કચેરીએ જવાનું ચાલુ રાખ્યું. કાદરી રોજ તેના સામું જુએ. નજરેનજર મળે. મોતીભાઇ પાંચ સાત મિનીટ તેની નજર પડે તેમ બારણા બહાર બેસી ચુપચૂપ બોલ્યા ચાલ્યા વિના દુકાને ચલ્યા જાય. આ પ્રમાણે માસ દોઢ માસ ચાલ્યું. કાદરીને કાંઇ અસર નથી થવાની એમ એમને લાગ્યું. ત્યાં એકાએક દરબાર સાહેબના જન્મદિવસને દિવસે ભાષણ કરતાં કાદરી સાહેબે કહેલ ભાષણના સમાચાર એમને મળ્યા. કાદરી સાહેબ બોલેલા કે "આ ગામમાં એક દરજી રહે છે અને તે કેટલાંક સેવાનાં કાર્યો કરે છે. તેના આવા ઉપયોગ માટે તેની અરજીમાં જણાવ્યા મુજબ જડેશ્વર પાસેની જમીન તેને આપવાનો અમારો વિચાર છે."

આ ઉદ્ગારો સાંભળી મોતીભાઇને કેટલો આનંદ થયો હશે? અમારા આનંદની તો અવધિ જ નહોતી. હવાઈ કિલ્લા જેવા જ માનેલ મનોરથો હવે તો હાથવેંતમાં છે, એમ અમને થઇ આવેલું. પણ ઇશ્વરેચ્છા કોઇ જુદી જ હતી.

૧૯૭૩ ના પ્લેગનો ઝપાટો આખા ગુજરાત કાઠિયાવાડમાં લાગ્યો, તેમ વઢવાણમાં પણ લાગ્યો. વઢવાણની શેરીઓ અને બજારો નિર્જન બન્યાં. સૌ પોતાની જિંદગી બચાવવા જ્યાં ફાવ્યું ત્યાં

નાદાં. મોતીભાઇને અમે વઢવાણ બહાર નીકળવા ખૂબ વિનવ્યા, તો જવાબ મળ્યો: "ગાંડિયાઓ, મોત કોઠીમાં પૂરાયે પણ કોઇને મૂકનાર નથી. મૃત્યુ આવવાનું હશે તો ગમે ત્યાં જઇશ ત્યાં આવશે, તો અહીં જ રહી ગામમાં બાકી રહેલ નિરાધારોની સેવા કાં ન કરવી ?" અમે તો સગાંવહાલાં સાથે વઢવાણની બહાર નીકળ્યા. મોતીભાઇ ગામમાં જ રહ્યા. માંદાની માવજત કરે અને ઇશ્વર-ભજન કરે.

સેવા કરતાં કરતાં એને ચેપ લાગ્યો, મરણપથારીએ પડયા અને ઇશ્વરને કરવું ને તે અકસ્માતમાંથી બચી ગયા, સહજ ઠીક થયું તો ખુલ્લામાં જ આવી બેસવા લાગ્યા. પરોઢિયે પ્રાર્થના તો ચૂકાય જ કેમ ? આમ પરોઢિયાની ખુલ્લી હવાથી ન્યુમોનિયા લાગ્યો અને તેમનું મૃત્યુ થયું. પાંચ વર્ષના સમાજસેવાના એમના ટૂંક જીવનમાં એમણે કેટલીય દિશાઓ ખેડી નાખી. એમના પૂર્વજન્મનાં અધૂરાં રહેલ કાર્યો બહુ ઝડપથી જાણે પૂરાં કરવાને જ એમનો અવતાર ન હોય તેમ ખૂબ ઝડપથી ઘણી દિશાઓમાં એમણે માથું માર્યું.

તેમના જીવનના કેટલાક કિસ્સાઓ ટાંકી એમની આ કથા પૂરી કરીશ. એ માનતા કે ખાતાં પીતાં આપણે જે વિચારો કરીએ છીએ તેને આપણા જીવનના ઉત્કર્ષ સાથે ગાઢ સંબંધ છે. આથી પાણી પીતાં કે કાંઇપણ ખાતાં એ ખૂબ શાંતિ જાળવતા અને તે વખતે જીવનની ઉન્નતિના સદ્દવિચારો જ કરતા. એમની દૃઢ માન્યતા હતી, કે ભોજનનું અણુએ અણું કોઇ પવિત્ર વાતાવરણથી પવિત્ર થઇને શરીરમાં ભળે છે; તેની ઓર અસર જીવન ઉપર થાય છે.

જાહેરજીવનમાં પડયા, પણ તેવાં કાર્યો માટે ભીખ માગવાનું એમને ખાસ ન રૂચતું. ખાસ મિત્રો સિવાય એ ક્યાંય લેણુ ન

નાખતા, અને તોય ન છૂટકે જ. ચાલે ત્યાંસુધી તો પોતે ગરીબ હતા છતાં પણ વધુ ગરીબ બનીને પોતાના ઘરના પૈસા જ ઘણે ભાગે ખરચતા.

એમની નિયમિતતા તો ઘણી જ હતી. ઘરાકને જે સમયે કપડું આપવાનું કહેલ હોય તે સમયે આપ્યું જ હોય. પાંચના ટકોરા થતાં કામ નહિ કરવું તે નક્કી કર્યા પછી પાંચ વાગતાં કામ મૂકી જ દીધું હોય. સભાનો સમય થતાં ફલાણા ભાઇ આવ્યા કે ન આવ્યા તેની રાહ જોયા વિના જે હોય તેનાથી સભા શરૂ કરી જ હોય.

સંખ્યાબળથી તે કદી મલકાતા નહિ અને ઓછી સંખ્યાથી હિંમત હારતા નહિ. કેટલાંક કામની શરૂઆતમાં અમે ત્રણ ચાર જણ જ હોઇએ તો પણ મોતીભાઇનો ઉત્સાહ–ઉલ્લાસ–આનંદ તો એવાં ને એવાં જ હોય. આવે વખતે અમને બહુ નવાઇ લાગતી.

મોતીભાઇનો દેહ આજે આ દુનિયામાં નથી, છતાં એના ગાઢ પરિચયમાં આવેલ એના કેટલાક મિત્રોમાં, એના બાળક સમાન એમણે સ્થાપેલ ‘ધર્મપુસ્તકાલય’માં અને એની હાટડી સામેના એમના નામ પાછળ વઢવાણે એમના સ્મરણચિહ્ન તરીકે રાખેલ મોતીચોકમાં એ હજુય જીવતા છે, એમ હું માનું છું.

‘પ્રસ્થાન’, શ્રાવણ–ભાદ્રપદ ૧૯૮૬ **વજુભાઇ દવે**

૪૦

" વસ્તુપાળ-તેજપાળ "

(૧)

મોટા મોટા ચક્રવર્તી રાજાઓના જેટલીજ પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિને પામેલા આ બે પ્રસિદ્ધ મંત્રીશ્વરો શ્રીપત્તનના રહેવાસી તથા પ્રાગ્વાટ (પોરવાડ) જ્ઞાતિના જૈનધર્મી વણિકો હતા મંત્રીપણું તેમના કુળમાં વંશપરંપરાથી ચાલતું આવ્યું હતું. પરંતુ તે વખતે પાટણમાં ચાલુક્ય રાજાઓની સત્તા નબળી પડી ગઇ હતી અને ધોળકાના રાજા લવણપ્રસાદ તથા તેના પરાક્રમી પુત્ર વીરધવળે ગુજરાતમાં પોતાની સત્તા જમાવી હતી. આમ રાજસત્તાનું કેન્દ્ર ધોળકા હોઇ વસ્તુપાળ તથા તેજપાળ રાજસેવાની ઇચ્છાથી ત્યાં ગયા. વીરધવળ તે વખતે મંત્રીની શોધમાં જ હતો. એટલે આ બે ભાઇઓના આવ્યાની વાત જાણી રાજપુરોહિત શ્રી સોમેશ્વરદેવે રાણા સાથે તેમનો મેળાપ કરાવ્યો તેમની આકૃતિ તથા ગુણથી પ્રસન્ન થઇ રાણાએ રાજ્યનું મંત્રીપદ સ્વીકારવા તેમને વિનંતિ કરી. રાણાને વસ્તુપાળે જે ઉત્તર આપ્યો તે ઉપરથી તેનું ઉત્તમ ચારિત્ર તથા રાજ્યનીતિ-શાસ્ત્રમાં તેની પ્રવીણતા પ્રત્યક્ષ થાય છે.

વસ્તુપાળે કહ્યું: ' હે રાજા હવે કળિકાળ આવ્યો છે તેમાં સેવકોને વિષે ભક્તિ રહી નથી અને ભૂપતિને વિષે કૃતજ્ઞતા રહી નથી. ભૂપતિની દૃષ્ટિ તમથી નાશ પામી છે. તેથી લોભાંધને તે આગળ ચઢાવે છે, અને તેઓ પછી તેમને એવે માર્ગે લઇ જાય છે જ્યાં સર્વનો વિનાશ નીપજે છે. સર્વથા લોભરહિત તો કોઇ નથી, લોભથી જ સર્વ રાતદિવસ પ્રભુસેવા કરે છે, તથાપિ બુદ્ધિમાને એવું કામ કરવું જોઇએ કે જેથી સંસારમાં નિંદા ન થાય

અને સ્વર્ગમાં બાધ ન આવે. માટે, ન્યાયનો આધાર રાખી, ખલજનોનો અનાદર કરી, અરિનો પરાજય કરી શ્રીપતિચરિત્રને હૃદયમાં ધરી, ધરિત્રીનો ઉદ્ધાર કરવા આપ ઇચ્છતા હોય તો આપની આજ્ઞા માથે ચઢાવીએ, નહિ તો આપનું કલ્યાણ થાઓ. વળી અમે સેવાને અર્થે અત્રે આવેલા છીએ, અમારા ઘરમાં ત્રણ લક્ષ દ્રવ્ય છે. હવે અમે સેવામાં રહિયે તે પછી કદાપિ અમારી વિરુદ્ધ આપને કોઇ પિશુન વચન (ચાડી) ઉપર વિશ્વાસ આવે તો અમારા દ્રવ્યસહિત અમને રજા આપવી. અમારૂં સર્વસ્વ હરી લેવું નહિ.' રાજાએ આ બાબત તેમને ખાતરી આપી અને પ્રધાનમુદ્રા તેજપાળના હાથમાં આપી તથા સ્તંભતીર્થ (ખંભાત) અને ધવલક્ક (ધોળકા) નું આધિપત્ય વસ્તુપાળને સોંપ્યું

(૨)

તેજપાળ ઘણો શૂરવીર અને યુદ્ધકળામાં પ્રવીણ હતો, તથા વસ્તુપાળ ઘણો વિદ્વાન અને બુદ્ધિમાન હતો. રૈયત ઉપર વિશેષ વેરો નાખ્યા વગર તથા કોપને વધારે ક્ષીણ કર્યા વગર દેશની રક્ષા કરે અને યુદ્ધ કર્યા વગર દેશ વધારે તે બુદ્ધિમાન પ્રધાન જાણવા, એ આ બે ભાઇઓનું સૂત્ર હતું. પ્રધાનપદે આવ્યા પછી તેઓએ આસપાસના રાજાઓ સાથે વિગ્રહ તથા સંધિ કરી રાજ્યને પરચક્રના ભયથી મુક્ત કર્યું. ગોધરાનો ઘુઘુલ નામે માંડલિક રાજા રાણા વિરધવળની આજ્ઞા માનતો નહિ અને તેના રાજ્યમાં આવતી વણજારોને લૂંટતો. તેની તરફ મંત્રી શ્રી વસ્તુપાળ તેજપાળે ભાટ મોકલ્યો કે અમારા સ્વામીની આણને માન, નહિ તો બીજા રાજાઓ જેવી તારી દશા થશે. એ સાંભળીને ક્રોધ કરી ઘુઘુલે વીરધવળને કાજળની દાબડી અને સાડી મોકલ્યાં. એ લઇને આવેલા ભાટનો તો સત્કાર કરી વીરધવળે રજા આપી. પછી રાજસભામાં કહ્યું કે ઘુઘુલ સામે ચઢવા કોણ બીડું ઝડપે છે? તેજપાળે બીડું ઉઠાવ્યું અને સૈન્ય

લઇ ગોધરા તરફ ચાલ્યો. યુદ્ધની શરૂઆતમાં ધુધુલે મંત્રીની સેના વિખેરી નાંખી. પોતાની સેનાને ચોમેર નાસતી જોઇ તેજપાળે પોતાની બાજુમાં ઉભેલા સાત કુલીન રાજપૂતોને કહ્યું, 'અરિ બળવાન છે, આપણું સૈન્ય ભાગી ગયું, અને આપણે પણ ભાગીશું તો આપણી શી ગતિ થશે? એમાં શો યશ? જીવવામાં પણ પછી શો સાર? માટે ચાલો હવે તો યથોચિત કરવું ઘટે. આ વાત પેલા સાતેને ગળે ઉતરી અને આઠ ઘોડા અરિસૈન્યમાં ધસ્યા. પોતાના અગ્રણીને આમ લડતા જોઇ નાસતું સૈન્ય ફરી એકત્ર થયું. તેજપાળ તો જબરો ધસારો કરી ધુધુલ પાસે જ પહોંચી ગયો, અને કહ્યું, 'હે માંડલિક, અમારા સ્વામીને જે બાહુથી કાજળની દાબડી મોકલી તે બાહુનું બળ તો બતાવો.'

મંત્રી અને માંડલિકનું દ્વંદ્વયુદ્ધ અતિ દારૂણ થયું. તેમાં મંત્રીએ ધુધુલને ઘોડેથી પાડી નાખી જીવતો પકડયો. પછી ધુધુલને લઇ મંત્રી ધોળકે આવ્યો. ત્યાં પેલી કાજળની દાબડી ધુધુલને ગળે બંધાવી અને પેલી સાડી પણ તેને પહેરાવી. એ અપમાન અને શરમ નહિ સહન થઇ શકયાથી ધુધુલ ત્યાંને ત્યાં જ દાંતે જીભ કરડીને મરી ગયો.

એકવાર દિલ્હી નગરથી આવીને ચાર લોકોએ વીરધવળને સમાચાર આપ્યા કે દિલ્હીના સુલતાન મુઇઝુદ્દીનનું લશ્કર ગુજરાત તરફ કૂચ કરે છે. વીરધવળ બહાદુર હતો, પણ મુસલમાનોની ચોમેર થએલી ફતેહો ઉપરથી એ લોકો દુર્જય છે એવું એને લાગી ગયું હતું. વસ્તુપાળે રાણાને ચિંતા ન કરવાને કહ્યું અને બાદશાહના લશ્કરની સામે જવા એક લાખ ફોજ સાથે તૈયાર થયો. પોતાના સેવકો દ્વારા તેને ખબર મળ્યા કે શાહી લશ્કર આબુ પહાડને રસ્તે આવે છે. એટલે આબુના રાજાને મળી તેની સહાયથી શાહી ફોજ ગુજરાતની ઝાડીમાં પેઠી કે તેને ઘેરી લઇ, ઓચિંતો છાપો મારી વસ્તુપાળે તેનો નાશ કર્યો.

આમ જોરાવર દુશ્મનનો ખોફ વસ્તુપાળે વહોરી લીધો હતો, છતાં તક મળ્યે આ દુશ્મનાવટને તેણે પોતાના નીતિનૈપુણ્યથી મૈત્રીમાં ફેરવી નાંખી. ઉપરનો વૃત્તાન્ત બન્યા પછી કેટલેક સમયે એવું બન્યું કે સુલતાનની વૃદ્ધ માતા હજ કરવાને જવા સારૂ સ્તંભતીર્થમાં આવી. ચાંચિયા લોકોએ તેનું વહાણુ લૂંટી લીધું. વહાણુના માલિકે મંત્રીને ફરિયાદ કરી. એટલે તેણે ચાંચિયાઓની તપાસ કરી લૂંટનો માલ પાછો મેળવ્યો અને સુલતાનની માતાને થયેલા નુકશાનનું પૂરે-પુરૂં વળતર આપી તેના પ્રત્યે બહુ માયા દર્શાવી તથા તેની બહુ ચાકરી બરદાસ કરી, અને મક્કા જવાનો સારો બન્દોબસ્ત કરી આપ્યો. વળી એ સુલતાનની માતા જ્યારે પાછી ફરી ત્યારે નગરમાં તેનો પ્રવેશોત્સવ કરાવ્યો અને તેને ખૂબ માન આપ્યું. આ બધો વૃત્તાન્ત પોતાની માતાને મુખે સાંભળી સુલતાને વસ્તુપાળને દિલ્હી મળવા બોલાવ્યો. સુલતાને કહ્યું કે અમારાં માતુશ્રી તમારી બહુ જ સ્તુતિ કરે છે માટે કાંઇક યાચો.

વસ્તુપાળે એક તો સુલતાન રાણા સાથે મૈત્રીનો સંબંધ કાયમ રાખે એ માગી લીધું અને બીજું શત્રુંજય ઉપર આદિનાથની પ્રતિમા માટે તેને ખાસ પત્થરની જરૂર હતી, એટલે સુલતાનના તાબાની એક ખાણુના પાંચ પત્થર માગ્યા.

સુલતાન સાથે બનેલી હકીકતનો વૃત્તાન્ત જ્યારે વસ્તુપાળે રાણા વીરધવળને કહ્યો ત્યારે તેણે બહુ જ પ્રસન્ન થઇને મંત્રીને દશ લાખ દામ બક્ષિસ આપ્યા. વસ્તુપાળે તે ઘેર જતાં જતાં રસ્તામાં જ દાન કરી દીધા. કવિઓએ તેની સ્તુતિ કરી કે એકજ દ્વિજરાજને* દેખી

* દ્વિજરાજનો એક અર્થ થાય ચંદ્ર અને બીજો અર્થ બ્રાહ્મણ: એક ચંદ્રને દેખતાં કમળ સંકોચ પામે, પરન્તુ લાખો બ્રાહ્મણોને જોઈ વસ્તુપાળનું હાથરૂપી કમળ વિકાસ પામે છે. એટલે દાન દેવા ઉઘડે છે.

પદ્મ સંકોચ પામે છે, પરંતુ લક્ષ દ્વિજરાજ દીઠા છતાં તમારૂં પાણિ-પદ્મ સદા વિકસી રહે છે એ આશ્ચર્ય છે.'

(૩)

વસ્તુપાળ એક વાર સ્તંભતીર્થ ગયો. ત્યાં એક મહાસમૃદ્ધ વહાણવટી રહેતો હતો. તેણે વસ્તુપાળનું અપમાન કર્યું. વસ્તુપાળે તેને સજા કરવાનો વિચાર કર્યો એટલે સીદીકે તેનો વિરોધ કરવા વડવા-ભાવનગર બંદરના રજપૂત રાજા શંખને પોતાની મદદે બોલાવ્યો. આ શંખ કાળપુરુષ જેવો મહાબળવાન અને મહા સૈન્યવાળો હતો. વસ્તુપાળે યુદ્ધમાં શંખનો પરાજય કર્યો અને સીદીકના રક્ષકોને હણી તેનાં ઘરબાર લૂંટી લીધાં. તેનું ઘર ખોદાવી નાખ્યું તો તેમાંથી સોનાની ઈંટો અને મણિમુક્તાફળ પાર વિનાનાં મળી આવ્યાં. એમ કહેવાય છે કે કુલ ત્રણ અબજનો માલ વસ્તુપાળને સીદીકના ઘરમાંથી મળ્યો હતો. ત્યાર પછી વસ્તુપાળે સમુદ્ર તટે આવેલા ઘણા નૃપોનો પરાજય કરી છેક મહારાષ્ટ્ર પર્યંત દેશ વશ કર્યો, અને ઘણું ધન પ્રાપ્ત કર્યું. જેમ ધન મળતું જાય તેમ વસ્તુપાળ કવિઓ, પંડિતો તથા ભાટચારણોને દાન આપવામાં વાપરતો જતો હતો. એ ઘણી વાર કહેતો કે જે પુરુષોએ રાજ્યના મોટા કારભાર રૂપ પાપ કર્યાં પછી દાનાદિ કરીને પુણ્ય પેદા નથી કર્યું, તેમને ધૂળધોયા પુરુષથી પણ અધિક અધમ હું માનું છું. એટલે કે ધૂળધોયો પણ ધૂળમાંથી કંઇક સારી વસ્તુ કાઢે છે; તેમ રાજ્ય કારભાર રૂપી ધૂળ ઉથામીને જેણે પોતાની સારી નામના ન કાઢી તે અધમ પુરુષ જાણવા. આ ભાઇઓ જેમ વધારે ધન ખર્ચે તેમ તેમની પાસે ધન વધતું જ જાય. જ્યારે તેમની પાસે ઘણું ધન ભેગું થયું ત્યારે એક વખત તે ધન કોઇ જગાએ દાટવાનો તેમણે વિચાર કર્યો. દાટવા માટે ખાડો ખોદતાં તેમને તો તેમાંથી ધનના બીજા ભંડાર લાધ્યા. એટલે વળી તેમની ચિંતા વધી. તે વખતે તેજપાળની

પત્ની અનુપમાદેવી જે ગુણુ અને રૂપમાં અનુપમાજ હતી, અને દાનેશ્વરીઓમાં શ્રેષ્ઠ હતી તેણે સલાહ આપી કે આ ધન ગિરિશિખર ઉપર ખર્ચો, જેથી સહુના દીઠામાં આવશે અને કોઈ લઈ જઈ શકશે નહિ. આ સલાહ મંત્રીશ્વરોની માતાને તથા વસ્તુપાળની સ્ત્રી લલિતાદેવીને પણુ પસંદ પડી. તે ઉપરથી વસ્તુપાળ તથા તેજપાળે શત્રુંજય, ગિરનાર તથા આબુ પર્વત ઉપર બહુજ સુંદર અને અદ્દ્ભુત કારીગરીવાળાં દેરાસરો બંધાવ્યાં. આબુ ઉપરના દેરાસરમાં મંત્રીશ્વરોની પત્નીઓએ પોતાના ખાનગી દ્રવ્યમાંથી બે ગોખલા બનાવરાવ્યા છે. દેરાણી જેઠાણીના ગોખલા તરીકે યાત્રાળુને તે બતાવવામાં આવે છે. તેમાંનું નકશીકામ અતિ ઉત્તમ પ્રકારનું છે. એમ કહેવાય છે કે એ નકશી કોતરનાર કારીગરોને પત્થર ઘડતાં જેટલી રજ પડે તેટલા ભાર સોનું મજુરી તરીકે આપવામાં આવતું. આ દેરાસરો બંધાવવામાં મંત્રીશ્વરોએ દ્રવ્ય ખરચવામાં પાછું વાળીને જોયું જ ન હતું. કારીગરો જે વસ્તુ અને સાધન માગે તે પૂરાં પાડવાની પોતાના મુનીમોને સદર પરવાનગી આપી દીધી હતી. મંદિરનું કામ ચાલતું હતું તે વખતે વસ્તુપાળની આજ્ઞાથી તેજપાળ પોતાની સ્ત્રી અનુપમાને લઇને આબુ પર્વત ઉપર તે જોવા ગયો. પર્વતપ્રદેશ અને સવારમાં ટાઢ બહુ તથા બપોરે રસોઇ પાણીમાં વખત જાય તેથી વિલંબ થાય છે એમ કારીગરો તરફથી કહેવામાં આવતાં અનુપમા દેવીએ કહ્યું: 'નાથ, રાતના કારીગર જુદા અને દિવસના કારીગર જુદા રાખો. એક કઢાઇયું ચાલતું કરી સહુને મિષ્ટ ભોજન કરાવી યથાયોગ્ય વિશ્રામ આપતા જાઓ. વળી ટાઢના નિવારણુ માટે દરેક કારીગર પાસે એક એક સગડી મુકવાનો પ્રબંધ કરો. એટલે કારીગરોને અગવડ પડશે નહિ અને હર્ષથી કાર્ય કરતાં પ્રાસાદ પૂર્ણુ થઇ જશે. આયુષ્ય તો નિત્ય ઘટતું જાય છે અને લક્ષ્મી અસ્થિર જ છે, માટે મૃત્યુએ કેશ પકડયા હોય તેમ ધર્મ આચરવો. આવાં વચનો કહી સુલક્ષણા પત્ની શાંત રહી. મંત્રીએ આ સલાહ પૂરેપૂરી મંજુર રાખી

અને પ્રાસાદ સત્વર પૂરો થઇ ગયો. આખા જગતમાં જેનો જોટો અત્યારે પણ નથી મળતો. એવાં કામ તો આમ જ થઈ શકે.

શત્રુંજય, ગિરનાર તથા આબુની યાત્રાના સંઘો આ મંત્રીઓએ અનેકવાર કાઢયા હતા. તેના ઠાઠનું તથા તેમાં તેમણે કરેલાં પુણ્ય-દાનનું વર્ણન કરતાં પાર આવે એમ નથી. સંઘ નીકળે ત્યારે કેટલાયે હાથી, કેટલાયે ઘોડા, અને સરસમાનથી ભરેલાં કેટલાંયે ગાડાં નીકળતાં. માણુસોનો તો તેમાં પાર ન રહેતો. છતાં એ બધાંની સગવડ પૂરેપુરી સાચવવાનો પ્રતિબંધ થતો. અપંગ અને રોગી યાત્રાળુઓ પણ પહાડ ઉપર ચઢી દર્શન તથા પૂજા કરી શકે માટે આ બે ભાઇઓએ પર્વત આગળ સુખાસનોની સગવડ કરાવી અને સુખાસન ઉંચકનારાઓને ગ્રાસમાં ખેતરો કાઢી આપ્યા. ગરીબ યાત્રાળુઓને ખાવાપીવાનો બન્દોબસ્ત કરવા માટે તથા ઘેર પહોંચે ત્યાં સુધીનું ભાથું બંધાવવા માટે જુદાં ગામ કાઢી આપી તેની વ્યવસ્થા કરી. વિદેશથી આવતા સૂરીઓની સેવા માટે ખાસ માણુસો નિયત કર્યાં. લાયક યાચક વસ્તુપાળ કે તેજપાળ પાસેથી નિર્મુખ ફરતો જ નહિ. અને અનુપમા દેવી તો મુનીઓ તથા સાધુસંતોનીસેવા કરવામાં અને યાચકોને અન્નદાન આપવામાં જ પરોવાયલી રહેતી. આ બે મંત્રીશ્વરોના દાનનો લાભ એકલા જૈનધર્મીઓને મળતો અથવા તેનો વિસ્તાર એકલા ગુજરાતમાં જ હતો એમ ન હતું. ઉત્તરમાં કેદારથી તે દક્ષિણમાં શ્રીપર્વત (કરાંચીની પાસે) અને પૂર્વમાં કાશીથી તે પશ્ચિમમાં પ્રભાસ સુધી કોઇપણ દેવાલય ન હતું. કે કંઇપણ ધર્મ કે વિદ્યાની સંસ્થા ન હતી, જેને વસ્તુપાળ તેજપાળની મદદ ન મળતી હોય. સોમેશ્વરમહાદેવના મંદિરને દરવર્ષે દસલાખ અને કાશીવિશ્વેશ્વરના મંદિરને દરવર્ષે એક લાખની ભેટ ધરાતી તેજ પ્રમાણે દ્વારકાના મંદિરને, પ્રયાગરાજને, ગંગાતીર્થને તથા આબુ ઉપરના અચળેશ્વર મહાદેવને એક એક લાખ દ્રવ્ય પ્રતિ વર્ષ પહોં-

આડવામાં આવતું. હિંદુસ્તાનમાં કાંઈકે જાણવા લાયક કે કાંઈકે પવિત્ર ગણાતું એવું એકપણ સ્થળ ન હતું જ્યાં વસ્તુપાળ તેજપાળને યાદ કરાવે એવું કાંઈ ને કાંઈ ન હોય. તેમણે આખા દેશમાં થઈને ૩૦૦૨ તો શૈવ દેવાલયો બંધાવ્યાં હતાં. ધર્મશાળાઓ ૧૦૦૨, બ્રાહ્મણ-શાળાઓ ૭૦૦, લેખક શાળાઓ ૭૦૦, પાંજરપોળ ૫૦૦, મોટાં તળાવ ૮૪, નાની તળાવડીઓ ૪૮૪, વાવો પણ ૪૮૪, આટલું તેમણે બંધાવ્યું હતું. ભરૂચમાં ભૃગુ મહાદેવનું દેવાલય પાંચ લાખ રૂપીઆ ખર્ચી સમરાવ્યું હતું. બધાં મળીને ૭૦૦ સદાવ્રતો તેમના તરફથી ચાલતાં. દેશના રક્ષણ અર્થે ૩૨ કિલ્લાઓ તેમણે બંધાવ્યા હતા. કાંઈક આશ્ચર્યજનક પણ વિશેષે કરીને ધ્યાનમાં રાખવા લાયક તો એ છે કે તેમણે ૬૪ મશીતિ (મસ્જીદો) બંધાવી હતી. જૈન દેવાલયો તેમણે બંધાવેલાં તથા સમરાવેલાં તેની ગણતરી કરતાં તો પારજ આવે એમ નથી. શત્રુંજય, ગિરનાર તથા દેલવાડાનાં દહેરાં જેમણે જોયાં છે તેમને આ બે ભાઈઓની કલાભિજ્ઞતાનો પરિચય થયા વગર રહેનો જ નથી. સાહિત્યના ઉત્તેજન અર્થે પણ તેમના જેટલું કરનાર વિરલ મળે. કવિઓ તથા પંડિતોને વખતોવખત તેઓ દાન કરતા રહેતા. તે ઉપરાંત જૈન તથા બ્રાહ્મણગ્રંથો લખાવવામાં તેમણે ૧૮ કરોડ દ્રવ્ય ખરચ્યું હતું. તેમના દાનનો કુલ આંકડો ત્રણ અબજ ઉપર થાય છે.

(૪)

આ મંત્રીશ્વરોના કુશળ રાજકારભારમાં પ્રજા સંપૂર્ણ સુખી હતી. રાજ્યમાં બંદોબસ્ત બહુ સુંદર હતો. બહારના હુમલાનો તો ભયજ ન હતો, અને અંદર પણ ચોરી લૂંટફાટ એવું કશું ચાલતું નહિ. ચારે વર્ણ પોતપોતાના ધર્મ યથાયોગ્ય પાળતી. દેશમાં દુર્ભિક્ષનું તો નામજ રહ્યું ન હતું. રાણા વીરધવળની ઉદારતા પણ જેવી તેવી ન હતી. એક વખત ગ્રીષ્મઋતુમાં રાણો ચંદ્રશાળા (અગાસી)ને

વિષે પલંગ ઉપર સૂતો હતો. ચાકર પગ દાબતો હતો. રાણાને ઉંઘી ગએલો જાણી ચાકરે પગની આંગળી ઉપરની રત્નમુદ્રા કાઢી લઇ મ્હોંમાં મૂકી. રાણો કંઇ બોલ્યો નહિ અને બીજે દિવસે સવારે ભંડારી પાસેથી બીજી જ તેવી વીંટી મંગાવી પહેરી લીધી. રાતે રાણો તેજ સ્થાને તેજ રીતે સૂતો. ચાકર પગ ચાંપતાં પોતે લીધી હતી તેવી જ બીજી વીંટી જોઇ વિચારમાં પડી ગયો. રાણાએ કહ્યું, 'જો ભાઇ, આ વીંટી લઇશ નહિ, કાલે લીધી તે લીધી.' આ સાંભળતાં ચાકર તો ભયથી દીન બની ગયો. પણ રાણાએ કહ્યું, 'ભાઇ, ફીકર મા કર. એ તો અમારોજ દોષ કે તારી વૃત્તિ એવી હલકી બાંધી આપી જેથી તને ચોરી કરવાની ઇચ્છા થઇ. જા, આજથી બેસવાનો ઘોડો અને વૃત્તિમાં અર્ધ લક્ષ દામ વધુ આપવામાં આવશે.'

વીરધવળના મૃત્યુ પછી તેના પુત્ર વીસલદેવનો મંત્રીશ્વરોએ રાજ્યાભિષેક કર્યો, અને પહેલાની માફક જ તેઓ રાજ્યકાર્ય કરતા રહ્યા. જ્યારે વસ્તુપાળને લાગ્યું કે મારા આયુષ્યની અવધ હવે પૂરી થવા આવી છે, ત્યારે શત્રુંજયની યાત્રા કરવાનો તેમણે વિચાર કર્યો. રાણા વીસલદેવ તથા રાજપુરોહિત સોમેશ્વર અશ્રુપૂર્ણ નયને તેનાથી છૂટા પડયા. ભાઇ તેજપાળ તથા પુત્ર જયન્તસિંહ તથા બીજો પરિવાર તો સાથે જ હતો. મંત્રી શત્રુંજય પહોંચતા પહેલાંજ મરણ પામ્યો. તેજપાળ તથા જયંતસિંહે શત્રુંજય ઉપર જ તેનો અગ્નિસંસ્કાર કર્યો. સંસ્કારભૂમિ પાસે સ્વર્ગારોહણ નામનો પ્રાસાદ બંધાવ્યો અને ઋષભદેવની પ્રતિમાની ત્યાં પ્રતિષ્ઠા કરી. મંત્રીની પત્નીઓ લલિતાદેવી તથા સૌખ્યિએ અનશન ગ્રહણ કરી પ્રાણ સંન્યાસ કર્યો. તેનો ભાઇ તેજપાળ પહેલાંની માફકજ દાન આપતો આપતો પાંચેક વર્ષ પછી ગુજરી ગયો અને તેની સ્ત્રી અનુપમા દેવીએ તેની પાછળ તપ કરી દેહ છોડયો.

આ પ્રમાણે સૂરિ શ્રી૦ રાજશેખરપ્રણીત 'ચતુર્વિંશતિ પ્રબંધ' તથા આચાર્યશ્રી મેરુતુંગરચિત 'પ્રબંધચિંતામણિ' તથા શ્રી સોમેશ્વરદેવરચિત 'કીર્તિકૌમુદી' એ કાવ્યગ્રંથોમાંથી દોહન કરી ગુજરાતના આ બે પ્રસિદ્ધ મંત્રીશ્વરોના ચરિત્રનું વર્ણન કર્યું છે.

'મધપૂડો' નરહરિ પરિખ

૪૧

મહાકવિ પ્રેમાનંદ

"ગુજરાતી ભાષાનો સર્વોત્તમ કવિ પ્રેમાનંદ છે. જે સૈકામાં એ થઇ ગયો તે ગુજરાતના વિદ્યા-પ્રકરણમાં સર્વોત્તમ સમય હતો. આપણા ત્રણ મોટા કવિઓ એજ સૈકામાં થઇ ગયા છે. આણી તરફ શામળભટ્ટ વાર્તારૂપે પોતાના સમયનાં સંસારચિત્ર આપવાનો સંપ્રદાય પહેલવહેલો જ પ્રાકૃત ભાષામાં દાખલ કરતો હતો, તો પેલી તરફ અખો ભગત, લોકોના મનને સોના સરખા વહાલા જે પરાપૂર્વના વહેમ, તેને હથોડો લઇને તોડવા મંડી ગયો હતો...

પ્રેમાનંદની કવિત્વશક્તિ અસાધારણ છે. એ જે વિષય ઉપર લખે છે તેનું આબેહૂબ ચિત્ર વાંચનારની નજર આગળ ઉભું કરવામાં એ કદી ચુકતો નથી. રસની બાબતમાં કોઇ પણ ગુજરાતી કવિ એના પેંગડામાં પગ ઘાલે એવો નથી. તાકયું તીર મારનારો તો પ્રેમાનંદ જ. એ ધારે છે ત્યારે રડાવે છે, ધારે છે ત્યારે હસાવે છે, અને ધારે છે ત્યારે શાન્ત રસના ઘરમાં આપણને લઇ જઇ બેસાડે છે. એની વધારે મોટી ખુબી એ છે કે એને એક રસમાંથી બીજા રસમાં છટકી જતાં વાર લાગતી નથી, અને તે એવી સ્વાભાવિક રીતે કરે છે કે લેશમાત્ર પણ રસભંગ થતો નથી. આવી રીતે એ

કાવ્યસિદ્ધિ કરે છે તેનું મુખ્ય કારણ એ છે કે એને જનસ્વભાવનું બહુ જ ઉંડું જ્ઞાન છે. ગ્રંથસંકલના પણ એની સર્વોપરિ છે. ક્યાં, કેટલો અને કેવો રસ મૂકવો એ પ્રેમાનંદ બરાબર સમજે છે. એની ભાષા શુદ્ધ અને પ્રૌઢ, શૈલી સીધી અને સંક્ષિપ્ત અને પદબંધ સરળ તથા કોમળ છે.

આ બધા ગુણોને લીધે એ કવિ ઘણો જનપ્રિય છે. એનાં ઘણાં ખરાં કાવ્ય તો એક રીતે ગુજરાતમાં પૂજાય છે એમ કહીએ તોપણ ચાલે. હજારોને સુદામાચરિત્ર શનિવારે, અને હુંડી રવિવારે ગાઇ જવાનો નીમ જ છે. ગામોગામ ચૈત્ર માસમાં એનું ઓખાહરણ તો ઉછળી જ રહે છે, જુવાન કે વૃદ્ધનાં અંતઃકરણ વિહ્વળ કરી નાંખે છે અને વ્યાસની એ કાવ્યથી રોજી ચાલે છે. શ્રાદ્ધના દહાડામાં જ્યાં ત્યાં નરસિંહ મહેતાના બાપનું શ્રાદ્ધ વંચાય છે, અને લોકો અરધી રાત આનંદમાં અને નાગરો ઉપર ફિટકાર પાડવામાં કહાડે છે. સુરતમાં કે જ્યાંના લોકોએ એ કવિનો રસ વિશેષ ઝીલ્યો હોય એમ માલમ પડે છે ત્યાં-દરેક સ્ત્રીના સીમંત પ્રસંગે સાસરે ને પિએર મોસાળું ગવડાવવું એ તો એક આચારનો જ ભાગ થઇ પડ્યો છે. ચોમાસાના દહાડામાં ત્યાં એક પણ ગામડું એવું નહિ માલમ પડે કે જેમાં પ્રેમાનંદકૃત દશમસ્કંધ વંચાતો નહિ હોય. ત્યાં ભાગવત વાંચ્યે ભણવું સાર્થક થયું ગણાય છે. ધન્ય છે પ્રેમાનંદને કે જેના કાવ્યસમુદ્રમાં પર્વેપર્વ સ્નાન કરવાને આટલા બધા જીવ ધાઇને આવે છે અને શુદ્ધ, કોમળ, તથા ભક્તિમાન થઇને સંસારમાં પાછા વળે છે."

આપણા પ્રસિદ્ધ સાહિત્ય વિવેચક સ્વ. નવલરામભાઇએ ગુજરાતના મહાકવિ પ્રેમાનંદનાં ઉપરના શબ્દોમાં ગુણગાન કર્યાં છે. તેનો જન્મ વડોદરામાં સં. ૧૬૯૫ ના અરસામાં થયો હતો,

અને આપણી ભાષાના સદ્ભાગ્યે શ્રુતિપ્રોક્ત સો વર્ષ જેટલું આયુષ્ય તેમણે ભોગવ્યું હતું.

એનામાં આવી અદ્ભુત કવિત્વશક્તિ ક્યાંથી સ્ફુરી એ વિષે વિવિધ દંતકથાઓ ચાલે છે. કહે છે કે એ ૧૪–૧૫ વર્ષની વયનો થયો ત્યાં સુધી અભણ અને જડભરત જેવો જ હતો. તેવામાં ગામમાં કોઇ સિદ્ધપુરુષ પધાર્યા. તેમની સેવા ચાકરી કરી પ્રેમાનંદે તેમને ખુશ કરી નાખ્યા. પોતાનો મુકામ ઉપડવાને પ્રસંગે પેલા મહાપુરુષે પ્રેમાનંદને કહ્યું, 'કાલે સવારે વહેલો આવજે.' આ ઓલીઆ ભાઇને પહોંચતાં મોડું થયું અને સિદ્ધપુરુષ તો ઉપડી ગયા. પ્રેમાનંદ તો હાંફળો ફાંફળો એ સિદ્ધપુરુષના ગયાની વાટ પૂછતો તેમની વાંસે પડયો, અને થોડેક દૂર તેમને પકડી પાડયા. સિદ્ધપુરુષે તેની જીભ ઉપર કાંઇક લખ્યું અને કહ્યું કે 'વખતસર આવ્યો હોત તો સંસ્કૃતમાં તું મહાકવિ થાત, પણ મોડો આવ્યો માટે પ્રાકૃત ભાષામાં તું સારી કવિતા રચી શકશે.'

પ્રેમાનંદના પુત્રરચિત 'યુધિષ્ઠિર–વૃકોદર સંવાદાખ્યાન' ના મંગળાચરણ ઉપરથી જણાય છે કે યાત્રામાં ફરતાં ફરતાં પ્રેમાનંદને કોઇ ગુરુ રામચરણ મળી ગયા અને તેમણે, દેશી ભાષાઓમાં અતિ પ્રાચીન તથા

'કોમલતા કમલથી અધિક દેખાય જેમાં
મધુ સુધા મિષ્ટપણે હારી હારી જાય છે.'

એવી સર્વગુણસંપન્ન અને અમલ ગુર્જરગિરાની સેવા કરવાનો બોધ આપ્યો અને એ ભાષાભક્તિપ્રદ ગુરુમંત્રથી પ્રેમાનંદ આપણા પ્રેમનું પાત્ર અને આનંદનું ધામ બન્યો.' પહેલાં જે દંતકથા આપી ગયા તેમાં રહેલું ચમત્કારનું તત્વ કાઢી નાખીએ તો દંતકથાની અને આ પ્રસંગની હકીકત મળતી આવે છે.

પ્રેમાનંદે ગુજરાતીમાં કાવ્યો રચવાની કેમ શરૂઆત કરી તે વિષે એક વાત એવી પણ ચાલે છે કે પ્રેમાનંદનો બાપીકો ધંધો પુરાણીનો હતો. પ્રેમાનંદે પણ પુરાણની કથા કરવાની શરૂઆત કરી. પણ મંદિરમાં કથા કરવા બેસવાની જગ્યા સારૂ બીજા કેટલાક પુરાણીઓ સાથે તેને ઝગડો થયો. પુરાણીઓનો ગર્વ ઉતારવાના ઉદ્દેશથી તથા શ્રોતાઓને પોતાપ્રત્યે આકર્ષવાના ખ્યાલથી તેણે પૌરાણિક કથાઓ ગુજરાતી કવિતામાં ઉતારી, ગુજરાતીમાં જ કથા કરવા માંડી. પોતાની નૈસર્ગિક કવિત્વશકિતના પ્રભાવે તેણે એવાં સુંદર આખ્યાનો રચ્યાં કે લોકોનાં ટોળાં તેની જ કથા સાંભળવાને ઉલટયાં. પોતાના 'માર્કંડેય પુરાણ'માં પ્રેમાનંદે આ પુરાણીઓની સારી પેઠે ઝાટકણી કાઢી છે. છતાં પ્રેમાનંદે ગુજરાતી ભાષાની સેવા આટલાં બધાં ઉત્સાહ ખંત અને વ્યવસ્થાપૂર્વક આદરી, તેનાં પ્રેરણાકારણ તો તે સમયના ઇતિહાસમાંથી જ શોધવાં પડશે.

વિક્રમ સંવતના સત્તરમા અઢારમા શતકમાં હિન્દુસ્તાની સિવાયની દેશી ભાષાઓ બહુ પાછળ હતી. અત્યારે આટલા વિકાસને પામેલી બંગાળીના અંકુર જ ફુટવા માંડયા હતા. પેશ્વાઇને પ્રતાપે મરાઠી મહારાષ્ટ્રમાં પૂજા પામતી થઇ હતી, જો કે હિન્દુસ્તાનીની બરાબરી તો તે કરી શકી નહોતી જ. પરંતુ રાજદરબારના આશ્રયથી તથા તુલસીદાસ, સુરદાસ જેવા અનેક ભક્તકવિઓના પ્રસાદથી હિંદુસ્તાની આખા આર્યાવર્તમાં પ્રસરી હતી. બીજી ભાષાઓ પોતપોતાના પ્રાંતના નામથી ઓળખાતી ત્યારે હિંદુસ્તાની 'ભાષા' એવા ગૌરવભર્યા નામથી વિખ્યાત હતી. કવિતા તો ગિર્વાણ ગિરા અથવા ભાષામાં જ થાય તેમ મનાતું. ગુજરાતી ભાષા તે વખતે કેવી તુચ્છ લેખાતી તેનો ખ્યાલ નીચેના આક્ષેપ ઉપરથી આવશે,

'અબે તબે'કા સોલહિ આને, 'અઠે કઠે'કા બાર;
આઠહિ આને 'ઇકડં તિકડં,' 'શુંશાં' પૈસા ચાર.

ભાષાભક્ત કવિ પ્રેમાનંદથી આ સ્થિતિ સહી ન ગઈ અને હિંદુસ્તાની સાહિત્યને ઝાંખું પાડે એવાં કાવ્યો રચવામાં તે ઉદ્યુક્ત થયો. એમ કહેવાય છે કે ગુજરાતી ભાષા અન્ય ભાષાઓના જેવી સાહિત્યમાં સમૃદ્ધ ન થાય ત્યાં સુધી માથે પાઘડી પહેરવી નહિ એવો તેણે સંકલ્પ કર્યો હતો અને અંતે જો કે એણે અને એના શિષ્યમંડળે ભારે પરિશ્રમ ઉઠાવીને ગુજરાતી સાહિત્યનદ રેલમછેલ કરી મૂકયો, છતાં એ વિનયનમ્ર કવિએ મરતાં લગી પાઘડી નહિ જ પહેરેલી.

ગુજરાતી ભાષા અને સાહિત્યનો ઉત્કર્ષ કરવાની પોતાની પ્રતિજ્ઞાના પાલન અર્થે પ્રેમાનંદે અનેક સાહિત્યસેવકોને એકઠા કર્યા હતા. બાવન અનુયાયીઓના તેના મંડળમાં બાર તો સ્ત્રીઓ હતી. દરેકને જુદીજુદી ઢબના અને જુદાજુદા રસવાળા ગ્રંથો રચવાનું કામ તેણે સોંપ્યું હતું. આમાંથી જેમની કૃતિઓ પ્રકાશમાં આવી છે એવા એના શિષ્યો છ જ છે. અને તેમાંયે એના પ્રતાપી પુત્ર વલ્લભ ને પંડિત કવિ રત્નેશ્વરની કૃતિઓ ગુજરાતી સાહિત્યમાં કાયમનું સ્થાન પામેલી છે.

પ્રેમાનંદે મોટે ભાગે મહાભારત, રામાયણ, ભાગવત ને પુરાણોમાંથી વસ્તુ લઇ આખ્યાનો રચેલાં છે. પરંતુ વાર્તાનો વિસ્તાર, પાત્રોનું આલેખન, પ્રસંગોનાં વર્ણન તથા રસની જમાવટ એ બધું પ્રેમાનંદનું પોતાનું હોઇ એના ગ્રંથો સ્વતંત્ર કૃતિઓ જ ગણી શકાય. પ્રેમાનંદના સમકાલીન કવિ સામળ ભટ્ટે કહ્યું છે કે:

'કથ્યું કથે તે શાનો કવિ,
શીખી વાત તે શાની નવી ?'

કેટલાક માને છે કે પ્રેમાનંદ પૌરાણિક વસ્તુ લઇ પોતાનાં આખ્યાનો રચતો તેને લઇ સામળે આ ટકોર કરેલી, અને એ પ્રેમાનંદના જાણવામાં આવતાં તેણે પૌરાણિક વિષય બદલી, નરસિંહ મહે-

તાના જીવનમાંથી પ્રસંગો લઇ હુંડી, શામળશાનો વિવાહ, મામેરૂં, શ્રાદ્ધ વગેરે કાવ્યો રચ્યાં. પરંતુ આ કાવ્યોમાં પણ પ્રેમાનંદે પુરોગામી કવિઓના કાવ્યોમાંથી ઉતારા લીધેલા છે. જોકે પોતાની વર્ણનશક્તિ ને બુદ્ધિથી તેના સ્વરૂપમાં એવા સરસ ફેરફારો કર્યા છે કે એ કાવ્યોમાં રહેલી ઉત્તમતાનું માન પ્રેમાનંદને જ ઘટે છે. છતાં સામળ પ્રેમાનંદનો પ્રતિસ્પર્ધી હોઇ, તેનો આક્ષેપ આ બાબત પરત્વે પણ હોય એ સંભવે છે.

ભરત મુનિના નાટયશાસ્ત્રના બધા નિયમો જેમાં જળવાએલા હોય એવાં અગિયાર નાટકો પ્રેમાનંદે રચ્યાનું કેટલાક વિદ્વાનો કહે છે અને તેમાંનાં ત્રણ તો પ્રગટ પણ થયાં છે. એ નાટકોમાં વપરાએલા ભાષાપ્રયોગો તથા છંદો એ સમયમાં પ્રચલિત નહોતા તે અને એવી બીજી અનેક સંગીન દલીલો બહુ વિસ્તારપૂર્વક અને ઝીણવટથી કરી સાક્ષર શ્રી નરસિંહરાવે એવું સિદ્ધ કર્યું છે કે એ નાટકો પ્રેમાનંદનાં હોઇ જ ન શકે. એ નાટકોને પ્રેમાનંદનાં કહેવાવાળા વિદ્વાનો પોતાના મતને જો કે વળગી રહ્યા છે, પણ તેમાંના કોઇ શ્રી નરસિંહરાવની સચોટ દલીલોનું ખંડન નથી કરી શક્યા.

પ્રેમાનંદ નાનપણમાં નિર્ધન હતા, પણ પાછળથી તે સારી સ્થિતિએ પહોંચ્યા જણાય છે. આજીવિકા માટે નંદરબાર સેવવું પડેલું એ તો એનાં કાવ્યોમાંથી જ મળે છે. નંદરબારના રાજાનો કવિ ઉપર સારો ભાવ હતો અને એના તરફથી તેને ઠીક મદદ મળતી. તેના બીજા મિત્રો પણ તેને વખતોવખત મદદ આપતા રહેતા એવું તેના જીવનના કેટલાક પ્રસંગો ઉપરથી જણાય છે. પરન્તુ પોતાને આશ્રય આપનાર કોઇની ખુશામદ કવિએ કરી નથી. એ સંબંધમાં એક એવી વાત ચાલે છે કે કોઇ રૂઘનાથદાસ ભગવાનદાસ નામે કવિનો પૈસાદાર પારેખ હતો. એને ત્યાં એનું ખાતું-

પતરૂં રહેતું ને બન્ને સ્નેહી પણ હતા. એક વાર પારેખે કહ્યું, 'કવિ, મારે માટે કાંઇ કવિતા કરો તો ઠીક,' કવિએ જવાબ આપ્યો, 'કવિતાનું ખરૂં પાત્ર તો ઇશ્વર જ છે, માટે ઇશ્વર સિવાય કોઇની હું સ્તુતિ કરતો નથી.' શેઠ કહે, 'જો એમ હોય તો તમે નરસિંહ મહેતાની કવિતા કેમ કરી? કવિ બોલ્યા, નરસિંહ મહેતા સંબંધી જે જે કાવ્યો મેં લખ્યાં છે તે માત્ર ઇશ્વરનો મહિમા ગાવા માટે છે, તમે જો એ કાવ્યો વિચારીને વાંચી જોશો તો મારૂં કહેવું તમને ખરૂં લાગ્યા વિના રહેશે નહિ.' ધન્ય છે એ નિઃસ્પૃહતા અને સ્વાતંત્ર્યપ્રિયતાને!

ભાષાના ઉત્કર્ષને માટે પાઘડી નહિ પહેરવાની પ્રતિજ્ઞા પાળવા જીવનભર અથાગ શ્રમ કરનાર એ સાહિત્યપ્રેમીના જેવી જ નિર્મળ ભક્તિ સ્વભાષા પ્રત્યે રાખીને અને તેની બને તેટલી સેવા કરીને જ એ મહાકવિનું અને સ્વભાષાનું ઋણ આપણે ફેડી શકીએ. આપણાં વંદન હજો એ વીર ભાષાભક્તને.

'કુમાર', પોષ ૧૯૮૪ — નરહરિ પરિખ

'પૃથ્વી અને સ્વર્ગ'

જ્યાં સતલજના ઉતાવળાં વેગળાયાં પાણી હિમાલયની તળેટીનો ભાગ છોડીને પંજાબના મેદાનમાં પ્રવેશ કરે છે, ત્યાં ગગનચુંબી ડુંગરાઓની પરંપરા અને નાંખી નજર ન પહોંચે તેવાં લાંબાં મેદાનો એકબીજા સાથે હાથમાં હાથ મિલાવી આજે સૈકાઓ થયાં ગાઢી મૈત્રી સાધી રહ્યાં છે.

જ્યારે જગત બાલ્યાવસ્થામાં હતું ત્યારે એ મેદાનો પર નિર્ભય અને નિરંકુશ હરણાંઓ લીલોતરી ચરતાં ફર્યા કરતાં; સોનેરી રૂપેરી

વાદળીઓના પડછાયા નીચે ઋષિમુનિની ગાયો ત્યાં ચર્યા કરતી; તેનાં વાછરૂ રૂપાળી રૂપાળી નાની ડોકો આમથી તેમ ફેરવીને ચારે તરફ દોડ્યા કરતાં; સમિધ લઈને આવતાં ઋષિમુનિનાં સંતાનો જલધિજલના તરંગ જેવા મેઘને ડુંગરાઓ પર ઘુમતા જોઈ રહેતા. ચારે તરફ નવો પ્રાણ અમૃતભર્યું જીવન ને સંતોષભરી જીંદગી ભરચક છલકાતાં.

ન ગણી શકાય તેટલાં વર્ષો પહેલાં સતલજના કિનારા પર બે સુખી કુટુંબ રહેતાં હતાં. તેમની સાદી ઝુંપડીમાં વેદ અને ઉપ-નિષદનું તત્વજ્ઞાન, લખ્યા વિનાનું કે બોલ્યા વિનાનું, છાનું છાનું રેલાયા કરતું હતું.

એક કુટુંબનો ગુરુ અને વડીલ ગૌતમ હતો. તેની પત્નીનું નામ સુનંદા અને પુત્રીનું નામ સુકેશી. ગૌતમ પાસે સો ગાયો હતી, એક દિવસમાં ખેડી શકાય તેવું નાનું ફળદ્રુપ ખેતર હતું, અને એક દિવ-સમાં ફરી શકાય તેટલી ગૌચરની જમીન હતી. તેના ખેતરમાં ઝરણાં હતાં ને ગૌચરની જમીનને સતલજ–શતદ્રુ–પોતે બારે માસ છંટકાવ કરતી.

બીજું કુટુંબ ગુરૂ શતપર્ણના વડીલપણા નીચે હતું. તે કુટુંબમાં ચાર માણસો હતાં. શતપર્ણ પોતે, તેની પત્ની વિશાખા, પુત્ર આર-ણ્યક અને એક પાળેલો ધર્મપુત્ર સુમેરૂ. શતપર્ણ પાસે નવ્વાણું ગાયો હતી, ચાર માણસને બાર માસ ચાલે તેટલી કમોદ જેમાંથી પાકે એટલી જમીન હતી,ને તેની ગાયો ચરાવવા માટે છુટું મેદાન હતું. જંગલનાં ફળફુલ લાવવા માટે શક્તિ હતી, ફરવા માટે ડુંગરા અને સાધનો હતાં, ગાવા માટે ખુલ્લું આકાશ અને ધરતી હતાં. હવા, પાણી ને તેજ શરીરને પ્રસન્ન રાખતાં. સત્ય અને અહિંસા આત્માને ઉજાળતાં. બન્ને કુટુંબ સુખી હતાં.

મન અધિકારી હોય ત્યારે કુદરતનું ભર્યું સૌંદર્ય જીવનનો મર્મ કહી બતાવે છે. ડુંગરાઓ પર આરામ લેવા બેઠેલા સમુદ્રના

તરંગ જેવા મેઘને નિહાળતાં નિહાળતાં આરણ્યક, સુકેશી અને સુમેરૂ વારંવાર મેદાન પર ફરતાં. તેમની ગાયો છુટી ચર્યા કરતી. ઘણી-વાર તેઓ શતદ્રુના નિરંતર વહેતા પ્રવાહને અનિમિષ નેને જોયા કરતાં. ઘાટી વનરાજિમાં બેસીને ઝાડની ડાળીઓમાં સંતાકુકડી રમતાં તેઓ થાકતાં નહિ.

આનંદભર્યા તેમના જીવનમાં લોભ કે ક્રોધ, સ્પર્ધા કે ઇર્ષ્યા હજી પ્રવેશ કરી શકયાં નહતાં. આમ કમલપત્રથી ઢંકાએલી સુકેશીની દેહલતા, આરણ્યક અને સુમેરૂના દિલમાં ઉગતા નવરંગી આકાશ જેવા કોમળ ભાવો ઉત્પન્ન કરતી. સૌંદર્ય, પછી તે ગમે તેનું હોય, મેઘાચ્છાદિત હિમાદ્રિનાં સોનેરી શિખરોનું કે પાનથી ઘેરાયેલ ચંપાના ફુલનું કે ગુલાબકળી પર પડેલા મોતીના જેવા જલબિન્દુનું કે નવકુસુમ જેવી જુવાનીનું,–પણ સૌંદર્ય એ ભાવના છે, કલ્પના છે, વસ્તુ નથી; માટે અસ્પર્શ્ય અને અત્યંત પવિત્ર છે: એવા એવા વિચારના પ્રવાહ નીચે સતલજના મેદાન પર આ ત્રણે જણું ફર્યા કરતાં.

આસપાસ જે ગામડાંઓ વસ્યાં હતાં, ત્યાં બધે આવી જ વ્યવસ્થા હતી. જે કુટુંબમાં કમોદ વધારે પાકતી તે કુટુંબમાં જ્યાં જવ વધારે પાકતા ત્યાંથી કમોદના બદલામાં જવ લાવતું. પાણીના બદલામાં ગાયનું દૂધ મળી શકતું ને દર્ભના બદલામાં નવનીત મળતું. જેને ઘેર માટી વધારે હોય તે બીજાને ઘેર માટીનું પાત્ર મૂકી ને દૂધનું પાત્ર લઇ આવતું. છોકરાં રમતાં રમતાં જ્યાં થાકી જાય ત્યાં જંપી લેતાં. જુવાનો જ્યાં ચાંદની ખીલી હોય ત્યાં બેસતા ને વાતો કરતા સુઇ રહેતા. ત્યાં આંસુ આનંદનાં પડતાં. નિત્ય ખીલેલાં ફૂલ ઉપર ભમરાઓ ગુંજારવ કરતા. કોઇ ઘરને બારણું ન હતું; કોઇના ઘરને મર્યાદા નહતી. નીતિની લીટી ઘરની ચારે તરફ બરફના જેવી પ્રકાશ્યા કરતી. આવી રીતે તે આખો પ્રદેશ સુખી અને શાંત

હતો. હરિફાઇને કનિષ્ટ પ્રકારનું અનુકરણ માનવાની ત્યાં પ્રથા હતી. એ પ્રદેશમાં વિવાહને કોઇ જાણતું નહિ. પ્રેમને સૌ પિછાનતા અને પ્રેમથી બંધાએલાં યુગલ મૃત્યુથી પણ છુટાં પડતાં નહિ. ત્યાં વિધવાવિવાહનો પ્રશ્ન કોઇ રાજસી પ્રકૃતિના માણસે હજુ રજુ કર્યો ન હતો, કારણ કે ત્યાં કોઇ બાળવિધવા થતી નહિ અને મોટી વિધવાઓ બધી પવિત્ર રહેતી. ત્યાં કોઇ વિધુર નહતો, કારણ કે પ્રેમનું બંધન પુરુષ સ્ત્રી સૌને માન્ય હતું. ત્યાં માણસને મારનાર ડોકટર નહતા, કારણ કે જીવનભર કુદરત હતી. ત્યાં ખોટી મોટાઈ, દંભભર્યો વિવેક કે અકારણ ધમાલ ન હતી. જ્યાં આંખ બોલતી ને જીભ મુંગી રહેતી. ત્યાં વસ્તુ હતી, વસ્તુના ભાવો નહતા; વ્યાપાર નહતો, વ્યવહાર નહતો, મંદિરો નહતાં, કથા નહતીઃ રાજા નહતોઃ કાયદો નહતો, યંત્ર નહતાંઃ હતો માત્ર પ્રેમ. પ્રેમથી વસ્તુ મળતી ને અપાતી. ધર્મ ખુલ્લા મેદાનમાં ઇશ્વરની પૂજા કરતો. કથા માત્ર અંતરમાં જ ચાલતી. સૌ પોતે પોતાના રાજા હતા. નીતિ એ કાયદો હતો. સત્ય એ મર્યાદા હતી, સદ્‌ગુણને સૌ ધર્મ માનતા, શૌર્યને યંત્ર સમજતા. એવો એ અદ્‌ભુત પ્રદેશ પૃથ્વી ઉપર સ્વર્ગ જેવો પ્રકાશતો.

ઘનશ્યામ વાદળાંઓ હિમાલયને ઘેરીને ઉભાં હતાં. જ્યાં જુઓ ત્યાં અદ્‌ભુત રંગોની અદ્‌ભુત મીલાવટ જામી હતી.

એ વખતે સતલજ પાસેના એક સૌથી ઉંચા ડુંગરા ઉપર આરણ્યક અને સુકેશી બેઠાં હતાં.

બધાં મેદાનોમાં ઘાસ ઉપર ફુલની જાજમ પથરાઇ ગઇ હતી. ડુંગરાઓ ધોવાઇ ધોવાઇને પશ્ચાતાપ પછી બનેલા હૃદય જેવા નિર્મળ થયા હતા. ઝાડ ઉપર નીલો રંગ પથરાયો હતો. પક્ષીઓ દોડતાં હતાં, મેઘ ઉડતા હતા, કુદરત ખીલી હતી; અને પ્રેમના વિકાસની જે ઋતુ કહી છે એ ઋતુ હતી.

સુકેશીના શરીર ઉપર તેના છુટા વાળ ઉડી રહ્યા હતા. તેણે કમળપત્રથી શરીરનો નીચેનો ભાગ ઢાંકયો હતો ને ફૂલની ચાદર માથા ઉપર ઓઢી હતી. તેના કાનમાં આરણ્યક ફૂલ પરોવી રહ્યો હતો.

અચાનક શરીરમાં જેમ વિજળીનો સંચાર થાય તેમ બન્નેએ અકથ્ય રોમાંચ અનુભવ્યો.

પ્રેમની મુંગી ભાષા તેમની આંખોમાંથી બોલાતી હોય તેમ ઘડીભર બન્ને અનિમિષ નેને સામસામે જોઇ રહ્યાં.

આરણ્યક ફરી તેનું ઉત્તરીય ગોઠવવામાં ગુંથાયો. આ વખતે નીલામેઘ પૃથ્વીને ચુમતા હતા, શરીરો મેઘને સ્પર્શતાં હતાં, વેલીઓ વૃક્ષને વળગતી હતી અને વનના મોરલા પાસે ઢળકતી ઢેલો ફરતી હતી.

એટલામાં સુકેશીની દૃષ્ટિ આરણ્યકના હાથ પર પડી. આરણ્યકે પોતાની મુઠીમાં કાંઇક સાચવી રાખ્યું હતું. મંદહાસ્ય કરીને સુકેશીએ પોતાના કોમળ હાથથી આરણ્યકની મુઠી ઉઘાડી.

જેમ વાદળાંથી ઢંકાએલી ચંદ્રની કાન્તિ વાદળું દૂર થતાં શોભી રહે, તેમ મુઠી ખીલતાંજ ઇન્દ્રનીલમણિની હરિયાળી કાન્તિથી આસપાસની જમીન પ્રકાશી રહી.

'આ શું છે આરણ્યક?' બોલીને સુકેશીએ ઇન્દ્રનીલમણિ પોતાના હાથમાં લીધો.

'આ પત્થર મને શતદ્રુની ખાણમાંથી મળ્યો છે. નીલાકાશ જેવો એનો ઘેરો શ્યામરંગ અત્યંત મોહક છે'

સુકેશી ઇન્દ્રનીલમણિ તરફ જોઇ રહી. મણિ વધારે ને વધારે સુંદર લાગતો હતો.

સ્ત્રીને સહજ પ્રેમભર્યા ઉમળકાથી તેણે મણિને પોતાની છાતી

પર લગાવ્યો. શ્રીકંઠના લાંછન જેવો તે સુકેશીના સુંદર વક્ષઃસ્થળને શોભાવી રહ્યો.

× × ×

કિંચિત હાસ્ય કરીને સુકેશી આરણ્યક તરફ ફરીને બોલી, " આરણ્યક, આ મણિ તો મને શોભે એવો છે. "

આરણ્યકે અત્યંત પ્રેમથી એ મણિને સુકેશીની ફૂલની ચાદરમાં છુપાવી દીધો.

" એ મણિ તારો જ છે, સુકેશી. "

એ વખતે નીલા મેદાન ઉપર થઇને સુમેરૂ ડુંગર ઉપર ચઢતો હતો. તે ચઢતાં ચઢતાં થંભી ગયો. સુકેશીના જમણા હાથને ખેંચીને આરણ્યક તેનાં સ્નેહથી નીચે નમતાં નેણ ચુમી રહ્યો હતો.

સુમેરૂ આ જોઇને થંભી ગયો.

તે વખતે એ મેદાન પર પહેલવહેલી ઇર્ષ્યા ઉદ્‌ભવી.

પાસેનો એક ડુંગર મોટા અવાજ સાથે નીચે સરી પડયો! તેના અવાજથી વન ધ્રુજ્યાં, પક્ષીઓ નાઠાં, પશુઓ છેડયાં અને પર્વતોએ પડઘા આપ્યા. એ અવાજથી સુકેશી અને આરણ્યક જાગી ઉઠયાં, અને તેમની નજરે ડુંગર પરથી પડતો મોટો પત્થર અને ડુંગર પર ધીમે ધીમે ચઢતો સુમેરૂ બન્ને દેખાયાં.

સુમેરૂને ત્યારથી ઇર્ષ્યા થઇ છે. તેણે ઘણી ઘણી ખીણો ખુંદી બીજા અનેક લાલ પીળા ચમકતા પત્થર ભેગા કર્યા છે. પોતાની ગાયોની ડોકે તેણે રૂપાળા પત્થરોની માળા લટકાવી છે. પણ તેમાં ક્યાંય પેલો ઇન્દ્રમણિ પત્થર નથી.

એક દિવસ ગુરુ શતપર્ણની પાસે જઇને સુમેરૂએ કહ્યું કે મારે હવે અરણ્યવાસ કરવો છે.

અત્યંત મધુર અવાજથી ગુરુ બોલ્યા, 'કેમ બેટા! તને શાથી એકાંતવાસ પ્રિય બન્યો છે?' સુમેરૂએ કચવાતાં ઉત્તર આપ્યો, 'સુંદર પ્રભાત જેવી સુકેશી આરણ્યક સાથે ફરે છે.'

ગુરુએ કિંચિત હસીને ઉત્તર આપ્યો, 'જે પ્રદેશમાં મનુષ્યો પ્રેમની ઇર્ષ્યા કરે છે, યોગ્ય યુગલને ઇર્ષ્યાથી જુએ છે, ત્યાં નરકની ગંધ પેદા થાય છે. ત્યાં યૌવનના રસને બદલે વિકાર પ્રગટે છે; ત્યાં પવિત્ર પ્રેમની સૃષ્ટિને બદલે વિલાસની બદબો છુટે છે. હે પુત્ર! તું પણ તારી કોઇ યોગ્ય સહધર્મચારિણી શોધીને સુખી થા.'

'ગુરુદેવ! હું સુકેશીને જ મેળવીશ. આરણ્યકે તેને એક ઇન્દ્રનીલમણિ આપ્યો છે, હું તેને દશ આપીશ.'

ગુરુદેવ નિઃશ્વાસ નાખીને બોલ્યા, 'ત્યારે આ પ્રદેશની સ્વર્ગીય અવસ્થા ભુંસાઇ જશે.'

વેરના પડઘા જેવું નિષ્ઠુર હસીને સુમેરૂ ચાલ્યો ગયો અને એકલો જુદો વાસ કરીને રહ્યો.

સુમેરૂના એકાંતવાસ પાસે પણ અનેક સ્ત્રીઓ રંગીન પત્થર લેવા જાય છે. કમલપત્ર જેવા કિંચિત લાલ પત્થર, વિષ્ણુના ઉત્તરીય જેવા મીઠા પીળા રંગના પત્થર, અને ઘેરગંભીર જળ જેવા નીલા પત્થર સુમેરૂ પાસેથી જ મળે છે. તેના બદલામાં ગાયો, જવ, કમોદ, નવનીત, અને દૂધ તેને ત્યાં ચાલ્યાં આવે છે. ત્યાંથી સુંદરીઓ હવે કમળપત્રના દાંડાથી કાન પુરવાને બદલે લાલ પત્થર લટકાવવાનો શોખ ધરાવે છે. સૌ એ શોખ પુરવા પરાધીન બન્યાં છે. સુમેરૂએ ત્યાં નવો કાયદો ચલાવ્યો અને જાણેઅજાણ્યે સૌ તેની સત્તા તળે આવ્યાં. આજ દિવસ સુધી સૌ સૌની જરૂરીઆત પ્રમાણે વસ્તુઓ આપલે કરતા. દરેક વસ્તુ સરખી કિમ્મતની હતી, અને બધી સરખી ઉપયોગી હતી. પણ સુમેરૂએ પત્થરના રંગ અને

સૌંદર્ય પરથી દરેક પત્થરની જુદી જુદી કિંમત આંકી. સુમેરૂ પાસે ઘણી વસ્તુઓ આવી પડી ને જેમને જરૂર હતી તેઓ વસ્તુ વિના રખડવા લાગ્યા.

એક વખત એક જુવાન માણસ સુમેરૂ પાસે આવ્યો. તેણે સુમેરૂને જવ આપ્યા, અને નવનીત માગ્યું. સુમેરૂએ જવાબ આપ્યો કે હું જવને બદલે નવનીત નહિ આપું. મારે એમાંથી એકેની જરૂર નથી. પેલા જુવાને કહ્યું કે મારે જરૂર છે, તારે આપવું જોઇએ.

'પણ એ તો મારૂં છે તે કેમ અપાય? સુમેરૂ આ શબ્દ બોલ્યો ત્યારે સુસવાટ કરતો પવન દેવદારનાં વન સોંસરવો નીકળી ગયો.

આ પ્રદેશમાં આ શબ્દ અને આ વિચાર નવો હતો.

'ત્યારે એ ચીજનો ઉપયોગ શો?' પેલા જુવાને પૂછ્યું.

ખડખડ હસી સુમેરૂએ જવાબ આપ્યો 'સત્તા મેળવવી તે.'

ફરી વન ધ્રુજ્યાં. આ નવા વિચાર પૃથ્વીને અપવિત્ર કરતા હતા.

'સત્તા એટલે શું?' ભોળા જુવાને પ્રશ્ન કર્યો તે વખતે બીજી દિશાઓમાંથી અનેક સ્ત્રીઓ અને પુરુષો સુમેરૂના એકાંતવાસ તરફ આવતાં દેખાયાં. કેટલાક ગાયો લઇને, કોઇ જવ લઇને, કોઇ કમળ અને કંદ લઇને, અને ઘણાં તો નવનીત, દૂધ અને માટી લઇને આવતાં દેખાયાં. સુમેરૂ તેમના તરફ જોઇ રહ્યો અને પછી પેલા ભોળા જુવાન તરફ ફરીને ગર્વથી બોલ્યોઃ 'જો, આનું નામ સત્તા, કેટલાં માણસો આ તરફ આવે છે?'

આખું ટોળું સુમેરૂ તરફ દોડી આવ્યું. કેટલાંક બૂમ પાડતાં હતાં કે અમને લાલ પત્થર આપો. કેટલાંકે આસમાની પત્થર પર નજર ઠેરવી હતી. કોઇકને પીળા પત્થરનો મોહ હતો. સત્તાધીશની ઢબથી સુમેરૂએ બધાને કહ્યું:

'સૌ શાંત રહો !'

ટોળામાં એકદમ શાંતિ ફેલાઇ ગઇ.

સુમેરૂએ કેટલાક ધોળા અને પીળા કટકા કાઢયા. સૂર્યનાં કિરણુ નીચે તેઓ પ્રકાશવા લાગ્યા.

'એ શું છે? એ શું છે? અમને એવા કટકા આપો.'

આખા ટોળામાંથી સૌ બોલવા લાગ્યા. એક કટકાને ઉપાડી સુમેરૂ બોલ્યો: 'આનું નામ સુવર્ણ અને આ ધોળો કટકો તે રજત.'

'અમને સુવર્ણ આપો.'

'અમને રજત આપો.'

'અમને બન્ને આપો.'

'શાંતિ રાખો !' ફરી સુમેરૂ બોલ્યો અને આખું ટોળું શાંત થઇ ગયું.

'સુવર્ણ કોને કોને જોઇએ છે?'

'મને' અને 'અમને' ના અવાજથી વાતાવરણુ ભરાઇ ગયું.

સુમેરૂ સંતોષથી હસવા લાગ્યો. 'ત્યારે જુઓ આ પાત્ર, આવાં સો પાત્ર જવથી ભરી આપશે તેને આટલું સુવર્ણ મળશે.' સુમેરૂએ એક માટીનું પાત્ર લઇને ક્રિયા બતાવી.

સૌ બાધામંડળ માફક ઉભાં રહ્યાં અને પછી જેની પાસે દૂધ હતું તેણે દૂધ આગળ ધર્યું. 'પણુ આ દૂધ છે તેનું?'

સુમેરૂએ માટીના નવા પાત્રથી દૂધ ભરવા માંડયુ. રજત અને સુવર્ણના કટકા સૌ લેવા લાગ્યા; અંદર અંદર જોવા લાગ્યા; અરસ-પરસ દેખાડવા લાગ્યા.

છેટેથી આરણ્યક અને સુકેશી આવતાં હતાં. આખા ટોળામાં સુમેરૂ સ્વામી જેવો શોભી રહ્યો હતો. તે પેલા ભોળા જુવાન તરફ ફર્યો.

'જુવાન માણસ, તારે મારા દાસ થવું છે?

'દાસ શું?'

'સત્તા એટલે શું એ તેં જોયું?'

'હા'

'ત્યારે દાસ એટલે શું તે હવે જો; આ બધું એક તરફ મૂક; ત્યાં પત્થર બધા સરખા ગોઠવ, પણે કમળપત્રો ગોઠવી દે, પેલી જગાએ દર્ભાસન નાખી દે.'

ભોળો જુવાન તે પ્રમાણે કરવા ગયો.

સુમેરૂ ટોળા તરફ ફર્યો. 'તમને યાદ રહી જાય માટે બોલો:

'સો પાત્ર જવના બરાબર ત્રણ સુવર્ણના કટકા.' આખું ટોળું એક સાદે બોલી ઉઠયું: 'સો પાત્ર જવના બરાબર ત્રણ સુવર્ણના કટકા!'

'દોઢસો ઘડા દૂધના બરાબર દશ રજતના કટકા' અને એવા ઘોંઘાટથી હિમાલયનાં વન ગાજવા લાગ્યાં.

'પાંચસો ગાયનો એક ઇન્દ્રનીલમણિ', એના પડઘાથી પણ પહાડ છવાયા.

'દશ ઇન્દ્રનીલમણિની એક સ્ત્રી!' એ વખતે સુકેશી—આરણ્યક ત્યાંથી પસાર થતાં જરા થોભ્યાં. ટોળાએ સુમેરૂને પ્રત્યુત્તર વાળ્યો. 'દશ ઇન્દ્રનીલમણિની એક સ્ત્રી.'

અત્યંત ખિન્ન હૃદયથી એ યુગલ ત્યાંથી ચાલ્યું ગયું.

સુમેરૂને આખી રાત્રિ નિદ્રા આવી નહિ. તેની પાસે અખુટ સમૃદ્ધિ હતી. એક દાસ પણ હતો અને બીજા અનેક થવાની તૈયારીમાં હતા; છતાં તે આજ સુખે સુતો નહિ. નીલોત્પલ જેવાં સુકેશીનાં નયન તેને વારંવાર યાદ આવતાં હતાં.

તે પોતાના અતિ મુલ્યવાન પત્થરાઓ લઇને સવારે આરણ્યકને ત્યાં ગયો. પ્રભાતનો સૂર્ય કમળપત્ર પર પડેલાં જળબિંદુનો સોનાનો મુગટ રચી રહ્યો હતો, ખુલતાં ફુલ ગુલાબી રંગનાં કમળો જરાક પોપચાં ઉઘાડીને પ્રભાતને નીરખતાં હતાં ને સુકેશી ત્યાં જળપાત્ર લઇને ઉભી હતી. છેટેનાં મેદાનમાં સારસ ફરતાં હતાં.

પોતાના મહામુલ્યવાન પત્થરાઓ સુમેરૂએ સુકેશીને ચરણે ધર્યાં. સરોવરથી પાણી ભરીને પાછી ફરતી સુકેશી ઘડીભર ત્યાં થંભી. વન એને જોવા થંભ્યાં હતાં, અને સુમેરૂ અત્યંત તૃષ્ણાથી એને નિહાળી રહ્યો હતો.

'સુંદરી,' તે બોલ્યો. તેના શબ્દમાં વિહ્વલતા હતી અને નસેનસમાં ઘેન હતું.

'સુંદરી! હું તારી પાછળ આવ્યો છું. ઇન્દ્રનીલમણિ કરતાં પણ વધારે મુલ્યવાન અસંખ્ય પત્થરાઓ હું તારે માટે લાવ્યો છું. હું તને એમનો હાર કરી આપીશ.

'સુમેરૂ!' સુકેશીએ જવાબ વાળ્યો, 'પ્રેમને તેં કદી જોયો છે?'

અવાક્ બનીને તે ઉભો રહ્યો. સુકેશીના પ્રવાલ જેવા હોઠપર સ્મિત ફરક્યું. તેણે ફરી પૂછ્યું, 'પ્રેમને તેં જોયો છે?'

'ના.'

'ત્યારે જો આનું નામ પ્રેમ, જેને તું સંખ્યાથી કે માપથી માપી શકે નહિ, સત્તા અને વૈભવથી ખરીદી શકે નહિ. જે અપ્રમેય છે ને અજેય છે.'

પોતે પેલા ભોળા માણસને સમજાવ્યું કે જો આનું નામ સત્તા, એનોજ પ્રતિધ્વનિ સાંભળાતો હોય તેમ સુમેરૂના કાનમાં શબ્દો ગુંજી રહ્યા. 'જો આનું નામ પ્રેમ.'

'અને જો એ ક્યાંથી જન્મે છે તે.' સુકેશીએ સામેના દૃશ્ય તરફ આંગળી કરી. સુમેરૂ તે તરફ જોઇ રહ્યો.

ખીલતા કમળના રંગથી પાણી છવાયું હતું; મેદાનોમાં મયૂરની કળા હતી; સારસબેલડી ધીમી હલકતી ચાલે ફરી રહી હતી; વૃક્ષો, પશુઓ ને વેલીઓ બધાંના ઉપર સૌમ્ય તેજ ફેલાઇ રહ્યું હતું.

'જો આ પ્રેમની સૃષ્ટિ!' એટલું બોલતી સુકેશી ચાલી ગઇ.

સંધ્યાના સૂર્યે રંગો પૂર્યા હતા. આરણ્યક ને સુકેશી નીલાં હરીયાળાં મેદાનો વટાવી દૂર દૂરના ડુંગરાઓ પર નજર નાંખી ચાલ્યાં જતાં હતાં. તેમનું આ ગામમાંથી છેલ્લું પ્રયાણ હતું સુમેરૂએ સુકેશીની આશા છોડી હતી. પણ વિષય જાય અને વિષયનો રસ રહી જાય તેમ તેની તૃષ્ણા ગઇ હતી, ને તૃષ્ણાના કાંટા રહ્યા હતા. સુકેશી ને આરણ્યકને જતાં જોઇને તે તેમની પાસે આવ્યો.

'તમે ક્યાં જાઓ છો?' તેણે પૂછ્યું.

'જ્યાં પ્રેમની સૃષ્ટિ છે ત્યાં. જો પેલાં દૂર દૂર સોનેરી રંગે રંગેલાં હિમાદ્રિનાં શિખરોની પેલી મેર.'

'અને અહિં?'

'અને અહિં શું! અહિં હવે પૃથ્વી રસ નહિ મૂકે, મનુષ્યો નિર્ભય નહિ રહે, કુદરત કળા નહિ ખીલવે.'

ધ્રુજતાં ધ્રુજતાં સુમેરૂએ પૂછ્યું, 'એમ કે?'

'જ્યાં કામ મપાય ત્યાંથી કળા જાય, વસ્તુ મપાય ત્યાંથી વૈભવ જાય, મનુષ્ય મપાય ત્યાંથી સ્વર્ગ જાય. તેં પૈસા ઉત્પન્ન કર્યા, હવે મનુષ્યોમાંથી પ્રેમ જશે. સાચા પ્રેમને મનુષ્યો ખરીદીની વસ્તુ માનશે. હવે આ જમીનમાં એવું વાતાવરણ આવશે કે મનુષ્યો પ્રેમને નહિ પણ વૈભવને, વિલાસને, વગને, મોટાઇને, સામાજિક મહત્તાને પ્રધાનપદ આપશે. હવે કોઇ પ્રેમ ખાતર નહિ પરણે. આ જમીનમાંથી પ્રેમની ઋતુ જશે. અષાઢી મેઘ પ્રેમ નહિ પ્રગટાવે;

વિરહ અને વિગ્રહનાં આંસુ નહિ હોય; સાચું શૌર્ય નહિ હોય; કામિની અને પિયુ નહિ હોય, ઋતુ નહિ હોય; ઋતુના રસ નહિ હોય, ઉત્સવ, ઉલ્લાસ, શૃંગાર, તેજ કાંઇ નહિ હોય. જીવન નીરસ બનશે; કામના રસને બદલે યંત્રની નિયમિતતા હશે; ઉદારતા બેવકુફાઇ મનાશે; આતિથ્ય ગાંડપણ ગણાશે; પ્રેમ સગવડતા લેખાશે; પ્રજા બોજો મનાશે; શૃંગાર વિલાસ મનાશે; છાની વિકારવૃત્તિ ચતુરાઇમાં ખપશે અને પ્રેમની સૃષ્ટિ પરજ જગતનું પુનર્વિધાન છે એમ ઝટકથી રૂપાંતર કરવાને બદલે માણસો ચારે તરફ થીંગડાં મારવાનું શરૂ કરશે.'

સુમેરૂને ચક્કર આવવા માંડયાં.

'આ ક્યારે બનશે? ત્યારે મનુષ્યો કેવાં હશે'?

'ઓ સુમેરૂ! તેં જે શરૂ કર્યું છે તે હવે બન્યા જ કરશે. જ્યારે આ સ્થિતિ પકવ થશે ત્યારે એ મનુષ્યો સર્પ જેવાં હશે. બોલ્યા વિના બીજાને હણશે અને હણ્યા વિના શાંતિ નહિ પામે.'

સોનેરી રંગથી ઢંકાતાં હિમાદ્રિનાં અનેક શિખરો પર ગુલાબી રંગની કલગી ફુટતી હતી. આરણ્યક અને સુકેશી તે તરફ, દૂરદૂર દૂર ચાલ્યાં ગયાં. આછા અંધકારનો પછેડો પૃથ્વીને વીંટાવા લાગ્યો.

સુમેરૂ ધબ દઇને નીચે બેસી ગયો. તેણે પોતાનું મોં બે હાથથી છુપાવી દીધું.

'ઓ મહાન પિતા!' તેનાથી છેવટે આર્ત સ્વરે બોલાઇ જવાયું. 'સ્વર્ગ જેવી આ પૃથ્વી આટલી બધી જડ બની જશે અને તે માત્ર મારા દોષથી? તો હવે આ નવા વિચારો શી રીતે નાશ પામે!'

અને ચારે તરફનાં અંધારાં બોલતાં હોય તેમ લાગ્યું.

'ફેલાએલા ખોટા વિચારોના ડાઘ પૃથ્વી પરથી નાબુદ કરવા માટે સ્વાર્પણનાં ઉનાં ઉનાં લોહીનું ખમીર જોઇશે.

'ધૂમકેતુ'

'હિંદી વહાણવટું: તેની પ્રાચીનતા'

હિંદનું વહાણવટું જગતના જૂનામાં જૂના પુસ્તક ઋગ્વેદમાં વર્ણવેલું છે. (૧. ૨૫. ૭. અને ૨. ૪૮. ૩ જુઓ ઋગ્વેદ) શ્રી વાલ્મીકિ રામાયણમાં તેનો ઉલ્લેખ કરેલ છે. (જુઓ કિષ્કિંધાકાંડ) મહાભારતમાં પણ એનું વર્ણન છે (જુઓ સભાપર્વ) બૌધાયનના ધર્મશાસ્ત્રમાં અને ગૌતમના ધર્મશાસ્ત્રમાં એના ઉલ્લેખો છે. પુરાણોમાં જૈન રાસાઓમાં, બુદ્ધનાં જાતકોમાં હિન્દી વહાણવટા સંબંધી પુષ્કળ પ્રસંગો વર્ણવ્યા છે. હિંદી વહાણવટા સંબંધી એક પુસ્તક પણ સંસ્કૃતમાં ઉપલબ્ધ થયું છે, જેમાં અનેક જાતનાં વહાણોનું સૂક્ષ્મ વર્ણન આપ્યું છે. હ્યુએટ નામનો એક લેખક જણાવે કે હિન્દના વેપારીવહાણોની પ્રવૃત્તિ ઈ૦ સ૦ પૂર્વે ૩૦૦૦ વર્ષથીયે જૂની છે, એમ ઈજીપ્તની કબરોમાંથી નીકળેલી સિંધુ નામની મલમલ અને ગુજરાતની ગળી ઉપરથી સમજાય છે. ઇતિહાસના પિતા હેરોડૉટસ જેવા અનેક યુરોપવાસીઓએ કરેલા હિન્દી કપાસ આદિ વસ્તુઓના ઇસારાઓથી જણાય છે કે હિન્દમાંથી કપાસ ઘણા પ્રાચીન કાળથી તે બંદરો ખાતે જતું હશે.

હિંદી વેપાર

ઈજીપ્ત, અરબસ્તાન અને ઇરાનના અખાતના બંદરોએ હિંદી વહાણો માલ લઈ જતાં હતાં. મીસર અને અરબસ્તાનથી સોનું, રૂપું, કલાઈ, સીસું, પારો, સુરમો, કાચ, પોખરાજ, પરવાળાં, દારૂ, કાપડ અને દુપટ્ટા આવતાં, ઈ૦ સ૦ ૬૦૩ માં ગુજરાતથી એક રાજપુત્રે જાવા જઈ ત્યાં હિંદીઓનું સામ્રાજ્ય સ્થાપ્યું હતું અને હિંદી વેપાર શરૂ કર્યો હતો. ત્યાં બોરોબંદર નામનું પ્રસિદ્ધ મંદિર પણ બંધાવ્યું હતું. હિન્દનાં વહાણો યુફ્રેટીસ નદી :ઉપર જોયાનો ઉલ્લેખ ઇસ્પહાનનો હજ્ઝ કરે છે. એશિયા આફ્રિકાનાં ઘણાં ખરાં બંદરોનો વેપાર

હિન્દી વહાણો ફરતાં હતાં. જાવા, ચીન, મલાયા, અરબસ્તાન અને રોમ સુધી હિન્દી વેપારીઓના આડતીયાઓ હતા. હિન્દી ખલાસીઓ હજારો માઇલોના મહાસાગરોમાં ચતુરાઇથી વહાણોને લઇ જતા હતા.

ગુજરાતમાં બનેલી છીંટ, ઢાકાની મલમલ, મુર્શિદાબાદનું રેશમ, બનારસનો કિનખાબ, કાશ્મીરની શાલો, કચ્છનું ચાંદીનું નકશીકામ, ગોલકોંડાના હીરા, માળવાનું અફીણ, લંકાનાં રત્નો, બંગાળનું રેશમ, કાશીનું પિત્તળકામ, ઔરંગાબાદનું નકશીદાર સોનેરી કાપડ ઘણા મોટા પ્રમાણમાં પરદેશો ખાતે જતું હતું. હિન્દી વેપારીઓની હૂંડીઓ બોખારા, સમરકંદ, બગદાદ, ઝંઝબાર, જાવા અને રોમ ખાતે વેચાતી હતી. ત્યાં તેમની આંટ અવલ નંબરની ગણાતી હતી.

"હિન્દી વેપારીઓ અને નાવિકો"

હિંદના પ્રાચીન વેપારીઓએ સારી નામના ઇતિહાસમાં મેળવી છે. તેઓ સમૃદ્ધિશાળી, દીર્ઘદૃષ્ટિવાળા, દાનેશ્વરી અને વેપારમાં ચતુર હતા. મોટામાં મોટા રાજાઓને નાણાં આપી ઘણી વખતે દેશની આબરૂ તેમણે સાચવી છે. મોટા દુકાળોમાં એ કરોડ-પતિઓના ધનનો છૂટથી વ્યય થતો હતો. ખારવાઓ પણ કાર્યદક્ષ, સાહસિક, ચાણાક્ય, કાર્યકુશળ અને ભયરહિત હતા. પોતાનાં નાનાં વહાણો જગતના કોઇ પણ બંદરે સહીસલામત લઇ જતા લાવતા હતા. એઓની પુષ્કળ માહિતી જૈન અને બૌધસાહિત્ય, શિલાલેખો, મંદિરોમાંના લેખો, પ્રાચીન સંસ્કૃત સાહિત્ય, પ્રાકૃત સાહિત્ય ચીન, જાપાન અને જાવાનું સાહિત્ય, અરબી અને ફારસી સાહિત્ય. વહાણો અને વેપારીઓની કોતરેલી મૂર્તિઓ, સ્થાપત્યકળા વગેરે અનેક સાધનો હિંદના વહાણવટાની મોટાઇ દેખાડી આપે છે. વિમળશાહ, વસ્તુપાળ, તેજપાળ જેવા અનેક કરોડપતિઓ હિંદી વેપારે આવ્યા હતા.

'મોગલ જમાનો'

મોગલ શહેનશાહતના વખતમાં પણ વહાણવટું બહુ સારી

હાલતમાં હતું. સુરત, ખંભાત, કચ્છ કાઠિયાવાડના બંદરેથી મોટાં વહાણો મહાસમુદ્રમાં ફરી વળતાં. તે સિવાય મોગલો અને મરાઠાઓ પાસે દરિયાઇ લશ્કરી વહાણો પણ પુષ્કળ હતાં. મોગલોને દરિયાઇ વેપાર અને બંદરોની આવક સારા પ્રમાણમાં થતી હતી. મોગલો પહેલાંના મુસલમાન વંશનાં રાજ્યોના વખતમાં પણ વેપાર તો સારો જ ચાલુ હતો. એ વિષે પુષ્કળ માહિતી મળે છે, પરંતુ તેનો ઉલ્લેખ અન્ય સ્થળે થશે.

'અંગ્રેજ સમય'

અઢારમી સદીમાં અંગ્રેજ સરકારને પોતાના દરિયાઇ વેપાર માટે ઘણાંખરાં વહાણો હિંદમાં બાંધવાનું સવડભરેલું થઇ પડયું. ચતુર કારીગરો સસ્તી મજૂરીથી મળવા લાગ્યા. અંગ્રેજી નેવી માટે લડાયક વહાણો પણ હિન્દમાં જ બાંધવામાં આવતાં હતાં. મુંબઇ અને કલકત્તા ખાતે વહાણો બાંધવાની મોટી ગોદીઓ હતી. સને ૧૮૨૭ માં કર્નલ લીસ્ટર સ્ટેનહોપે જણાવ્યું છે કે—'મુંબઇમાં બાંધેલું લડાયક વહાણુ તેવડા જ કદના દુશ્મનના વહાણુ સાથે યુદ્ધમાં કદિ પણ હાર્યું નથી. સને ૧૬૧૩ માં સુરત ખાતે પોર્ટુગીઝોની સામે લડવા અંગ્રેજોએ હિંદમાં લડાયક વહાણોનો કાફલો બાંધ્યો હતો. સને ૧૭૩૫ સુધી સુરતના આ કારખાનામાં ઘણાં વહાણો બાંધવામાં આવ્યાં હતાં. ૧૭૫૭ પછી લવજી વાડીઆના ઉપરીપણા નીચે મુંબઇમાં આ કારખાનું મોટા પાયા ઉપર બાંધવામાં આવ્યું હતું. એ અરસામાં અંગ્રેજ કાફલા માટે ૯ મોટી મનવારો, ૭ મધ્યમ કદની મનવારો, ૬ નાની મનવારો આ પારસીઓના અધ્યક્ષપણા નીચે બંધાઇ હતી. લૅફ. લૉ જણાવે છે કે—મુંબઇમાં કારખાનામાં વહાણો બાંધવાની સર્વે સામગ્રી બહુ ઉચ્ચ સ્થિતિમાં અને મોટી સંખ્યામાં ભરી રાખવામાં આવે છે અને મુંબઇ જેની સૂકી ગોદી આખા યુરોપમાં ક્યાંય પણ નથી. લૅ. કર્નલ વૉકર જણાવે છે કે, વિલાયતમાં

બંધાયેલાં વહાણો બાર વરસ સારું કામ આપે છે; પરંતુ હિન્દમાં બંધાયેલાં વહાણો પચાસ વરસ કે તેથી વધારે વખત કામ આપે છે. કર્નલ બેકર કહે છે કે, વિલાયતમાં બંધાયેલાં વહાણો કરતાં હિન્દી વહાણો ¼ સસ્તાં પડતાં હતાં.

"બંગાળમાં વહાણો બાંધવાની ગોદીઓ"

કલકત્તામાં વહાણો બાંધવાનું એક મોટું કારખાનું બંધાવ્યું હતું. ૧૭૮૧ થી ૧૮૦૦ સુધી ૧૭૦૨૦ ટનનાં ૩૫ વહાણો બંધાયાં હતા. સને ૧૮૦૧ માં દસ હજાર ટનનાં ૧૯ વહાણો બંધાયાં હતાં. સને ૧૮૦૧ થી ૧૮૨૧ સુધીમાં ૨૩૭ વહાણો બંધાયાં હતાં. લોર્ડ વેલેસ્લી જે હિંદના ગવર્નર જનરલ હતા તેમણે જણાવ્યું છે કે "કલકત્તાના બંદરમાં વહાણોની મોટી સંખ્યા જોતાં, અને તેમની ઉચ્ચ રચના, કળામય બાંધણી અને મજબૂતીનો વિચાર કરતાં બંગાળમાં વહાણ બાંધવાની કળા ઘણી ઉચ્ચ દશામાં આવી છે."

હિંદી કાફલા માટે બાંધેલાં લડાયક વહાણોએ ઇસ્ટ ઇંડિયા કંપની માટે બીજા બરમા યુદ્ધ અને ચીનના યુદ્ધમાં ભાગ લીધો હતો. સને ૧૮૪૦ માં આ વહાણવટાનો ઉદ્યોગ પડતીમાં આવ્યો છે. વિલાયતના ઉદ્યોગને ઉત્તેજન મળે તે માટે હિંદમાં વહાણો બાંધવાનું બંધ કરવામાં આવ્યું હતું. સને ૧૮૧૧ માં ફ્રેંચ ગ્રંથકાર એફ. બાલ્ટા મટાર સોલ્વીન પોતાના પુસ્તકમાં લખે છે કે—'પ્રાચીન કાળમાં હિન્દીઓ વહાણ બાંધવાના હુન્નરમાં ઘણી સચ્ચાઇને પામ્યા હતા અને હાલના હિંદના કારીગરો યુરોપના કારીગરો માટે નમૂનાસ્વરૂપ છે. અંગ્રેજ લોકોએ દરિયાઇ વહાણના ઉદ્યોગમાં ઘણું જાણવા જોગ અને શીખવા યોગ્ય શિક્ષણ હિંદી કારીગરો પાસેથી લીધું છે. હિન્દમાં બનેલાં વહાણો કળામય, સુંદર અને મજબૂત હોય છે.'

'અઢારમી સદીના હિંદના વેપારીઓ'

હિંદના વેપારીઓ ઇસ્ટ આફ્રિકામાં વહાણો લઇ જઇ મોટું

સંસ્થાન સ્થાપ્યું હતું. જંગબાર પ્રદેશના દરેકેદરેક ગામમાં હિંદી વેપારીએ પગપેસારો કર્યો હતો. ત્યાં તેમનો રાજદ્વારી મોભો ઘણો સારો હતો. મસ્કત અને તેની આસપાસના પ્રદેશમાં હિંદી વેપારીઓએ બીજું સંસ્થાન સ્થાપ્યું હતું. બહેરીન અને દલમ ખાતે ત્રીજું સંસ્થાન સ્થાપવામાં આવ્યું હતું. એ રીતે આખા પરશિયન મલકનો વેપાર તેમના હાથમાં હતો. જાવા, સિંગાપુર વગેરે ઠેકાણે પણ તેમની દુકાનો હતી. અઢારમી સદીની આખરી સુધી આ રીતે હિંદી વેપારીઓ લગભગ હિંદનો સર્વ વેપાર પોતાના હાથમાં નીભાવી રહ્યા હતા. તે પછી અંગ્રેજી વેપારીઓનું પ્રાબલ્ય વધ્યું. રાજ્યની મદદ, મોટાં સાધનો અને સ્ટીમરોની શોધથી હિંદી વેપારનો હ્રાસ થતો જ ચાલ્યો. તે પડતી ચાલુ જ છે.

'વહાણવટા માટે હિંદ આદર્શ દેશ છે.'

ઉત્તર તરફ હિમાલયના મોટા પર્વતોની સાંકળોથી રક્ષાયેલો અને ત્રણે તરફ દરિયાના કિનારાથી ઘેરાયેલો હિંદુસ્થાન દેશ એ વહાણવટા માટે મોટી યોગ્યતા ધરાવનાર પ્રદેશ છે. ચાર ચાર હજાર માઈલનો કિનારો એ ધંધાને માટે સર્વોત્તમ સાધન છે. સારાં, સહીસલામત અને વહાણોને રક્ષણ આપી શકે એવાં સેંકડો બંદરો, દરિયાઇ હવાપાણી અને વાતાવરણમાં ઉછરેલી અને હજારો વર્ષોના વહાણ બાંધવાના–ચલાવવાના સંસ્કારોવાળી કાંઠાની મોટી વસ્તી દરિયાઇ નાવિકો પૂરતી રીતે આપી શકે તેમ છે. હિંદના મોટા સાગ અને સીસમનાં લાકડાં નાવ માટે સસ્તું, મજબુત અને ટકાઉ લાકડું પૂરૂં પાડી શકે તેમ છે. હિન્દમાં વહાણો માટે નાનાં મોટાં કારખાનાં લોઢાનો સામાન પૂરો પાડી શકે. હિંદમાં વહાણો માટે જોઇતાં દોરડાંઓ, સઢો અને બીજો પુષ્કળ સામાન મળી શકે તેમ છે. માત્ર ખામી છે તે રાજ્યાશ્રયની જ છે. આપણી પ્રજાને પરદેશી વસ્તુની મોહનીમાં આપણી સરકારે નાખવા ઉત્તેજન આપ્યું છે.

જેથી આપણે એ માયામાં વ્યાપ્ત થયા હોવાથી પરદેશી મોહના કાદવમાં દબાયા પડ્યા છીએ. વેપાર ઉદ્યોગનાં સાધનરૂપ વહાણવટીને મદદ આપી શકતા નથી. પરદેશી સરકારની વિરોધી નીતિ અને આપણી સુષુપ્તિને લીધે આપણે પશ્ચાત પડ્યા છીએ.

'પ્રસ્થાન', પોષ ૧૯૮૭ — કુંઅરજી ધરમસી સંપટ

'બ્રાહ્મણનાં લક્ષણ'

એક સમયે ભગવાન બુદ્ધ અંગદેશમાં વિચરતા વિચરતા પાંચસેં ભિક્ષુઓ સાથે ચંપાનગરી પધાર્યા, અને ત્યાં ગગ્ગરારાણીની પુષ્કરિણીને તીરે ચંપકવનમાં ઊતર્યા.

એજ સમયે ચંપામાં શોણદંડ નામે બ્રાહ્મણ વસતો હતો. એને મગધના રાજા શ્રેણિક બિમ્બિસારે કેટલાંય સાંતી ભૂમિ આપેલી હતી, એટલે એ જાણે રાજવટ જ ભોગવતો હતો.

બુદ્ધ આવ્યાના સમાચાર વાયુવેગે આખા નગરમાં પ્રસર્યા. ગૌતમ સાધુ ભારે જ્ઞાની તથા ચારિત્રવાન પુરુષ છે, અને આદિ-કલ્યાણ, મધ્ય કલ્યાણ તથા પર્યવસાનેય કલ્યાણ એવા શુદ્ધ ધર્મની દેશના આપે છે, એવા મહાપુરુષના દર્શનથી જન્મ સફળ થાય: આમ ગામમાં વાત ચાલી અને ચંપાનગરવાસીઓનાં ટોળેટોળાં હૈયેહૈયાં દબાય એમ ગગ્ગરારાણીના સરોવર પ્રત્યે ઊલટી પડ્યાં.

શોણદંડ બ્રાહ્મણ પોતાની હવેલીની ઉપલી ભોંયે આરામ કરે છે, ત્યાં એણે આ મેદિની જોઇ, અને દ્વારપાળને પૂછ્યું:

'ચંપાવાસી બધાં ગગ્ગરા તળાવે કેમ જાય છે?'

'ગૌતમ સાધુ આવ્યા છે, એનાં દર્શન કરવા.'

'તો એ બધાને કહે, કે ઘડીક ખમે, એટલે હુંયે બધા ભેળો ગૌતમ સાધુ પાસે જઇ આવું.'

દ્વારપાળે શોણુદંડની આજ્ઞાનો અમલ કર્યો. શોણુદંડ બ્રાહ્મણ ગૌતમ સાધુને દર્શને જાય છે એમ સાંભળીને કેટલાક બ્રાહ્મણો એની પાસે આવ્યા, અને એને પૂછ્યું, 'સાચે જ તમે ગૌતમ સાધુનાં દર્શન કરવા જાઓ છો?'

શોણુદંડઃ 'હા, એવો વિચાર છે ખરો.'

બ્રાહ્મણોઃ 'એને દર્શને ન જાઓ તો ઠીક, એને દર્શને જવું તે આપને છાજે નહિ. છતાં જાઓ તો આપની કીર્તિ ઘટશે, અને ગૌતમ સાધુની કીર્તિ વધશે. એટલે આપે એની પાસે ન જવું, પણ એ ભલે આપ પાસે આવે. આપની માતા કોણ? આપના પિતા કોણ? આપનું કુળ કયું? આપની શુદ્ધ જાતિ કઇ? આપ કેમ એની પાસે જાઓ? એ આપ પાસે આવે તે ઉચિત છે. આપ ધનાઢ્ય તથા સુખી છો, ત્રણે વેદના પારગામી છો, ઇતિહાસ પુરાણના જ્ઞાતા છો. આપના મુખ ઉપર બ્રહ્મતેજ ઝળકી રહ્યું છે. આપ સદાચારી છો, સભ્ય વાણીવાળા છો, આચાર્ય છો, ત્રણસેં શિષ્યોના કુલપતિ છો, દેશદેશથી વિદ્યાર્થીઓ આપ પાસે વેદ ભણવા આવે છે. વળી આપ વયોવૃદ્ધ છો, બિમ્બિસાર રાજાને હાથે સત્કાર પામેલ છો. એટલે આપ એની પાસે જાઓ મા. એણે જ આપ પાસે આવવું ઘટે.'

શોણુદંડઃ 'આપ હવે મારી વાત સાભળો. મારે કેમ ગૌતમ પાસે જવું ઘટે, અને એણે મારી પાસે આવવું ન ઘટે તે કહું. એ કુલીન છે. વિશાળ કુટુંબને તથા પુષ્કળ ધનને છોડીને માથે એક પણ પળિયું આવ્યા પહેલાં જુવાનીમાં જ એણે સંન્યાસ લીધો છે. એના મુખ ઉપર બુદ્ધની કાંતિ છે. એ પણ સુશીલ તથા પ્રિયવાદી છે, આચાર્યોના આચાર્ય છે. રાગ દ્વેષ તથા ચપળતાનો એણે ક્ષય કર્યો છે. એ પુરુષાર્થવાદી છે. ઉચ્ચ તથા ધનવાન કુળમાંથી એણે પ્રવ્રજ્યા લીધી છે. દૂર દૂરથી

લોકો એને પૂછવા આવે છે. મહાપુરુષનાં બત્રીસ લક્ષણ એનામાં છે. જે જાય એનો તે આદર કરે છે, કોઇ ઉપર એની આંખનો ખૂણો રાતો થતો નથી. જ્યાં જ્યાં એ જાય છે ત્યાં ત્યાં આનન્દ કલ્યાણ વર્તે છે. કેટલાક શ્રમણ બ્રાહ્મણ જેમતેમ કરીને કીર્તિ સંપાદન કરે છે, પણ ગૌતમ સાધુ અદ્વિતીય જ્ઞાન તથા શીલની સંપત્તિને આધારે જશનામી થએલ છે. મગધરાજ બિમ્બિસાર તથા કોશલનરેશપસેનદિ એને શરણે ગયા છે, ને એને પૂજે છે. વળી બહારથી આપણે ગામ આવે તે આપણા અતિથિ કહેવાય, અને અતિથિસત્કાર કરવો એ આપણો ધર્મ છે. ગૌતમ સાધુ આપણા અતિથિ છે એટલે પણ આપણે એની પાસે જવું ઘટે. એ આપણી આગળ આવે તે અનુચિત કહેવાય.'

બ્રાહ્મણો: 'તમે કહો છો એમ હોય તો તો સો યોજન દૂરથી ભાતું બાંધીને પણ એમનાં દર્શન કરવાં જોઇએ.' એટલે ચાલો, આપણે બધા સાથેજ એમનાં દર્શને જઇએ'.

એટલે શોણદંડ બ્રાહ્મણ મોટા બ્રહ્મસમાજ સાથે ગગરા સરોવરે ચાલ્યો.

આમ શોણદંડ નીકળ્યો તો ખરો, પણ એના મનમાં કંઇક તર્કવિતર્ક થયા. ઘડીકમાં એમ શંકા થાય, કે "કદાચિત શ્રમણ ગૌતમને કંઇક પ્રશ્ન પૂછું, અને ગૌતમ મને એમ કહે કે 'હે બ્રાહ્મણ, પ્રશ્ન એમ ન પૂછાય પણ આમ પૂછાય; તો આખી પરિષદ કહેશે, કે 'આ શોણદંડ શ્રમણ ગૌતમને બરાબર પ્રશ્નેય ન પૂછી શક્યો' અને તે બાળકબુદ્ધિ છે; પછી મારો જશ ઘટે અને જશ ઘટે એટલે પ્રાપ્તિ પણ ઘટે જ, કારણ પ્રાપ્તિ યશને આધારે થાય છે.' વળી પાછી એમ બીક લાગે, કે 'ગૌતમ મને કંઇ પ્રશ્ન કરશે અને એનું યથાયોગ્ય ઉત્તર આપીને હું એના મનનું સમાધાન નહિ કરી શકું તો પણ એજ અનિષ્ઠ પરિણામ આવે."

ગૌતમ પાસે જવામાં આમ ભય હતું. તેમ હવે નીકળ્યા પછી પાછા પણ કેમ વળાય? તો વળી લોકો એમ કહે, કે 'આ શોણદંડ અભિમાની છે, પણ ગૌતમ પાસે જતાંય એની છાતી નથી ચાલતી.' આવી વાત ચાલે તોપણ નામ તથા દામની હાનિ થાય.

એમ ભાંજઘડ કરતો કરતો શોણદંડ બુદ્ધ આગળ આવ્યો, અને એને પ્રણામ કરીને એક પડખે બેઠો. એના બીજા સંઘાતી પણ યથાસ્થાન બેસી ગયા. પણ શોણદંડના જીવને સુખ નથી. 'ભગવાન કરે, અને મને શ્રમણ ગૌતમ ત્રણ વેદ વિષયે જ પૂછે તો કેવું સારૂં! એના પ્રશ્નનું ઉત્તર આપીને એનું ચિત્ત હું આરાધી શકું તો કેવું સારૂં!'

આમ એનું મન સંશયદોલાએ ચઢયું હતું, ત્યાં બુધ્ધે એને પૂછ્યું: 'હે બ્રાહ્મણ, માણસમાં કેટલાં અંગ હોય, તો એને બ્રાહ્મણો બ્રાહ્મણ કહે, અને હું બ્રાહ્મણ છું એમ કહેનાર માણસ સત્યવાદી ગણાય?'

આ પ્રશ્ન એણે સાંભળ્યો કે તરત, શોણદંડના ઉરસાગરના તરંગ સમી ગયા. 'હાશ, આ તો ભાવતું હતું ને વૈદ્યે બતાવ્યા જેવું થયું.

પોતાની કાયાને ઊંચી કરી, પરિષદ સમસ્ત ઉપર મદાલસ આંખ ફેરવીને શોણદંડે બુદ્ધને કહ્યું:

'હે ગૌતમ, પાંચ લક્ષણ માણસમાં હોય તો બ્રાહ્મણો એને બ્રાહ્મણ કહે, અને હું બ્રાહ્મણ છું એમ કહેનાર સત્યવાદી લેખાય. પ્રથમ તો એનાં માતાપિતા કુલીન હોય તથા એની સાત પેઢી જાતિને વિષે નિષ્કલંક કુલીન હોય. બીજું મંત્રધારી, ત્રણ વેદનો પારગામી, ઇતિહાસપુરાણાદિ શાસ્ત્રોનો વેત્તા હોય. ત્રીજું રૂપાળો, દર્શનીય, કાન્તિમાન, તથા તેજસ્વી હોય. ચોથું સુશીલ તથા સદાચારી હોય, અને પાંચમું પંડિત તથા બુદ્ધિશાળી હોય.'

બુદ્ધ: 'હે બ્રાહ્મણ, આ પાંચ અંગમાંથી એક અંગ છોડી દઇને ચાર અંગ જેનામાં હોય એને બ્રાહ્મણ કહી શકાય એમ બને ખરૂં કે?'

શોણદંડ: 'હા, ગૌતમ, આ પાંચ અંગમાંથી વર્ણને મૂકી દેવાય. વર્ણમાં કંઇ સાર નહિ. માણસમાં કુલીનતા, વેદશાસ્ત્રસંપત્તિ, સદાચાર, તથા જ્ઞાન આ ચાર અંગ હોય, તો તેને બ્રાહ્મણપદવી આપી શકાય.'

બુદ્ધ: 'હે બ્રાહ્મણ, આ ચાર અંગમાંથી એક અંગ મૂકી દઇએ અને શેષ રહેલાં ત્રણ અંગ જે માણસમાં હોય તે બ્રાહ્મણ કહેવાય એમ સંભવે કે?'

શોણદંડ: 'હા, ગૌતમ, આ ચાર અંગમાંથી વેદશાસ્ત્રસંપત્તિ છોડી શકાય. માણસમાં કુલીનતા, સદાચાર, તથા જ્ઞાન હોય તો તે બ્રાહ્મણ લેખાય.'

બુદ્ધ: 'હે બ્રાહ્મણ, આ ત્રણ અંગમાંથી એક અંગ છોડી દઇએ, અને અવશિષ્ટ બે અંગવાળાને બ્રાહ્મણપદ મળે એમ બને કે?'

શોણદંડ: 'હા, ગૌતમ, આ ત્રણ અંગમાંથી કુલીનતા મૂકી દેવાય. જાતિમાં કાંઇ સાર નહિ. માણસ સદાચારી તથા જ્ઞાની હોય તો એ બે અંગથી બ્રાહ્મણપદ પામી શકે.'

આ સાંભળીને બીજા બ્રાહ્મણોની આંતરડી કળકળી ઊઠી, અને તે બોલ્યા.

'શોણદંડ બાપુ, આ તે શું કહેવાય? વર્ણ, વેદ અને જાતિ આ ત્રણેની આપ અવજ્ઞા કરો તો તો પછી એટલી વાતે બુદ્ધમાં ને આપમાં શું અંતર રહ્યું?'

શોણદંડ: 'હું વર્ણ, વેદ તથા જાતિની અવગણના નથી કરતો.'

હવે એ સમયે શોણદંડ બ્રાહ્મણનો ભાણેજ અંગક નામે તરુણ બ્રાહ્મણ આ પરિષદમાં બેઠો હતો અને શોણદંડે બ્રાહ્મણોને કહ્યું:

'જુઓ આ મારો ભાણેજ અંગક. આ પરિષદમાં શ્રમણ ગૌતમ વિના એના જેવો રૂપાળો બીજો કોઈ નથી. વળી અંગક વેદશાસ્ત્ર-સંપન્ન છે, મેં જ એને વેદ ભણાવ્યા છે. ત્રીજું અંગક કુલીન છે; એની પેઢી, માતૃપક્ષ, પિતૃપક્ષ બધું મારી જાણમાં છે. હવે જો અંગક જીવહિંસા, ચોરી, છીનાળી કરે, ખોટું બોલે, મદ્ય પીએ, તો એનો સુવર્ણ, એનાં શાસ્ત્ર અને એનું કુળ એને શું અર્થ આવે? એટલે માણસ સુશીલ હોય તથા જ્ઞાની હોય તો એ બે અંગથી તે બ્રાહ્મણ મનાય, એ જ યોગ્ય છે.'

બુદ્ધ: 'હે બ્રાહ્મણ, આ બે અંગમાંથી એક અંગ છોડીએ અને બાકીનું એક અંગ જેનામાં હોય તે બ્રાહ્મણ લેખાય એમ બને કે?'

શોણદંડ, 'ના, ગૌતમ, એક હાથે બીજો હાથ ધોવાય તેમ સદાચારથી જ્ઞાન પાવન થાય છે, અને જ્ઞાનથી સદાચાર શુદ્ધ થાય છે. જ્યાં સદાચાર છે ત્યાં જ્ઞાન છે; જ્યાં જ્ઞાન છે ત્યાં સદાચાર છે. સદાચારી જ્ઞાન પામે છે, જ્ઞાની સદાચારી બને છે. શીલ તથા પ્રજ્ઞા આ જગતમાં પરમ પદાર્થ છે.'

'કથાકુસુમાંજલિ' વાલજી દેસાઈ

અર્થદર્શક અને માર્ગસૂચક
ટુંકું ટિપ્પણ

અંક-૧. પૃષ્ઠ ૧

ઇતિહાસવિધાતા—ઇતિહાસના ઘડનાર વિશ્વંભર=વિશ્વનું ભરણ પોષણ કરનાર. આકલન=કળવું તે; જાણવું તે. આકલન કરવું =બરાબર સમજવું. પ્રયત્નચ્યુત=પ્રયત્ન કરવામાંથી પડી જનાર—પ્રયત્ન કરતાં બંધ પડી જાય તેવી. શીલ=વર્તન, પરમ ઉચ્ચ વર્તણુક. હીન=હલકી. સવિતર=પેદા કરનાર; અંધકાર દૂર કરનાર સૂર્યદેવ **सत्या परता नांहि धर्म**=સત્યથી બીજો ધર્મ છે જ નહિ. (મુળ મરાઠી ભાષા છે) **सत्ते परता**=સત્તાથી બીજો

ત્રણ પ્રતીકમાંના પહેલામાં વર્તમાન સ્થિતિ જાણવા માટે અને શ્રેયનાં સાધન જોઇ શકવા માટે દિવ્ય દૃષ્ટિની માગણી કરી છે, બીજામાં આર્યત્વનું અભિમાન સાચવી, ત્યાગભોગની ખરી સમજ મેળવે તેવી, કોઇ પણ દશામાં હલકી ન થઇ જાય તેવી, ઉચ્ચ આર્ય વૃત્તિ ટકાવવા માગણી છે, અને ત્રીજામાં સત્તા નહિ પણ સત્યને પૂજીએ અને તેમ કરવા માટે જોઇએ તેટલી અમને શ્રદ્ધા મળે—શ્રદ્ધાથી અમે પ્રાણવાન બનીએ એવી માગણી છે.

અંક ૨. પૃ૦ ૨.

ભણવું એ પેટ ભરવા માટે—આજીવિકા માટે નહિ, પણ ચારિત્ર્ય ઘડવા માટે છે. ભણનારથી—ભણેલાથી—અમુક જ ધંધો થાય એ માન્યતા ખોટી છે. સારો ધંધો—સારો એટલે કે દુષ્ટ કે પાપ ભર્યો ન હોય તેવો—પેટ ભરવા માટે કરવો એમાં કાંઈ ખોટું નથી. પેટ તો જીવ માત્ર ભરે છે. આપણે ભણવું તે સારા થવા માટે, ચારિત્ર્ય ઉચ્ચ બનાવવા માટે. હું સારો કેમ થાઉં એ વિચાર દરેક

શિક્ષકે પોતાના દરેકેદરેક વિદ્યાર્થીના મગજમાં દાખલ કરી દેવો જોઇએ.

અપરિગ્રહ=કાંઇ પણ દાન ન લેવું તે. અસ્તેય=ચોરી ન કરવી તે. પરિવર્તન=ફેરફાર. ઉત્તીર્ણ–તરી ગયેલા; સફળ થયેલા; 'પાસ' થયેલા. ભીતિ=બીક.

અંક ૩. પૃ. ૭.

ધનતેરસ, કાળી ચૌદશ અને દિવાળીની કથાઓ શિક્ષકે જાણી લઇ કહેવી જોઇએ. દેશદેશના જૂદા જૂદા ચાલની માહિતી વિદ્યાર્થીઓને આપવા પ્રયત્ન કરવા. ગોવાની રીતના જેવી રીત ગુજરાતમાં ઘણે ઠેકાણે છે તે સરખાવી તેમાંથી સાર કાઢી કઢાવી, દિવાળી, નવું વરસ, તેનો આનંદ, તેમાંથી જીવન માટે લેવો જોઇતો બોધ અને યોગ્ય વિગતોની પિછાન: આટલું મળે તો પાઠ સફળ થયો કહેવાય. વિદ્યાર્થીઓએ પણ બને તેટલું જાણી લેવા પોતાથી પ્રયત્ન કરવા.

અંક. ૪. પૃ૦ ૧૦

પંચાંગ કે 'ડાયરી'માંથી રાશિનાં નામ, તેના અક્ષર વગેરે જાણી લેવું. છોકરાનાં નામ પરથી, તેનો જન્મ કઇ રાશિમાં થયો છે તે કહી શકે એવું જ્ઞાન કરાવવું. તેવા જ્ઞાનદ્વારા ગમ્મત પણ પડશે.

દિવાળીની પેઠે મકરસંક્રાંતિમાં પણ જૂદા જૂદા દેશમાં થઇ જૂદે જૂદે ઘેર જૂદા જૂદા રિવાજ હોય છે તે પર ધ્યાન ખેંચી, ને બધામાં તહેવારપણું કેવું, કેટલું, કયાં છે એ સમજાવવું. મકરસંક્રાંતિ જેવી જ બીજી કર્ક સંક્રાંતિ કયારે થાય છે એ કહેવું, અને આકાશમાંના ગ્રહ, તારા, રાશિ વગેરેનું પ્રત્યક્ષ જ્ઞાન આપવા શ્રમ લેવો.

રાશિ–અમુક અમુક તારાઓ કે તારાઓના સમુદાયને 'રાશિ' એવું નામ આપવામાં આવ્યું છે. આકાશમાં સૂર્ય જેટલા ભાગમાંથી

જતો લાગે છે, તે બધા સમસ્ત ગોળ ભાગને રાશિચક્ર કહે છે. તેમાં આવતા તારાઓના બાર ભાગ પાડી, તે દરેકનાં જુદાં જુદાં નામ આપ્યાં છે-ને બાર રાશિ. વૃંદ=ટોળું, ઝુંડ, સમુદાય. આચ્છાદિત= ઢાંકેલ. વેધ=આકાશમાંના સૂર્યચંદ્રાદિ ગ્રહોપગ્રહોની ગતિ, સ્થિતિ વગેરે વિષે માહિતી મેળવવી તે. પ્રથા=રીત.

અંક. ૫. પૃ૦ ૧૪

શરીરનું ઉષ્ણુમાન=શરીરની ગરમી. અપાચ્ય= ન પચે તેવા-ન પચાવી શકાય તેવા.

અંક. ૭. પૃ૦ ૨૧

આ લેખમાં ખેડુતના જીવન તરફનો પક્ષપાત પ્રકટપણે દેખાય છે. ખેડુતને પોતાનાં છોકરાં પોષવાં પડે છે, તેમ બીજા ધંધાદારી-ઓને પણ કરવું પડે છે. પણ કસરત સંબંધેની વાત તો તદ્દન ખરી છે. ખેડુતને પોતાના ધંધાને અંગે જ જેવી અને જેટલી કસરત મળે છે તેવી બીજા જુજ જ ધંધાદારીઓને મળી શકે છે.

ભૂસ્તરવિદ્યા-પૃથ્વીના પડ-થર-માં શું શું છે એ સમજાવનારી વિદ્યા. માનવધર્મશાસ્ત્ર-માણસના જુદા જુદા ધર્મ, મતના જુદા જુદા ધર્મ, વિષેનું શાસ્ત્ર.

ર્યુડાર્ડ કિપ્લિંગ-હાલના અંગ્રેજી લેખકોમાં બહુ લોકપ્રિય થયેલો લેખક. તેણે કવિતા અને વાર્તા, નવલકથા વગેરે ખૂબ લખ્યું છે. ૧૯૦૭ માં તેને 'નોબલ' ઇનામ પણ અપાયું છે. તેનો જન્મ મુંબઇમાં થયો છે, અને ઘણાં વર્ષો તેણે હિન્દુસ્તાનમાં ગાળ્યાં છે.

થોરો-ઇ૦ સ૦ ૧૮૧૭-૧૮૬૨. અમેરિકાનો એક કુદરતનો અભ્યાસી અને તત્ત્વજ્ઞાની. કુદરતી રીતે રહેવાનો આગ્રહ કરનાર, પોતે લાંબો વખત જંગલમાં એક ઝુંપડામાં રહ્યો હતો. 'જંગલમાં જીવન' (Walden a life in the woods) એ એનું બહુ વખણાયેલું પુસ્તક છે. સાદા જીવનનો હિમાયતી.

અંક. ૮. પૃ૦ ૨૬

કામજ્વર–કામનો જ્વર–તાવ. અરૂણ–સૂર્યનો સારથિ. સોનાની કુંચી–સૂર્યનાં સોનેરી કિરણોથી પૂર્વદિશા રંગાઇ જાય, તે કેમ જાણે સોનાની કુંચીથી પૂર્વનો દરવાજો અરુણ ઉઘાડતો હોય એવી કલ્પના કરી છે. શુક્રનો તારો–સૂર્યોદય પહેલાં અને સૂર્યાસ્ત પછી દેખાય છે તે તેજસ્વી તારો. બધા વિદ્યાર્થીએ તે જોઇ ઓળખી રાખવો. કુમુદિની–રાતે ઉઘડે તે કમળનું ફુલ. દિવાકર–સૂર્ય. છીપા–કપડાં રંગનાર, છાપનાર. ધનુર્વિદ્યા=ધનુષ વાપરવાની વિદ્યા. તીરકામઠાનો ઉપયોગ કરવાની વિદ્યા.

અંક. ૯. પૃ૦ ૨૯

વજ્ર-ઇન્દ્રનું હથિયાર. સખતમાં સખત હોવાથી, બહુ સખત એમ કહેવું હોય ત્યારે વજ્ર જેવું એમ કહેવાય છે.

પા૦ ૩૦ સર આઇઝાક ન્યૂટન ઇ૦ સ૦ ૧૬૪૨ થી ૧૭૨૭. મોટા ગણિતશાસ્ત્રી, જેણે ગુરૂત્વાકર્ષણ અને એવા બીજા ઘણા ગણિતને લગતા સિદ્ધાન્તો શોધ્યા અને સમજાવ્યા છે તે.

પરાવર્તન પામવું–પાછા પડવું. અરીસા પર સૂર્યનાં કિરણ ઝીલીએ અને સામાં પાછાં કિરણ પડે તે કિરણો પરાવર્ત પામ્યાં કહેવાય.

પા૦ ૩૧. વક્રીભવન–વાંકું થવું તે. પૃથક્કરણ–છૂટા પાડવું તે. પ્રવાહીનું ઘટત્વ–પ્રવાહીની જાડાઇ અને વજનનું પ્રમાણ. જેમકે પાણીનું ઘટત્વ, દૂધનું ઘટત્વ, તેલનું ઘટત્વ, મધનું ઘટત્વ. બધાં પ્રવાહી છે, પણ બધાનું સરખા માપનું વજન એકસરખું નહિ થાય. વજન અને જાડાપાતળાપણાના ખ્યાલ ઉપરથી એક અમુક પ્રમાણ–ધોરણ નક્કી કરવામાં આવ્યું છે અને તેની સાથે સરખામણી કરી 'ઘટત્વ' ગણવામાં આવે છે.

અં. ૧૦. પૃ૦ ૩૩

પા૦ ૩૫. વ્યાસ–એક વર્તુલમાં પરીઘના એક બિન્દુમાંથી

નીકળનારી, મધ્ય બિન્દુમાંથી પસાર થઇ તે વર્તુલના બરાબર સરખા ભાગ કરનાર લીટી.

અંક. ૧૧. પૃ૦ ૩૮

પા૦ ૩૯ ઓળ-હાર. શુભ્ર-સફેત, શ્વેત, ધોળાં.

અંક. ૧૨. પૃ૦ ૪૨

પા૦ ૪૩ ઉત્તુંગ-બહુ ઉંચાં.

અંક. ૧૩. પૃ૦ ૪૮

પા૦ ૪૯ અનાયાસે-કાંઇપણ શ્રમ કે મહેનત વગર. તિતિક્ષા-સહનશક્તિ; જે હોય તેથી ચલાવી લેવા જેવી મનની સ્થિતિ.

અંક. ૧૪. પૃ૦ ૫૨

પા૦ ૫૭ ભારદ્વાજ-એક જાતનું પક્ષી. પા૦ ૫૮ અનુનય-મનામણાં; વિનવણી.

અંક. ૧૯. પૃ૦ ૭૬

ગીરમિટીઆ મજુરઃ હિન્દુસ્થાનમાંથી ત્રણ વર્ષ સુધી અમુક પગારથી નોકરી કરવાની કબુલત કરાવી-'એગ્રીમેન્ટ' કરાવી-પરદેશ લઇ જવાનું ધોરણ હતું. તે પ્રમાણે એગ્રીમેન્ટ કરી ગયેલા મજુર તે 'ગીરમિટીઆ' મજુર.

અંક ૨૦. પૃ. ૮૨.

પા. ૮૩-હાસ્યરસપ્રધાન-હાસ્યરસ જેમાં પ્રધાન પદ, મુખ્ય પદ, ભોગવતો હોય તેવા. પા. ૮૪ વૈશંપાયન અને જનમેજય-મહાભારત સંભળાવનાર અને સાંભળનાર એ બે મહાવ્યક્તિની દરેક હિંદુને માહિતી હોવી જ જોઇએ.

અંક ૨૧. પૃષ્ઠ ૮૪

પા. ૮૫. પુનરપિ=ફરી. પા. ૮૬. તુમુલ યુદ્ધ=ભયંકર યુદ્ધ; ખુનખાર યુદ્ધ. પા. ૮૮. વ્યાળ-વાઘ; સાવજ. ડાકિની-ડાકણ.

અંક ૨૨. પૃષ્ઠ ૮૯

નરવો-જમીન સંબંધી વંશપરંપરાનો એક જાતનો વહીવટ, જેમાં ખેડુત અને સરકારે ઉપજના કેમ ભાગ પાડવા એ નક્કી કર્યું હોય. હિન્દુસ્થાનમાં જુદે જુદે ઠેકાણે પહેલાં ઉપજમાંથી અમુક ભાગ-જે વાવ્યું હોય તેનો જ ભાગ આપવાનો હતો. તેને બદલે હવે રોકડ રકમ આપવાનો થયો છે. નવી રીતને 'સરવૈ પ્રમાણે ખાતાબંધી' વહીવટ કહે છે.

વિલાયતી જોડાથી મોચીઓને, અને તે દ્વારા બીજા ધંધાદારીઓને અસર થઈ છે, તેમ બધી જ પરદેશી વસ્તુથી અસર થાય જ. અલબત્ત, એનો અર્થ એવો નહિ કે સારી વસ્તુ ન વાપરવી. પણ અર્થ એટલો તો ખરોજ કે પહેલાં આપણે આપણા સગાભાઇઓનો-દેશભાઇઓનો વિચાર કરવો. દેશ ભાઇઓ સારી વસ્તુઓ બનાવતા થાય એવું કરવું, પણ તેમ ન થાય ત્યાં સુધી આપણે દેશીજ વાપરવું, અને વિદેશીના મોહમાં કે તેથી પૈસાના બચાવના લોભમાં ન ફસાવું. તે મોહ અને લોભ તદ્દન ખોટા જ છે.

અંક ૨૩. પૃ૦ ૧૦૧

અંત્યજ: આ શબ્દમાં ઘણા ભૂલ કરે છે, ને અનુસ્વાર અ ને બદલે ત્ય પર મૂકે છે. મૂળ શબ્દ અંત અને તે પરથી અંત્ય, તેને લાગ્યો જ એટલે અંત્યજ-એટલે કે ઠેઠ અંતની પાયરીવાળા કુટુંબમાં જન્મેલા. નીચી જાતિના. પા૦ ૧૦૮ નટરાજ-શંકર, દક્ષિણમાં નટેશ, નટરાજ એ નામ વધારે પ્રચલિત છે. શંકર નૃત્ય કરવામાં બહુ કુશળ ગણાય છે. નૃત્ય કરનારાઓમાં શ્રેષ્ઠ તે નટ-રાજ. પા. ૧૦૯ પરાયો-અંત્યજ.

અંક ૨૪. પૃ૦ ૧૧૮

મદઝરતા-મદ જેના લમણામાંથી ઝરે છે તેવા. એવું માનવું

છે કે ઉંચા સારા હાથીના લમણામાંથી મદ ઝરે છે-ચીકણો, સુગંધી પ્રવાહી નીકળે છે. 'મદ' ઝરે તે હાથી બહુ બળવાન અને બહુ મોટો ગણાય. ગંડસ્થળ-લમણું-માતંગ=હાથી. પા. ૧૧૯ શાસ્ત્ર નિષેધ-શાસ્ત્રથી મના, ગાંધર્વઅસ્ત્ર-ગાંધર્વો વાપરે છે તેવું અસ્ત્ર. અસ્ત્ર-ફેંકી શકાય તેવું હથિયાર-જેથી દૂર ઉભેલા દુશ્મનને મારી શકાય.

અંક. ૨૫. પૃ૦ ૧૨૬

બાહુ-બાઉ-હાઉ-બીહામણો ભૂત જેવો પુરૂષ. પા૦ ૧૨૯. રાનાડે-મહાદેવ ગોવિંદ રાનડે. જાણીતા દક્ષણી દેશભક્ત. પા૦ ૧૩૦ કાલીદાસ, ભવભૂતિ-સંસ્કૃત ભાષામાં ઉત્તમ નાટકો અને કાવ્યો લખનાર કવિઓ. વરાહમીહર-વરાહમિહિર-હિન્દનો જુના સમયનો મોટો ગણિતશાસ્ત્રી અને ખગોળવેત્તા. ધન્વંતરી-દેવોનો વૈદ્ય ચરક, સુશ્રુત બંને હિન્દના મહાન વૈદ્યરાજ. વ્યાસ, વાલ્મીકિ, મહાભારતકાર વ્યાસ, રામાયણકાર વાલ્મીકિ. વામન, મોરોપંત, તુકારામ, જ્ઞાનદેવ-મહારાષ્ટ્રમાં થઇ ગયેલ મહાન ભક્ત, જ્ઞાની અને કવિ.

અંક. ૨૭. પૃ૦ ૧૩૫

ઘોર-અંધારો.

અંક. ૨૮. પૃ૦ ૧૩૭

પા૦ ૧૩૮ પથિક-મુસાફર.

અંક. ૨૯. પૃ૦ ૧૩૯

પા૦ ૧૪૦. સતત-હંમેશ, પરિશીલન કરવું-વાંચી તેમાં કહેલી વાતો વિચારોનું ગંભીર મનન કરવું. નિદિધ્યાસન-ઉંડું, વારંવારનું ચિંતન. વાંચન, મનન, નિદિધ્યાસન : વાંચન-વાંચવું. મનન-વાંચેલા

વિષે વિચાર કરવો. નિદિધ્યાસન—વાંચેલા અને મનન કરેલા વિષે ફરી ફરી ખૂબ ઉંડો વિચાર કર્યા કરવો.

પા૦ ૧૪૧. વર્જ્ય—તજવાલાયક. રહસ્ય—મર્મ. બહિષ્કાર કરવો—કાઢી નાખવો—ધ્યાનમાં ન લેવો. સ્વીકાર ન કરવો, દૂર રાખવો. અસાધુ—ખરાબ.

અંક. ૩૦ પા૦ ૧૪૨

બંગાળી સુપ્રસિદ્ધ નાટ્યકાર બાબુ દ્વિજેન્દ્રલાલ રાયના નાટકના ભાષાંતરમાંથી આ ફકરો છે. શ્રી૦ રાયે કેટલાંક નવાં પાત્રો કલ્પ્યાં છે, કેટલાંક જુના પાત્રોને કાંઇ નવા લેબાસ પહેરાવ્યા છે. સગરસિંહ જેવાને રજપૂત કહેવો કે કેમ એ વિચારવા જેવું હોઇ આ ફકરાને તેવું નામ આપ્યું છે.

સગરસિંહને વાલ્મીકિ ઋષિ, તુલસીદાસ, ચારયુગના જેવી દરેક હિન્દુએ અવશ્ય જાણવા જેવી બાબતની પણ માહિતી નહોતી.

પા૦ ૧૪૪. રક્તબીજ એ એક એવો રાક્ષસ મનાય છે કે તેના દરેકદરેક લોહીના ટીપામાંથી એક રક્તબીજ રાક્ષસ ઉત્પન્ન થાય.

પા૦ ૧૪૫. આદાબ—મૂળઅર્થ સભ્યતા; વિવેક, આંહિં નમસ્કારના અર્થમાં.

પા૦ ૧૪૭. ન્યાયસંગત—ન્યાયપુરઃસર. ન્યાયથી કહી શકાય તેવું.

પા૦ ૧૪૮ કાપુરુષ બાયલો, બીકણ પુરુષ.

અંક. ૩૧. પા૦ ૧૪૮

પા૦ ૧૫૦ ઉદાસી—એક ધાર્મિક પંથ છે.

પા૦ ૧૫૦ ડોકાણાં—દેખાયાં. ડોકીયું કર્યું.

પા૦ ૧૫૧ નીરવ—અવાજ વગરની; સુમસામ.

અંક ૩૨ પૃ૦ ૧૫૨

પા. ૧૫૩ હૃદયંગમ—હૃદયને ગમી જાય તેવું. પા૦ ૧૫૪—ઈંગિત થતી—સૂચવાતી. તેના જેવી; તેનું નામ દીધા વિના તેના જેવી બીજી સમજી જવાય તેવી. પા. ૧૫૬ ચાર્વાકમતવાળા—હિન્દુસ્થાનમાં જુદા જુદા મતવાળાઓ થઇ ગયા છે તેમાં એક ચાર્વાક નામના ઋષિના મતને અનુસરનારા પણ છે. ચાર્વાક ઋષિનું કહેવું એ હતું કે આપણે ભવિષ્યનો, કર્મનો, જાતનો એ બધો વિચાર કરવાની જરૂરજ નથી. જે મેળવી શકાય તે મેળવી, ભોગવિલાસ અને આનંદમાં રહેવું અને દેણું લેણું, મારૂં તારૂં. નીતિ, પુનર્જન્મ વગેરેના વિચાર કરવા જ નહિ. ખાવું પીવું અને મજા કરવી એજ એનો ઉપદેશ હતો. એક વાક્ય તેના મતવાળાઓ માટે હમેશાં વપરાય છે તે એ છે કે જ્યાં સુધી જીંદગી હોય ત્યાં સુધી સુખે જીવવું; કરજ કરીને પણ ઘી ખાવું. મર્યા પછી શરીરને તો બાળીને ભસ્મ કરી નાખે છે—તેને પછી પાછું આવવું ક્યાં રહ્યું? અને કરજ દેણું મૂકવાનું ક્યાં રહ્યું? પા. ૧૫૬ આદ્ય સાધન-પહેલું સાધન.

અંક ૩૯ પૃ૦ ૧૭૯

દેશમાં એક ખૂણામાં પડેલો પણ શુદ્ધ ભાવનાભર્યો આત્મા કેટલો મહાન ગણવો જોઇએ એ આ મોતીભાઇ દરજીની ઓળખાણથી જાણી શકાશે. હિન્દુસ્થાનમાં ખૂણેખોચરે આવા કેટલા મહાત્માઓ સ્વપ્રતાપ ફેલાવી રહ્યા હશે! તેવાઓને પ્રતાપે જ હજી હિન્દ ખરૂં હિન્દ રહી શક્યું છે!

પા૦ ૧૯૦ ઝાલરટાણે: કાઠીયાવાડમાં સાંજે દીવા સમયે મંદિરોમાં આરતિ થાય છે અને તે વખતે ઝાલર વગાડવામાં આવે છે તેથી ઝાલર ટાણું એટલે સાંજ પડી ગયા પછીનો દીવા કરવાનો

વખત. પા૦ ૧૯૧ કાલાં ટાણે–કાલાં ફોલવાની મોસમે. રૂનાં કાલાં તૈયાર થાય ત્યારે ટોળેટોળામાં સ્ત્રીઓ સાથે બેસી કાલાં ફોલે છે. પા. ૧૯૨. દેદો કૂટવો–ડેડો કૂટવો પણ કહે છે. મોળાકતના વખતમાં કુમારિકાઓ નદીએ જાય અને ડેડો નામનો કલ્પિત નાયક મરી ગયાનું સમજી બધી કૂટે છે. ખરા મરણ પાછળ જેવું કુટણું થાય છે તેવું જ આ બાળાઓ કરે છે. પા. ૧૯૨ ઝલેડ જુવાનો–ઉદમાતીયા, જુસ્સાભર્યા જુવાનો.

અંક ૪૦ પૃષ્ઠ ૨૦૧

૨૨૦ ધરિત્રી-ભૂમિ. કોષ–ધનભંડાર. પા૦ ૨૦૩ ચાર લોકો–છૂપા જાસુસ.

પા૦ ૨૦૭. સુખાસન–પાલખી, ડોળી. સૂરી–જૈન સાધુ.

પા૦ ૨૦૯. વૃત્તિ–વેતન, પગાર ઋષભદેવ–જૈન ધર્મના પ્રથમ પ્રવર્તક. અનશન–ન ખાવું તે.

અંક. ૪૨. પૃ૦ ૨૧૬

અંકનો આંકડો ૪૨ રહી ગયો છે.

નિરંકુશ–અંકુશ વગર, કશા પણ દાબ વગર, સ્વતંત્રતાથી. પા૦ ૨૧૭ સમિધ–યજ્ઞ માટે જોઇતું લાકડું–એક જાતનું લાકડું, જે યજ્ઞમાં વપરાય છે તે. પા૦ ૨૧૮ અનિમિષ નેને–મટકા માર્યા વગરની આંખે. પા૦ ૨૨૦ ઉત્તરીય-ઉપર ઓઢેલું વસ્ત્ર. પા૦ ૨૨૬ અવાક્–મુંગો; વાચા વગરનો. અપ્રમેય–જેનું માપ કદી કાઢી શકાય નહિ તેવો. અજેય–જીતી શકાય નહિં તેવો. પા૦ ૨૨૮ આર્ત સ્વરે–દુઃખભર્યા સ્વરે.

સાદા જીવનમાં શાંતિ અને પ્રેમ કેવા વ્યાપી રહે છે, ધ્યેયથી

પ્રેમનો નાશ કેવો થાય છે, મોહ અને ખોટી શોભાએ માનવજીવનને કેવું ક્લેશભર્યું અને હીણું બનાવી દીધું છે એ આ વાર્તા સુંદર રીતે બતાવી દે છે.

અંક. ૪૩. પૃ૦ ૨૨૯

આમાં પણ આંકડો ૪૩ રહી ગયો છે.

ઘણી ઘણી બાબતો માટે બહુ ખોટા વિચારો હાલની હિન્દની દુનિયામાં પ્રસરી રહ્યા છે. હિન્દ તો માત્ર ખેતીપ્રધાન દેશ છે એમ આપણને સમજાવવામાં આવ્યું છે અને મોટી મોટી કોલેજોના હિન્દી પ્રોફેસરો પણ સમજાવવા મંડી પડ્યા છે કે હિન્દમાં કારીગરી, કળા કાંઇ થઇ શકે નહિ. એક લેખકે તો બોધ આપેલો હતો કે

'રાજકાજ મૂકોની પડતાં નાખી નજર જ્યાં પહોંચે નહિ'

વગેરે. આ વિચાર કોઇએ ક્ષણભર પણ તપાસ્યો નથી. હમણાં આપણે ત્યાં બધું વિદેશી છે, પણ માટે શું હિન્દ પરાપૂર્વથી કારીગરીવગરનો, કળાવગરનો રહ્યો છે? ના, નહિજ. આપણાં જુનાં મંદિરો, ગુફાઓની કોતરણી અને રચના, કુતુબમિનાર અને તાજમહેલ જેવા કારીગરી અને કળાના નમુનાઃ આવાં આવાં કામ જ્યારે આખી દુનિયા અજ્ઞાન દશામાં હતી ત્યારે હિન્દે કર્યાં છે. ત્યારે હથિયારો કોણ–ઇંગ્લંડ કે જર્મની કે જાપાન મોકલતું હતું? તે દેશોની દશા તો તે વખતે કેટલી દયામણી હતી? આ વિષે પ્રચાર પમાડવામાં આવેલા ખોટા ખ્યાલોની દરેક શિક્ષકે ખૂબ પરીક્ષા કરવી. તેવા ખ્યાલોમાં એક એ પણ છે કે હિન્દીઓને વહાણવટાનું ભાન જ ન હતું! જે હિન્દનો બે તૃતીયાંશ–અરે લગભગ ત્રણ ચતુર્થાંશ–કિનારો સમુદ્રથી પાવન થાય છે એ હિન્દના વતનીને વહાણવટાનું ભાન ન હોય એમ કહેનારા, માનનારા, જખ મારે છે. હવે પ્રાચીન હિન્દના અભ્યાસી વધતા જાય છે–વિદ્યાર્થીઓમાં તે અભ્યાસનો શોખ જાગે

અને આવા લેખોની પિછાન થાય એવું દરેક શિક્ષકે કરવું જોઇએ.

પા૦ ૨૨૯. જાતકો-બુદ્ધ ભગવાનના પૂર્વજન્મની આખ્યાયિકા જે ગ્રંથમાં આપી છે તેને જાતકકથા કહે છે.

પા૦ ૨૩૩. હ્રાસ-નાશ.

અંક. ૪૪ નો આંકડો પણ રહી ગયો છે.

પા૦ ૨૩૪. ભિક્ષુ-બૌધ સાધુ. પર્યવસાનેય-છેવટમાં પણ; અંતે પણ. દેશના-ઉપદેશ. પા૦ ૨૩૫ પારગામી-પારે ગયેલા, પાર પહોંચેલા. પ્રવ્રજ્યા-સંન્યાસ. સંસાર છોડીને નીકળી જવું તે. પા૦ ૨૩૭ મદાલસ આંખ-મદથી, અભિમાનથી ઘેરી થયેલી આંખ. વેત્તા-જાણનારો.

પા૦ ૨૩૮ અવજ્ઞા-તિરસ્કાર; અવગણના.



શુદ્ધિપત્રક

કેટલાક કાનાઓ ઉડી ગયા કે ઘસાયેલા હોઇ પૂરા ઉઠેલા નથી. કોઇક રેફમાં અને માત્રામાં પણ તેવું થયું છે. તેવી અશુદ્ધિ તો વાંચક સમજી શકશે, સુધારી શકશે. આંહિં તો જોડણીની કે તેવી રહી ગયેલી અશુદ્ધિ બતાવી સુધારી છે.

પા.	લી.	અશુદ્ધ	શુદ્ધ
૧૦	૧	સંક્રાંત	સંક્રાન્ત
૩૩	૩	મુર્ખાઇ	મૂર્ખાઇ
૩૪	૨૧	અન્નાસ	અનનાસ
૩૯	૨૧	પરીધ	પરીઘ
૪૦	૧૪	પક્ષનું	પક્ષીનું
,,	છેલ્લી	મુર્તિ	મૂર્તિ
૪૫	,,	નાસપાતી	નાસપતી
૪૭	૭	બાંધેલી	બાંધેલી
૪૮	૨૧	પ્રાતપક્ષુધા	પ્રાપ્ત ક્ષુધા
૫૧	૧૯	તેના સુવાસ	તેની સુવાસ
૭૦	૨૪	હસસી	હબસી
૭૭	૧૭	સહાય્ય	સાહાય્ય
૮૫	૭	તમારો	તમારે
૮૮	૪	ગોળી ઉડી	ગોળા ઉડી
૮૯	૧૧	હાથ કુટે	હાથે કુટે
૧૧૮	૨	દૂત	દૂત

૧૧૮	૨૦	ધસ્યે।	ધસ્યો
૧૨૩	૨૪	હરિયળી	હરિયાળી
૧૨૯	૨૪	રાનાડાએ	રાનડેએ
૧૩૦	૬	વરાહમીહર	વરાહમિહિર
૧૩૧	૧૯	શીક્ષણુ	શિક્ષણુ
૧૩૭	છેલ્લી	ઊત્પન્ન	ઉત્પન્ન
૧૩૯	૨૧ (છેલ્લેથી ૩જી)	જાત પ્રવર્તકો	મતપ્રવર્તકો
૧૮૨	૧૩,૧૪,૧૫	વાલ્મિક	વાલ્મીકિ
૧૫૪	૧૦	બ્રહ્મણો	બ્રાહ્મણો
૧૫૯	૫	ગોટાળમાં	ગોટાળામાં
૧૮૮	૬	પૂ (છેલ્લો શબ્દ)	પૂજ્ય
૧૯૭	૧૦	ના મંજુર	નામંજુર
૨૦૨	૨૦	વિરધવળ	વીરધવળ
૨૦૭	૧૪	સૂરીઓ	સૂરિઓ
૨૧૩	૧૦	માકંડેય	માર્કંડેય
૨૨૧	૧૪	છેડયાં	છેડાયાં
૨૩૧	૨૩	લૅફ. લૉ.	લેફ. લૉ
,,	૨૬	લૅ કર્નલ	લે. કર્નલ
૨૩૬	છેલ્લી	અનિષ્ઠ	અનિષ્ટ

મુખ્ય એજન્ટસ્
મેસર્સ એન્. એમ્. ત્રિપાઠીની કંપની
મુંબઈ, નં. ૨